# કસદાર કચ્છનાં રત્નો

સં. લેખન

**વિષ્ણુ મહંત**

(M.Com., M.Ed.)

-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

**KASDAR KUTCH NA RATNO**

by ***Vishnu Mahant***

Shihol Ta. Petlad Dist. Anand M. 9998385365

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :

કસદાર કચ્છનાં રત્નો

વિષ્ણુ મહંત

-: ટાઈપ સેટીંગ :-

*Mayur's*

-: વિક્રેતા :-

**એમ. એમ. સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ

-: મુદ્રક :-

**અર્પણ પ્રિન્ટરી, આણંદ**

## અર્પણ

મિત્ર શ્રી યાકુબભાઈને...

## પ્રસ્તાવના....

પડછંદ કાયાને શરીર દિલથી ઉંચા લોક
કહેવાય કચ્છી ભોળા ભાવનાવાળા લોક
સાહસી અને હિંમતવાળા દાનના દેનાર લોક.

આ કચ્છ એટલે ગુજરાતનો બેનમૂન ભૌગોલિક વિસ્તાર કે જે એમ લાગે કે હશે ત્યાં રેતીના ઢગલા અને સૂકોબંગ પ્રદેશ પણ એવું નથી. તેનો સાચો ખ્યાલ તો ત્યાં જ જઈને જેણે કચ્છ જોયુ છે જેણે કચ્છના લોકોને માણ્યા છે તે જ આપી શકે.

હમણાં થયેલા ધરતીકંપથી આખી દુનિયાના લોકો કંપી ઉઠ્યા પણ કચ્છનું છોકરું ય તે પ્રદેશ છોડીને ભાગ્યું નથી. આ કચ્છ ફરીથી પડછંદ ઉભો થયો. તે બતાવે છે કચ્છનું ખમીર.

કચ્છની ધરતી પર જે રંગ પુરાયા છે તેનો યશ ત્યાંના માંધેરા માનવીઓ છે. કચ્છ સમાજમાં ભૂતકાળથી આજ સુધી એવાં માનવરત્નો છે. કચ્છ સમાજમાં ભૂતકાળથી આજ સુધી એવાં માનવરત્નો પાક્યાં છે કે જેણે દુનીયાભરમાં ડંકો વગાડ્યો છે. આ માંધેરા માનવી એટલે કચ્છનાં રત્નો. જાણે રતન ચિંથરે બંધાયું હોય તેમ રણભૂમિમાં રતન પાક્યાં છે. જે માનવીઓએ ગુજરાતને ઉજાગર કર્યું હોય, ગુજરાતને પંકાવ્યું હોય, ગુજરાતને યશ કલગી પહેરાવી હોય એવા માનવીયુને જો આપણે ગુજરાતી સાહિત્યમાં સ્થાન ના આપીએ તો આપણે નગુણા કહેવાઈએ.

તે જ એવા ભાતીગર, ખમીરધર, ખુદ્દાર, દાતાર, કસબી અને માનધર મારા ગુજરાતના કચ્છનાં રત્નોને યાદ રાખવા મેં આ સંકલન કર્યું છે. તેવાં રત્નોની ચમક અને તેજ તમે આ પુસ્તક દ્વારા જરૂરથી માણજો કારણ કે એ માત્ર વાંચન નથી પણ ફરજ બની જાય છે. આવા ખમીરવંતા, પરખંદા લોકોને ઓળખીયે અને એમની વાહ વાહ કરીશું તો ય એમને આપણે માન આપ્યુ ગણાશે.

તો આવો માણો આ 'કચ્છનાં રત્નો' ને અને ગૌરવ કરો આપણા ગુજરાતના એ અમુલ્ય ભૌગોલિક ભાગને -

જય ગુજરાત જય હો ખમ્મા ખમ્મા હો મારા રૂડા કછડા બારેમાસને અને એની ખમીરવંતી પ્રજાને...

લિ.

**વિષ્ણુ મહંત**
સિંહોલ, તા. પેટલાદ જિ. આણંદ-ગુજરાત
૯૯૯૮૩ ૮૫૩૬૫

# ::: અનુક્રમણિકા :::


૧. વીર અબડો જામ ---- ૧
૨. રાણી લીલાબા ગોહિલ ---- ૧૬
૩. કવિ ઝાલણશી ---- ૨૨
૪. જગડૂ દાતાર ---- ૩૧
૫. રાજા ગોવિંદો જોશી ---- ૩૯
૬. જાડેજા કુમારી જેઠીબાઈ ---- ૪૮
૭. જેસલ-તોરલ ---- ૫૬
૮. દાદા કંથડનાથ ---- ૭૧
૯. દેશરા પરમેશરા ---- ૭૮
૧૦. ત્રણ ગોરજી ---- ૮૫
૧૧. હરભમ ભૂતો ---- ૯૨
૧૨. પૂંજો શેઠ ---- ૧૦૪
૧૩. જખદાદા ---- ૧૧૦
૧૪. ચારણીદેવી દેવલબાઈ ---- ૧૧૮
૧૫. રણમલ્લ ગઢવી ---- ૧૨૬
૧૬. મંગીઓ પટેલ ---- ૧૩૦
૧૭. વીર કબાલી ---- ૧૩૭
૧૮. આણદુભા ---- ૧૪૧
૧૯. માધવ અને કેશવ ---- ૧૪૯
૨૦. ચમન ---- ૧૫૬

૨૧. જગડૂ દાતાર ---------------------------------------- ૧૬૪
૨૨. ફતેહ મહમ્મદ -------------------------------------- ૧૭૧
૨૩. સુંદરજી સોદાગર ------------------------------------ ૧૯૧
૨૪. પંડિત શ્યામજી કૃષ્ણવર્મા---------------------------- ૨૦૦
૨૫. કોરશી પટેલ ------------------------------------------ ૨૧૨
૨૬. લધા દામજી ------------------------------------------ ૨૨૧
૨૭. કાનો માલમ ------------------------------------------ ૨૨૫
૨૮. થાર્યા ટોપણ ------------------------------------------ ૨૨૯
૨૯. સર કરીમજી જીવણજી -------------------------------- ૨૪૫
૩૦. જયકૃષ્ણ ઈન્દ્રજી ------------------------------------ ૨૪૭
૩૧. હાજી મહમ્મદ ---------------------------------------- ૨૫૩
૩૨. શેઠ ગોકલદાસ તેજપાળ ---------------------------- ૨૫૯
૩૩. શેઠ નરશી નાથા -------------------------------------- ૨૬૮
૩૪. ગોવિંદજી અધા -------------------------------------- ૨૭૪
૩૫. લાખો ફુલાણી ---------------------------------------- ૨૮૧



# ૧. વીર અબડો જામ

વીર વિક્રમની ચૌદમી શતાબ્દીના મધ્યમાં એટલે વાજબી લગભગ ૭૦૦ વરસ પહેલાં દિલ્હીનાં રાજતખ્ત પર અલાઉદ્દીનનો અમલ ચાલતો હતો. એ બાદશાહની સત્તાનો કોરડો ભારતભૂમિ પર ચારે તરફ વીંઝાતો હતો. હિંદુસ્તાનની જનતા એના અત્યાચારી અમલથી 'ત્રાહિમામ્' પોકારી રહી હતી.

એ અરસામાં સિંધના ઉમરકોટમાં ભૂંગળ સૂમરાની સત્તા હતી. આ ભૂંગળ સૂમરો ન્યાયી અને શૂરવીર સત્તાધીશ હતો. તેની પાસે એક ઉચ્ચ કોટિની પાણીદાર તલવાર હતી. એ તેજસ્વી તલવારનું નામ હતું ઝુલફિકાર. એક દિવસ શિકારના ખેલમાં એક ચિત્તા પર તલવારનો વાર કરતાં તેની તલવાર ઝુલફિકારની ધાર પર એક નાનો 'તથ' પડી ગયો. વચલા ભાગની જરાક જગામાં ઝુલફિકાર ખંડિત થઈ ગઈ. ભૂંગળ સૂમરાને આ તલવાર એના જીવથી પણ વહાલી હતી. એ ખંડિત થઈ જતાં સૂમરા સરદારનો બધો આનંદ ઊડી ગયો. તલવારમાં પડેલા તથને સાંધી દેવા તેણે નવલખી સિંધના અનેક કસબી કલાકારો અને કારીગરોને

બોલાવી લીધા, પણ કોઈ કલાકાર એની તલવાર પર આવી પડેલા જખમને દુરસ્ત કરવા શક્તિમાન થયો નહીં. લૂમરા સરદારની સઘળી જહેમત નિષ્ફળ ગઈ.

આખરે આ સૂમરા રાજવીએ એની નવાઈમાં પડો વગડાવ્યો કે જે કોઈ કસબી એની તૂટેલી તલવારની ધારને સરખી કરી દેશે તેને મોં માગ્યું ઈનામ મળશે. સૂમરા વીરનો આ પ્રયોગ પણ સફળ નીવડ્યો નહીં. તેની તલવારને સાંધો લગાવનાર કોઈ માઈનો લાલ નીકળી આવ્યો નહીં.

ઉમરકોટથી થોડે દૂર આવેલા સિંધના એક નાના ગામડામાં એક લુહાર રહેતો હતો. કલા - કસબમાં તે નિષ્ણાત હતો. તલવારો ઘડીને તૈયાર કરવાનું તેનું કામ હતું. પણ એ લુહાર થોડા વખત પહેલાં જ મૃત્યુ પામ્યો હતો. આ લુહારની એક યુવાન પુત્રી હતી. તેના પિતાની કારીગરીનો થોડોક વારસો તેને પણ મળ્યો હતો. તેનું નામ અમીના. સૂમરા સરદારની તલવારમાં પડેલા તથની વાત તેના કાન પર પડી. આ અમીના તલવારના તથને સાંધી દેવા તૈયાર થઈ ગઈ. તેણે ભૂંગળ સુમરાને સંદેશો મોકલાવ્યો કે “ઝુલફિકારને દુરસ્ત કરી આપવા હું તૈયાર છું, પણ મારી એક શરત છે. ભૂંગળ સૂમરો મને પટ્ટરાણીનું પદ આપે તો જ આ કામ પાર પાડવાનો હું પ્રયત્ન કરું.”

આ સંદેશો સાંભળીને ભૂંગળ સૂમરો ઘડીભર તો મૂંઝાઈ પડ્યો. સૂમરા લોકોનું અસલી બંધારણ એ છે કે ઈતર કોમની કન્યા સાથે એમનાથી લગ્ન થઈ શકે નહીં. આજે પણ સૂમરા જાતિના એ સિદ્ધાંત માટે કચ્છી ભાષામાં એક દોહરો પ્રખ્યાત છે-



*સચ્ચા ભા સૂમરા, બ ગાલિયું પારીં,*
*કચો કરીં ન નાતરો, ભગે કે ન મારીં.*

અર્થાત્ સાચા ભાઈઓ સૂમરા બે વાતો પાળે છે : ઈતર કોમ સાથે લગ્ન કરતા નથી અને ભાગતાને મારતા નથી.

ભૂંગળ સૂમરાને એની સૂમરા જાતિના આ આદર્શો તો વહાલા હતા પણ એની તલવાર ઝુલફિકાર એ આદર્શો કરતાં પણ વહાલી હતી. એટલે આ સૂમરા સરદારે લુહાર કન્યા અમીનાની શરતનો સ્વીકાર કરી લીધો. અમીનાએ ઝુલફિકારની ધાર પરથી ઊડી ગયેલ કણીને એવી સિફતથી સાંધી દીધી કે ભૂંગળ સૂમરાને પોતાને પણ ખબર ન પડી, કે તેની તલવાર ક્યાંથી ખંડિત થઈ ગઈ હતી!

અમીનાની આ અનેરી કળાથી ભૂંગળ સૂમરો પ્રસન્ન થઈ ગયો. તેની આનંદનો પાર રહ્યો નહીં. અમીના ઉમરકોટના રાજવી ભૂંગળ સૂમરાની પટ્ટરાણી બની ગઈ.

આ ઘટના પર ત્રણેક દાયકાનો સમય વ્યતીત થઈ ગયો. ભૂંગળ સૂમરો વૃદ્ધ થયો અને આખરે દેવના દરબારમાં પહોંચી ગયો.

૨

ભૂંગળ સૂમરાને બે પુત્રો હતા : મોટાનું નામ ચનેસર, નાનાનું નામ ઘોઘોકુમાર. ચનેસર કલાસ્વામિની અમીનાનો બેટો હતો. અને ઘોઘો સૂમરી રાણીના ઉદરે જન્મ્યો હતો.

ભૂંગળ સૂમરાના અવસાન પછી ઉમરકોટના રાજતખ્ત પર કોણ તખ્તશીન થાય, એ મોટો પ્રશ્ન થઈ પડ્યો. પરંપરાથી ચાલ્યા આવતા શિરસ્તા મુજબ રાજગાદીનો હક્કદાર મોટો કુંવર ગણાય. એટલે પાટવી કુંવર તરીકે રાજગાદી ચનેસરની થાય, પરંતુ સિદ્ધાંતવાદી સૂમરા વીરોએ

આ વ્યવસ્થાનો વિરોધ કર્યો. એક લુહારણનો દીકરો ઉમરકોટની રાજગાદી પર આવે એ વાત એમને નાપસંદ હતી.

આ પ્રશ્નનો નિવેડો લાવવા રાજદરબારમાં સૂમરા સરદારોની મોટી સભા મળી હતી. સૌએ મળીને નક્કી કર્યું કે ઉમરકોટનો રાજમુગટ ચનેસરના મસ્તક ઉપર નહીં, પણ નાના કુંવર ઘોઘારાજના મસ્તક પર મૂકવો.

તરત જ ઘોઘારાજને બોલાવવામાં આવ્યો. ઉમરકોટની રાજધાનીનો રાજમુગટ સ્વીકારવા સૂમરા સરદારોએ તેને વિનંતી કરી. ઘોઘાકુંવર નાનો હતો. છતાં ન્યાયપ્રિય અને બુદ્ધિમાન હતો. મોટા બાઈનો રાજગાદીનો હક્ક છીનવી લેવા તે તૈયાર ન હતો. તેણે સફેદ દાઢીવાળા વડીલોને સ્પષ્ટ ભાષામાં જણાવી દીધું કે ''ગાદીનો હક્કદાર મારો મોટો ભાઈ ચનેસર છે. એના હક્ક પર તરાપ મારીને ઉમરકોટની રાજગાદી પર બેસી જવા મારો કશો અધિકાર નથી.''

ઘોઘાકુમારને અનેક રીતે સમજાવવા છતાં તે એક ટળી બે થયો નહીં. તેનો નિશ્ચય તો હિમાલય જેવો અડગ હતો. સિદ્ધાંતવાદી સૂમરાઓને પણ હવે બાંધછોડ કરવા સિવાય છૂટકો ન હતો. આખરે એમને ઘોઘાજીની અડગતા આગળ નમતું આપવું પડ્યું. ઘોઘા માનતો નથી તો ઉમરકોટની રાજગાદી પર પાટવીકુમાર ચનેસરને જ નિયુક્ત કરવો એવું નક્કી કરવામાં આવ્યું.

હવે ચનેસરને માનભેર આમંત્રણ આપવામાં આવ્યું. તે તરત હાજર થઈ ગયો. સૂમરા સરદારોએ ઊભા થઈને તેને ઉમરકોટની રાજગાદી પર બેસવા વિનવ્યું.

રાજગાદીનો પ્રશ્ન ડહોળાઈ રહ્યો છે. એ વાતથી ચનેસર અજ્ઞાન



ન હતો. રાજગાદીનો કળશ આખરે તેના મસ્તક પર ઢોળાય છે એ જોઈ તેને આનંદ થયો. તેને રાજગાદી પર બેસાડવા તૈયાર થયેલા વડીલોને ઉદ્દેશીને તે બોલ્યો : 'તમારી વિનંતી મને મંજૂર છે, પણ જરા થોભજો. મારી અમ્માને પૂછીને હમણાં જ હું પાછો આવું છું.' આમ કહીને તે જ વખતે તે ત્યાંથી ચાલી નીકળ્યો.

ચનેસરની આ ચાલથી બધા વિચારમાં પડી ગયા. બધા એકબીજા સામે જોવા લાગ્યા. પણ હવે એમને જોઈતી તક મળી ગઈ. આ તકને સાધી લેતાં સૂમરા મંડળનો મુખી ભાગ સૂમરો આગળ આવીને ઘોઘાકુમારને કહેવા લાગ્યો : 'ઘોઘાજી, જોયું ને? જે માણસ રાજગાદીનો સ્વીકાર કરવા તેની માતાને પૂછવા જાય છે તેના રાજ પર કોઈ દુશ્મન ચડી આવશે ત્યારે તે શું કરશે? પોતાની માતાને પૂછવા જશે ને?'

એ વખતે બધા એક અવાજે બોલી ઊઠ્યા : 'ઉમરકોટની રાજગાદી પર બેસવાની લાયકાત બીજા કોઈની નથી, એ ગાદી પર ઘોઘાજી જ બેસે!'

ઘોઘોરાજ હવે લાચાર હતા. તેના હાથ હવે હેઠા પડ્યા હતા. વડીલોની આજ્ઞાનો સ્વીકાર કર્યા વિના હવે છૂટકો જ ન હતો. તમામ સૂમરા સરદારોએ ઘોઘાજીને ઉપાડીને ઉમરકોટની રાજગાદી પર બેસાડી દીધો.

થોડી જ વારમાં માતાજીની અનુજ્ઞા લઈને ચનેસર કુમાર રાજી થતા આવી પહોંચ્યા, પણ હવે તે બાજી પલટી ગઈ હતી. આ જોઈ ચનેસર સળગી ઉઠ્યો. તેના ગુસ્સાનો પાર રહ્યો નહીં. અંતરમાં વેરઝેરની સળગતી આગ સાથે અપમાનિત દશામાં તે તરત રાજકચેરીમાંથી બહાર નીકળી ગયો. રાણીવાસમાં જઈ તેણે માતા સમક્ષ આ ફરિયાદ કરી.

તેની માતા ચતુર હતી. રાજગાદી પર બેસવાની રજા લેવા આવનાર ચનેસરની રીતથી તે નારાજ થઈ ગઈ હતી. ચનેસરને વીલે મોઢે પાછો ફરેલો જોઈને તેની માતાએ તેને ઊધડો જ લીધો. એ વખતે ચનેસરને માતા તેને સિંધી ભાષામાં મહેણાં મારતાં કહેવાં લાગી :

*ધમાંમાં કર ધાંગિયું, ભાલા ભંજે બાર,*
*ઘોડા-બેડા વિકણી ધણ રિંઢન જા ધાર,*
*બઈ કેડી કને કાર, હિન ઘોઘાણીરાજ મેં?*

અર્થાત્ રાજનોબતની કૂંડીઓને હવે છાશ વલોવવાની માટલી બનાવી દે! ભાલાને ભાંગીને ચૂલામાં નાખી બાળી મૂક! ઘોડાઓને વેચીને ઘેટાંનું ટોળું રાખી લે! આ ઘોઘાજીના રાજમાં તું બીજું શું કરીશ?

તલવારના ઝાટકા જેવા માતાના આ મહેણાના મારથી ચનેસરના અંગેઅંગમાં જાણે આગ લાગી ગઈ. હવે તો જગતમાં જીવતા રહેવાનું પણ તેને ભારે થઈ પડ્યું. આખી દુનિયા જાણે તેના પર ફિટકાર વરસાવતી હોય એવું જ તેને લાગવા માંડ્યું. આખો દિવસ તે ઘેરી મૂંઝવણમાં મૂંઝાતો રહ્યો. આખી રાત પલંગ પર તરફડિયાં મારવામાં જ તેણે પસાર કરી. આખી રાતના ઉજાગરામાં તેણે એક ભયંકર નિશ્ચય કરી લીધો. વહેલી સવારે ઊઠી, કોઈ સાથે કશી વાતચીત કર્યા વિના, તે સિંધની રાજનગરી ઉમરકોટનો ત્યાગ કરીને ચાલી નીકળ્યો.

૩

કેટલાક દિવસના લાંબા પ્રવાસ પછી તે આખરે દિલ્હી જઈ પહોંચ્યો. એ વખતે દિલ્હીનો બાદશાહ અલ્લાઉદ્દીન સમસ્ત હિંદુસ્તાન પર પોતાની સત્તા જમાવવા માગતો હતો. તે મગરૂરીથી કહેતો :

‘અલ્લાઉદ્દીન કા ફરમાન સારે હિંદમેં ફૈલ જાય યહી મેરી તમન્ના



હૈ, ખુદા કા ભી યહી ફરમાન હૈ.’

અલ્લાઉદ્દીનના મનમાં આવી ઉમેદોનો આખો ભંડાર ભર્યો હતો. એક દિવસ તે કચેરી ભરીને બેઠો હતો. તે વખતે સિંધ-ઉમરકોટના ભૂંગળ સૂમરાનો કુંવર ચનેસર અલ્લાઉદ્દીનના દરબારમાં દાખલ થયો. બાદશાહને માનભેર કુર્નિશ બજાવી. પોતાને થયેલા અન્યાયની ફરિયાદ તેણે દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીનની હજૂરમાં રજૂ કરી.

સિંધના માથાભારે સૂમરા ઘણા વખતથી અલ્લાઉદ્દીનની આંખમાં ખટકી રહ્યા હતા. ચનેસરની ફરિયાદે તેના બળતણમાં ઘી હોમ્યું. ચનેસર માટે કંઈક કરવાનો અલ્લાઉદ્દીન વિચાર કરી રહ્યો હતો ત્યાં તો ચનેસરે અલ્લાઉદ્દીનની નબળી બાજુ પર ઘા કરવાની બીજી તક સાધી. એટલે સિંધની સૂમરીઓના અનુપમ સૌંદર્યનાં લખાણ કરવાં માંડ્યાં -

*કોયલ જેડો કંઠ જિની જો,*
*ગુલે ગુલાબી જેંજા અંગ;*
*સિંધ મૂલક જી સૂમરીએં જો,*
*મીં જે મામેં જેડો રંગ.*

અર્થાત્ કોયલ જેવો જેનો કંઠ છે અને ગુલેગુલાબી જેનાં અંગ છે, એવી સિંધમુલકની સૂમરીઓનો ચાતુર્માસમાં દેખાતા ઈન્દ્રગોપ જેવો રંગ છે.

સૂમરીઓની સુંદરતાના વર્ણને અલ્લાઉદ્દીનને ઘેલો બનાવ્યો. લશ્કરી સેનાધિપતિને સેના તૈયાર કરવાનો હુકમ છૂટ્યો. દિલ્હીના શહેનશાહનું વાદળદળ જેવું વિશાળ લશ્કર સિંધ-ઉમરકોટની દિશામાં કૂચકદમ કરતું આગળ વધવા લાગ્યું.

આ તરફ ઉમરકોટના અધિપતિ ઘોઘારાજને જ્યારે જાણ થઈ કે

સાગરવિશાળ શાહી લશ્કર મારમાર કરતું ઉમરકોટ તરફ ધસતું આવે છે ત્યારે તે સમજી ગયો, કે આ તો 'ઘર ફૂટે ઘર જાય' એવી વાત બની છે. કુહાડાનો હાથો બનેલા ચનેસરનું જ આ કારસ્તાન છે, એ વાત સૌના ખ્યાલમાં આવી ગઈ. શૂરવીર સૂમરા વીરો મોટી ચિંતામાં આવી પડ્યા. દિલ્હીના ગંજાવર લશ્કરને પહોંચી વળવાનું કામ સરલ ન હતું. આમ છતાં અટંકી ટેકવાળા સૂમરા સરદારોએ શાહી સૈન્યનો પ્રાણાંતે પણ મુકાબલો કરવાનો મક્કમ નિર્ણય કરી લીધો. માત્ર એક જ વાત એમને સતાવી રહી હતી કે, તમામ સૂમરા વીરો જો રણસંગ્રામમાં ખપી જાય તો ઉમરકોટની સૌંદર્યમૂર્તિ જેવી સૂમરી સુંદરીઓનું શું થાય? સિંધમાં તો એમને કોઈ સહારો મળે એવું દેખાતું ન હતું. આખરે સૌએ મળીને નિશ્ચય કર્યો કે ઉમરકોટની સૂમરીઓને કચ્છ-વડસરના મહાપરાક્રમી અને અવટંકી વીર જામ અબડાના શરણમાં મોકલી આપવી. જામ અબડાના વટ્ટની અને એની વીરતાની વાતો છેક સિંધ સુધી પહોંચી ગઈ હતી. એમને ખબર હતી કે અબડો જામ એક જ એવો ભડવીર છે. જે જીવના જોખમે પણ સૂમરી સુંદરીઓનાં શિયળનું રક્ષણ કરવામાં પાછી પાની નહીં કરે. એટલે સૂમરીઓ કચ્છનું રણ ઓળંગીને જામ અબડાના આશ્રય નીચે પહોંચી જાય એવી વ્યવસ્થા કરવામાં આવી. લાચાર અને નિરાધાર બનેલી સૂમરી સતીઓ કચ્છ-વડસર પહોંચવા માટે રણને રસ્તે આગળ વધવા લાગી.

આ તરફ ઉમરકોટ પર ઝઝૂમી રહેલી આફત એના પર તૂટી પડી. અલ્લાઉદ્દીનની તોપો ઉમરકોટના કિલ્લામાં ગાબડાં પાડવાં લાગી. સૂમરા સરદારો મરણિયા બનીને આખરે કિલ્લા બહાર કૂદી પડ્યા, પણ શાહી સૈન્યની અનંત સંખ્યા પાસે સૂમરા વીરોની શૂરવીરતા રણમાં રોળાઈ



ગઈ. ઘોઘો સૂમરો સામી છાતીએ લડતાં આખરે રણમેદાનમાં ઢળી પડ્યો. એ વખતે એની અડગતાની ઉપેક્ષા કરતાં શાહી લશ્કરનાં એક સેનાપતિએ એનાં મૃત શરીરને ઠોકર લગાવી દીધી. આ દૃશ્ય ચનેસરની આંખ માટે અસહ્ય નીવડ્યું. આખરે તો એ બંને ભાઈ હતા. રક્ત એક જ હતું. ઘોઘાની લાશને લાત મારનાર શાહી સેનાપતિને ચનેસરે તે જ વખતે તલવાર તાણીને ત્યાં જ કાપી નાખ્યો. ચનેસરને આમ પલટી ગયેલો જોઈને શાહી સૈનિકો એકદમ તેના પર તૂટી પડ્યા અને તેના ટુકડા કરી નાખ્યા. આ રીતે કુટુંબકલેશના એક તણખાએ ઉમરકોટની સૂમરા-સત્તાને ભસ્મીભૂત કરી નાખી. તમામ સૂમરા સરદારોને નષ્ટ કરી નાખ્યા.

અબડો જામ કચ્છની વડસર જાગીરનો ઠાકોર હતો. મહા તેજસ્વી અને તાકાતવાન એવો એક નરપુંગવ હતો. એના અસીમ શૌર્ય અને વીર્યનો ડંકો આખા કચ્છમાં અને સિંધમાં પણ વાગતો.

જામ અબડાને જ્યારે ખબર પડી કે સિંધની સૂમરીઓ અલ્લાઉદ્દીનના અત્યાચારથી બચવા તેના શરણમાં આવી રહી છે, ત્યારે તેનું અંતર આનંદથી પુલકિત થઈ ઊઠ્યું. આ આનંદની પાછળ એની અતિ મોટી જવાબદારી છે, તેનું તેને ભાન હતું. સૂમરીઓના સગડ લેતો બાદશાહ વડસર આવ્યા વિના પણ નહીં રહે એ વાત એના ખ્યાલ બહાર ન હતી. એટલે જામ અબડાએ પ્રથમથી જ લાંબો વિચાર કરીને અલ્લાઉદ્દીનનો સામનો કરવા અને તેને રુક્કના ચણા ચખાડવા શૂરવીર કચ્છી વીરોની સેનાને તૈયાર કરવા માંડી હતી. જામ અબડો કચ્છના લડાયક વીરોને પાણી ચડાવવા કચ્છી ભાષામાં ચેતનાનો મંત્ર ફૂંકવા લાગ્યો :

માદર વતન લા અજ, મારી ફિટજા મથાન્હથ મેં ખણી!
રણવીર રણ જી મોજ મેં, મટજા મથા હથ મેં ખણી!

માદરે વતનને માટે આજે માથાં હાથમાં લઈને મરી ફીટજો! રણની મોજમાં માથાં હાથમાં લઈને મટી જાજો!

કચ્છ જા રણકોડીલા હલજા, મથા મંઢે મેધાન મથે,
રણ ઉકરી રાંકાસ અચેતો, અજ તાં પાંજી જાન મથે.

કચ્છના રણકોડીલા, માથાં મેદાન પર માંડીને આવી જજો! આજે એક રાક્ષસ રણ ઓળંગીને આપણી જાન પર આવી રહ્યો છે.

અબડા જામનો આ પડકાર આખા કચ્છમાં ફરી વળ્યો. રણને પાર કરીને ધસતા આવતા રાક્ષસની ટક્કર ઝીલવા ચારે તરફથી કચ્છના રણબંકા-રણવીરો કચ્છી મુડસ મિયાણા, સમા, સૂમરા, સાહેબ, રાયબ, નોતિયાર, પડિયાર, જત, જાડેજા, હોથી, હીંગોરા વગેરે લડાયક વીરો જામ અબડાની કુમકમાં હાજર થઈ ગયા.

આ તરફ જામ અબડાએ જે અનુમાન કર્યું હતું તે યથાર્થ નીવડ્યું. માતૃભૂમિના રક્ષણ માટે અલ્લાઉદ્દીનના લશ્કરનો સામનો કરવા શૂરા સૂમરા સરદારો મેદાને પડ્યા પણ બેસુમાર સૈન્ય સામે મુઠ્ઠીભર સૂમરા વીરો કેટલી ટક્કર ઝીલી શકે? આખરે ઉમરકોટના તમામ સૂમરા વીરો બહાદુરીથી લડતાં આ રણયજ્ઞમાં હોમાઈ ગયા. ઉમરકોટને ઉજ્જડ બનાવી હવે અલાઉદ્દીન બાદશાહ સૂમરીઓની શોધમાં નીકળી પડ્યો. અહીં તો આખો રાણીવાસ ખાલીખમ હતો. સૂમરી સતીઓ તો ક્યારનીયે ઉમરકોટ છોડીને રણરસ્તે જામ અબડાની છાયામાં વડસર પહોંચી ગઈ હતી. અલ્લાઉદ્દીનની સેના હવે સૂમરીઓનાં પગલાં લેતી વડસર આવી પહોંચી. વડસરના મેદાનમાં શાહી સૈન્યના ડેરાતંબુ ખોડાઈ ગયા.



વડસરમાં એ વખતે ઓરસો નામે એક મેઘવાળ-હરિજન રહેતો હતો. આ ઓરસો બહાદુર હતો. સાહસિક હતો, સ્વામીભક્ત હતો અને સાથે સાથે એક અઠંગ ખેલાડી હતો. અલ્લાઉદ્દીન વડસર ચડી આવ્યો છે એ વાત જાણી. ઓરસાનું ખૂન પણ ઉછળી નીકળ્યું. અબડાની રાજ કચેરીમાં જઈ, જામ બાપુને કચ્છી ભાષામાં ઉપાલંભ આપતાં તે બોલ્યો :

'અધા, અસાં કે ભગર્તે કે કીં ભૂલી વ્યા?' (અદા, અમને ભક્તોને કેમ ભૂલી ગયા?)

ઓરસાની વાત સાંભળી અબડો જામ રાજી થઈને બોલ્યો : 'અરે, ભગત તાં મુંજે આતમા જા રામ અં! ભગતેં કે ભૂલાં ત તાં ભગવાન કે ભૂલાં!' (અરે હરિજન ભગત તો મારા આતમાના રામ છે. ભગતોને ભૂલું તો તે ભગવાનને ભૂલું!)

ઓરસો કહે છે : 'બાવા, અમારા મેઘવાળો પણ માતૃભૂમિના રક્ષણ માટે માથાં આપવા તૈયાર છે.'

મથા ડીંધા મેઘવાર, ને મરી પણ બુજંધા !
કચ્છડે ભેરા તરંગા, ને કચ્છડે ભેરા બુડંધા!

મેઘવાળો માથાં પણ દેશે અને મરી જાણશે. કચ્છની સાથે તરશે અને કચ્છ સાથે જ ડૂબશે.

હવે ઓરસાના મનમાં નવું શૂરાતન ઊભરાઈ આવ્યું તે બોલ્યો : 'બાપુ, તમારો હુકમ હોય તો અલ્લાઉદ્દીનનું માથું આજે જ તમારા ચરણોમાં હાજર કરી દઉં!'

ઓરસાની વાત સાંભળી અબડા જામને નવાઈ લાગી. જામે તેને પૂછ્યું : 'ઓરસા, તું અલ્લાઉદ્દીનનું માથું કેવી રીતે લાવીશ?'

'બાપુ, એ વાત ન પૂછશો. તમને રોટલાથી કામ કે ટપટપથી કામ? ગમે તે રીતે પણ હું એનું માથું ઉતારી આવીશ. તમે હુકમ કરો એટલી જ વાર છે!'

'એમ તો ન થાય ઓરસા! આપણે દગાની રમત નથી કરવી. રાજપૂત બચ્ચો કદી ઝડપમાં આવતો નથી. માટે મને આજ્ઞા આપો, અન્નદાતા!'

'ઓરસા, તારી કળા તારી પાસે જ છે તેની મને ખબર છે. પણ આપણે દગાબાજી નથી કરવી. એમ છતાં બીજો કોઈ ચમત્કાર તું અલ્લાઉદ્દીનને બતાવી દે!'

'તો તેને માટે પણ આ ઓરડો તૈયાર છે!'

'શાબાશ ઓરસા ! તારા જેવા જુવાનો કચ્છની ધરતી પર હાલેચાલે છે. ત્યાં સુધી કચ્છડાનો કોઈ વાળ વાંકો કરી શકનાર નથી!'

અને જામ અબડાને નમન કરી ઓરસો ત્યાંથી ચાલતો થયો.

રાત પડી. શાહી છાવણીના સૈનિકો રણ-રસ્તાના આખા દિવસના થાકથી થાકેલા હોવાથી છાવણી શાંત હતી. બાદશાહ અલ્લાઉદ્દીન પણ લાંબા પ્રવાસથી થાક્યોપાક્યો શાહી તંબૂમાં આરામથી ઊંઘતો હતો. સંત્રીઓ ખડે પગે શાહી તંબૂની ચોકી કરી રહ્યા હતા.

મધ્યરાત્રિ વીતી જાય છે એ વખતે એક સિંધી કૂતરો ચોકીદારોની નજર ચૂકવીને ચાલાકીથી બાદશાહના તંબૂમાં પાછળથી પેસી જાય છે.

અલ્લાઉદ્દીનના તંબૂમાં આમ છાનોમાનો પેસી જનાર કૂતરો, એ કૂતરો ન હતો. એ તો હતો જામ અબડાનો રાજભક્ત હરિજન ઓરસો! આ ઓરસાને કુદરતે એક મોટી બક્ષિસ આપી હતી. કદમાં તે મંધરો હતો, બટકો હતો. ઠીંગણો હતો. એની પાસે એક સરસ સાધન હતું. આ



સાધન તે સિંધી કૂતરાની ખાલ. આ કૂતરાની ખાલમાં જ એની કરામત હતી. જ્યારે સિંધી કૂતરાની આ ખાલ તે પોતાના શરીર પર ચડાવી લેતો ત્યારે જાણે ખરેખરો એક કૂતરો જ બની જતો. આ રીતે આજે કૂતરાના સ્વાંગમાં ઓરસો બાદશાહના તંબૂમાં દાખલ થઈ ગયો. થાકેલો બાદશાહ તો ભરનિદ્રામાં ઘોરતો હતો. પલંગ પર તેની તલવાર તેની બાજુમાં જ પડી હતી. ઓરસાએ હળવે રહીને તલવાર ઉપાડી લીધી અને તેને તેના મ્યાનમાંથી ખેંચી કાઢી. ખાલી પડેલા મ્યાનમાં ચામડાં કમાવવાની પોતાની રાંપડી દાખલ કરી દીધી. આટલું કામ પાર પાડીને તે જેમ આવ્યો હતો તેમ જ પાછો ત્યાંથી સરકી ગયો.

દિવસ ઊગતાં જ ઓરસો જામ અબડા પાસે પહોંચી ગયો અને અલ્લાઉદ્દીનની ખૂની તલવાર જામના ચરણોમાં ધરી દીધી. આ જોઈને જામ અબડાના આશ્ચર્ય અને આનંદનો પાર રહ્યો નહીં અને ઓરસાએ જ્યારે પોતાની ચાલાકી જામ પાસે જાહેર કરી ત્યારે તેની વાત સાંભળી અબડો જામ દિંગ થઈ ગયો. તેના મોંમાંથી ઓરસાની કળાને બિરદાવતા કચ્છી શબ્દો બહાર નીકળી પડ્યા.

*રંગ બહાદુર રંગ તોકે, રંગ મૂંજા ઓરસા !*
*તોજી કલા તાં, રખેં ભારી રંગ મૂંજા ઓરસા!*

મારા બહાદુર ઓરસા, તને તો રંગ છે ! તારી કળાએ તો ભારે રંગ રાખ્યો!

સવારમાં ઊઠીને અલાઉદ્દીન પોતાની તલવારને સંભાળે છે તો તલવારના મ્યાનમાં તલવારને બદલે મોચીની રાંપડી પડેલી જોઈને તે દિગ્મૂઢ જેવો બાઘો બની જાય છે! ક્રોધથી ધૂંવાપૂંવાં થતો ચોકીદારોને બોલાવે છે. ચોકીદારો પણ આ ચમત્કાર જોઈને આભા જ બની જાય છે.

બીકથી ધ્રૂજવા લાગે છે. બાદશાહ પોતાનો બધો રોષ આ લોકો પર ઠાલવે છે પણ પોતે બચી ગયો તે માટે અલ્લાહનો એહસાન માને છે.

આ પ્રસંગે સખત દિલના બાદશાહને નરમ બનાવી દીધો. તે સમજી ગયો કે રાતે તલવારને સ્થાને રાંપડી રાખી જનાર જો ધારત તો તે વખતે તેનું માથું પણ ઉડાવી દેત! આ ખાનદાની જામ અબડાની હતી. એ વાત પણ એના ધ્યાનમાં આવી ગઈ હતી. તેણે જામ અબડાને સુલેહનો સંદેશો મોકલાવતાં જણાવ્યું કે, 'સિંધથી તમારી પાસે નાસી આવેલ સૂમરીઓને જો તમે સોંપી દેશો તો અમારું લશ્કર તમને કશું જ નુકશાન કર્યા વગર આજે જ અહીંથી ઊપડી જશે.'

બાદશાહનો આ સંદેશો જામ અબડાને તેની અડગતામાંથી ડગાવી શકે તેમ ન હતો. સુલેહના સંદેશા-પત્રને અબડા જામે ફાડીને ફેંકી દીધો અને જવાબ આપ્યો કે, 'સૂમરી રાણીઓની એક મોજડી પણ તમને મળી શકે તેમ નથી. રાજપૂત બચ્ચા સંગ્રામથી ડરતા નથી.'

જામના જવાબથી અલ્લાઉદ્દીન ઊકળી ઊઠ્યો. તેણે તરત જ રણસંગ્રામનો રણડંકો બજાવી દેવાનો આદેશ આપી દીધો. વડસરના રણમેદાનમાં શાહી સૈનિકો અને કચ્છના રણકોડીલા રણવીરો વચ્ચે ખૂનખાર યુદ્ધ ચાલુ થઈ ગયું. આ લડાઈ એકધારી ૧૮ દિવસ સુધી ચાલી.

એક તરફ આકાશના તારા જેટલું શાહી લશ્કર હતું અને બીજી તરફ કચ્છ જેવા નાનકડા પ્રદેશના નરવીરો હતા. કચ્છી વીરો બહાદુરીથી લડતા જતા અને આ રણયજ્ઞમાં હોમાતા જતા હતા.

અબડા જામે જાણ્યું કે કચ્છી વીરો વતનના વટ માટે આત્મસમર્પણ કરતા રહ્યા છે ત્યારે તેણે રાતના અંધકારમાં વડસરની ઝાડી વચ્ચેથી સૂમરી દેવીઓને છૂપે રસ્તે રોહાની રાજનગરી તરફ વિદાય કરી દીધી.



સૂમરી સતીઓ વડસરમાંથી હેમખેમ પસાર થઈ ગઈ એવા સમાચાર મળતાં અબડો જામ હવે નિશ્ચિંત થયો. હવે તેણે મરણિયા થઈને પોતાના તમામ સરદારો સાથે યુદ્ધભૂમિમાં ઝંપલાવવાનો નિશ્ચય કરી લીધો. આ યુદ્ધમાં જામ અબડા સહિત તમામ કચ્છી વીરો શરણાગતનું રક્ષણ કરવાની પોતાની ટેક જાળવવા સામી છાતીએ લડી ગયા. હજારો શાહી સૈનિકોનો પણ ઘાણ નીકળી ગયો.

આજે વડસર ગામની પાદરમાં શાહી સૈનિકોનું મોટું કબ્રસ્તાન જોવામાં આવે છે. અબડો જામ આજે અબડા પીરને નામે પૂજાય છે. એના નામ પરથી કચ્છનો પશ્ચિમ વિભાગ 'અબડાસા'ના નામે ઓળખાય છે.

રણભૂમિ સૂમસામ બની જતાં અલ્લાઉદ્દીન સૂમરી સુંદરીઓની શોધમાં નીકળી પડ્યો. વડસરની છોડી ગયેલી હોવાથી તેની તમામ મહેનત વ્યર્થ ગઈ. તેણે નવો રસ્તો લીધો. સૂમરીઓને ગમે ત્યાંથી પકડી પાડવા તેણે પોતાના ઘોડેસવાર સૈનિકોને ચારે તરફ દોડાવી દીધા.

લોકકથા કહે છે કે શિયળના રક્ષણ માટે પૂરપાટ નાસતી જતી સૂમરીઓની નજર જ્યારે તેમની પાછળ આવતા શાહી સૈનિકો પર પડી આર્તનાદથી ધરતી ફાટે છે અને તમામ સૂમરી સતીઓ ધરતી માતાની ગોદમાં ધરબાઈ જાય છે. બે સૂમરીઓ રોહા ગામે પહોંચે છે ત્યારથી એ ગામ 'સૂમરી રોહા' ના નામે ઓળખાય છે.

સફળતાને બદલે નિષ્ફળતાને વરેલો અલ્લાઉદ્દીન હવે કચ્છ છોડી જવાનો વિચાર કરે છે. પણ જતાં જતાં કચ્છને કંઈક યાદગીરી આપી જવાના ઈરાદાથી કચ્છના પુરાણપ્રસિદ્ધ કોટેશ્વરના લિંગને નુકસાન કરી દિલ્હી તરફ ઊપડી જાય છે. આ લિંગને થયેલું નુકસાન આજે પણ જોઈ શકાય છે.

# ૨. રાણી લીલાબા ગોહિલ

કચ્છના રાવશ્રી ભારમલજી પહેલાના રાજ્ય અમલ દરમિયાન એક અગત્યનો બનાવ બન્યો હતો. સૌરાષ્ટ્રના સુવિખ્યાત સિહોરની સ્થાપના કરનાર અને રાજ્યસત્તા જમાવનાર ગોહિલ વીસાજી હતા. વીસાજીના પૌત્ર રતનજી ગોહિલ જ્યારે સિહોરની ગાદીએ આવ્યા ત્યારે ભાવનગરનું તો નામ-નિશાન પણ ન હતું. રતનજી ગોહિલે પોતાની કુંવરી લીલાબાનું લગ્ન રાવશ્રી ભારમલજી વેરે કર્યું હતું.

કચ્છને સુવ્યવસ્થિત કરનાર રાવ ખેંગારજી પહેલાનું સંવત ૧૬૪૨માં અવસાન થતાં રાવ ભારમલજી ભુજની ગાદીએ આવ્યા. ભારમલજીની નવ રાણીઓ હતી. વાઘેલી રાણી જીવુબા પટરાણીના પદે હતાં. આમ છતાં ગોહિલરાણી લીલાબાનું પણ ઘણું માન હતું.

લીલાબાના પિતા રતનજી ગોહિલના સ્વર્ગવાસ પછી તેના કુમાર હરભમજી - લીલાબાના ભાઈ - સિહોરની રાજગાદી પર આવ્યા. પણ હરભમજીએ માત્ર દોઢ-બે વરસ રાજગાદી ભોગવી. સંવત ૧૬૭૮ની સાલે હરભમજીનું અવસાન થયું.



એ વખતે હરભમજીના કુંવર અખેરાજજીની ઉંમર નાની હોવાથી સિહોરની રાજગાદી માટે ગોહિલ ભાયાતોમાં ગૂંચવાડો ઊભો થયો. રાજનો હક્કદાર અખેરાજજી નાનો હોવાથી હરભમજીનો નાનો ભાઈ ગોવિંદજી સિહોરની ગાદી પર ચડી બેઠો. આ કાકાએ ભત્રીજાનો હક્ક ડુબાવી દીધો. ગોવિંદજીનો પક્ષ બળવાન હોવાથી સિહોરની ગાદીનો ખરો હક્કદાર અખેરારજજી નિરાધાર બનીને બેસી ગયો. એની વહાર કરનાર કોઈ ન હતું. ગોવિંદજી ગોહિલને હવે અખેરાજજી આંખના પાટા જેવો લાગતો હતો. અખેરાજજીનું નામ પણ તેને ગમતું ન હતું. તેની પાસે કોઈ અખેરાજજીનું નામ પણ લેતું તો તે બોલી ઊઠતો : ‘હવે ઓળખ્યો એ અખાને !’

અખેરાજજીની માતાને હવે તેના પુત્રના ભવિષ્યની ચિંતા થવા લાગી. તેનો જીવ પણ હવે જોખમમાં હતો. રાજગાદીના ખરા માલિકનો કોઈ ભાવ પણ પૂછતું ન હતું. ગોવિંદજી જ ગાદીનો માલિક બની બેઠો હતો. અખેરાજજીની માતાને આખરે લીલાબાનું નામ યાદ આવ્યું. લીલાબાને તેણે ખાસ માણસ સાથે સંદેશો મોકલ્યો કે સિહોરની ગાદીનો હક્કદાર તમારો ભત્રીજો સિહોરની શેરીઓમાં ભટકે છે. તેનો હક્ક ગોવિંદકાકાએ પચાવી પાડ્યો છે. અહીં એનો પક્ષ લેનાર કોઈ નથી. તમે એની સંભાળ નહિ લ્યો તો તમારો ભત્રીજો હવે ભીખ માગતો થઈ જશે.

આ સંદેશાએ લીલાબાના મન પર મોટી ચોટ લગાવી. તેને ભારે દુઃખ થયું. લીલાબાએ અખેરાજજીને થયેલા અન્યાયની વાત રાવ શ્રી ભારમલજીના કાન પર મૂકી. ભારમલજી બાવાએ અખેરાજજી ભુજ બોલાવી લેવાની સંમતિ આપી. બાવાના સહાનુભૂતિ ભરેલા વલણથી

ઉત્સાહિત થઈને અખેરાજજીને પહેલી તકે ભુજ આવી જવાનો લીલાબાએ સંદેશો મોકલ્યો.

સિહોરના રાજા ગોવિંદજીને આ વાતનો અણસાર મળી જતાં તેણે અખેરાજજી પર જાપ્તો મૂકી દીધો. એ છટકી ન જાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી. અખેરાજજીની માતાને હવે તેના જીવની ચિંતા થવા લાગી. તેને સિહોરમાંથી કચ્છ કેમ મોકલવો, તેના વિચારોમાં તે મૂંઝાઈ પડી હતી.

સિહોર રાજના અધિકારીઓ ગોવિંદજીની ધાકને લીધે ખુલ્લી રીતે તો અખેરાજજીનો પક્ષ લઈ શકતા ન હતા પણ અખેરાજજીને થયેલો અન્યાય એ બધા જોઈ શકતા હતા. આ કારણથી અખેરાજજી તરફ એમને સૌને સહાનુભૂતિ હતી. આ અધિકારીઓએ અને ભાયાતોએ અખેરાજજીને સાથ દીધો. કેટલાક તો અખેરાજજી સાથે કચ્છ જવા માટે પણ તૈયાર થઈ ગયા. એક દિવસ લાગ જોઈને અખેરાજજી સિહોરના ભાયાતો અને કર્મચારીઓની આ નાની મંડળી સાથે સિહોરમાંથી છટકી ગયો. અખુભાનાં માતાજી અણોજીબા પણ એમની સાથે જ સરકી ગયાં.

આ મંડળીમાં ગોહિલ મોકલજી, વાઘાણી કેશવજી, વાઘાણી મકનજી, દેવાણી માલોજી, દેવાણી કાનોજી વગેરે વફાદાર સેવકોનો સાથ હતો. રાજભક્ત ડાંગાળા રબારીઓને આ વાતની જાણ થતાં એ રબારીઓ પણ એમની સાથે જોડાઈ ગયા. અખેરાજજીની મંડળી હવે મજબૂત બની ગઈ.

ગોવિંદજીને આ વાતની જાણ થતાં તેના ક્રોધનો પાર રહ્યો નહિ. અખેરાજજીને પકડી પાડવા તેણે ઘોડેસવારોને દોડાવી દીધા. ગોવિંદજીના પગેરાની ફોજ પાછળ પડવાની છે, એ હકીકતની આ મંડળીને જાણ



હોવાથી એમણે નવો જ રસ્તો લીધો. જંગલની વાટના જાણકાર રબારીઓ આ મંડળીને એવા માર્ગે દોરી ગયા કે તેની કોઈને કલ્પના પણ ન આવે.

ગોવિંદજીના ઘોડેસવારો ચારે તરફ રખડી રખડી, નિષ્ફળ થઈને પાછા ફર્યા. રાજના ખરા હક્કદાર અખેરાજજી પ્રત્યે એમની પણ સહાનુભૂતિ હતી. ગોવિંદજીના હુકમનો અમલ કરવા માટે જ આ લોકો નીકળી પડ્યા હતા. અખેરાજજીને પકડી પાડવા નહિ.

અખેરાજજીની મંડળી કેટલાક દિવસના પગપાળા પ્રવાસ પછી ભુજ આવી પહોંચી. અખેરાજજી અને અણુબા માટે રબારીઓનો એક ઊંટ એમની સાથે હતો.

કચ્છના રાજા ભારમલજી બાવાએ ગોહિલવાડની આ મંડળીનો સારો સત્કાર કર્યો. ઉતારા-પાણીની પણ વ્યવસ્થા થઈ ગઈ. અખુભા અને રાજમાતા અણોજીબાને હેમખેમ અહીં આવી પહોંચેલાં જોઈને લીલાબાના આનંદનો પાર રહ્યો નહિ. આ માતા-પુત્રને રાજમહેલમાં સ્થાન આપવામાં આવ્યું.

ગોહિલ મંડળી ઘણો વખત કચ્છમાં રોકાઈ ગઈ. અખેરાજજી પણ હવે મૂછ મરડતા થઈ ગયા હતા. હવે યોગ્ય સમય આવેલો જાણીને ભારમલજી બાવાએ અખેરાજજીને સિહોરની ગાદી પર સ્થાપિત કરવાનાં પગલાં લેવાં માંડ્યાં. કચ્છી સેનાને લશ્કરી સામગ્રી સાથે તૈયાર કરવામાં આવી. ઊંટ, ઘોડો અને પગપાળાના મોટા સૈન્ય સાથે અખેરાજજી સિહોરની દિશામાં આગળ વધવા લાગ્યા. કચ્છનું રણ ઓળંગીને કાઠિયાવાડની ધરતીમાં એમણે પ્રવેશ કર્યો. રસ્તામાં જેને ખબર પડી તે અખેરાજજીને સાથ દેવા તૈયાર થઈ જતા હતા. સામંત, ખુમાણ વગેરે કાઠી દરબારો પણ અખેરાજજીને મદદ કરવા એમની સાથે થઈ ગયા.

થોડા વખતમાં જ કચ્છી ઘોડો હણહણાટ કરતા સિહોરના પાદરે આવી પહોંચ્યા. બંદૂકો અને જંજાળોના ધડાકાથી આખું સિહોર ગાજી ઊઠ્યું.

કચ્છના રાજા ભારમલજી બાવાની મોટી ફોજ સિહોર પર ચડી આવે છે એ વાતની ગોવિંદજીને જાણ થઈ ગઈ હતી. તે મદદ માટે જૂનાગઢના નવાબ પાસે પહોંચી ગયો. પણ નવાબ તેને સહકાર આપવા તૈયાર થયો નહિ. કારણ કે એના પક્ષે અન્યાય હતો એ વાત નવાબની જાણ બહાર ન હતી. જૂનાગઢથી નિરાશ થઈને ગોવિંદજી પાછો ફર્યો ત્યાં તો રા'બાવાનું લશ્કર આવી પહોંચ્યું. કચ્છી સૈન્યનો સામનો કરવાની ગોવિંદજીની શક્તિ ન હતી. તે હતાશ બની ગયો હતો. સિહોરના પાદરે ગાજતી બંદૂકો અને જંજાળોના ધડાકાએ ગોવિંદજીને ભાંગી નાખ્યો. નિરાશાના આઘાતથી જ તે મૃત્યુ પામ્યો.

સિહોરની જનતાએ રાજકુમાર અખેરાજજીને વધાવી લીધો. મોટી ધામધૂમ સાથે સિહોરની રાજગાદી પર અખેરાજજીનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. સિહોરની ગાદીનો ખરો હક્કદાર આખરે સિહોરનો રાજા થયો. સિહોરની જનતાએ પણ મુક્તિનો શ્વાસ લીધો. કચ્છી લશ્કર વિજયવાવટા સાથે પાછું ફર્યું. અખેરાજજીએ સિહોરની ગાદી પર લાવવાની સફળતા મળતાં રાણી લીલાબાને પણ સંતોષ થયો.

ગોહિલવાડના ગોહિલો ઘણો વખત કચ્છમાં રહ્યા અને ભારમલજી બાવાની મદદથી એમને સફળતા મળી એ વાતનું કચ્છી લોકો ગૌરવ લેવા લાગ્યા અને કહેવા લાગ્યા -

રા ભારેજી વાર મેં, ગોહિલ મિડ્યા ખુવાર,
હરભમ ગોહિલ જો થેઓ, અખેરાજ કુમાર,
સિહોર કે વારે ડિનેં, જાડેજે જુડધાર.



આ રીતે કચ્છના જાડેજા રાજવી ભારમલજીની મદદથી અખેરાજજી સિહોરની રાજગાદી પર સ્થાપિત થયા. અખેરાજજીના અવસાન પછી રતનજી ગોહિલ સિહોરની રાજગાદી પર આવ્યા. આ રતનજીના ભાવસિંહજી થયા. ભાવસિંહજીએ સંવત ૧૭૭૯ની સાલે પોતાના નામ પરથી ભાવનગર વસાવ્યું. ભાવસિંહજી સાહિત્ય પ્રેમી હતા. કવિઓને આશરો આપતા. એમની કચેરીમાં કવિઓ આવતા અને કાવ્યોની રમઝટ પણ ચાલતી.

એક વાર એક કવિ એક નવા પ્રકારના કાવ્યની રચના લઈને આવ્યો અને કચેરીમાં બેઠેલા કવિઓ વચ્ચે પોતાની કૃતિ મોટે સાદે લલકારવા લાગ્યો -

ભલા સિહોરના ડુંગરા, ભલાં વરતેજનાં વન,
ભલો મહુવાનો રાનબાગ, ભલા ભાવસિંહજી મહારાજ.

નવા આવેલા કવિના આ શબ્દો સાંભળી મહારાજા ભાવસિંહજી ખુશ થતા દેખાયા.

ત્યાં કચેરીનો એક કવિ નવા આવેલા કવિને કહેવા લાગ્યો : કવિરાજ, તમારી રચના તો સરસ છે પણ એમાં પ્રાસનો મેળ મળતો નથી.

આગંતુક કવિ પણ ઓછો ન હતો. તે બોલ્યો : તમારી વાત તો ખરી છે પણ હવે તમે જ કહો કે મારા આ શબ્દોમાંથી હું કયો શબ્દ કાઢી નાખું? અને બીજો કયો શબ્દ ઉમેરું?

કચેરીનો કવિ આ સાંભળી મૂંઝાઈ પડ્યો. મહારાજાએ આગંતુક કવિને સારું ઈનામ આપી તેનો સત્કાર કર્યો.

# ૩. કવિ ઝાલણશી

મહારાએ શ્રી દેશળજીનાં બહેન વિનયવંતી બા ઈડરના રાવ કલ્યાણમેલને પરણાવેલાં. રાવ કલ્યાણમલ સાહિત્યપ્રેમી હતા. સંસ્કારી હતા. કવિઓના આશ્રયદાતા હતા. એમનું નામ સાંભળી ઘણા કવિઓ ઈડર એમના દરબારમાં આવતા. રાવ કલ્યાણમલ એમનો સારો સત્કાર કરતા. એમની કવિતા રસપૂર્વક શ્રવણ કરતા અને માનપાનથી એમને વિદાય કરતા.

રાવ કલ્યાણમલ સર્વ રીતે શાણા અને સમજદાર હોવા છતાં એમનામાં એક મોટી ખોડ હતી. આ ખોડ એમના જીવનની સોનાની થાળીમાં લોઢાની મેખ લગાવી રહી હતી. આ ખોડ એમના સઘળા સદ્‌ગુણોને ધોઈ નાખતી હતી. હકીકત એમ હતી કે રાવ કલ્યાણમલ એક સૌંદર્યવતી સુતારણની જાળમાં સપડાઈ ગયા હતા - એના પ્રેમમાં પડી ગયા હતા. આ સુતારણે એમના પર જાણે જાદુ કરીને લટ્ટુ બનાવી દીધા હતા. આ પ્રેયસીના પાશમાંથી એ મુક્ત થઈ શકતા ન હતા. રાજકાજમાં પણ પૂરતું ધ્યાન આપી શકતાં ન હતા. એક સર્વસત્તાધીશ



રાજવીને સાચી સલાહ કોણ આપી શકે? એને સમજાવીને ઠેકાણે લાવવાની શક્તિ અને હિંમત પણ કોનામાં હોય? સુતારણે એમને એવા વશ કરી લીધા હતા કે પોતાની પરણેતર રાણી વિનયવંતી આ તરફ પણ ભાગ્યે જ કોઈ વાર દૃષ્ટિ કરતા !

કચ્છની રાજકુંવરી વિનયવંતી બા તો વિનયની મૂર્તિ જેવાં હતાં. કહેવાય નહિં અને સહેવાય પણ નહિ. એવી સ્થિતિ એમને માટે ઊભી થઈ હતી. રાવ કલ્યાણમલની ઉપેક્ષા ઘણા સમય સુધી એમણે સહન કરી. આ ધર્મસંકટનો કોઈ રસ્તો ન હતો. ઘમા વખત સુધી આ અપમાનિત દશા એમણે શાંતિપૂર્વક સહન કરી હતી. રાવ કલ્યાણમલ જરા પણ સુધરે એવી આશા ન દેખાતાં એમનું જીવન દુઃખમય બની ગયું હતું. ક્યાં ફરિયાદ કરવી, અને કોને ફરિયાદો કરવી તે સૂઝતું ન હતું અને પારકા પ્રદેશમાં આ ફરિયાદ સાંભળે પણ કોણ?

બહેન દુઃખી હોય તો બીજે ક્યાં જાય? સિંધના હમીર સૂમરાના હાથમાં સપડાયેલી જાસલને આખરે એનો માની લીધેલો ભાઈ-ધર્મબંધુ- જૂનાગઢનો રાજા રા'નવઘણ યાદ આવ્યો અને જાસલે પોતાની ફરિયાદ બંધુ-પ્રેમની અને માનવતાની અદાલતમાં રા'નવઘણની હજૂરમાં નોંધાવતાં જણાવ્યું -

નહિ મામો નહિ મોસાળ, નહિ માડી જાયો વીર,
સિંધમાં રોકી સુમરે, મને હાલવા ન દીધે હમીર.

પેટના પુત્રને ભોગે નવઘણને બચાવી લેનાર દેવાયત પટેલની દીકરી જાસલની ફરિયાદ નવઘણના કાન પર આવી પડતાં તેને જૂની વાતો યાદ આવી ગઈ. મોટો કટક સાથે તે સિંધ પર ચડી ગયો. અને હમીર સૂમરાના પંજામાંથી જાસલને છોડાવી લાવ્યો.

એ જ રીતે અહીં વિનયવંતી બહેનને આજે પોતાનો ભાઈ રા'દેશળ યાદ આવી ગયો. તેણે પોતાના ભાઈને યાદ કરતાં લખી જણાવ્યું -

દેશળ વીરા વહાર કર,
દુઃખણી તારી બહેન!

અને તેની સાથે પોતાની દુઃખદ હાલતની તમામ હકીકત એક પત્રમાં લખી જણાવ્યું. કે 'ભાઈ, હવે તમે મારી સંભાળ નહિલ્યો તો મરે વિખ ઘોળવું પડશે.' આ પત્ર કચ્છથી પોતાની સાથે આવેલા એક વિશ્વાસુ સેવક સાથે ભુજ મોકલી આપ્યો.

બહેનનો પત્ર વાંચી દેશળજી બાવાની આંખો આંસુથી છલકાઈ ગઈ. બહેનનું બધું દુઃખ એમના પર આવી પડ્યું. બાવા પત્ર વાંચીને મોટી મૂંઝવણમાં ઘેરાઈ ગયા. બહેનને બચાવી લેવા રા'નવઘણ જેમ સિંધ પર ચડી ગયો. એ રીતે ઈડર પર ચડી જવાય તેમ ન હતું. રાવ કલ્યાણમલને શિખામણ આપીને કે ઠપકો આપીને સુધારી શકાય એમ પણ ન હતું. એટલે આ દુખિયારી બહેનને દુઃખના દરિયામાંથી શી રીતે ઉગારી લેવી એ મોટો પ્રશ્ન એમની સામે આવી પડ્યો. બહેનનું દુઃખ એમના અંતરને કોરી ખાવા લાગ્યું. તે દિવસથી એ જ ચિંતામાં ચિંતાતુર બનેલા દેશળજી બાવાના મુખમંડળનું નૂર ઊડી ગયું.

દેશળજી બાવા કવિ હૃદય ધરાવનાર રાજવી હતા. કવિતાપ્રેમી હતા. એમના દરબારમાં ઘણા કવિઓ આવતા હતા. ઝાણલશી કાંટા નામે એક કવિ બાવાના માનીતા કવિ હતા. આ કવિની કાવ્યકળાથી ખુશ થઈને બાવાએ એમને ખાસ રોકી લીધા હતા. કવિ ઝાલણશી દરરોજ દેશળજી બાવાની સલામે જતા અને નવીનવી કવિતાઓ એમને સંભળાવીને રાજી રાખતા.



દેશળજી બાવાના ચહેરા પર હમણાં હમણાં ઉદાસીનાં વાદળાં છવાયેલાં રહેતાં તે જોઈને કવિએ એક દિવસ એમને ઉદાસીનું કારણ પૂછી જોયું. કવિ અને કચ્છના રા' હવે મિત્રો બની ગયા હતા. સુખદુઃખની વાતો મિત્ર પાસે જ થઈ શકે. દેશળજી બાવાએ પોતાની દુખિયારી બહેનના દુઃખની વાત કવિ પાસે વ્યક્ત કરી તેની સાથે એમની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં !

દેશળજી બાવાના દુઃખની વાત સાંભળીને કવિના હૃદય પર પણ આઘાત લાગ્યો. કવિના અંતરમાં બાવા પ્રત્યે ખૂબ પ્રેમ હતો. કવિ બોલ્યા : 'બાવા મને રજા આપો તો બહેનબાનું દુઃખ દુર કરવા હું પ્રયત્ન કરી જોઉં.'

કવિના શબ્દો સાંભળી બાવાના નિરાશ હૃદયમાં આશાનો ચમકાર આવી ગયો. જે દર્દની કોઈ દવા ન હતી તે દવા કવિએ બતાવી દીધી હોવાથી બાવા આનંદમાં આવી ગયા. કવિને ઈડર પહોંચવાની એમણે તમામ સગવડ કરી દીધી.

એ સમય એવો હતો કે જે કાર્ય બીજો કોઈ ન કરી શકે તે કાર્ય ચારણકવિઓ કરી શકતા. ઝાલણશી એક સમર્થ કવિ હતો. તેની શક્તિમાં બાવાને સંપૂર્ણ શ્રદ્ધા હતી. એટલે જ બહેનબાની વહાર કરવા બાવાએ કવિ ઝાલણશીને ઈડર મોકલ્યો હતો.

થોડા જ દિવસમાં કવિ ઝાલણશી કાંટા ઈડર પહોંચી ગયા, અને રાવ કલ્યાણમલની કચેરીમાં એમના ગુણગાનની કવિતા લલકારીને આખી કચેરીને સ્તબ્ધ બનાવી દીધી.

રાવ કલ્યાણમલ કાવ્યપ્રેમી હતા, કવિતાકળાના જાણકાર પણ હતા. કવિની કવિતાએ એમને પણ પ્રસન્ન કરી દીધા હતા. કવિનો એમણે

સારો આદર-સત્કાર કર્યો અને એમને માનપાન સાથે થોડા દિવસ રોકાઈ રહેવા જણાવ્યું. કવિ પર સરસ્વતી માતાની એટલી કૃપા હતી, કે તે જ્યાં જાય ત્યાં બે હાથે ન ઊપડે એટલા માનીતા થઈ પડતા. કવિની કવિતાએ રાવ કલ્યાણમલને પણ વશ કરી લીધા, રાવે એમને ઈડરમાં જ રોકી લીધા. રાવ કલ્યાણમલ કવિના પ્રેમબંધનમાં બંધાઈ ગયા.

કવિએ ઈડર આવીને તરત જ વિનયવંતી બાની મુલાકાત લીધી હતી અને એમને આશ્વાસન પણ આપી આવ્યા હતા. સુતારણના પ્રેમમાં પરવશ બનેલા રાવને મુક્ત કરવા માટે કોઈ યોગ્ય તકની રાહ જોઈ રહ્યા હતા.

એક દિવસ રાવ કલ્યાણમલ કવિ ઝાલણશીની કવિતા સાંભળી રહ્યા હતા. કવિ પણ આજે ઉલ્લાસમાં આવીને પોતાની કાવ્યકળાને છેડી રહ્યા હતા. શ્રોતા અને વક્તા બંને એકતાન બનીને કવિતાના રંગમાં રંગાઈ ગયા હતા. એટલામાં એકાએક એમની પ્રેમિકાનો સંદેશો આવ્યો. સંદેશો એવો હતો કે : 'તાકિદે આવો!'

પ્રેમિકાનો તાકીદનો સંદેશો આવે ત્યારે પ્રેમી આંખ આડા કાન કેમ કરી શકે? સંદેશો સાંભળતાં જ રાવ કલ્યાણમલ કવિ સાથેના કવિતાના વાર્તાલાપને પડતો મૂકીને એકદમ ઊભા થઈ ગયા.

રાવને ઊભા થયેલા જોઈને કવિ પણ સફાળા ઊભા થઈ ગયા અને બોલી ઊઠ્યો : 'લ્યો બાપુ! તમારા મારે પણ હવે છેલ્લા રામ રામ!'

'છેલ્લા રામરામ' શબ્દ સાંભળીને રાવ કલ્યાણમલ ચોંકી ઊઠ્યા, બોલ્યા : 'કવિરાજ, આમ છેલ્લા રામરામ કેમ કહો છો?'

હવે યોગ્ય તક હાથમાં આવેલી જાણીને કવિએ રાવ કલ્યાણમલ પર જનોઈવઢ જેવો ઘા કરતાં પડકાર કર્યો -



*કાંટે ચડ્યાં કથીર, સુવર્ણ સોંઘેરાં થયાં,*
*એ વેળાએ વીર, ઠપકો કાંઉં કલ્યાણમલ !*

અર્થાત્ હવે તો સુવર્ણના કાંટામાં પિત્તળ તોળાવા લાગ્યું છે. અને સોનું સસ્તું પડ્યું છે. એવો સમય આવ્યો છે ત્યારે ઠપકો કોને આપવો?

કવિનાં કડવાં વચનોનું તીર કલ્યાણમલના કાળજામાં ઊંડું ઉતરી ગયું. આ શબ્દો સાંભળીને રાવની સઘળી સાન ઠેકાણે આવી ગઈ. ઊભા થઈ ગયેલા રાજવી એકદમ પાછા પોતાનાં સ્થાન પર બેસી ગયા અને તે સદાને માટે જ બેસી ગયા.

તે દિવસથી કલ્યાણમલના વર્તનમાં સમૂળો ફેરફાર થઈ ગયો. અણમાનીતી બની બઠેલી કચ્છની રાજકુમારી વિનયવંતી બાનાં માનપાન પણ વધી ગયાં. કવિ ઝાલણશી કચ્છથી જે કાર્યને માટે ઈડર આવ્યા તે કાર્ય સફળ થયું - કવિનો સઘળો પરિશ્રમ લેખે લાગ્યો.

૨

કવિ ઝાલણશી હવે કલ્યાણમલજીના હૈયાનાં હાર જેવા બની ગયા. કવિની હાજરી વગર રાવ કલ્યાણમલને બધું સૂનુંસૂનું લાગતું. એમનો આનંદ ઊડી જતો. કવિની મીઠી વાણી અને એમનો નિર્મળ પ્રેમ ઈડરના રાવનાં જીવનતત્ત્વ જેવાં બની ગયાં. એક શંકા એમને સતાવતી હતી. કચ્છના રાઓશ્રી દેશળજી પ્રત્યે કવિને એટલી ચાહના હતી કે કવિ ક્યારેક એમને છોડીને ચાલ્યા જશે એવી ભીતિ એમના અંતરમાં પેસી ગઈ હતી. આથી એક દિવસ કલ્યાણમલે કવિને કહ્યું : 'કવિરાજ, હવે તો તમારે ઈડરને જ તમારું કાયમનું ધામ બનાવવાનું છે. તમે મને વચન આપો કે ઈડરને છોડીને તમે ક્યાંય જવાના નથી.'

રાવની વાત સાંભળી, અને એમનો આ સ્નેહ જોઈને કવિ ઘડીભર

મૂંઝવણમાં મુકાઈ ગયા. કવિ જેઓ કવિ આવા પ્રેમની અવગણના પણ કેમ કરી શકે? અને કચ્છ-ભુજના દેશળજી બાવાને ભૂલીને ઈડરમાં સ્થાયી પણ કેમ થઈ શકે?

એક તરફ કચ્છ આવવા માટે દેશળજી બાવાનું દબાણ ચાલુ હતું. બીજી તરફ ઈડરના રોકાણ માટે કલ્યાણમલનો આગ્રહ ચાલુ હતો. આ મૂંઝવણમાંથી માર્ગ કાઢવા કવિએ કલ્યાણમલજીને યુક્તિપુરઃસરનો જવાબ આપ્યો : 'મહારાજ, આપનો મારા પર કેટલો બધો ભાવ છે? આપણી વચ્ચે મારા-તારાનો ભેદ પણ તમે નથી રાખ્યો. આવી જ્યાં એકતા હોય, મારા-તારોનો ભેદ જ ન હોય ત્યાંથી ચાલ્યા જવાનું કેમ બને? આ અભેદ ચાલુ રહેશે ત્યાં સુધી ઝાલણશી ઈડરમાં જ રહેશે. મારું વચન છે!'

કવિના આ શબ્દોથી કલ્યાણમલ રાવને સંતોષ થયો. રાજવી અને કવિના દિવસો કાવ્યકળાના શ્રવણ-કવનમાં, આનંદમાં વીતતા જતા હતા, પણ કચ્છ આવવા માટે દેશળજી બાવાનો આગ્રહ હવે વધતો જતો હતો. કવિનું મન પણ કચ્છડા તરફ ખેંચાઈ રહ્યું હતું. પણ વચનથી બંધાયેલો કવિ વચનભંગ કેમ કરી શકે? એટલે વચનના બંધનમાંથી છટકવાની કોઈ છટકબારી કવિ વિચારી રહ્યા હતા.

એક દિવસ રાવ કલ્યાણમલ અને કવિ ઝાલણશી ઈડરના રાજ્યઉદ્યાનમાં આવેલા હોજમાં સ્નાનનો આનંદ માણવા ઊપડી ગયા. સ્નાનાગારને કિનારે કપડાં મૂકી, બંને મિત્રો પાણીમાં ઊતરી પડ્યા. ઘણી વાર સુધી સ્નાનાગારમાં તરવાનો આનંદ લઈ કવિ પાણીમાંથી બહાર આવ્યા અને ઈરાદાપૂર્વકની ઉતાવળ કરતાં પોતાનાં કપડાંને બદલે બાપુનાં કપડાં પહેરવા મંડી પડ્યા.

બાપુ બહાર આવ્યા. કવિને એમનાં કપડાંને બદલે પોતાનાં કપડાં



પહેરતાં જોઈને બાપુને નવાઈ લાગી એમણે હસતાંહસતાં કવિને કહ્યું : 'અરે, અરે, કવિરાજ, જુઓ તો ખરા, તમે કોનાં કપડાં પહેરી રહ્યા છો? ભૂલી ગયા કે શું! આ તો મારાં કપડાં તમે પહેરવા લાગ્યા છો!'

કવિ કહે : 'મહારાજ હું તો ન ભૂલ્યો પણ તમે ભૂલી ગયા! આપણી વચ્ચે મારા-તારાનો ભેદ ન હતો એ ભેદ આજે દેખાયો. હવે આપની રજા માગું તો મારો દોષ ન લેખાય. રજા માગવાનો અધિકાર હવે મને મળી ગયો.'

રાવ કલ્યાણમલને હવે કવિએ આપેલા વચનની યાદ આવી ગઈ, અને કવિની યુક્તિ પણ પોતે સમજી ગયા. કવિનું મન રા'બાવામાં લાગી રહ્યું છે, એ હકીકત કલ્યાણમલજીના લક્ષથી બહાર ન હતી.

થોડા જ વખત પછી કચ્છમાંથી રાઓશ્રી દેશળજી બાવાનો, કલ્યાણમલજી બનેવી પર પત્ર આવ્યો. એ પત્રમાં બાવાએ ભાર દઈને એમને જણાવ્યું હતું કે 'તમે ઘણા વખતથી અમારા કવિ ઝાલણશીને માનપાન સાથે સંભાળી રહ્યા છો એ આપનો આભાર છે. હવે જેમ બને તેમ તરત કવિને કચ્છ મોકલી આપશો તો આપનો વધુ આભાર થશે.'

પત્ર વાંચી કલ્યાણમલજી સમજી ગયા કે કવિને હવે કચ્છ ભેળા કરવા જોઈએ. કવિ પણ કચ્છ માટે ઉત્સુક હતા. એટલે દેશળજી બાવાની આજ્ઞાને માન આપીને અને કવિની આંતરિક ઈચ્છાને સંતોષવાને રાવ કલ્યાણમલજીએ કવિને કચ્છ જવાની રાજીખુશીથી રજા આપી.

કચ્છની કુમારી વિનયવંતીબાને પણ હવે કશી તકલીફ ન હતી. કવિનું આગમન સાર્થક થયું હોવાથી કવિએ વિનયવંતીબાને આશીર્વાદ આપીને એમની પણ રજા લઈ લીધી.

રાવ કલ્યાણમલજીએ કવિને સારી રીતે માનઅકરામ અને

પોશાકના ઈનામની નવાજેશ કરીને એમને અંતરની શુભેચ્છા સાથે વિદાય આપી.

કવિ ઝાલણશી ઈડરના વસવાટ દરમિયાન દેશળજી બાવાને કેટલા પ્રેમથી યાદ કરતા હતા તે એમની કવિતામાં નીચેના શબ્દોથી સમજી શકાશે -

*દેશળ ઠાકુર કચ્છ ધરા, અંતર ઊતારયા,*
*ચોમાસા રા દનડા, ખન ખન સાંભરિયા.*

*કોયલ સરવે સાદડે, માઝમ રાત મ ઝૂર,*
*થારે અંબ વન ઢૂકડો, મારે દેશળ દૂર.*

*તન ઈડર મન કચ્છડે, તનડે તાણાવાણ,*
*કચ્છમાં દેશળ રાઓ ને ઈડર રાવ કલ્યાણ.*

*કંઈ પહેર્યા કંઈ પેરશાં, પાલવ ઘટ પરમાણ,*
*મારું-તારું ના ગણે, તનમાં તાણાવાણ.*

કવિ ઝાલણશીની રચેલી દેશળવિરહની આ રચના હજુ અધૂરી છે, એમ જણાય છે.



# ૪. જગડૂ દાતાર

આજનું ભદ્રેસર એ એક વખતની અસલી ભદ્રાવતી નગરીની રાખમાંથી જન્મેલું છે. ભદ્રાવતી પર ચડતીપડતીનાં અનેક ચક્રો ફરી વળ્યાં છે. અનેક રંગપલટા એણે જોઈ લીધાં છે. અહીં અનેક રાજવીઓ રાજ કરી ગયા છે. અનેક જાતિઓ પોતપોતાની સત્તા જમાવી ગઈ છે. અનેક રણમંડપો અહીં રચાઈ ગયા છે. જયપરાજયના અનેકવિધ રંગો વડે રંગાયેલી આ ભૂમિનાં દર્શન કરતાં જ એની પુરાતન ભવ્યતાનો ખ્યાલ આવી જાય છે.

વિક્રમની ચૌદમી સદીના આરંભમાં અહીં જગડૂશા નામના પ્રખ્યાત દાનવીરે પોતાની દાનવીરતાનો ડંકો વગાડ્યો હતો.

જગડૂશાના પૂર્વજો કચ્છના ઈતિહાસપ્રસિદ્ધ કંથકોટમાં (કંથકોટનો કિલ્લો કચ્છ-વાગડમાં ભચાઉથી આઠેક ગાઉના અંતરે આવેલ છે. એ ડુંગરી કિલ્લો ઘણા જૂના વખતથી સુપ્રસિદ્ધ છે. લાખા ફૂલાણીના દાદા જામ સાડે એને બંધાવીને પૂરો કરેલ છે. આગળ જતાં આ કિલ્લો કાઠીઓના હાથમાં અને પાછળથી ચાવડા અને સોલંકીઓના કબજામાં પણ આવ્યો

હતો. અગિયારમાં સૈકામાં મહમદ ગઝનવીથી હારીને ભીમદેવ આ કિલ્લામાં ભરાઈ બેઠો હતો. મૂળરાજ સોલંકી પણ કેટલોક વખત અહીં રહ્યો હતો. સોળમા સૈકાની આખરમાં અબૂલફઝલે એ કિલ્લાની મજબૂતીનો આઈને અકબરીમાં ઉલ્લેખ કર્યો હતો, સન ૧૮૧૯માં આ કિલ્લો બ્રિટિશ સરકારના કબજામાં આવ્યો. અંગ્રેજ લોકોએ કોટની કેટલીક દીવાલો તોડી નાખી હતી. કંથકોટના ડુંગર પર જોગી કંથડનાથનું અને કાઠીઓનું સૂર્યમંદિર આવેલું છે. મહાવીરનું મંદિર ખંડેર હાલતમાં છે. આત્મદેવનાથના પુત્રે સંવત ૧૨૮૩માં એ બંધાવેલું.) રહેતા હતા. જગડૂશાનો જન્મ પણ કંથકોટમાં જ થયો હતો. એના પિતાનું નામ સોળ શાહ અને માતાનું નામ લક્ષ્મીદેવી હતું. સોળ શાહ કંથકોટથી ભદ્રાવતીમાં આવીને વસ્યા હતા.

ભદ્રાવતી નગરી કચ્છના હાલના ભદ્રેસરની નજદીકમાં જ ઉગમણી તરફ આવેલી હતી. મહાભારતમાં વર્ણવેલી યુવનાશ્વ રાજાની ભદ્રાવતી નગરી એ જ હતી. પાંડવોએ અશ્વમેઘ યજ્ઞનો ઘોડો અહીં જ બાંધ્યો હતો. એમ કહેવાય છે. એ અસલી ભદ્રાવતી નગરી તો ક્યારનીયે નષ્ટ થઈ ગઈ છે. એનાં જૂનાં ખંડેરોના પાયાના પથ્થરો પણ લોકોએ ખોદીને કાઢી લીધા છે. એ પથ્થરોનો મોટો જથ્થો મુન્દ્રાના ગઢના બાંધકામમાં પણ વપરાઈ ગયો છે. ભદ્રેસરમાં આજે પણ ડગલે ને પગલે દેખાતા પુરાતન નકશીના પથ્થરો જૂના સમયની યાદ આપી જાય છે. આ ભૂતપૂર્વ નગરીની યાદી રૂપ દુદાશાના શિવાલયના થાંભલા, તેના ઘુમ્મટ પરનો થોડોક ભાગ, દુદાવાવ, આશાપુરી દેવીનું જર્જરિત દેવાલય તથા બે પુરાતન મસ્જિદોનાં ખંડેરો જ માત્ર અનંતકાળને માપતાં આજે ઊભાં છે. એક મસ્જિદ જગડૂશાની બંધાવેલી કહેવાય છે.



વસઈ અથવા જગડૂશાનાં કહેવાતાં દહેરાંની નજદીકમાં જ જૂની ભદ્રાવતી આવેલી હતી. આ દહેરાંની બાંધણી આબુ પર આવેલાં દેલવાડાંનાં દહેરાંને કંઈક મળતી આવતી જોવામાં આવે છે.

જગડૂશાના પિતા સોળશા શ્રીમાળી વણિક હતા. સોળશાને તેની પત્ની લક્ષ્મીદેવીના ઉદરથી ઉત્તમ ગુણોથી વિભૂષિત એવા જગડૂ, રાજ અને પદ્મ નામના ત્રણ પુત્રો થયા. જગડૂશાનાં પત્નીનું નામ યશોમતી હતું. માતા લક્ષ્મી એટલે લક્ષ્મીદેવી એના પર પ્રસન્ન હતાં. એની સંપત્તિનો પાર ન હતો. જગડૂશા પાસે આટલી બધી સંપત્તિ ક્યાંથી આવતી તે સંબંધમાં વિવિધ પ્રકારની દંતકથાઓ પ્રચલિત છે. કોઈ કહે છે કે જગડૂશા એક વખત પોતાનું ખેતર વાવી રહ્યો હતો ત્યારે ત્યાંથી કેટલાક ભૂખ્યા સાધુ પસાર થયા. જગડૂશાને એમના પર દયા આવતાં ખેતર વાવવા માટેનું બધું બીજ તણે ભૂખ્યા સાધુઓને આપી દીધું અને અનાજના બીજને બદલે કાંકરીની વાવણી કરીને સાંજ પડતાં તે ઘેર આવ્યો. કાંકરી વાવેલા ખેતરમાં તો કશું જ પાકવાનું નથી એવી તેને ખાતરી હોવાથી તે કદી પોતાના ખેતર પર આંટોફેરો કરવા પણ જતો નહિ. જ્યારે ગામલોકો તેના ખેતરમાં ઊગેલા મોલની પ્રશંસા કરવા લાગ્યા, ત્યારે પણ એ પ્રશંસાને તમે પ્રથમ તો મશ્કરી જ માની લીધી. પણ બધા લોકો તેની મશ્કરી ન કરે એમ સમજીને તે એક દિવસ પોતાનું ખેતર જોવા ગયો. ખેતરમાં ઊગી નીકળેલો મોલ જોઈને જગડૂશાનું હૈયું આનંદાવેશથી નાચી ઊઠ્યું. આગળ જતાં એ ખેતરમાં અનાજને બદલે સાચાં મોતીના દાણા બંધાયા અને એ રીતે જગડૂશા ધનવાન બની ગયો, એમ કહેવાય છે.

બીજી વાત એવી ચાલે છે કે જગડૂશાએ કોઈ ચાંચિયા પાસેથી મીણની ઈંટો ભરેલું આખું વહાણ ખરીદી લીધું. ખરી રીતે એ ઈંટો મીણની

નહિ પણ મીણ ચડાવેલી સોનાની ઈંટો હતી. આ સોનાથી જગડૂશાના ભાગ્યનો સિતારો બુલંદ બની ગયો.

'જગડૂચરિત' નામના પુસ્તકમાં આપેલી ત્રીજી કથા એવી છે કે જગડૂશાનો મુનીમ જયંતસિંહ એક વખત વહાણમાં માલ ભરીને ઈરાન ગયેલો. ત્યાં ચડસાચડસીમાં મોટી કિંમત આપીને એક મોટો પથ્થર લઈ આવેલો. આ પથ્થરના પેટાળમાંથી પુષ્કળ દ્રવ્ય નીકળી પડ્યું અને જગડૂશા એકદમ મોટો ધનાઢ્ય બની ગયો. સાચી હકીકત ગમે તે હોય પણ એટલું ખરું કે જગડૂશા પર લક્ષ્મીની કૃપા હતી. જગડૂશા જેવો ધનવાન હતો. તેવો જ દાનવીર પણ હતો.

એ અરસામાં ભદ્રેશ્વર અને કચ્છનો બીજો પણ કેટલોક પ્રદશ અણહિલવાડ પટ્ટણના ચાલુક્ય વંશના વીસળદેવ રાજાના તાબામાં હતો. એના રાજ્યાભિષેક વખતે જગડૂશાએ અમૂલ્ય રત્નોનું નજરાણું કરીને તેની અત્યંત પ્રીતિ સંપાદન કરી હતી.

એક વખત પરમદેવસૂરિજી નામના એક પરમ જ્ઞાની મુનિનું ભદ્રાવતીમાં ચોમાસું હતું. જગડૂશા મુનિશ્રીનું વ્યાખ્યાન શ્રવણ કરી રહ્યો હતો ત્યાં મુનિએ ભવિષ્ય ભાખતાં જણાવ્યું કે સંવત ૧૩૧૩ની સાલથી ત્રણ મોટાં દુકાળ દેશ પર તૂટી પડવાના છે -

અચેંધા ત્રે ઓચંધા, કારા કાર ડુકાર,
તેરો સો પરનોતરો, ઓખો આય અપાર.
જગડૂ ઝટ સંભાર,
દેશ કૈંક વેંધા ડુલી.
દેશ કૈંક વેંધા ડુલી, મૂર ન વસંધા મીં,
મંગણ નિકરંધા મહીપતિ, ઈ અચીંધા ડીં,



જગડૂ ઝટપટ જાગ તૂં, સૂતો અયેં કી સીં?
સાથ ન હલંધી સિર મથે, કમાઈ હેડી કી.
કરમ કરો કરમીં,
કાયમ કર તૂં કચ્છ કે.

અર્થાત્ અચિંતા ત્રણ દુકાળ આવે છે તેમાં તેરસો ને પંદરનો દુકાળ અત્યંત દુષ્કર થવાનો છે, માટે જગડૂ તું તરત સંભાળીલે , અનેક દેશ ડોલાયમાન બની જશે.

વરસાદ તો બિલકુલ આવવાનો નથી. મહીપતિઓ માગવા નીકળશે એવા દિવસ આવવાના છે. માટે સિંહ જેવા જગડૂ તું ઝટપટ જાગી જા! સૂતો કેમ છો? તું કમર કસી લે અને કચ્છને અવિચળ બનાવી દે!

મુનિરાજની વાણી જગડૂશાની રગેરગમાં ઊતરી ગઈ. તેણે દેશદેશાવરમાં અનાજના મોટામોટા ભંડાર ભરી લીધા.

અને સાધુ મહારાજની ભવિષ્યવાણી યથાર્થ નીવડી. સંવત ૧૩૧૩, ૧૪ અને ૧૫ એમ ત્રણ વરસો દરમિયાન મેઘરાજા જાણે રિસાઈ ગયા હોય તેમ વરસાદનું એક પણ ટીપું આખા દેશમાં પડ્યું નહિ. લોકો અન્નને અભાવે ત્રાહિમામ્ પોકારવા લાગ્યા. આવી કટોકટીના વખતે જગડૂશાએ ઠેરઠેર ભરી રાખેલા પોતાના અન્નના ભંડારો ખોલી નાખ્યા. મોટીમોટી ખાણો ખુલ્લી કરી દીધી. આ રીતે જગડૂ દાતારે દેશના લોકોને દુષ્કાળના સંકટમાંથી ઉગારી લીધા. સિંધ, માળવા, દિલ્હી, કાશી, કંદહાર, આદિ પ્રદેશોના અનેક રાજવીઓને હજારો મૂડા અનાજ આપીને તેણે ડૂબતા દેશને બચાવી લીધો.

જગડૂશા અને પનરોતેરા દુષ્કાળ સંબંધમાં એક લોકકથા એવી

ચાલે છે કે જગડૂશાએ છેલ્લા ૧૩૧૫ના દુકાળમાં એક વિશાળ ભોજનશાળા ખુલ્લી મૂકી હતી. જે કોઈ આવે તેને ત્યાં જમવાની છૂટ હતી. અહીં દરરોજ હજારો ભૂખ્યા લોકો ભૂખને સંતોષવા માટે આવતા, પેટ ભરી જમી લેતા અને જગડૂશાને આશીર્વાદ આપતા.

આ વખતે કહેવાય છે કે પનરોતેરો દુકાળ પોતે જગડૂશાની કસોટી કરવા આવ્યો હતો. ભૂખની રાડો દેતો અને 'ખાઉં ખાઉં!' ના પોકાર કરતો તે જગડૂશાની ભોજનશાળામાં ધસી આવ્યો. તરત જ તેને માટે ભોજનની થાળી મંગાવવામાં આવી. પરંતુ આ થાળી તો એ ભુખાળવા દૈતની એક દાઢાં જ સમાઈ જાય તેમ હતું. એક પછી એક થાળીઓ આવવા લાગી અને એના ઉદર પ્રદેશમાં અલોપ થવા લાગી. આમ છતાં એની ભૂખ જરા પણ ઓછી થઈ હોય એમ લાગતું ન હતું. આ ખાઉધરા દુકાળિયાને શી રીતે તૃપ્ત કરવો તે કોઈને સમજાતું ન હતું. જેમ જેમ તે વધુ ખાતો હતો તેમ તેની ભૂખ વધુ ને વધુ ઊઘડતી જતી હતી. એને પીરસનારા અને ખવડાવનારા થાકી પડ્યા. પણ આ ભૂખડી બારસ જેવો ભુખાળવો થાકતો ન હતો. એનો તો એક જ અવાજ : 'લાવ લાવ!' નો ચાલુ હતો. આ ભેદી વ્યક્તિની વર્તણૂક જોતાં જગડૂશાને ખાતરી થઈ કે આ માણસ એ રીતે તો ધરાય તેમ નથી. આથી જગડૂ દાતારે એક નવો નુસખો અજમાવ્યો. આ ક્ષુધાતુર માનવીને તેણે એક કોઠીમાં ઘાલીને નાળો વડે તેને ઘી પાવા માંડ્યું. આ રીતે જગડૂશાએ એના મોંઢામાં એટલું બધું ઘી રેડાવ્યું કે આખરે તે ઘી પી પીને અકળાઈ ગયો અને પોતાને હવે કોઠીમાંથી બહાર કાઢવાના પોકાર કરવા લાગ્યો. એનો પોકાર હતો -



જગડૂ જીવતો મેલ,<br>
પનરોતેર પડું નહિ.

'ઓ જગડૂશા! તું હવે મને જીવતો જવા દે! હું પનરોતેરો દુકાળ પોતે છું. હું વચન આપું છું કે હવે પનરોતેરો દુકાળ કોઈ વાર પણ પડીશ નહિં!'

જગડુ બોલ્યો : 'હવે તો હું તને બહાર કાઢવાનો જ નથી. તને જેટલું ઘી જોઈએ તેટલું તું પી લે!'

આખરે પનરોતેરો દુકાળ ન પડે એવું વચન લઈને જગડૂશાએ તેને કોઠી બહાર કાઢ્યો. કહેવાય છે કે ત્યાર પછી પંદરની સાલનો દુકાળ કદી પડ્યો નથી.

દુકાળના વખતમાં જગડૂશાના ભાઈ દુદાશા (જૂડાશા) એ અહીં એક વિશાળ વાવ બંધાવેલી તે દુદિયા વાવ - જૂડિયા વાવને નામે ઓળખાય છે.

જગડૂશાને સંતતિમાં પ્રીતિમતી નામે એક પુત્રી હતી. કર્મસંજોગે તે વિધવા બનેલી હોવાથી જગડૂશા શોકમગ્ન રહેતો. જગડૂશાએ પ્રીતિમતીના આત્મકલ્યાણ અર્થે કેટલાંક જૈન દેરાસર બંધાવ્યાં હતાં. ઉપરાંત કચ્છ અને સૌરાષ્ટ્રમાં તેણે મંદિરો, ધર્મશાળાઓ અને વાવ-કૂવા બંધાવવાનાં અનેક લોકોપયોગી કાર્યો કર્યાં હતાં.

પુરાણાં વસઈનાં દેરાંનો જીર્ણોદ્ધાર કરાવનાર પણ જગડૂ દાતાર હતો.

કહેવાય છે કે એક વાર માતાજી જગડૂશા પર પ્રસન્ન થયાં અને વરદાન માગવાની આજ્ઞા કરી ત્યારે જગડૂશાએ અપુત્ર રહેવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. કુળને બોળે એવા કોઈ પુત્રના પિતા થવા કરતાં

તેણે અપુત્ર રહેવાનું વધારે પસંદ કર્યું હતું. બાપની બંધાવેલી વાવમાંથી પાણી પીવા આવેલ પ્રવાસી પાસેથી પાણીના બદલામાં પૈસો માગનાર એક પુત્રને જોઈને જગડૂશાએ આ નિર્ણય કર્યો હતો એમ કહેવાય છે.



# ૫. રાજા ગોવિંદો જોશી

ગોવિંદો જોશી એટલે મોજની મૂર્તિ, આનંદ અને ગમ્મતની પ્રતિમા. આજથી બે સદી પહેલાં કચ્છનાં ગોધરા ગામમાં એનો જન્મ સારસ્વત બ્રાહ્મણના એક સામાન્ય કુટુંબમાં થયો હતો. નાનપણથી જ એનામાં રમૂજની વૃત્તિ ભારોભાર ભરી હતી. આગળ જતાં કચ્છના મહારાવ દેશળજી બીજાનો એ માનીતો મિત્ર થઈ પડ્યો. દેશળ દરબારમાં ચૌદ રત્નોની ગણતરી થતી હતી. એ ચૌદ રત્નોમાંના એક રત્ન તરીકે ગોવિંદા જોશીનું નામ હતું. ગોવિંદો જોશી મહા ટીખળી અને એવો જ અટકચાળો હતો. વર્તમાનપત્રો વિનાના એ જૂના સમયમાં પણ ગોવિંદો જોશી પોતાની ટીખળકળાથી આખા કચ્છમાં પ્રખ્યાત હતો. એના ટીખળી સ્વભાવની અનેક વાતો આજે પણ કચ્છમાં પ્રચલિત છે. તેમાંની થોડીક અત્રે આપવામાં આવે છે.

એક વાર ગોવિંદો જોશી શ્રી દ્વારિકેશની યાત્રા માટે દ્વારિકા ગયેલો. અહીં આવીને તેણે બારીક નજરથી દ્વારિકાનાથની જાગીરનું નિરીક્ષણ કરવા માંડ્યું. અહીં એણે જોઈ લીધું કે જાગીરના મોટા અધ્યક્ષ તથા પૂજારી

વર્ગમાં સ્વાર્થની વૃત્તિ પેસી ગઈ છે. શ્રી દ્વારિકેશના દર્શને શ્રીમંતો પણ આવતા અને સામાન્ય માણસો પણ આવતા. અહીં શ્રીમંત લોકોનું ખૂબ સ્વાગત કરવામાં આવતું. એમને રાજમહેલ જેવા ઉતારાઓ આપવામાં આવતા પણ સામાન્ય સ્થિતિના માણસોની કોઈ ભાવ પણ પૂછતું નહિ. ગરીબોને માટે તો અહીં સ્થાન જ ન હતું. આવા મહાન યાત્રાધામમાં આવતા યાત્રાળુઓ પ્રત્યેનો ભેદભાવ ગોવિંદા જોશીના મનમાં કાંટાની પેઠે ખટકવા લાગ્યો. તેણે ગાદીના મહંતોને એક નવો જ બોધપાઠ આપવાનો પોતાના મન સાથે નિશ્ચય કરી લીધો.

આ પ્રસંગે એની ટીખળવૃત્તિ એની મદદમાં હાજર થઈ ગઈ. જ્યાં જ્યાં એનાં પગલાં પડે ત્યાં કંઈ ને કંઈ ટીખળ તો હોય જ. અહીં તો એને એની ટીખળકળા અજમાવવા મારે સારી તક મળી ગઈ.

જાગીરના સૌથી મોટા અધિકારી પાસે જઈને તેણે નમ્રતાપૂર્વક વિનંતી કરતાં કહ્યું કે કચ્છના ગોધરા ગામમાં એની પુષ્કળ જમીન છે. પણ કોઈ વારસદાર ન હોવાથી એ તમામ જમીન તે શ્રી દ્વારિકાનાથજીની જાગીરમાં અર્પણ કરવા માગે છે. ગોવિંદા જોશીની આ ઉદારતા જોઈને જાગીરના અધિકારીઓ રાજીના રેડ થઈ ગયા. એ સમય એવો હતો, કે ઘણા ભાવિક લોકો પોતાનાં ખેતરો, વાડીઓ વગેરે શ્રીદ્વારિકેશની જાગીરમાં અર્પણ કરતાં.

ગોવિંદા જોશી જેવા મોટા જમીનદારને પોતાની જમીનનું દાન કરવા અહીં આવેલો જોઈને જાગીરના કાર્યકર્તાઓની એના પ્રત્યેની દૃષ્ટિ બદલી ગઈ. તે જ વખતે એને માટે ઉતારાપાણીની અને ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા થઈ ગઈ.

કેટલાક દિવસ સુધી અહીં લહેર ઉડાવીને ગોવિંદાજી કચ્છ-ગોધરા



તરફ પ્રયાણ કરવા તૈયાર થઈ ગયા. જાગીર તરફથી એને વિદાયમાન આપવામાં આવ્યું. જતાં જતાં એની જમીનજાગીરનો કબજો લેવા માટે અને દસ્તાવેજોમાં સહી-પત્રી કરવા માટે જેમ બને તેમ તરત કચ્છ આવવાનું આમંત્રણ પણ તેણે મંદિરના વ્યવસ્થાપકોને આપી દીધું.

ગોવિંદા જોશીની વિદાય પછી થોડા જ વખતમાં કચ્છના ગરાસની દેખરેખ રાખનાર શ્રી દ્વારિકાનાથજીની જાગીરનો મહેતાજી પોતાના રસાલા સાથે ગરાસનો કબજો લેવા માટે કચ્છના ગોધરા ગામે આવી પહોંચ્યો.ગોવિંદા જોશીએ તરત તેમના ઉતારાપણીનો પ્રબંધ કરાવ્યો અને મહેતાજીનો સઘળો સામાન મોદીની દુકાને મુકાવી દીધો. એમને માટે સીધાસામાનનો બંદોબસ્ત પણ મોદીને ત્યાં જ કરી દીધો.

મહેતાજીની મંડળીએ બેચાર દિવસ તો ગોવિંદા જોશીની મીઠી મહેમાનગીરીના આસ્વાદનો અનુભવ કર્યો. રોજ રોજ લાડુ પણ ઉડાવ્યા. પછી સૌ મહેમાનો ગોવિંદા જોશીની જમીન-જાગીર જોવા માટે નીકળી પડ્યા. ગોવિંદો એમને ગોધરાની ખરોડ નદીમાં લઈ ગયો. પછી પોતે નદીમાં લાંબો થઈને સૂતો અને બોલી ઊઠ્યો : ‘જુઓ મહેતાજી, આટલી ધરતી મારી, બીજી બધી તમારી! તમે સ્વાર્થી અમે ભિખારી!’

ગોવિંદા જોશીના આ શબ્દો સાંભળીને મહેતાજી તો ઠરી જ ગયા. એમને એમની સ્વાર્થી વૃત્તિનું પણ ભાન થયું. એમની સાથે આવેલા ગોધરાના ગ્રામ્યજનો તો હસીહસીને ઢગલો થઈ ગયા.

દ્વારિકાના મહેતાજીની મંડળીએ હવે ત્યાંથી વિદાય થવાની તૈયારી કરી લીધી. વિદાય વખતે મોદીએ એમને અટકાવ્યા. એ લોકોએ જેટલા દિવસ લાડુ ઉડાવ્યા હતા તેનો આંકડો એમના હાથમાં મૂકી દીધો. બિલના પૈસા ચૂકવીને મહેતાજી પોતાની મંડળી સાથે ગોધરામાંથી વિદાય થયા.

ગોવિંદો જોશી જ્યારે દ્વારિકા ગયો હતો ત્યારે એક વખત ત્યાં બ્રહ્મભોજનનો કાર્યક્રમ યોજાયો હતો. બધા બ્રાહ્મણો જુદી જુદી જ્ઞાતિ વાર રસોઈના ચૂલા માંડી રહ્યા હતા. એ વખતે ગોવિંદા જોશીએ જોયું કે આ બ્રહ્મદેવોમાં 'છૂ-છૂ'ની વૃત્તિ ભારોભાર ભરી છે. 'બાર ભૈયા અને તેર ચોકા' જેવો તાલ બની ગયો હતો. આભડછેટના તૂતમાં આવીને એકબીજાથી ઝઘડા કરતા અને એકબીજાથી ઊંચા હોવાનો દાવો કરતા. બ્રાહ્મણ ભાઈઓને પાઠ ભણાવવાનો ગોવિંદા જોશીએ પ્રથમથી જ નિશ્ચય કરી રાખ્યો હતો. તૈયારી પણ કરી રાખી હતી. બધા બ્રાહ્મણો રસોઈના કામમાં ગૂંથાઈ ગયાં હતાં. ગોવિંદાજીભાઈ પણ ત્રણ પથરાનો એક ચૂલો ગોઠવીને રસોઈની તૈયારી કરી રહ્યા હતા. ચૂલો માંડવાના પાણા અને ચૂલો સળગાવવાનાં લાકડાં પણ ગોવિંદાભાઈ ધોવા મંડી પડ્યા. એનું આ કામ જોઈને આજુબાજુના બ્રહ્મદેવોને નવાઈ લાગી. એમને થયું કે આ તો કોઈ ઊંચી જાતનો બ્રાહ્મણ હોવો જોઈએ. ગોવિંદો પણ મોટામોટા મંત્રોના ઉચ્ચાર સાથે ગંભીર બનીને રસોઈના કામમાં લાગી ગયો.

સમય થતાં સૌની તૈયારી થઈ ગઈ. પત્રાવળીઓ મંડાઈ ગઈ. ભોજન પણ પીરસાઈ ગયું. એ વખતે ગોવિંદાજીએ બ્રહ્મમંડળોમાં જઈને પૂછ્યું : 'તમને જળકાચરી આપું?'

જળકાચરીનો અર્થ કોઈ સમજ્યા નહિ. એ લોકો જવાબ આપે તે પહેલાં તો ગોવિંદો જોશી પોતાના હાથમાંના વાડકામાં રાખેલી નાની નાની માછલીઓ લઈને ઝપાટાબંધ એક એક માછલી બ્રાહ્મણોની પત્રાવળીઓ પર મૂકવા મંડી પડ્યો. આ જોઈને બ્રહ્મદેવો એક વાર તો ભડકી ઊઠ્યા. પત્રાવળીઓ પડતી મૂકીને ફરી રસોઈનો વિચાર કરવા લાગ્યા. પણ હવે તો ભૂખ એવી કકડીને લાગી હતી કે રહી શકાય એમ



હતું જ નહિ. ગોવિંદા જોશીને ગાળો ભાંડતા પત્રાવળી પર પડેલી માછલીઓને દૂર કરીને સૌ જમવા બેસી ગયા. આભડછેટના ભૂતને તગડી મૂકવા કચ્છના સારસ્વત ગોવિંદા જોશીનું આ પરાક્રમ આજે પણ લોકો યાદ કરે છે.

સારસ્વત બ્રાહ્મણો લોહાણાના ગોર ગણાય. એક વખત વૈશાખ મહિનામાં લગ્નસરાના દિવસો ચાલતા હતા. લોહાણા જ્ઞાતિમાં પણ ગામોગામ ઘણાં લગ્ન હતાં. લગ્ન સમયે લોહાણા જ્ઞાતિમાં વર-વધૂને ચોરીફેરા ફેરવવા માટે સારસ્વત બ્રાહ્મણ જ જોઈએ. આ વરસે ઘણાં લગ્નો હોવાથી ગોવિંદાના કાકાએ એને મદદ માટે પોતાની સાથે લઈ લીધો. કાકો-ભત્રીજો લગ્નસરાની લગ્નવિધિઓનું કામકાજ ઉકેલતા પંદર દિવસ સુધી આખા અબડાસાનાં ગામોમાં ફરી વળ્યા. બંને જણાએ મળીને ઘણાં લગ્નો પતાવ્યાં. ગોવિંદા જોશીએ હવે કાકા પાસેથી પોતાનો હિસ્સો માંગ્યો. કાકાએ લગ્નસરાની ઊપજમાં મળેલી પંદરસો કોરીમાંથી માત્ર પચાસ કોરી ગોવિંદાને આપી. કાકાની કંજૂસાઈ જોઈને ગોવિંદાને ગુસ્સો તો ખૂબ ચડી ગયો પણ તે વખતે તે કંઈ બોલ્યો નહિ. કાકાને છોડીને તે પોતાને ગામ ગોધરા જવા તૈયાર થઈ ગયો. લગ્નસરાનું કામકાજ મોટે ભાગે પતી ગયું હોવાથી કાકાએ એને રોક્યો નહિ. કાકાને પગે લાગી ગોવિંદો ચાલતો થયો. બીજે દિવસે ગોધરા આવી પહોંચ્યો.

અહીં કાકાની શેરીમાં પગ મૂકતાં જ તેણે મોટેથી પોક મૂકી. ગોવિંદાને આમ રડતો આવતો જોઈને કાકીને ફાળ પડી. રોવાનું કારણ ઝટ જણાવતાં તે ગોવિંદાએ આગ્રહ કરવા લાગી. ગોવિંદો આખરે માંડ માંડ છાનો રહ્યો અને બોલ્યો : "કાકીમા, ગજબ થઈ ગયો. કાકાને એરુ આભડવાથી ઓચિંતા મૃત્યુ પામ્યા!" આમ કહી તે પાછો રડવા લાગ્યો.

આખા ઘરમાં રોકકળ મચી રહી. કાકાને સાપ કરડેલો હોવાથી તે અવગતે ગયા ગણાય. આથી એમનું સરામણું કરવા માટે કાકીએ તેને નારાયણસરોવર જવા આગ્રહ કર્યો. ખર્ચને માટે પોતાનાં પગનાં કડલાં અને બીજાં ઘરેણાં પણ કાઢી આપ્યાં. કાકી પર ઉપકાર કરતો હોય એવો દેખાવ કરી, તમામ દાગીના લઈને ગોવિંદાએ ત્યાંથી ચાલતી પકડી. ત્યાર પછી તે સીધો કાકા પાસે પહોંચ્યો અને કાકાને કાકીના મરણના સમાચાર આપ્યાં. કાકીનું પણ અકાળે મરણ થયેલું જણાવી એને માટે પણ વિધિવિધાનની જરૂર હોતાં નારયણસરોવર જવા માટે કાકા પાસેથી પણ પૈસા પડાવવાનું તે ચૂક્યો નહિ.

કાકાએ તો બધાં કામ પડતાં મૂકીને ઘેર જવાની તૈયારી કરી લીધી. આખી રાત ચાલીને વળતે દિવસે તે ગોધરા ગામે પહોંચી ગયો. ગામમાં પેસતાં જ તેણે માથે પછેડી મૂકીને પોકો મૂકવા માંડી. કાકીએ વિચાર્યું કે ગૂડાગાળ માટે કોઈ મહેમાન આવ્યા લાગે છે. એટલે તે પણ મોઢું વાળીને રોવા લાગી. ઘણી વાર સુધી રોવાનું કામ ચાલતું રહ્યું. કેટલીક વાર પછી જ્યારે સામસામાં મોઢાં ખુલ્લાં થયાં ત્યારે તો બધા આશ્ચર્યથી આભા જ બની ગયા. ગોવિંદાના આ કારસ્તાનથી એના પર બંનેને ગુસ્સો તો ઘણો ચડ્યો પણ કાકા-કાકી એકબીજા ને જીવતાં જોઈને ખૂબ રાજી પણ થઈ ગયાં.

એક વખત ભુજમાં એક મોટો શાસ્ત્રી આવેલો. મહારાઓ શ્રી દેશળજીની કચેરીમાં શાસ્ત્રીય ચર્ચા ચાલવા લાગી. મંત્રશક્તિની વાતો ચાલી રહી હતી. શાસ્ત્રીજી પોતાની મંત્રશક્તિનાં બણગાં ફૂંકી રહ્યા હતા. એ વખતે કચેરીમાં ગોવિંદા જોશીની પણ હાજરી હતી. દેશળજી બાવાએ એની સામે જોઈને કહ્યું : ‘‘જોશીરાજ! તમને કોઈ મંત્ર આવડતો હોય તો



શાસ્ત્રીજીને સંભળાવો!’’

ગોવિંદો બાવાનો આશય સમજી ગયો. તેણે શાસ્ત્રીજીને કહ્યું : ‘‘પંડિતજી! તમને બળદ પાવાનો મંત્ર આવડે છે?’’

શાસ્ત્રીજીને આ વાત સાંભળીને નવાઈ લાગી. આજ લગી તેણે બળદ પાવાના મંત્રનું નામ પણ સાંભળ્યું ન હતું. તેણે કબૂલ કર્યું કે એ મંત્ર તો તેને આવડતો નથી.

‘‘ત્યારે શાસ્ત્રીજી તમે એટલા કાચા!’’ ગોવિંદો બોલી ઊઠ્યો.

‘‘તમે જ હવે એ મંત્ર સંભળાવો જોઈએ!’’ શાસ્ત્રીએ કહ્યું.

‘‘એ મંત્ર ગહન છે. અહીં ન સંભળાવાય. મંત્ર સાંભળવો હોય તો ચાલો મારી સાથે!’’

શાસ્ત્રીજીને આ નવો મંત્ર સાંભળવાની તાલાવેલી લાગી. ગોવિંદા સાથે ચાલવા તે તૈયાર થઈ ગયો. ગોવિંદો તેને ગામના હવાડા પર લઈ ગયો. એક બળદ લાવીને તેણે શાસ્ત્રીજીને કહ્યું : ‘‘મહારાજ, હવે સાંભળજો મારો મંત્ર!’’

આમ કહેતાં જ તેણે પોતાના લાક્ષણિક અવાજથી ‘પો... પો...’ એવો ઉચ્ચાર કર્યો. અને એ જ વખતે પેલો બળદ પાણી પીવા મંડી પડ્યો.

આ રીતે શાસ્ત્રીજીને બળદ પાવાનો નવો મંત્ર સંભળાવીને ગોવિંદો તેને રાજકચેરીમાં તેડી આવ્યો. બાવાને બધી વાત વિગતથી સંભળાવી. આખી કચેરીમાં હાસ્યનું એક જબરું મોજું ફરી વળ્યું. શાસ્ત્રીજી જરા ભોંઠા પણ પડી ગયા. દેશળજી બાવાએ એમને ઈનામ આપીને વિદાય કર્યા!

ગોવિંદો જોશી એક વાર પોતાના કોઈ સંબંધીઓ સાથે જાનમાં ગયો હતો. એની સાથે એના જેવા જ ટીખળી મિત્રોની મંડળી હતી.

શિયાળો પૂરજોશમાં ચાલતો હતો. આ મિત્રમંડળીને ઉતારા માટે એક અલાયદો ઓરડો આપવામાં આવ્યો હતો. મોડી રાત સુધી આનંદગમ્મત ઉડાવી સૌ સૂવાની તૈયારી કરવા લાગ્યા. ગોવિંદો સૌની ઠેકડી ઉડાવતો હોવાથી તેના મિત્રોએ આજે એનું સાટું વાળવા એક નવો ઘાટ ઘડી રાખ્યો હતો. આજે આ તોફાની બારકસને પૂરી નસિયત આપવાનો એમણે વિચાર કર્યો હતો.

શિયાળાનું જોર અને ટાઢ કહે મારું કામ! ગોવિંદાને આજે ટાઢમાં ઠારવા માટે એનું ઓઢવાનું ગોદડું એના મિત્રોએ સંતાડી દીધું. ગોવિંદો પણ સમજી ગયો કે આ લોકો એને આજે હેરાન કરવા માગે છે. ટાઢ તો કાળજાં વીંધી નાખે એવી પડતી હતી. છતાં ગોવિંદો ગંભીર મોઢું રાખીને બોલ્યો : ''ગોદડું ગુમ થઈ ગયું તો કશી જ હરકત નહિ! મારે તો ગોદડાં ઓઢવાની ટેવ જ ઓછી છે. આપણે તો આ ભુજનો રેટો જ બસ થશે.''

આમ કહી, રેટો ઓઢીને તેણે લંબાવી દીધું. કડકડતી ઠંડીમાં ઊંઘ તો ક્યાંથી આવે! છતાં તે ખોટેખોટાં નસકોરાં બોલાવવા લાગ્યો. આ જોઈને એના મિત્રોને પણ નવાઈ લાગી.

થોડી વાર પછી ઓચિંતો ઊઠીને તે 'હઈશ..હઈશ..' એમ કૂતરાની માફક અવાજ કરવા લાગ્યો. એના મિત્રો તો ચમકી ગયા. આજે એમ કેમ બન્યું તે તેને પૂછવા લાગ્યા.

ગોવિંદો ગંભીર મોઢું રાખીને બોલ્યો : 'ચિંતા કરશો નહિ દોસ્તો! બીવા જેવું તો કશું જ નથી. મને થોડા વખત પહેલાં એક હડકાયું કૂતરું કરડ્યું હતું. એટલે કોઈ વાર આવી વાઈની અસર થઈ આવે છે. આજે મને ચક્કર આવે છે અને જરા વાઈ જેવું લાગે છે. પણ આજે મારી પાસે કોઈ આવશો નહિ.'



આમ કહીને તે ફરી સૂઈ ગયો. એના મિત્રો તો મોટી વિમાસણમાં પડી ગયા. એમને થયું કે ગોવિંદાને હડકવા ચાલુ થશે અને કોઈને કરડી ખાશે તો મોટી આફત ઊભી થશે.

મિત્રો પણ ગોદડાં ઓઢીને સૂવા લાગ્યા. પણ આજે કોઈને ઊંઘ આવતી ન હતી. સૌના મનમાં હડકવાની ધાસ્તી પેસી ગઈ હતી.

ગોવિંદો તો ફરી નસકોરાં બોલાવવા લાગ્યો. થોડી વાર પછી ગોવિંદો કૂતરા જેવો અવાજ કરતો પોતાનું કાંડું કરડતો ઊભો થઈ ગયો. એના મિત્રો તો એકદમ ભડકી ગયા. જે હાથમાં આવ્યું તે લઈને બધા બહાર ભાગી ગયા. આખી મંડળી બહાર નીકળી ગઈ કે તરત ગોવિંદાએ ઓરડાનો દરવાજો બંધ કરી દીધો. પછી તો ઓઢવાનું પુષ્કળ થઈ પડ્યું. જોશીરાજ તો નિરાંતે ઓઢીને ઊંઘી ગયા.

ગોવિંદા જોશીના અટકચાળાંની આવી અનેક કહાણીઓ કચ્છમાં પ્રચલિત છે. એની બુદ્ધિ પ્રત્યેક પ્રસંગમાંથી કંઈ ને કંઈ નવું તત્ત્વ શોધી કાઢે એવી ફળદ્રુપ હતી. આખા કચ્છમાં એક બુદ્ધિમાન મશ્કરા તરીકે ગોવિંદા જોશીનું નામ પ્રખ્યાત છે અને રહેવાનું છે.

# ૬. જાડેજા કુમારી જેઠીબાઈ

આજથી બરાબર એક સદી પહેલાં એટલે વિક્રમ સંવત ૧૯૨૭ની સાલમાં કચ્છના ભોજાય ગામના જાડેજા કલાજીને ત્યાં એક તેજસ્વી બાળાનો જન્મ થયો. આ બાળાનું નામ જેઠીબાઈ રાખવામાં આવ્યું. એની માતાનું નામ નાનીબા હતું.

બાલ્યકાળથી જ કુમારી જેઠીબાના પ્રત્યેક કાર્યમાં દૈવી ગુણોનાં દર્શન થતાં હતાં. અણસમજુપણામાં પણ એની વૃત્તિ ઈશ્વરભક્તિ તરફ ઢળવા લાગી હતી. માતા નાનીબા તથા વૃદ્ધ કાકીમા ધર્મપરાયણ હોવાથી જેઠીબાના અંતરમાં પણ ધર્મપ્રેમ અને પ્રભુભક્તિના અંકુર ફૂટવા લાગ્યા હતા. જેઠીબાની યાદદાસ્ત અને બુદ્ધિપ્રભા તેજસ્વી હોવાથી પ્રત્યેક વસ્તુને શુદ્ધ સ્વરૂપમાં એમની દૃષ્ટિ જોઈ શકતી.

આજથી એક સો વરસ પહેલાંની કચ્છની કેળવણી એટલે પાટલા પર ધૂળ નાખીને અક્ષરજ્ઞાન મેળવવાની કેળવણી અને આ કેળવણી પણ મોટેભાગે તો વિદ્યાર્થીભાઈઓ માટે જ. કન્યાઓને માટે તો એટલી સગવડ પણ ભાગ્યે જ ક્યાંક જોવામાં આવતી! કુમારી જેઠીબાને તો બાલ્યાવસ્થામાં



જ કેળવણીની ઝંખના જાગી હતી. મુશ્કેલી એ હતી કે એ કેળવણી મેળવવી ક્યાંથી?

છોકરાઓને માટે પણ જ્યાં પૂરતી સગવડ ન હોય ત્યાં કન્યાઓને માટે તો પૂછવું જ શું? પરિસ્થિતિ આવા પ્રકારની હોવાથી કુંવરી જેઠીબાને કેળવણી કેવી રીતે આપવી તે એક પ્રશ્ન થઈ પડ્યો. પરંતુ થોડા સમયમાં આ પ્રશ્નનો ઉકેલ મળી ગયો. એક વૃદ્ધ કાકીમાને થોડું ઘણું લખતાં-વાંચતાં આવડતું હતું. તેમણે જેઠીબાના વિદ્યાગુરુ બનવાનું કામ માથે લીધું. એમની પાસે બેસીને જેઠીબાએ થોડા સમયમાં જરૂર પૂરતું અક્ષરજ્ઞાન મેળવી લીધું. પછી તો એમણે જાતે જ પોતાના ગુરુ બનવાનું નક્કી કરી લીધું. આત્મગુરુને આશરે ધાર્મિક પુસ્તકોના વાચનથી એમણે પોતાના અભ્યાસને આગળ વધારવા માંડ્યો. સંસ્કૃત ભાષાના ધાર્મિક ગ્રંથોના અભ્યાસથી એમણે સંસ્કૃતના અભ્યાસમાં પણ આગળ વધવા માંડ્યું. પ્રત્યેક માનવીનો સાચો ગુરુ તેનો આત્મા છે, એ સૂત્રને આત્મસાત્ કરીને તેમણે જાતમહેનત અને સ્વાધ્યાયથી માતા સરસ્વતીનું શરણું લીધું.

પંચીકરણ, રામાયણ અને ભગવદ્ગીતાનો પણ એમણે અભ્યાસ કર્યો. એટલું જ નહિં, પણ આ અભ્યાસ એમણે એમના જીવનમાં વણી લેવાનો એમનો પ્રયાસ સતત ચાલુ હતો. ધર્મપુસ્તકોનું આ રીતનું એમનું બહોળું વાચન એમના જીવનને વિકાસના પંથે લઈ જવામાં અતિ ઉપયોગી થઈ પડ્યું.

અભ્યાસ કરતાંકરતાં જેઠીબાની ઉંમર સોળ વરસની થઈ. કચ્છ જેવા પ્રદેશમાં અને તેમાં પણ જાડેજાવંશમાં કુંવારી કન્યા સોળ વરસની થઈ જાય એ તો અસાધારણ બનાવ ગણાય. જેઠીબાના સદ્ગુણોની સૌને જાણ થતાં એમનાં સગપણ માટે માગાં આવવાં લાગ્યાં. પરંતુ જેઠીબાઈએ

પોતાના કુટુંબીજનોને ચોખ્ખું જણાવી દીધું હતું કે, એમનું સગપણ કરવાનો કોઈએ વિચાર જ કરવો નહિ.

જેઠીબાના પિતા જાડેજા કલાજી તો આ પુત્રીનાં લક્ષણ પારણામાંથી જ પારખી ગયા હતા. આજીવન કૌમાર્યવ્રત ધારણ કરવાના પોતાની ધર્મપ્રેમી પુત્રીના પવિત્ર નિર્ણયને એ તો હર્ષપૂર્વક વધાવી લે એવા હતા. પરંતુ બીજી બાજુ એ લાચાર હતા.

આ લાચારી હતી. કચ્છ રાજ્યના કાયદાની. કચ્છના જાડેજા રાજપૂતોમાં ઘણા જૂના વખતથી દીકરીઓને દૂધ-પીતી કરી દેવાનો એક અમાનુષી રિવાજ ચાલ્યો આવતો હતો. આ રિવાજ એવો હતો કે કોઈ પણ જાડેજાને ત્યાં પુત્રીનો જન્મ થાય તો તેને તે જ વખતે દૂધની કડાઈમાં ડુબાડીને તેના જીવનનો અંત લાવવામાં આવતો. દીકરીઓને જન્મતાં વેંત જ મારી નાખવામાં આ રિવાજની પાછળ ઉદ્દેશ તો ચાહે તે હોય પરંતુ સમસ્ત કચ્છમાં આ ઘાતકી રિવાજ વ્યાપક બન્યો હતો. અંગ્રેજ સરકારનો પગપસારો થતાં તેમણે આ ક્રૂર રિવાજને સદંતર બંધ કરી દેવાનો નિર્ણય કર્યો. આ કારણથી નાનામોટા દરેક જાડેજા ભાયાત પર ચોક્કસ પ્રકારનો અંકુશ મૂકી દેવામાં આવ્યો. આ અંકુશને અમલમાં આણવા કચ્છ રાજ્યમાં એક ખાસ ખાતું ખોલવામાં આવ્યું. આ રીતે જાડેજા ભાયાતોના ઘર પર સતત નજર રાખવામાં આવતી. સરકારી દબાણને લીધે કચ્છ રાજ્યને પણ આ કાયદાનો અમલ કરવા નાછૂટકે સહકાર આપવો પડતો.

કોઈ પણ જાડેજાને ત્યાં પ્રસૂતિનો પ્રસંગ આવે તે પહેલાં જ "ભાઈઓના મહેતા" નામે ઓળખાતા અધિકારી દ્વારા તેની નોંધ કરવામાં આવતી. આ કાયદાનો ભંગ ન થાય તે માટે સખત અને ચાંપતી દેખરેખ



રાખવામાં આવતી. ગામની સૂઈયાણીઓ મારફત દરબારગઢની સગર્ભા બાઈઓની પણ પૂરી તપાસ કરવામાં આવતી. આ સૂઈયાણી બહેનો બાઈઓના મહેતાને જવાબદાર રહેતી. એમની જુબાનીઓ લેવાતી, સાક્ષીઓ લેવાતા અને ગામોગામની ધોરણસરની આવી ફાઈલો તૈયાર કરવામાં આવતી. આ ફાઈલો સરકારી અધિકારીઓને મોકલવામાં આવતી. આ રીતે આ કાયદો તમામ જાડેજાઓને અને જાડેજા ગરાસદારોને જડબેસલાક બાંધી લેતો હતો. કોઈ ચૂં કે ચાં કરી શકે એમ ન હતું.

કોઈ જાડેજા બાળાનું જન્મતાં વેંત કે નાનપણમાં મૃત્યુ થઈ જાય તો તે મૃત્યુ કેવા પ્રકારનું હતું. તેની પણ ચોક્કસ પ્રકારની સાબિતીઓ રજૂ કરવી પડતી. આમાં ખામી આવે તો તે એક મોટું ગુનાહિત કૃત્ય ગણવામાં આવતું. એ વખતે એનો જવાબ આપવો ભારે થઈ પડતો. આવો સખત અંકુશ કચ્છના જાડેજા ભાયાતો પર અંગ્રેજ સરકાર તરફથી ઠોકી બેસાડવામાં આવ્યો હતો. આવા પ્રકારના અંકુશોથી કચ્છના જાડેજા ભાયાતોને જકડી લઈને આ અતિ ભયંકર રિવાજને મહા મુશ્કેલીએ નાબૂદ કરવામાં આવ્યો હતો. આ કાયદાની સાથેસાથે જાડેજા કન્યા ઉંમરલાયક થાય એટલે તેને તરત પરણાવી દેવાનો કાયદો પણ જોડી દેવામાં આવ્યો હતો.

આ સખત પ્રકારના કાયદાએ જાડેજા કલાજી માટે એક મુશ્કેલી ઊભી કરી હતી. કુંવરી જેઠીબા હવે ઉંમરલાયક થયાં હતાં. આમ છતાં લગ્ન સામે એમનો સખત વિરોધ હતો. લગ્ન બાબત જરા પણ વાત નીકળે કે જેઠીબાના મગજનો પારો એકદમ ઊંચે ચડી જતો. લગ્નની વાત પણ એમને ગમતી નહિ. જ્યારે બીજી તરફ એમને પરણાવી દેવા માટે સરકારની ભીસ દિવસેદિવસે વધતી જતી હતી.

જાડેજાકલાજીને આ ધર્મસંકટ અકળાવી રહ્યું હતું. સરકારનાં દબાણો અને તીખાં લખાણોના જવાબ આપી આપીને કલાજી બાવા હવે કંટાળી ગયા હતાં. કુંવરી જઠીબા પણ હવે કંઈ નાનાં ન હતાં. પિતાની મૂંઝવણ એમની નજર બહાર ન હતી. આથી એક વખત જેઠીબાએ એમના પિતાને જણાવી દીધું કે ''હવેથી જે કંઈ સરકારી કાગળો આવે તેના જવાબ તમારે કોઈએ આપવા નહિ. તમારે ચોખ્ખું જણાવવું કે કુંવરી હવે ઉંમરલાયક હોવાથી એ જાતે જ જવાબ આપશે.''

પ્રેમાળ પિતાને મોટી મુશ્કેલીમાંથી ઉગારી લેવાની જેઠીબાની આ સલાહ તદ્દન વાસ્તવિક હતી. જેઠીબાના સૂચનને માન્ય રાખીને કલાજીએ પોતાની તમામ જવાબદારી જેઠીબા ઉપર ઢોળવા માંડી. પરિણામ એ આવ્યું કે આજ લગી એકધારા ચાલ્યા આવતા સરકારી બંધારણનો ભંગ થવાનો વખત આવી લાગ્યો. આ કારણથી ખરી હકીકતની તપાસ માટે અને જેઠીબાને સમજાવવા માટે સરકારી અધિકારી જાતે જ ભોજાય ગામે આવી પહોંચ્યો. દરબારગઢમાં જઈને તેણે જેઠીબાને તરત પરણી જવાની શિખામણ આપવા માંડી :

''કુંવરી બા, તમે આખા કચ્છના સરકારી કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યાં છો. આમ કરીને તમે સરકારને મોટી તકલીફમાં ઉતારી રહ્યાં છો. તમારું આ પગલું તમારા અને પિતાના હિતમાં નથી.''

''સરકારને તકલીફમાં ઉતારવાની અમારી કોઈની જરા પણ ઈચ્છા નથી.'' જેઠીબાએ ટૂંકો જવાબ આપ્યો.

''તો પછી તમે શા માટે ચાલ્યા આવતા ધોરણનો ભંગ કરીને લગ્નની ના પાડો છો?'' અધિકારીએ પોતાની વાતને સ્પષ્ટ કરતાં કહ્યું.

''આ તો એક વ્યક્તિગત પ્રશ્ન છે ભાઈ, સંસારવ્યવહારમાં મારે



કેમ વર્તવું એ મારે જ જોવાનું છે. મારી મરજીની જ એ વાત છે. મારે લગ્ન કરવાં નથી. ઓઝલ પાળવાની મારી ઈચ્છા નથી.'' જેઠીબાએ ખુલ્લા શબ્દોમાં જણાવી દીધું.

''સાદી સમજાવટથી નહિ સમજો તો બાસાહેબ, તમારે પરાણે પરણવું પડશે. આ સરકારી કાયદો છે. તમારા કે મારા ઘરનો નથી.'' અધિકારીએ ભવાં ચડાવીને કહ્યું.

''પરણવું જ પડશે એમ?'' આટલું બોલતાં જ જેઠીબાનું મુખમંડળ લાલચોળ બની ગયું. એમની મોટી અને તગતગતી આંખોના કોડા જાણે હમણાં જ બહાર આવી પડશે એવા થઈ ગયા. આખું શરીર ધ્રૂજવા લાગ્યું. સતીમાતાને જાણે સત ચડ્યું હોય એવું જેઠીબાનું સ્વરૂપ બની ગયું. અસુરસંહારક મહાકાલી જાણે કોઈ ભયાનક રૂપ ધારણ કરીને અવનિ પર ઊતરી આવી હોય એવું આ દૃશ્ય જોઈને સૌ સ્તબ્ધ બની ગયા. સરકારી અધિકારી પણ હેબતાઈ ગયો. જેઠીબાના તેજની ઉગ્રતા ઝીલવાનું તેને માટે ભારે થઈ પડ્યું. એ તો બેબાકળો બનીને જેઠીબાનાં ચરણોમાં આવી પડ્યો. પોતાની ભૂલ માટે બે હાથ જોડીને ક્ષમા માગવા લાગ્યો.

આ દૃશ્ય જોઈને જેઠીબાનું આત્મતેજ કેટલું અદ્‌ભુત છે તેની સૌને ખાતરી થઈ ગઈ. નમ્રતાપૂર્વક સૌ કોઈ જેઠીબાને શાંત પાડવા લાગ્યા. ઘણી વાર પછી જેઠીબાના મનનો જ્વાળામુખી શાંત તો થયો પણ આંખો પર આવેલ વધુ પડતી જફાને કારણે એમની આંખની માણકીમાં ફેર રહી ગયો. આ ફેર જીવનભર કાયમ રહી ગયો.

આ રીતે જેઠીબાઈએ પોતાની આત્મશ્રદ્ધા વડે સરકારી કાયદાના અંકુશોને એક પલકમાં દૂર ફેંકી દીધા. એમનાં અને એમના કુટુંબીજનોનાં હૃદય પરથી એક મોટો બોજો ઊતરી ગયો. ત્યાર બાદ જેઠીબા શાંતિપૂર્વક

પોતાનું જીવન પ્રભુભક્તિમાં પસાર કરવા લાગ્યાં.

સનાતન ધર્મના ચાલ્યા આવતા ગુરુગમના નિયમ અનુસાર જેઠીબાએ દેવા સાહેબના પંથના વાંઢાયના મહાનુભાવ મહાત્મા ઈશ્વરદાસજી પાસેથી ગુરુમંત્ર ગ્રહણ કર્યો અને એમને ગુરુદેવના સ્થાને સ્થાપ્યા.

જેઠીબાએ ધાર્યું હોત તો તે ખૂબ વૈભવમાં રજવાડી ઠાઠથી રહી શકત. પરંતુ સંસારવ્યવહારની ખટપટોથી અલિપ્ત એવા એક ઉચ્ચ સ્થાન પર પહોંચી ચૂકેલો હોવાથી એમણે સઘળા વૈભવોને તિલાંજલી આપીને પોતાનું જીવન સાવ સાદું, સરલ અને આદર્શ રૂપ બનાવી દીધું હતું.

જેઠીબાનું વ્યક્તિત્વ એટલું તેજસ્વી હતું કે કોઈ પણ માનવી પર તેની છાપ પડતી. એમની વાણીમાં પણ એવું જ સામર્થ્ય હતું. જેઠીબાના નામને લીધે ભોજાય ગામની ખ્યાતિ પણ અનેકગણી વધી ગઈ. આજે પણ 'ભોજાય જેઠીબાવાળી' કહેવાય છે.

જેઠીબાનું સમસ્ત જીવન કાચ જેવું પારદર્શક સ્વચ્છ હતું. આ પરમ પવિત્ર જીવનજ્યોતિ વિક્રમ સંવત ૨૦૦૨માં પોતાનો પ્રકાશ સમસ્ત કચ્છમાં ફેલાવીને મહાજ્યોતિમાં મળી ગઈ. લોકો કહે છે એમની ચિતા સ્વયં પ્રગટી હતી.

બા શ્રી જેઠીબા શક્તિમાન હતાં. ભક્તિમાન હતાં અને તેની સાથે એક ઉચ્ચ કોટિનાં કવયિત્રી પણ હતાં. એમનાં રચેલાં પદો આજે પણ ઘણા ભાવથી ગવાય છે. એમનું એક પદ નમૂના તરીકે અત્રે આપવામાં આવે છે.



## ગુરૂ મહિમા

(રાગ - પૂનમ ચાંદની ખીલી પૂરી અહીં રે)

સાચા દેવ ગુરુની હું ચિદાનંદ બાળકી રે,
ગુણિયલ ગુરુજી મારા, સત્ ચિત્ ને આનંદ,
સાચા દેવ ગુરુની હું ચિદાનંદ બાળકી રે.

*સાખી*

હરિ હજુ નવ આવિયા, પૂરણ બ્રહ્મ કૃપાલ,
નહિ વિસારો નાથજી, નિજ જનના પ્રતિપાલ,
પ્યારા બિરુદ સંભાળો, પાળો પૂરણ ટેકને રે.
ભાવે ભક્તિ આપો, કાપોને ભવ ફંદ-સાચા.

*સાખી*

શ્રીગુરુ સમ ત્રણ લોકમાં, નહિ કો સુખનું ધામ,
દામ લિયે ના દુઃખ હરે, પૂર્ણ કરે મન કામ.
તારો તારો અમને, ભવજલ તારણ ભૂધરા રે,
ગ્રાહ થકી ઉગાર્યો, આપે જેમ ગયંદ - સાચા.

*સાખી*

આપ વિના આશ્રય નથી, ત્રિકમ રાખો ટેક,
દીન દયાલ દયા કરી, અરજી સુણજો એક.
કહે જેઠીબા જગમાં, ઈશ્વર-ગુરુ એક છે રે,
રાખો જળમાં જેમ અલિપ્ત રહે અરવિંદ-સાચા.

કચ્છની આ મીરાંબાઈને આજે પણ જનતા પૂરા પ્રેમથી યાદ કરે છે.

# ૭. જેસલ - તોરલ

અર્ધી રાત વીતી ગઈ હતી. નિશાનાથ ચન્દ્ર આથમી ગયો હતો. પ્રેમીઓની તોફાની આંખો જેવા તારલા ઝીણું-ઝીણું મલકી રહ્યા હતા. ચારે તરફ સોપો પડી ગયો હતો. છતાં સૌરાષ્ટ્રના સંત સાસતિયા કાઠીને ત્યાં જામેલી ભજનમંડળીનાં ભજનોની ઝકોર જરા પણ મંદ પડી ન હતી. મંજીરાંનો તાલબદ્ધ ધ્વનિ ભજનના શબ્દોની ભાવનામાં મસ્તીનો રંગ ભરી દેતો હતો. ભજનના પ્રત્યેક ચરણને છેડે લાગતી તીણા સ્વરની ટાંકીની હલક અંતરમાં કંઈક નવું જ ડોલન ઉત્પન્ન કરતી હતી. સંતો-ભક્તોની આ ભજનમંડળી પ્રભુભજનમાં એકાકાર બની ગઈ હતી.

સાસતિયા કાઠીને ત્યાં આજે પાટની પૂજનવિધિ ચાલતી હતી. એને અંગે જ આહીં ભજનોની રમઝટ જામી રહી હતી. આ કાઠી રાજા પાસે તોરી નામે એક ઉમદા ઓલાદની પાણીદાર ઘોડીની તેજસ્વિતાની ખ્યાતિ ચારે તરફ ફેલાઈ ગઈ હતી. કચ્છના પ્રખ્યાત બહારવટીઆ જેસલના કાન પર આ પવનવેગી ઘોડીની વાત આવી પડી. તોરી ઘોડીનાં



વખાણ સાંભળીને તેને ગમે તે પ્રકારે પ્રાપ્ત કરવા જેસલ જાડેજાનું મન થનગની રહ્યું હતું. એટલા માટે જ આજે લાગ જોઈને સાસતિયા કાઠીને ત્યાં જ્યારે સૌ કોઈ પાટ-પૂજન અને ભાવ-ભજનમાં ઓતપ્રોત થઈ ગયા હતા ત્યારે કચ્છનો જેસલ જાડેજો અહીં આવી પહોંચ્યો હતો.

આવતાં વેંત જ તે પરબારો કાઠી રાજાની ઘોડાહારમાં દાખલ થઈ ગયો. જાતવંત ઘોડી એને જોતાં જ ચમકી ઊઠી. ઊછળતી-કૂદતી અને હણહણાટ કરતી લોખંડનો ખીલો ઉખેડીને તે બહાર નીકળી ગઈ. ઘોડીને ભડકી ગયેલી જોઈને તેના સાઈસે તેને પકડી લીધી. પંપાળી, ફોસલાવી તેને ફરી બાંધી દેવા તે ઘોડાહાર તરફ ચાલ્યો. એને આવતો જોઈને જેસલ જાડેજો ઘોડાહારમાં પડેલા ઘાસ નીચે સંતાઈ ગયો.

સાઈસે ઘોડીના ખીલાને ફરી જમીનમાં જડબેસલાક બેસાડી દીધો. પણ થયું એવું કે એ ખીલો ઘાસની અંદર પડી રહેલા જેસલ જાડેજાની હથેળી આરપાર થઈને ધરતીમાં ઊતરી ગયો. તોરી ઘોડી લેવા આવેલા બહારવટીઆની હથેલી વીંધાઈ ગઈ. એ પોતે પણ જમીન સાથે જડાઈ ગયો - જકડાઈ ગયો. આખો ખીલો હથેલીમાં પેસી જવા છતાં એના મોઢામાંથી એક સિસકારો પણ નીકળ્યો નહિ.

આ તરફ પૂજનવિધિ પૂર્ણ થતાં સંત-મંડળનો કોટવાલ હાથમાં મોટા થાળ સાથે પ્રસાદ વહેંચવા નીકળી પડ્યો. સૌ કોઈને વહેંચાઈ જતાં એક જણની પ્રસાદી વધી પડી. કોના ભાગની આ પ્રસાદી વધી પડી, તે જોવા ચારે તરફ શોધખોળ ચાલવા લાગી.

એટલામાં ઘોડી ફરી હણહણી. કોટવાલે વિચાર્યું કે ઘોડાહારમાં જ કોઈ માણસ હોવો જોઈએ. અંદર આવીને જુએ છે તો ખીલાથી વીંધાઈ ગયેલી હથેળીવાળા જેસલ જાડેજા પર તેની દૃષ્ટિ પડી. લોહીથી ખરડાયેલા

હાથમાંથી ખીલો કાઢવા મથી રહેલા જેસલને જોઈ કોટવાલ તેની પાસે આવ્યો રક્ત-નીંગળતા એના હાથને જોતાં જ કોટવાલના મોઢામાંથી અરેરાટી નીકળી ગઈ.

કોટવાલે જેસલને ખીલાના બંધનમાંથી મુક્ત કર્યો અને તે ને કાઠી રાજા પાસે લઈ આવ્યો.

હથેળી-સોંસરવો લોખંડનો ખીલો નીકળી જવા છતાં એક ઊંકારો પણ ન કરનાર આ લોખંડી પુરુષને જોઈને કાઠી રાજાના અચંબાનો પાર રહ્યો નહિ. એના હાથમાંથી હજુ વહી રહેલું લોહી નિહાળી સાસતિયા કાઠીનું દિલ દ્રવી ઊઠ્યું. તેણે ઘણી જ સહાનુભૂતિ સાથે પૂછ્યું : 'તમે કોણ છો અને કેમ અહીં આવ્યા છો?'

'સાચું કહું? ભડકશો નહિ ને? હું કચ્છનો જેસલ જાડેજો! તમારી તોરીને લઈ જવા માટે જ અહીં આવ્યો હતો.'

'એમ છે? એક તોરી રાણી માટે આટલી તકલીફ લીધી? તથાસ્તુ! આજથી તોરી રાણી તમારી!' એમ કહેતાં જ સાસતિયા કાઠીએ તોરલ રાણી જેસલને સમર્પણ કરી દીધી.

'પણ હું તો તમારી તોરી ઘોડીની વાત કરતો હતો.' જેસલે પોતાનો મૂળ વિચાર વ્યક્ત કરતાં કહ્યું.

'વારુ, તો તોરી ઘોડી પણ તમારી! ખુશીથી લઈ જાઓ!'

જેસલ જાડેજાને તો શેરી શોધતાં ઝાંપો જડી ગયો. એને તો એક જ દાવમાં તોરી ઘોડી અને તોરી રાણી બંને મળી ગયાં. એના આનંદનો પાર રહ્યો નહિ. પોતાના નસીબને તે ધન્યવાદ આપવા લાગ્યો.

★

આજથી લગભગ પાંચસો વર્ષ પહેલાં કચ્છ અને કાઠિયાવાડમાં



જેસલ જાડેજાની હાક વાગતી. જેસલ દેદા વંશમાં એક બહાદુર અને બહારવટીયા તરીકે પ્રખ્યાત થયો હતો. કચ્છ-અંજાર એનું નિવાસ સ્થાન હતું. અંજારની બહાર આવેલું આંબલીઓનું ઝુંડ એના અભેદ્ય કિલ્લાનું કામ કરતું.

કચ્છના જામ રત્તા રાયધણના ચાર કુંવર થયા. દેદો, ઓઢોં, ગજણ અને હોથી. એમાંથી મોટા દેદાના વંશમાં જેસલ પહેલો થયો. તેના વંશના જેસર કહેવાયા. જેસલનો કુંવર હોથી થયો. હોથીનો નારણજી, નારણજીનો રાઉ, રાઉનો ચાંદોજી અને ચાંદોજીનો કુંવર જેસલ બીજો થયો. કીડાણું ગામ એને ગ્રાસમાં મળ્યું હતું. એ જેસલ એ જ આગળ જતાં સતી તોરલના સહવાસથી જેસલ પીરના નામે પ્રખ્યાત થઈ ગયો.

એ વખતે હાલનું અંજાર શહેર સાત જુદા જુદા વાસમાં વહેંચાયેલું હતું. આ સાતે વાસ એ સમયે 'અજાડના વાસ' નામે ઓળખાતા. અંજાર શહેરમાં હાલ સોરઠિયાના વાસને નામે ઓળખાતું ફળિયું એ મુખ્ય વાસ હતો. તેનું તોરણ વિક્રમ સંવત ૧૦૬૧માં કાઠી રાજપૂતો તરફથી બાંધવામાં આવ્યું હતું. એ વાસનો ઝાંપો હાલ અંજારની બજારમાં જયાં મોહનરાયજીનું મંદિર આવેલું છે ત્યાં હતો. અજાડ વાસના નામ પરથી અહીં જે શહેર વસાવવામાં આવ્યું તેનું નામ અંજાર રાખવામાં આવ્યું. અંજાર બહાર ઉત્તર તરફ આવેલાં આંબલીઓનાં ઝૂંડ એ સમયે અતિ ખીચોખીચ અને એવાં ભયંકર હતાં કે તેની અંદર સૂર્યનારાયણનાં કિરણો પણ ભાગ્યે જ પ્રવેશ કરવા પામતાં. આ અતિ ગીચ વનનું નામ 'કજજલી વન' રાખવામાં આવ્યું હતું. જેસલ જાડેજાનો નિવાસ આ કજજલી વનમાં હતો. ચારે તરફ એના નામની ધાક પડતી. લૂંટફાટ અને મારફાડ એ જ એનો ધંધો હતો. એણે અસંખ્ય જાનો લૂંટી હતી. અનેક ગાયોનું હરણ કર્યું

હતું અને એવાં કેટલાંયે કાળાં કર્મ કર્યાં હતાં! એનાં અવળાં કામોનો કંઈ પાર જ ન હતો.!

સૌરાષ્ટ્રના પરમ સંત સાસતિયા કાઠીની તોરી ઘોડીની પ્રશંસા સાંભળી, એ ઘોડી આંચકી જવા માટે જેસલ જાડેજો કચ્છથી સૌરાષ્ટ્રમાં આવ્યો હતો. અહીં એના કર્મસંજોગે તોરી ઘોડી અને તોરી રાણી ઉભયની પ્રાપ્તિ થઈ.

તોરલને પોતાની સાથે લઈને જેસલ જાડેજો કચ્છ તરફ પ્રયાણ કરવા લાગે છે. રસ્તામાં પોતાની બહાદુરીનું પ્રદર્શન કરતાં જેસલ જાડેજો ગાયોનું હરણ કરે છે અને ધ્રોળ પાસે ગાયોને પાણીની તરસ લાગે છે ત્યારે જમીનમાં ભાલો મારી પાણી કાઢીને ગાયોને પાણી પાય છે. આજે ધ્રોળ નજીક જેસલ-તોરલનું સ્થાનક મોજૂદ છે. જે ઠેકાણે ભાલો મારેલો કહેવાય છે ત્યાંથી આજે પણ પાણીનો અખંડ પ્રવાહ વહ્યો જાય છે.

સૌરાષ્ટ્ર અને કચ્છ વચ્ચે દરિયામાર્ગ આવતો હોવાથી જેસલ અને તોરલ બંને સૌરાષ્ટ્રને કિનારેથી વહાણ પર ચડી બેઠાં. વહાણ વાયુવેગે દરિયાના પાણીમાં માર્ગ કાપવા લાગ્યું. આ વહાણ જ્યારે બરાબર દરિયાના મધ્ય ભાગે આવ્યું ત્યારે એકાએક આકાશમાં વાદળાં ચઢી આવ્યાં. પવન ભયંકર સુસવાટા કરવા લાગ્યો. આખો દરિયો આ અણધાર્યા ભયાનક તોફાનથી ખળભળી ઊઠ્યો. ડુંગર જેવડાં મોજાં ઊછળવા લાગ્યાં. જેસલનું વહાણ ડોલમડોલ થવા લાગ્યું. આમ એક જ ક્ષણમાં સઘળો મામલો પલટી જતો જોઈને જેસલને ધાસ્તી પેઠી કે તેનું વહાણ હમણાં જ ડૂબી જશે. અનેકોને હંફાવનાર બહાદુર બહારવટીઓ આજે એક કાયરની માફક કંપવા લાગ્યો. સામે જ સતી તોરલ શાન્તિની મૂર્તિ સમી બેઠી હતી. તેના ચહેરા પર પથરાઈ રહેલી અદ્‌ભુત શાન્તિ અને દિવ્ય તેજ



જોઈને જેસલને ખૂબ નવાઈ લાગી. હવે તેને ખાતરી થઈ કે આ કોઈ મામૂલી નારી નહિ પણ એક પરમ શક્તિશાળી મહામૂલી નારી છે. તોરલની શાન્ત, નિર્ભય અને સૌમ્ય મુખાકૃતિમાં તેને કોઈ દૈવી શક્તિ દેખાવા લાગી. હવે જેસલનું સઘળું અભિમાન ઓગળી ગયું. માન મૂકી દઈને સતીનાં ચરણોમાં ઢળી પડ્યો. જીવસટોસટના આ ભયંકર ઝંઝાવાતમાંથી પોતાને બચાવી લેવા તે તોરલને વીનવવા લાગ્યો : સતી તોરલે તેનાં પાપકર્મોનો પ્રકાશ કરવાનું કહેતાં તે હૃદય ખોલીને પોતાનાં પાપ પ્રકાશવા લાગ્યો -

પાપ તારું પરકાશ જાડેજા, ધરમ તારો સંભાર રે,
તારી બેડલીને બૂડવા નહિ દઉં, જાડેજા કે, તોરલ કહે છે જી.
તોડી સરોવરપાળ, સતી, મેં તોડી સરોવરપાળ રે.
ગાયું તરસ્યું વાળિયું, તોરાંદે રે, જેસલ કહે છે જી.
હરણ હણ્યાં લખ ચાર, સતી મેં હરણ હણ્યાં લખ ચાર રે.
વનના મોરલા મારિયા, તોરાંદે રે, જેસલ કહે છે જી.
લૂંટી કુંવારી જાન, સતી મેં, લૂંટી કુંવારી જાન રે.
સાત વીસું મોડબંધા મારિયા, તોરાંદે રે, જેસલ કહે છે જી.
ગોંદરેથી વાળી ગાય, સતી રાણી, ગોંદરેથી વાળી ગાય રે,
બહેન-ભાણેજા દૂભિયા, તોરાંદે રે, જેસલ કહે છે જી.
જેતા મથેજા વાર, સતી રાણી, જેતા મથેજા વાર રે,
એતા અવગુણ મેં કર્યા, તોરાંદે રે, જેસલ કહે છે જી.
બોલ્યા જેસલ પીર, કાઠી રાણી, બોલ્યા જેસલ પીર રે.
સંત ચરણમાં રાખજો, તોરાંદે રે, જેસલ કહે છે જી.
પાપ તારું પરકાશ જાડેજા, ધરમ તારો સંભાર રે,

તારી બેડલીને બૂડવા નહિ દઉં, જાડેજા રે, તોરલ કહે છે જી.

જેનું નામ સાંભળતાં ગર્ભવતીઓનાં ગર્ભ ગળી જાય એવો મહા જાલિમ જેસલ જાડેજો આજે ગરીબ ગાય જેવો બનીને પોતાનાં પાપ પોકારવા લાગ્યો. એક તરફ એના અંતરની નિર્દયતા નમ્ર થતી ગઈ. અભિમાન ઓગળતું ગયું અને બીજી તરફ સમુદ્રનું ભયંકર તોફાન શાન્ત થયું. સ્વલ્પ સમયમાં જ બહારવટીઆ જેસલના જીવનમાં એકદમ અથાગ પરિવર્તન આવી ગયું. ધરમૂળમાંથી જ તેનો હૃદયપલટો થઈ ગયો.

★

તોરલદેવીના સહવાસથી જેસલ જાડેજાના જીવનનું લુટારાપણું પ્રભુભક્તિમાં પલટાઈ ગયું. એનો જાણે નવો જ જન્ થઈ ગયો. પૂર્વજીવનમાં એનાં ક્રૂરતાભર્યાં કરતૂત એક ભૂતકાળની વાત બની ગયાં. સતીના સંગનો એને સાચો રંગ લાગી ગયો. એક જુલમી બહારવટીઓ એક મહાન સંત અને પ્રભુભક્ત બની ગયો. એક નિર્મળ ગણાતી નારીએ ડુંગર જેવા અડોલ અને કઠોર ડાકુને પિગાળીને પાણી કરી નાખ્યો. સાવજ જેવા શૂરા ધાડ-પાડુને બકરી જેવો બનાવી દેનાર તોરલ કઠિયાણી નારીજીવનની મહાશક્તિનું એક અપ્રતિમ ઉદાહરણ છે.

એક વખત જેસલની ગેરહાજરીમાં એમને ત્યાં એક સંતમંડળી આવી. સંતોના સ્વાગત માટે ઘરમાં પૂરતી સાધનસામગ્રી ન હોવાથી સતી તોરલ મૂંઝાઈ પડ્યાં. એટલામાં સધીર નામના એક મોદી વેપારીની એને યાદ આવી. જોઈતી સામગ્રી લાવવા માટે તે સધીરના મોદીખાના પર પહોંચી ગયાં.

ચન્દ્રમા જેના સૌન્દર્ય પર થંભી જાય એવી સતી તોરલની અતિ સુકુમાર દેહયષ્ટિ પર દૃષ્ટિ પડતાં સધીરની આંખમાં શયતાને વાસ કર્યો.



તેની બુદ્ધિ બગડી. તેણે તોરલદેવી પાસે પ્રેમયાચના કરી. સતીએ સમય જોઈને સધીરની માગણીનો સ્વીકાર કરી લીધો. રાતે આવવાનું વચન આપી, જોઈતી વસ્તુઓ લીધી. સતી ત્યાંથી વિદાય થયાં. સંતમંડળીના સત્કારનું કાર્ય સારી રીતે ઉકેલાઈ ગયું.

રાત પડતાં ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. સતી તોરલ વરસતા વરસાદે પોતાના વચનનું પરિપાલન કરવા સધીરને ઘેર પહોંચી ગયાં.

આવી મેઘલી રાતે પોતાના વચનને પૂર્ણ કરવા માટે આવી પહોંચેલી તોરલને જોઈને સધીરને ઘણી નવાઈ લાગી. વળી વધુ નવાઈની વાત તો એ હતી કે સતી તોરલ મુશળધાર વરસાદમાં ચાલી આવેલી હોવા છતાં તેનાં કપડાં ઉપર પાણીનું એક બિન્દુનું નિશાન પણ દેખાતું ન હતું. આ અદ્‌ભુત ચમત્કાર જોઈને સધીરની શાન ઠેકાણે આવી ગઈ. મનમાંથી મેલ કાઢી તે સતીના પગોમાં ઢળી પડ્યો. પોતાની દુષ્ટ બુદ્ધિ માટે પશ્ચાતાપ કરી ક્ષમાયાચના કરવા લાગ્યો. તે દિવસથી આ સધીર વાણિયો સતીનો પરમ ભક્ત બની ગયો.

તોરલે ત્રણ નર તારીઆ, સાસતીઓ ને સધીર,
જેસલ જગનો ચોરટો, પલમાં કીધો પીર.

★

કચ્છમાં એ વખતે જેમ જેસલ ને તોરલ પવિત્રાત્મા ગણાતાં હતાં તેમ, મેવાડમાં રાવણ માલદેવ અને રાણી રૂપાંદેની સંતાત્મા તરીકે ગણના થતી હતી. એકબીજાનાં દર્શન માટે એ બધાં તલસતાં હતાં. એક વખત જેસલ જાડેજાએ રાવળ માલદેવ અને રાણી રૂપાંદેને કચ્છ આવવા માટે આમંત્રણ આપ્યું હતું. જેસલના આમંત્રણને માન આપીને આ બંને ભક્તાત્મા કચ્છ-અંજાર આવવા માટે નીકળી ચૂક્યાં હતાં.

પરંતુ થયું એવું કે આ લોકો અંજાર આવી પહોંચે તેને આગલે દિવસે જ જેસલ જાડેજાએ સમાધિ લઈ લીધી હતી. રાવળ માલદેવ અને રૂપાં રાણીને આવી પહોંચેલાં જોઈને તોરલદેવીએ જેસલ જાડેજાને જગાડવા એકતારો હાથમાં લીધો.

જાડેજા રે, તાર તંબૂરો સતીના હાથમાં હો... જી.
સતી રાણી કરે છે અલખનો આરાધ,
જાડેજા રે, જેદી બોલ્યા 'તા મેવાડમાં હો..જી.
તે દી'ના બોલને સંભાર!
જાડેજા રે, વચન સંભારી વે'લા જાગજો હો..જી.
જાડેજા રે, મેવાડથી માલો રૂપાં આવિયાં હો..જી.
તે દીના બોલને કાજ,
જાડેજા રે, ત્રણ દિવસ ને ત્રણ ઘડી ગઈ હો... જી.
સાચો હો તો જેસલ જાગ.
જાડેજા રે, વચન સંભારી વે'લા જાગજો હો..જી.
જાડેજા રે, કાલી કે'વાશે કાઠી રાણી હો.. જી.
મુવા પછી તો બોલેઆનાં નીમ,
જાડેજા રે, ધૂપ, ધજા ને શ્રીફળ તો ચડે હો..જી.
આજે ખરાખરીનો ખેલ,
જાડેજા રે, વચન સંભારી વે'લા જાગજો હો..જી.
જાડેજા રે, આળસ મરડીને જેસલ ઊઠિયા હો..જી.
ભાંગી મારા મનડા કેરી ભ્રાંત
જાડેજા રે, પહેલા મલ્યા રૂપાં-માલદે હો..જી.
પછી મલ્યા તોરલ નાર,



જાડેજા રે, વચન સંભારી વહેલા જાગજો હો..જી.
જાડેજા રે, લગન લીધાં ને કીધાં છાંટણાં હો..જી.
લાગી છે લગનની ખાંત,
જાડેજા રે, કન્યાએ કેસરીઆ પહેરિયા હો..જી.
તો મોડ મીંઢળ જેસલ હાથ,
જાડેજા રે, વચન સંભારી વહેલા જાગજો હો..જી.
જાડેજા રે, જેસલ-ઘર તોરી રાણી બોલિયાં હો..જી.
નવિયું સમાધિયું ખોદાય,
જાડેજા રે, સહુ વળાવી પાછા વળ્યા હો..જી.
એક ન વળ્યાં, તોરલ નાર,
જાડેજા રે, વચન સંભારી વે'લા જાગજો હો..જી.

લોકકથા કહે છે કે સતીની આરાધના સંત જેસલદેવ ત્રણ દિવસની સમાધિમાંથી જાગ્રત થાય છે. સૌને હેતથી હળેમળે છ, તોરણો બંધાય છે, લગ્ન-મંડપ રચાય છે. ત્યાં જેસલ જાડેજો અને તોરલ કાઠિયાણી મૃત્યુને માંડવડે ચોરી-ફેરા ફરે છે. એકબીજાની સોડમાં બે સમાધિઓ તૈયાર થાય છે અને કચ્છનો એક વખતનો એ ભયાનક ડાકુ જેસલ જાડેજો અને સતી કઠિયાણી બંને બાજુબાજુની સમાધિઓમાં ધરતીની ગોદમાં ધરબાઈ જાય છે.

કચ્છમાં કહેવાય છે કે જેસલ-તોરલની આ બંને સમાધિઓ જરા જરા હટતીહટતી એકબીજાની નજીક આવતી જાય છે. જેસલ 'હટે જવભર અને તોરલ હટે તલભર' એવી લોકોક્તિ મુજબ આ બે સમાધિઓ હટતી હટતી જ્યારે એકબીજાને મળી જસે ત્યારે કોઈ પ્રલયકાળ જેવો મોટો

બનાવ બનશે, એમ કહેવાય છે.

જેસલ-તોરલનાં અનેક હૃદયસ્પર્શી ભજનો કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આજે પણ ઘણાં ભાવપૂર્વક ગવાય છે. એ ભજનોની થોડી પ્રસાદી અત્રે આપવામાં આવે છે.

### ૧. હૃદયનું રુદન

રોઈ રોઈ કેને સંભળાવું રે, જાડેજો કે'છે,
ઊંડાં દુઃખ કેને સમજાવું રે, જેસલજી કે'છે,
રુદિયો રુવે ને માયલો ભીતર જલે.
અમે રે હતાં સતી રાણી! ઊંડા જળે બેડલાં,
તમ થકી ઓલે કાંઠે આવ્યાં રે, જાડેજો કે'છે-રદિયો.
મેલાં મેલાં કપડાં સતી રાણી ! સાબુ વિણ સુધારિયાં,
તમ થકી ઊજળાં કહેવાયાં રે, જાડેજા કે'છે - રદિયો.
અમે રે હતાં સતી રાણી ! ખારી વેલે તૂંબડાં,
તમ થકી મીઠડાં કહેવાયાં રે જેસલજી કે'છે - રદિયો.
તમે રે ચાલ્યાં સતી રાણી ! વજેસંગના વાયકે,
વાંસે મારા શિયા થાશે હારે રે, જેસલજી કે'છે - રદિયો.
ગુરુને પ્રતાપે જેસલ બોલિયા,
સાધુડાનો બેડલો સવાયો રે, જાડેજો કે'છે - રદિયો.



### ૨

તોરી કે હેતે હાલો ને પ્રીતે જઈ મળો,
હેતલડાં રાખો રે,
હેતલડાં રાખો રે રૂડાં હૈયે મારા વીરા રે,

આજ મારું મન તો,
બંધાણું શૂરા સાધ સે, હાં... હાં...
જેને દિલ વસે લાલ ગુસાંઈ મારા વીરા રે - આજ.

આંજણના આંજ્યાં રે ભૂલા તમે કાં ભમો? હાં... હાં...
હાથમાં દીવો કાં પડો કૂવે મારા વીરા રે - આજ.

આંખ્યુંના ઉજાગા વીરા તે કાં કરો? હાં... હાં...
નેણે નીરખીને તમે જુઓ મારા વીરે રે - આજ.

જોત્યુંને અજવાળે દાન રૂડાં દીજિયે હાં.. હાં...
સાચા સાધુ સેવો દિલ ચોખે મારા વીરા રે. આજ.

સ્વાતિના મેહુલા વરસે જલધારે હાં... હાં...
વસિયલ-સીપ લ્યો ગોતી મારા વીરા રે - આજ.

વસિયલ મુખે વિખડાં નીપજે હાં... હાં...
સીપ-મુખે પાકે સાચાં મોતી મારા વીરા રે - આજ.

મનના માન્યા મુનિવર જો મળે હાં... હાં...
દિલડાંની ગુંજું આપણ કીજે મારા વીરા રે - આજ.

જેસલને ઘરે રે તોરી રાણી બોલિયાં હાં... હાં...
ગુરુવચનોનાં ફલ તો લીજે વીરા રે - આજ.

૩

જેસલ કરી લે વિચાર,
માથે જમ કેરો માર,
સપના જેવો આ સંસાર,
    તોરી રાણી કરે છે પુકરા,
    આવો ને જેસલ રાય!
    પ્રેમ થકી આપણ મળીએ,
    પૂરા સાધ હોય ત્યાં જઈ ભળીએ હો..જી.
અનુભવી આવ્યો છે અવતાર,
માથે સતગુરુ ધાર,
જાવું ધણીને દરબાર,
    બેડલી ઉતારો ભવપાર - આવો.
ચાંદો સૂરજ વસે છે આકાશ,
નવલખ તારા એની પાસ,



પવન પાણી ને પ્રકાશ,
    સૌ લોક કરે તેની આશ - આવો.
ગુરુના ગુણનો નહિ પાર,
ભક્તિ ખાંડા કેરી ધાર,
નુગરા શું જાણે સંસાર?
    એનો એળે ગયો અવતાર - આવો.
છીપું સમંદરમાં થાય,
વાકી ધન રે રમાઈ,
સ્વાતિના મેહુલા વરસાય,
    તેનાં સાચાં મોતી થાય - આવો.
મોતી ઓરણમાં ઓરાય,
માથે ઘણના ઘા થાય,
ફૂટે ઈ ફટકીઆં કે'વાય,
    સાચાની ખરે ખબરું થાય - આવો.
નવલખ કોથળિયું બંધાય,
એ તો ગોંધીડો કહેવાય
હીરા-માણેક હાટડીએ વેચાય.
    એનાં મૂલ મોંઘા થાય - આવો.
નિત નિત નદીએ ના'વા જાય,
કોયલા ઊજળા ન થાય,
ગણિકાનો બેટો બાપ કેને કે'વા જાય?
    માવઠાના મેહે કણ નવ થાય - આવો.

દેખાદેખી કરવાને જાય,
એ નર અધૂરીઆ કે'વાય,
હાથમાં દીવો લઈને કૂવે પડવા જાય.
ચાર જુગની વાણી તોરી રાણી ગાય - આવો.



# ૭. દાદા કંથડનાથ

કચ્છનો પુરાતન કિલ્લો કંથકોટ, જેના નામને આજે પણ જીવંત રાખી રહેલ છે, એ દાદા કંથડનાથ એક મહાન યોગીરાજ હતા. એમનું અસલ વતન જાણી શકવા તો આજે કોઈ સાધન ઉપલબ્ધ નથી. પરંતુ એટલું ખરું કે દાદા કોઈ દૂરદરના પ્રદેશથી તપશ્ચર્યા માટેના શાન્ત સ્થળની શોધમાં કચ્છ આવ્યા હતા. જપતપ માટેના સુયોગ્ય સ્થાન માટે એમની પસંદગી વાગડના આ ડુંગર પર ઊતરી હતી.

આ ઘટના પર આજે લગભગ ૧૨૦૦ વર્ષનાં વહાણાં વાઈ ગયાં છે છતાં કંથડનાથ નામ આજે કચ્છમાં એમના શ્વેત સુશોભિત મંદિર જેવું જ તાજું અને ઊજળું રહેલ છે. અહીં આવીને દાદાએ આ ઉજ્જડ જેવા ડુંગર પર પોતાની તપશ્ચર્યા ચાલુ કરી દીધી.

દાદાનું મન સંસારમાંથી એકાએક ઊઠી જતાં તે છાનામાના પોતાને ઘેરથી ચાલી નીકળ્યા હતા. આ રીતે એમના ચાલ્યા જવાથી એમનાં માતુશ્રીનું મન ખિન્ન થઈ ગયું. એમનાં અંતર પર એક મોટો આઘાત લાગી ગયો. આ એકના એક પુત્ર પર આધાર રાખીને બેઠેલાં એમનાં

માતાજી પણ પોતાના યોગી પુત્રની શોધમાં નીકળી પડ્યાં.

એમનાં માતુશ્રીનું નામ માંગુબા હતું. તપાસ કરતાં કરતાં માંગુબા પોતાના મનમોજી પુત્રને પગલેપગલે આ ડુંગર પર આવી પહોંચ્યાં. અહીં એક નિકટ જગામાં દાદાને તપશ્ચર્યામાં તલ્લીન જોઈને માંગુબાની આંખો અશ્રુજળથી છલકાઈ ઊઠી.

પોતાના વૈરાગી પુત્રને સમજાવીને પાછા લઈ જવા આવેલાં એમનાં માતુશ્રીએ એમને સમજાવવામાં કંઈ બાકી રાખ્યું નહિ. પરંતુ જેને રામનામનાં રામબાણ વાગ્યાં હતાં એવા આ યોગીરાજ હવે સંસારની જાળમાં સપડાય એમ ન હતું. એટલે આ સમજાવટનું પરિણામ ઊલટું જ આવ્યું. પોતાના યોગી પુત્રને સમજાવવા આવેલાં માંગુબાને આ યોગીરાજે એ જ ડુંગર પર રહીને શેષ જીવન ગાળવા સમજાવી દીધાં.

અહીં આ યોગીરાજ જે ટેકરી પર પોતાની તપશ્ચર્યા આદરી રહ્યા હતા તેની બાજુની ટેકરી પર એમનાં માતુશ્રીએ પણ પોતાની પર્ણકુટિ તૈયાર કરી દીધી. અને એ પણ પ્રભુભક્તિમાં પોતાનો સમય વ્યતીત કરવાં લાગ્યાં. આજે પણ આ ટેકરી એમનાં માતુશ્રીના નામ પરથી 'માંગુ ભિટ્ટ' ના નામે ઓળખાય છે.

★

બરાબર એ જ અરસામાં સિંધ નગરસમૈયા જામ ઉન્નડનું ખૂન કરીને નાસેલા તેના ભાઈઓ મોડ અને મનાઈ કચ્છમાં આવી પહોંચ્યા હતા. મનાઈ કચ્છના ઉત્તર વિભાગમાં સ્થિર થઈ ગયો અને મોડ કોઈ નવી ભૂમિની શોધમાં ફરતો ફરતો આ સ્થાન પર આવી ચડ્યો.

આ ડુંગરનું બારીક દૃષ્ટિએ નિરીક્ષણ કરતાં મોડને જણાયું કે અહીં જો એક ડુંગરી કિલ્લો બાંધવામાં આવે તો તે અજિત એવું સ્થાન બની



જાય. આમ વિચારીને તેણે અહીં એક કિલ્લો બાંધવાની તૈયારી કરવા માંડી. પરંતુ જે ઠેકાણેથી આ કિલ્લાના પાયાની શરૂઆત થઈ શકે ત્યાં તો આ યોગી મહાત્મા ધૂણી નાખને બેઠેલા હતા. એને અહીંથી ઉઠાડ્યા વગર કિલ્લાનો પાયો પડી શકે તેમ ન હતું. એટલે મોડકુમારે આ યોગી અહીંથી ઊઠી જવાની આજ્ઞા કરી.

યોગી કંથડનાથ અહીં બાર વર્ષથી ધૂણી નાખીને બેઠો હતો. એની ધૂણીને સાત વરસ પૂરાં થી ગયાં હતાં. હજુ પાંચ વર્ષ બાકી હતાં, એટલે યોગીએ ત્યાંથી ઊઠવાની પોતાની અનિચ્છા દર્શાવી. યોગીને પોતાની આજ્ઞાનો અનાદર કરતો જોઈને મોડને ગુસ્સો ચડ્યો. તેણે યોગીને કહ્યું : 'જો તું સાનમાં સમજી જઈને અહીંથી નહિ ઊઠે તો અમારે તને બળાત્કારે ઊઠાડવો પડશે, અને તારી સઘળી સિદ્ધાઈ થોડી જ વારમાં સમેટાઈ જશે. તારી ધૂણીના કારણે કિલ્લાનું કામ કંઈ થોડું જ અટકી રહેવાનું છે!'

મોડની સખ્તાઈ જોઈને યોગીને વધુ ક્રોધ ચઢ્યો. તેની આંખો ગુસ્સાથી લાલચોળ બની ગઈ. ક્રોધમાં ને ક્રોધમાં તે કંઈ પણ બોલ્યા વગર પોતાનું આસન બગલમાં મારીને ચાલતો થયો અને નજદીકની એક ગુફામાં ભરાઈ ગયો.

યોગીને ચાલ્યો ગયેલો જોઈને મોડને સંતોષ થયો. તેણે તરત જ કિલ્લો ચણાવવાનું કામ શરૂ કરી દીધું. સેંકડો કારીગરો અને મજૂરો આ કિલ્લો બાંધવાના કાર્યમાં રોકાઈ ગયાં.

એક તરફ કિલ્લો ચણવાનું કામ ધમધોકાર ચાલી રહ્યું હતું ત્યારે બીજી તરફ યોગી કંથડનાથ પોતાની ગુફામાં બેઠોબેઠો પોતાની કંથા અર્થાત્ ગોદડી સીવવાના કાર્યમાં મંડી પડ્યો હતો. સાંજ પડતાં જ્યારે કિલ્લાનું કામ બંધ થયું ત્યારે યોગીએ પણ ગોદડી સીવવાનું પોતાનું કામ

પડતું મૂક્યું. રાત્રિના સમયે તેણે ગોદડીને ઉખેડી નાખી. અને કિલ્લો એ જ વખતે કડડભૂસ કરતો જમીન પર ઢળી પડ્યો. સવાર પડતાં જ્યારે મોડે આ કિલ્લાને જમીનદોસ્ત થયેલો દીઠો ત્યારે તેને ઘણી નવાઈ લાગી. પરંતુ તેનું કારણ કંઈ પણ તે કળી શક્યો નહિ. તરત જ કિલ્લો ફરીથી ઊભો કરવાનું કાર્ય ચાલુ કરવાની આજ્ઞા કરી. કામ ચાલુ થયું. જેટલો ભાગ પડી ગયો હતો તે ફરીથી તૈયાર કરી લેવામાં આવ્યો. તે દિવસે પણ યોગીની એ જ પ્રવૃત્તિ ચાલુ રહી. રાત્રિ પડતાં કિલ્લાના પાછા એ જ હાલ થયા. મોડ હવે વિચારમાં પડી ગયો. તેણે કિલ્લાનું કામ ચાલુ કરાવીને ચોકીદારો બેસાડી દીધા. પરંતુ આ ચોકીદારો તૂટી પડતા કિલ્લાને અટકાવવાને અસમર્થ હતા. તેથી તે રાતે પણ કિલ્લાની તો એ જ દશા થઈ. આવું તો કેટલાયે દિવસ ચાલ્યું. કિલ્લો ચણવા મોડે ઘણાં ફાંફાં માર્યાં, પરંતુ કોઈ પણ ઉપાયે તે કિલ્લાને પડતો અટકાવી શક્યો નહિ. હવે તે સમજી ગયો કે આ કાર્ય પેલા યોગીરાજનું જ છે. પરંતુ હઠે ચડેલો યોગી હવે કોઈ રીતે માને તેમ ન હોવાથી આખરે તેણે કિલ્લો ચણવાનું કામ મુલતવી રાખી દીધું.

મોડનો કુંવર સાડ થયો. તેનાં લગ્ન વાગડના ધરણ વાઘેલાની બહેન સાથે કરવામાં આવ્યાં. સાડના લગ્ન પછી થોડા જ વખતમાં મોડનું અવસાન થયું. કંથકોટનો કિલ્લો ચણાવવાની તેના મનની હામ મનમાં જ રહી ગઈ.

મોડના અવસાન પછી સઘળી સત્તા જામ સાડના હાથમાં આવી. સાડ જામ ચતુર અને કુનેહબાજ હતો. પિતાનું અધૂરું કામ પૂર્ણ કરવાની તેને ખાસ ઉત્કંઠા હતી. એટલે તેણે પહેલું એ કાર્ય પોતાના હાથમાં લીધું. હૃદયેચ્છા વ્યક્ત કરી. જામ સાડને અત્યંત નમ્રતાપૂર્વક આજીજી કરતો



નિહાળીને ભસ્મનાથને તેના પર દયા આવી. આ ભસ્મનાથે કિલ્લો ચણવાની એક નવી જ યુક્તિ સાડને બતાવી.

ભસ્મનાથની સૂચના અનુસાર જામ સાડે સાત ઊંચી કિસમના પોપટોને પાળીને તેમને પઢાવવા માંડ્યા. થોડા વખતમાં આ સાતે પોપટ તેમને આપવામાં આવેલા શિક્ષણમાં તૈયાર થઈ ગયાં. આ સાતે પોપટને સાથે લઈને જામ સાડ યોગી કંથડનાથની ગુફા પર આવી ઊભો. તરત જ જામની ઈશારતથી એક પોપટ બોલી ઊઠ્યો :

'દાદા કંથડ! આદેશ!'

બહારથી આદેશનો અવાજ આવતો સાંભળી યોગી બોલ્યોઃ

'કઓન?'

'જામ સાડ.' પઢાવેલ પોપટે ઉત્તર આપ્યો.

'સાડ ! ભસ્મ હો જા!' ગુફામાંથી યોગીનો ક્રોધાયમાન અવાજ આવ્યો.

તે જ ક્ષણે પોપટ બળીને ખાક થઈ ગયો. જામ સાડે હવે બીજા પોપટને બોલવા આજ્ઞા કરી. તે પણ પેલા પોપટની પેઠે જ બોલ્યો :

'દાદા કંથડ! આદેશ!'

'કઓન?' ફરીથી યોગીએ પૂછ્યું.

'જામ સાડ.' પોપટે પ્રત્યુત્તરમાં જણાવ્યું.

'સાડીઆ! ભસ્મ હો જા!' યોગીનો આગઝરતો અવાજ આવ્યો.

બીજો પોપટ પણ રાખનો ઢગલો બનીને નીચે પડ્યો.

આમ એક પછી એક સાત પોપટ બળીને ખાક થઈ ગયા.

આઠમી વખત જામ સાડ પોતે આગળ આવ્યો. હવે ધાસ્તી પેઠી કે યોગીના મોંમાંથી શબ્દ છૂટતાં જ રખે તેની પણ એ જ હાલત થાય.

આથી તનું હૃદય મૃત્યુની બીકથી ધડકી રહ્યું હતું. છતાં દૃઢ હૈયું કરીને ગુફાના દ્વાર પાસે તેણે પોકાર કર્યો :

'દાદા કંથડ, આદેશ!'

'કઓન?' યોગીએ હવે ક્રોધથી ખરખરા બનેલા અવાજે પ્રશ્ન કર્યો.

સાડના હૃદયના ધબકારા વધવા લાગ્યા. ખુદ કાળ તેની સામે ડાચું ફાડીને ઊભો હોય એવો એને આભાસ થયો. મહા મુશ્કેલીએ તેણે જવાબ આપ્યો :

'જામ સાડ.'

આ વખતે ભસ્મનાથ આગળ આવ્યો. બે હાથ જોડી યોગીની દયા માટે તે તેને વીનવવા લાગ્યો.

યોગીને હવે ભાન આવ્યું. સાત સાત વચનો નિષ્ફળ જવાનો તેનો ક્રોધ હવે જરા શાન્ત થયો. ભસ્મનાથને આજીજી કરતો નિહાળી યોગી નરમ પડ્યો. તેણે જામ સાડને બોલાવવાની આજ્ઞા આપી.

સાડ જામ ગુફામાં આવતાં જ યોગીના પગોમાં આળોટી પડ્યો. અને ક્ષમાયાચના કરવા લાગ્યો. સાડની નમ્રતા જોઈ યોગીને દયા આવી અને આખરે કિલ્લો ચણવાની યોગીએ આજ્ઞા આપી.

સાડનું હૈયું હર્ષથી ઊભરાઈ ગયું. તેનો સઘળો શ્રમ હવે સફળ થતો દેખાયો. યોગીને નમન કરી તેણે વિદાય લીધી અને કિલ્લો ચણાવાનું કામ તેણે શરૂ કરી દીધું. કિલ્લાનું નામ યોગી કંથડનાથના નામ પરથી કંથકોટ રાખવામાં આવ્યું. અને કિલ્લાની ખડકી (બારી) નું નામ 'સાડ ખડકી' રાખવામાં આવ્યું. જે આજ પણ મોજૂદ છે.

જામ સાડે અહીં એક મોટો કૂવો બંધાવ્યો. એ કૂવાનું નામ પિતાના



સ્મરણાર્થે 'મોડ કૂવો' રાખવામાં આવ્યું. આજે આ કૂવો જીર્ણ અવસ્થામાં જૂના દિવસોને યાદ કરતો હોય એવો જીર્ણશીર્ણ જોવામાં આવે છે.

# ૮. દેશરા પરમેશરા

કચ્છ-ભુજની અદાલતમાં આજે એક અજબ જેવો મામલો આવી પડ્યો છે. એક નવા જ પ્રકારની ફરિયાદ અહીં નોંધાઈ છે. હકીકત એમ છે, કે નાણાં ધીરનાર એક શાહુકારે એક કણબી ઉપર દાવો માંડ્યો છે. શાહુકાર પાસે એક દસ્તાવેજ છે. આ દસ્તાવેજ કરી આપનાર કણબી છે. દસ્તાવેજમાં કણબીની પોતાની સહી મોજૂદ છે. કણબી એમાં લખી જણાવે છે : 'કોરી ક હજાર રોકડી રા'સાઈ મેં તમારી પાસેથી વ્યાજુકી લીધી છે. આ કોરી મારે વ્યાજ સહિત તમને ભરી આપવાની છે. સાખ શ્રી સૂરજની.'

પણ આજે તો આ દસ્તાવેજમાંથી મોતનો મામલો ઊભો થયો છે. કણબી કહે છે : 'કોરી એક હજાર રોકડી મેં શાહુકાર વોરાને ભરી આપી છે.'

શાહુકાર કહે છે : 'ખોટી વાત! કણબી જૂઠો છે. મને રાતી પાઈ પણ આપી નથી. મારી પાસે કણબીની પોતાની સહીવાળો મૂળ દસ્તાવેજ મોજૂદ છે!'



લખતમાં તો ચોખ્ખું લખેલ છે કે કણબીએ તેના લેણાની કોરી એક હજાર આપવાની છે. કણબીએ કોરીઓ ચૂકવ્યાનો કોઈ સાક્ષી નથી. લખતમાં એ પ્રકારના કોઈ અક્ષર કે કોઈ નિશાની પણ નથી. આ કારણથી તમામ પુરાવા કણબીની વિરુદ્ધમાં જતા હોવાથી ભુજની અદાલતે ઈન્સાફ આપ્યો : 'કણબી કૂડો છે.'

ભુજની રાજગાદી પર એ વખતે મહારાવ શ્રી દેશળજી બાવા પહેલા હતા દેશળજી બાવા દેવમૂર્તિ હતા; અદલ ઈન્સાફી હતા.

★

સમય મધ્યાહ્નનો હતો. સૂરજમાંથી જાણે આગ વરસતી હતી. ભુજિયો ડુંગર તડકાના કરડા તાપથી તપી નીકળ્યો હતો. અને પોતાનો તમામ તાપ ભુજ નગરી પર ઠાલવી રહ્યો હતો. આવી સખત ગરમીમાં ભુજના દરબારગઢમાં દેશળજી બાવાની આંખ હમણાં જ જરા મીંચાઈ હતી.

એટલામાં બહારથી બૂમ પાડી : 'જિયેરા ! હવે તો તમે મારી વા'રે ધાજો! હું ગરીબ ખેડૂત વગર ગુનાહે માર્યો જાઉં છું.'

કણબીના આ કારમા પોકારથી રા'ની આંખ ઉઘડી ગઈ. કચ્છનો ધણી ઉઘાડે પગે એકદમ બહાર આવ્યો.

'કોણ છે?' મહારાવની મીઠી વાણીએ મોલાતના વાતાવરણમાં મધુરતા ભરી દીધી.

'જિયેરા !' કણબીનો કંઠ છલોછલ ભરાઈ આવ્યો. 'ભુજની અદાલતે મને મારી નાખ્યો છે. મારા પર હળાહળ અન્યાય કરીને એક હજાર કોરી ભરવાની મને સજા કરી છે. હું હજાર કોરીને નથી રોતો, પણ મારા પર જૂઠાણાનો આરોપ મૂક્યો છે તે સહ્યો જાતો નથી અન્નદાતા!

મને ઈન્સાફ આપો!'

અને કણબીએ પોતાના મુકદ્દમાની હકીકત કચ્છના ધણી પાસે રજૂ કરી દીધી.

રા'એ આ કણબી પરની ફરિયાદના ફેંસલાના તમામ કાગળિયા અદાલતમાંથી મગાવી લીધા. ઝીણવટથી જોઈ લીધા. કણબીની વાતની કોઈ સાબિતી કાગળિયામાં દેખાતી ન હતી. અદાલતના ચુકાદામાં કંઈ અન્યાય કે પક્ષપાત થયો હોય એવું પણ દેખાતું ન હતું. અને આ તરફ કણબીની આંખોમાંથી નિર્દોષતા વહી રહી હતી. દેશળજી બાવા મૂંઝાઈ પડ્યા.

કાગળો તપાસીને કચ્છના માલિકે એક નિસાસો નાખ્યો. કણબીને કહેવા લાગ્યા : 'શું કરું ભાઈ, તેં તારું કરજ ચૂકવ્યું હોય એવો કોઈ પણ પુરાવો મને આમાંથી મળતો નથી.'

'તો મારું નસીબ અન્નદાતા! પુરાવો તો દીવા જેવો છે. શાહુકારને હજાર કોરી આપીને મેં મારા સગા હાથે આ લખત પર કાળી શાહીની મોટી ચોકડી મારી છે' કણબીએ મક્કમપણે કહ્યું.

'કાળી શાહીની ચોકડી?' રા'એ ચમકીને પૂછ્યું.

'હા બાવા, ચોકડી! કાળી રોશનાઈની ચારે ખૂણે ફરતી ચોકડી! મારા હાથે જ મેં મારી છે!'

'પણ તારે કંઈક સમજફેર લાગે છે. ચોકડી તો શું, એક કાળું ટપકું પણ આ દસ્તાવેજમાં ક્યાંય દેખાતું નથી!'

'તો મારાં કિસ્મત ફૂટ્યાં ખુદાવંદ! મેં જાતે ચોકડી કરી છે, અને હજાર કોરી શેઠને ભરી આપી છે.'

'પણ તો વારો સેઠ તાં ના ચેતો સે?'(પણ તારો શેઠ તો ના કહે છે તે?) - બાવાએ કચ્છી ભાષામાં કહ્યું.



'સેઠ તાં હથેં-પગેં કૂડો આય બાવા! ઈનકે તાં ભગવાનજો પણ ધ્રા નાંય.' (શેઠ તો હાથે-પગે કૂડો છે બાવા! એને તો ભગવાનનો પણ ભય નથી.)

કણબીની વાણીમાં નિખાલસતા નીતરતી હતી. આ કોયડો હવે અઘરો થઈ પડ્યો. રા'ના કપાળ પર કરચલીઓ આવી પડી.

તરત જ પેલા શાહુકારને બોલાવવામાં આવ્યો. હવે તો કચ્છ રાજ્યના કર્મચારીઓ પણ હાજર થઈ ગયા. સૌને હવે આ સમસ્યામાં રસ પડવા લાગ્યો હતો. આ ગૂંચવાડાનો કેવો અંજામ આવે છે, તે જાણવા સૌ આતુર બની ગયા હતા.

થોડી જ વારમાં કણબી પર દાવો માંડનાર શાહુકાર પણ હાજર થઈ ગયો. શાહુકારે આવીને બાવાને પગે હાથ મૂક્યા.

'શેઠ, મનમાં કાંઈ કૂડ-કપડ કે મેલ-પાપ હોય તો કાઢી નાખજો!' બાવાએ ગંભીરતાથી શેઠને સૂચના આપી. 'સાચું બોલજો!'

'નામદાર! બોલવાનું બધું આ કાગળિયો જ બોલશે.' શેઠે દૃઢતાથી જવાબ દીધો.

રા'એ શેઠના શબ્દો સાંભળી લીધા. રા'ની નજર કાગળિયાના કણેકણ-સોંસરવી ચાલી જાય છે. કાળી ચોકડીના કોયડાનો કોઈ ઉકેલ નજરે ચડતો નથી. દસ્તાવેજને છેડે એક છેલ્લી લીટીમાં લખ્યું હતું : 'સાખ શ્રી સૂરજની.'

રા' બાવા હવે બીજા વિચારમાં અટવાઈ ગયા. એમને થયું - સૂરજ સાક્ષી આપે ખરો? અને દેશળજી બાવાએ એ દસ્તાવેજનો કાગળ સૂરજ સામે ધરી દીધો.

'હે સૂરજદાદા! આમાં તમારી સાક્ષી લખી છે. હું ભુજનો રાજા આજે ન્યાય નહિ તોળી શકું તો દુનિયા દાંત કાઢશે. સૂરજ દેવ! હવે તમે કંઈ પ્રકાશ પાડી શકશો?'

ત્યાં તો એક અજબ જેવો ચમત્કાર આવી પડ્યો. દસ્તાવેજ સૂરજની સામે ધરતાં જ તેમાં ઝાંખી-પાંખી ચોકડી દેખાવા લાગી. જાણે કોઈ મોટો મુલક જિતાયો હોય એવો આનંદ કચ્છપતિની છાતીમાં થ્છલકાઈ ઊઠ્યો. આકાશમાં ઝગારા મારી રહેલા સૂર્યદેવ સન્મુખ રા'ના બંને હાથ જોડાઈ ગયા. રા'નું મસ્તક ભગવાન સવિતાનારાયણ તરફ નમી પડ્યું.

પછી બાવાએ ઠંડે કલેજે કણબીને પૂછ્યું : 'ભલા, તમે દસ્તાવેજ પર ચોકડી મારી તેનો કોઈ સાક્ષી ખરો?'

'કાળો કાગડો ય નહિ બાવા!' કણબીએ કહ્યું.

'પણ આમાં તો લખ્યું છે ને, કે સાખ શ્રી સૂરજની?'

'હં... હં... હં... બાવા', શાહુકારે હસતાં હસતાં જવાબ દીધો. 'એમ લખવાનો તો બાપદાદાના વખતથી ચાલ્યો આવતો પરંપરાનો એક રવૈયો જ માત્ર છે.'

'પણ સૂરજ સાખ આપે ખરો?' રા'એ હવે કણબીને પૂછ્યું.

'સૂરજદાદા તો સાખ આપે જ ને જિયેરા! પણ હવે તો કલજુગ આવ્યો છે. કલજુગના લોકો સૂરજદાદાની સાખ ક્યાંથી સમજી શકે?' કણબીએ ભોળા ભાવે જવાબ આપ્યો.

'ક્યાંથી સમજી શકે?' રા'એ કહ્યું. પછી શેઠને ઉદ્દેશીને બાવા બોલ્યા : 'શેઠ, જરા ઓરા તો આવો, જુઓ તો ખરા, સૂરજદાદા સાક્ષી આપે છે કે નહિ?'

આમ કહીને બાવાએ પેલો દસ્તાવેજ સૂરજની સામે ધરી દીધો



અને તેમાં સાફ દેખાતી સફેદ ચોકડી શેઠને સાફ સાફ બતાવી દીધી.

શેઠની આંખ ફાટી ગઈ. દસ્તાવેજના કાગળ પર ચોકડીની નિશાની ચોખ્ખી દેખાતી હતી. શેઠના પર કાલિમા છવાઈ ગઈ. કાપો તો લોહી ન નીકળે એવો ફિક્કો પડી ગયો.

'બોલ, હવે સાચું બોલી દે! આ ચોકડી ખરી કે નહિ?' બાવાએ કરડાકીથી શેઠને પૂછ્યું.

'ખરી, ખુદાવંત ખરી! હવે કૃપા કરો!'

'તો ખરી વાત કર! કાળી શાહીની આ ચોકડી તેં ખત પરથી શી રીતે નાબૂદ કરી?' બાવાએ તીખા અવાજે શેઠને પ્રશ્ન કર્યો.

'માફ કરો જિયેરા!' શાહુકારે બાવાના પગ પકડીને થરથરતા શરીરે, ગળગળા અવાજે કહ્યું.

'પણ આ ચોકડી તેં ભૂંસી શી રીતે?'

'ગરીબનવાજ! મારા ગુનાની માફી આપો! કાળી શાહીના અક્ષર ભૂંસી નાખવાની મારી પાસે એક તરકીબ છે. આ ચોકડીની શાહી લીલી જ હતી ત્યારે મેં એના પર ઝીણી ઝીણી ખાંડની ભૂકી ભભરાવી દીધી. પછી આ દસ્તાવેજ મેં કીડીઓના દર પાસે મૂકી દીધો. ચોકડીની ચારે તરફ ચડીને ખાંડ સાથે એકરસ બની ગયેલી કાળી શાહીને કીડીઓએ ચૂસી લીધી. અને એ યુક્તિથી આખી ચોકડી અદશ્ય બની ગઈ, ઊડી ગઈ.'

'અને એવી બીજી કેટલી ચોકડીઓ તેં આ રીતે ઉડાડી દીધી છે, એ પણ હવે કહી દે!'

'અન્નદાતા! આ વખતે માફ કરો! આજે હવે બાવાના પગે હાથ મૂકીને સોગંદ લઉં છું કે આજ પછી આ પાપ કદી ભૂલે-ચૂકે પણ નહિ

કરું. એટલું જ નહિ, પણ જેને જેને આ દગાબાજીથી મેં લૂટ્યા છે તેમને તેનો બદલો પણ વાળી આપીશ.' શાહુકારે પશ્ચાત્તાપનાં આંસુ સાથે અરજ કરી.

આ દૃશ્ય જોઈને રાજના અધિકારીઓ પણ છક થઈ ગયા. દેશળજી બાવાના આ અદલ ઈન્સાફથી આખા કચ્છમાં એમના નામનો જયજયકાર થઈ ગયો. એમની ન્યાયપ્રિયતાનો ડંકો વાગી ગયો.

અને 'દેશરા પરમેશરા'નું બિરુદ દેશળજી બાવાના નામા સાથે જોડાઈ ગયું.



# ૯. ત્રણ ગોરજી

ધારાનગરીના ભોજ રાજાનો દરબાર જેમ ચૌદ રત્નો વડે શોભતો હતો તેમ કચ્છ-ભુજનો દેશળ-દરબાર પણ ચૌદ રત્નો વડે દીપતો હતો. આ રત્નોમાં પ્રથમનાં ત્રણ રત્નો તરીકે ત્રણ જૈન યતિઓની ગણતરી થતી હતી. આ ચૌદ રત્નોનાં નામનો એક છપ્પય નીચે મુજબ છે -

*મોતી, મેરુ, અરુ, ખંત, ફત્તુ ઔર અકબર અલી,*
*રુદ્ર, ચંદ્ર, ગોવિંદ, ઉન્નડ કવિ, કેશવ કલી;*
*કહાન, વીર ખેંગાર, વાલ, અરુ લાલા છલ્લી,*
*જુગ મયંક સમ અંક, રત્ન નાર મહા પ્રબલ્લી;*
*જ્યોં ભોજ ભુપ ધારાપતિ, લસત બસત બલ બુદ્ધિ યુત,*
*ત્યોં ઈત રાજ રાજેન્દ્ર, રાજ્યો દેશલ કચ્છપત.*

### ગોરજી મોતીચંદજી

આ ચૌદ રત્નોમાં પહેલાં ત્રણ રત્નોમાંના મોતીચંદ ગોરજી કચ્છ-અંજારમાં હતા. આજે પણ દેવળિયાને નાકે એમનાં મકાનો મોજૂદ છે. મોતીચંદ ગોરજી આયુર્વેદના નિષ્ણાત હતા. એમની વૈદકીય કુશળતાની

અનેક વાતો આજે પણ કચ્છમાં પ્રચલિત છે.

વૈદરાજ મોતીચંદજી કચ્છના રાજકુટુંબમાં પણ માનીતા હતા. રાજકુટુંબની કુશળતાની ખબર કાઢવા દર અઠવાડિયે અંજારથી ભુજ આવતા મોતીચંદજી મોટા નાડીવૈદ હતા. માત્ર નાડી જોઈને એ બધું સમજી શકે છે એવી માન્યતા આખા કચ્છમાં ફેલાયેલી હતી. યતિ મહારાજની આ પ્રશંસા સાંભળીને એક વાર ભુજ દરબારગઢના જનાનખાનાની રાણીઓને એમની કસોટી કરવાની ઈચ્છા થઈ આવી.

ગોરજી મોતીચંદજી જ્યારે ભુજ આવતા ત્યારે જનાનખાનાની રાણીઓની નાડી પણ જોઈ લેતા. રાણીઓ ઓઝલમાં રહેતી હોવાથી રાણી અને ગોરજી વચ્ચે પડદો રાખવામાં આવતો. નાડી જોવા માટે રાણીના હાથના કાંડામાં દોરી બાંધવામાં આવતી. દોરીનો બીજો છેડો ગોરજીના હાથમાં રહેતો. રાણીના હાથના ધબકારા દોરીમાં ઊતરતા અને દોરીના ધબકારા પરથી મોતીચંદ ગોરજી રાણીના સ્વાસ્થ્યને સમજી લેતા. આ રીતે રાણીઓની નાડીપરીક્ષા કરવામાં આવતી!

આજે તો રાજરાણીઓને ગોરજીની જ પરીક્ષા કરવી હતી. રાણીઓએ પોતાના હાથમાં દોરી બાંધવાને બદલે એક બિલાડીને પકડીને તેના પગમાં દોરી બાંધી દીધી અને દોરીનો બીજો છેડો ગોરજી મહારાજના હાથમાં આપ્યો. દોરી હાથમાં લઈ ગોરજી તેના ધબકારાનું બારીક નિરીક્ષણ કરવા લાગ્યા. આ વખતે થયું એવું કે બિલાડીના મ્યાંઉનો ઝીણો અવાજ ગોરજીએ સાંભળી લીધો. ગોરજી મહારાજ ચતુર હતા. રાણીઓનું કારસ્તાન તે હવે સમજી ગયા હતા. એમણે ધીમે સાદે કહ્યું, કે 'કાં તો આ રાણીજીએ આજે ઉંદરનો આહાર કર્યો છે અને કાં તો મારું મોત ભરાઈ આવ્યું છે.'



વૈદરાજની આ વાત સાંભળીને રાણીઓના આશ્ચર્ય અને આનંદનો પાર રહ્યો નહિ. એમણે સારી ભેટ આપીને ગોરજી મહારાજને વિદાય કર્યા. આ વાત આખા કચ્છમાં ફેલાઈ ગઈ અને ગોરજીની નાડીપરીક્ષાની ખ્યાતિ ચારે તરફ ગવાઈ ગઈ. મોતીચંદજી ગોરજી પછી એમનો ચેલો દેવચંદજી એમની ગાદી પર આવ્યો.

★

કચ્છના જાપ હમીરજીને ચાર કુંવર હતા. ખેંગારજી, સાહેબજી, રાયબજી અને અબિયોજી. જામ રાવળે જૂના વેરનો બદલો લેવા હમીરજીને પોતાના બાળા ગામે બોલાવીને દગાથી ખૂન કર્યું અને એના આખા વંશનું ઉચ્છેદન કરવા તે ખેંગારજી અને સાહેબજી પાછળ પડ્યો. હમીરજીના નિમકહલાલ સેવક છછર બૂટાને આ વાતની જાણ થતાં તે બંને કુંવરોને લઈને પોતાના મિત્ર મિયાણા ભીંયા કક્કલને ત્યાં પહોંચી ગયો. ભીંયા કક્કલે પોતાના છ છોકરાને ભોગે જામ રાવળના પંજામાંથી કુંવરોને બચાવી લીધા એ હકીકત સુપ્રસિદ્ધ છે.

છછર બુટો કુંવરોને લઈ, રણ ઓળંગીને ચરાડવા ગામે આવ્યો. એ વખતે સાંજનું અંધારું થઈ ગયેલું હોવાથી આ ત્રણે જણાએ ગામના પાદરમાં એક વડલા નીચે પોતાનું મેલાણ નાખ્યું. છછર બૂટો રણના પ્રવાસથી થાકેલા કુંવરોની ચોકી કરવા આખી રાત જાગ્યો હતો.

અહીં ચરાડવા ગામે માણેક મેરજી નામે એક પ્રખ્યાત જૈન યતિ રહેતો હતો. તે માતા અંબાજીનો પરમ ભક્ત હતો. સવારમાં ખેંગારજીના પગ પર તેની દૃષ્ટિ પડી. ગોરજી મહારાજ સામુદ્રિક શાસ્ત્રનો જ્ઞાતા હતો. ખેંગારજીના પગમાં રાજચિહ્ન જોઈને તેને નવાઈ લાગી. રાજકુમાર જેવા કિશોરને એક રખડુની હાલતમાં પડી રહેલો જોઈને ગોરજીના મનમાં

એક હીલો આવી જવાથી તેનું મસ્તક ડોલી ઊઠ્યું અને ગોરજી પોતાના હાથમાંના લોટા સાથે આગળ વધ્યો.

ગોરજીના મસ્તકનું ડોલન ચાલાક છછર બૂટાના લક્ષ બહાર ન રહ્યું. તેને વહેમ પડ્યો કે આ માણસ જામ રાવળનો જાસૂસ હોય તો બધી બાજી બગડી જાય. આથી તેણે ગોરજીની પીઠ પકડી તેનો હાથ પકડી લીધો. અને તેને માથું ધુણાવવાનું કારણ પૂછવા લાગ્યો. ગોરજીએ કહ્યું : 'એ કારણ અહીં કહેવાય તેમ નથી. કારણ જાણવું હોય તો ઉપાશ્રય પર આવજો!' અને ગોરજી ચાલતા થયા.

ગોરજીની વાત છછરના મનમાં ખટકવા લાગી. આ ત્રણે જણ નિત્યકર્મથી પરવારીને ચરાડવા ગામમાં ગોરજીના ઉપાશ્રયની શોધમાં નીકળી પડ્યા. ઉપાશ્રય શોધતાં બહુ સમય લાગે તેમ ન હતું. ગોરજીને નમન કરી છછર બૂટાએ તેને ફરી માથું ધુણાવવાનું કારણ પૂછ્યું. એ વખતે ગોરજીએ ખેંગારજી તરફ અંગુલિનિર્દેશ કરીને કહ્યું કે 'આ કિશોરના પગમાં રાજરેખા હોવાથી તે ભવિષ્યમાં રાજા થશે એમ મને લાગે છે.'

ગોરજી મહારાજની આ ભવિષ્યવાણીએ આ ત્રણે જણની નિરાશામાં આશાની ચમક ભરી દીધી. એમના આનંદનો પાર રહ્યો નહિ. ગોરજીને એક સમર્થ મહાનુભાવ માનીને છછર બૂટાએ તેને પગે પડીને માર્ગદર્શનની માગણી કરી.

ગોરજીએ ખેંગારજીના હાથમાં માતા અંબાજીની સાંગ આપીને કહ્યું કે, આ સાંગ વડે તેમનો રસ્તો સરળ થશે અને તેની નિશાની તરીકે રસ્તામાં તેમને ધોળું શિરામણ અને કાળો ઘોડો મળશે.

ગોરજી મહારાજની બધી વાતો સાચી નીવડી. આ ત્રણે જણ અમદાવાદ ગયા, ત્યાં ખેંગારજીએ એ જ સાંગ વડે સિંહનો શિકાર કરી



મહમદ બેગડાનો જાન બચાવ્યો અને કચ્છમાંથી જામ રાવળને દૂર કરી કચ્છની રાજગાદી પ્રાપ્ત કરી.

કચ્છની રાજગાદી પર આવીને ખેંગારજીએ આપત્તિના સમયમાં તેને સહાય કરનારાઓને બદલો આપવા માંડ્યો. ગોરજી માણેક મેરજીને ઉપાધ્યાયની પદવી અને બાર ગામ આપ્યાં. ઉપરાંત કચેરીમાં ખાસ મિસલ આપી અને વણિક યજમાનો ઉપર લાગો કરી આપવામાં આવ્યો. ગોરજીએ એમને આપેલી સાંગ આજે પણ ભુજની પોશાળમાં મોજૂદ છે. વિજયાદશમીના દિવસે આ સાંગની આજે પણ પૂજા કરવામાં આવે છે.

★

## ગોરજી ખાંતિવિજયજી

ગોરજી ખાંતિવિજયજી કચ્છ માંડવીના. એનું બીજું નામ 'બોડો ગુરજી'. આખા કચ્છમાં એ બોડા ગોરજીના નામે પ્રખ્યાત હતો. કહેવાય છે કે 'કર્ણપિશાચિકા' નામીન વિદ્યાની સાધના કરતાં એ સાધના અવળી ઊતરી અને એના કાનની શક્તિ એ ગુમાવી બેઠા હતા. બોડા ગોરજી મોટા વૈદરાજ હતા. એમની બાળાગોળીઓ આખા કચ્છમાં પ્રખ્યાત હતી.

એ ખાંતિવિજયજી યતિ રાજદરબારમાં પણ માનકારી હતા. દેશળજી બાવાને એમની વૈદકીય શક્તિમાં ખૂબ શ્રદ્ધા હતી. જ્યારેજ્યારે એમની જરૂર પડતી, ત્યારે ખાસ વેલ મોકલીને એમને ભુજ બોલાવી લેતા.

ખાંતિવિજયજી મહારાજે દરેક વરસનું ભવિષ્ય ભાખતા દોહરાનો એક મોટો સંગ્રહ તૈયાર કર્યો હતો. એના એક-બે નમૂના અત્રે આપવામાં આવે છે -

*સંવત ઓગણીસ ત્રેપનો, મકડ મોલને ખાય,*
*ખાંતિવિજય કહે રા દેશળને, માનવ પણ મર જાય.*

સંવત ૧૯૫૩માં ઉપરના દોહરા પ્રમાણે કચ્છમાં તીડોનો ત્રાસ એકદમ વધી પડ્યો હતો અને મુંબઈ તથા માંડવીમાં મરકીના રોગો ભારે ઉત્પાત મચાવ્યો હતો.

*સંવત ઓગણીસ પચાવનો, નદીએ ખળકે નીર,*
*ખાંતિવિજય કહે રા દેશળને, ધેનુએ ઝાઝાં ખીર.*

આ રીતના અનેક દોહરા ખાંતિવિજયજી મહારાજે રચેલા હતા, પરંતુ આજે એમનું સાહિત્ય લુપ્ત થઈ ગયું છે.

એક વાર દેશળજી બાવા અને યતિ ખાંતિવિજયજીનું ભદ્રેસરમાં મિલન થઈ ગયું. એ વખતે વારાહી તીર્થધામની સ્થિતિ બેહાલ બની ગઈ હતી. ખાંતિવિજયજીએ વસહી તીર્થની દયાજનક હાલત દેશળજી બાવાને રૂબરૂ બતાવી અને આ તીર્થનો ઉદ્ધાર કરવાની ઈચ્છા વ્યક્ત કરી. દેશળજી બાવાને યતિજી માટે ખૂબ માન હતું. ભુજ જઈને એમણે જૈન સંઘના અગ્રણીઓને એકઠા કર્યા અને વસહી જેવા મહાન તીર્થની કોઈ સંભાળ લેતું નથી એ માટે એમને મીઠો ઠપકો આપ્યો. જૈન સંઘના અગ્રેસરોએ બાવાનો ઠપકો માથે ચડાવ્યો અને વસહી તીર્થના ઉદ્ધારનું કાર્ય શરૂ કરી દીધું. આ કાર્યમાં દેશળજી બાવા તરફથી પણ સારી રકમની સહાય મળી હતી.

એક વખત યતિ ખાંતિવિજયજી એક ચારણકવિની નાડી જોઈ રહ્યા હતા. નાડીપરીક્ષા વખતે દરદીના હાથની નાડી પર વૈદનાં આંગળાં રહેલાં હોય છે. એ વખતે દરદીનો હાથ બોલતો હોય છે અને વૈદનો હાથ સાંભળતો હોય છે. આ પરિસ્થિતિ જોઈને ચારણકવિના અંતરમાંથી



કચ્છી ભાષાનો એક દોહરો બહાર આવી પડ્યો -

*હથ બોલે ને હથ સુણે, કન તાં સુણે ન કીં;*
*કાં બોડો ગુરજી સુણે, બ્યો કો સુણે ન તીં.*

હાથ બોલે છે અને હાથ સાંભળે છે. કાન કશું જ સાંભળતા નથી. સાંભળે છે એક બહેરો ગોરજી અને બીજો કોઈ ન સાંભળે એવી રીતે એ સાંભળે છે.

બોલવાનો જેનો ધર્મ નથી તે બોલે છે અને સાંભળવાનો જેનો ધર્મ નથી તે સાંભળે છે એવા અર્થનો આ દોહરો આગળ જતાં એક પિરોલી (પહલી)માં પલટાઈ ગયો.

યતિ શ્રી ખાંતિવિજયનું નામ ભદ્રાવતી તીર્થના ઉદ્ધારક તરીકે અને નાડીપરીક્ષક વૈદરાજ તરીકે આખા કચ્છમાં પ્રખ્યાત થઈ ગયું.

# ૧૦. હરભમ ભૂતો

જગતમાં જ્યાં જુઓ ત્યાં શક્તિ પૂજાય છે – શક્તિનાં પૂજનઅર્ચન થાય છે. બુદ્ધિની એક શક્તિ આખી દુનિયા પર રાજ ચલાવી શકે છે. પણ એ બુદ્ધિની શક્તિમાં સામર્થ્ય ભરનાર તો શરીરની શક્તિ જ છે. અશક્ત અને નિર્માલ્ય શરીરમાં બુદ્ધિની શક્તિ પ્રવેશ પણ કરી શકતી નથી. એટલે શારીરિક શક્તિ એ જ એક મહાશક્તિ છે.

કચ્છની ધરતી પર શક્તિમાતાની સદા કૃપા રહી છે. આસમાની સુલતાની અનેક આફતોનો સામનો કરીને ખડતલ બનેલી કચ્છની ધરતી એ શક્તિની ધરતી છે.

અરબ્બી સમુદ્રનાં ઊછળતાં મોજાં પર તરતા લાંબા વાંકા તૂંબડાના આકારવાળા કચ્છને જુગજુગથી સાગરરાજ પોતાનાં મીઠાંમધુરાં ગાન સંભળાવી રહ્યો છે. કચ્છ ભડેલા કોઈ યુગયુગના યોગીરાજ સમો કચ્છડો એકાંતમાં જાણે યોગસાધના કરતો એકલો, અટૂલો અને અડોલ ઊભો છે. ઘોર શોરથી ઘુઘવતો સિંધુ એનાં ચરણ પખાળે છે. આવળ-બાવળ અને બોરડીની ઝાડીમાંથી સૂસવતો પવન એના કર્ણપટ પર આઝાદીનું



સંગીત રેડી રહે છે. આ ભૂમિમાં એક અજબ જેવો ગુણ છે – એનું ધાવણ ધાવીને એની માટીમાંથી મર્દો પેદા થાય છે. અહીં એવા જ એક મર્દની કથા આપવામાં આવે છે.

મહારાઓ શ્રી દેસળજી બીજાનો સમય હતો. આ વાત પર માત્ર સવાસો વર્ષનાં વહાણાં વાઈ ગયાં છે. કચ્છ-અંજાર તાલુકાના સંઘડ ગામમાં એ અરસામાં આહીરોનું પૂર હતું. આહીર જાતિ અસલથી એક લડાયક જાતિ તરીકે પ્રખ્યાત છે. કચ્છ પર આવી પડતી યુદ્ધની આફતો વખતે આહીર જાતિએ કચ્છને ખૂબ સહકાર આપ્યો છે – વતન માટે માથાં આપ્યાં છે.

સંઘડ ગામમાં હરભમ ભૂતો નામે એક બહાદુર આહીર યુવાન હતો. સંઘડ ગામનું એ નાક ગણાતો. એના જેવો બળવાન બેલી આખી અંજાર ચોવીસીમાં શોધ્યો પણ જડે એવું ન હતું. રમતગમતમાં અને મલ્લકુસ્તીમાં એને કોઈ આંટી જાય એમ ન હતું. દૂરથી ઢીંગલાનો ઘા કરીને શેરડીના સાંઠામાં એ ઢીંગલો પરોવી દેવો એને મન રમતવાત હતી. કચ્છી અર્ધો મણ ખજૂર ઠળીઆ સીખે ખાઈ જવી એ તો એને માત્ર શિરામણ જેવું હતું. કચ્છી બખ્ખના મલાખાડામાં કમર પર સધરો બાંધીને હરભમ ઊભો હોય તો ભાગ્યે જ એની સામે ટક્કર ઝીલવાને કોઈ તૈયાર થાય. આમ એના નામનો ચારે તરફ ડંકો વાગતો.

એક વખત સંઘડ ગામની સીમમાં હરભમે વાવેલી જુવારની કડબના ઓઘા ઉખેડીને તે ઘરના વાડામાં ખડકવા હતા. કડબના ઓઘા ખેતરમાંથી લાવવાના હોવાથી મોટા ગાડાની જરૂર હતી. એ વખતે હરભમના ગાડાની ધરી ભાંગી પડેલી હોવાથી હરભમે તેના કાકા પાસે ગાડાની માગણી કરી. એ અરસામાં એના કાકાને પોતાને પણ રોજરોજ ગાડાની જરૂર

પડતી હોવાથી ગાડું ચાર દિવસ પછી મળી શકશે એમ એના કાકાએ જવાબ આપ્યો.

કાકાનો આ જવાબ હરભમને ગમ્યો નહિ. ચાર દિવસ સુધી કડબને સીમમાં રેઢી મૂકી શકાય તેમ ન હતું. હરભમ મૂંઝાયો આખરે એને એક નવો ઈલાજ સૂઝી આવ્યો.

એ જ રાતે હરભમ છાનોમાનો એના કાકાના વાડામાં દાખલ થયો. કાકાનું ગાડું તો એના વાડામાં પડેલું જ હતું. હરભમે પચ્ચીસ-ત્રીસ મણ વજનનું મોટું ગાડું પોતાના માથા પર લઈ લીધું. આમ ગાડું ઉપાડી, ઘેર આવી, ગાડાને પોતાના બળદો જોડીને તે સીમમાંથી બધી કડબ ઉપાડી લાવીને તેને પોતાના વાડામાં ખડકી દીધી. એક જ રાતમાં કડબની મોટી કાલર રચી દીધી.

વહેલી સવારે કાકાનું એ જ ગાડું ફરી માથા પર ઉપાડીને ગુપચુપ કાકાના વાડામાં પાછું જેમનું તેમ રાખી દીધું. ગાડાના ચીલાનું નિશાન પણ દેખાય તેમ ન હતું.

સવારમાં હરભમના કાકાએ એના વાડામાં જ્યારે કડબની મોટી ગંજી ખડકેલી જોઈ ત્યારે અચંબાનો પાર રહ્યો નહિ. કાકાએ એને પૂછી જોયું : 'હરભમ! પછી ગાડું કોનું લઈ આવ્યો?'

હરભમે હસીને કહ્યું જવાબ આપ્યો : 'કાકા, ગાડું તમારું ને બળદ મારા, એમાં સમજી જાઓ!' આ હતી હરભમની તાકાત!

★

મહારાઓ શ્રી દેશળજીના દરબારમાં એક વાર રાજસ્થાનના ચાર બળવાન કુસ્તીબાજ મલ્લ આવી ચડ્યા. ચારે જણ મલ્લકુસ્તીના અઠંગ ખેલાડી હતા. મારવાડ, ગુજરાત અને સૌરાષ્ટ્રના મલ્લરાજોને હરાવીને



એ કચ્છમાં આવ્યા હતા. જે રાજના મલ્લોને જીતીને એ વિજય પ્રાપ્ત કરતા ત્યાંના રાજા પાસેથી એક સોનાનું કડું જીતની નિશાની તરીકે લેવાનો એમનો રિવાજ હતો. આ રીતે એમણે આજ લગી નવ્વાણું સોનાનાં કડાં એકઠાં કર્યાં હતાં. હવે માત્ર એક છેલ્લું મેળવી લેવા કચ્છમાં પ્રવેશ કર્યો હતો.

કચ્છના રાજવી દેશળજી બાવા રમતગમતના અને મલ્લકુસ્તીના શોખીન હતા. આગંતુક યુવાનોની શરત સાંભળીને એમને નવાઈ લાગી. આ મલ્લોને હંફાવે એવા કોઈ કચ્છી મલ્લની બાવાએ તપાસ ચલાવવા માંડી.

પેલા મલ્લોની હાથી જેવી કાયા અને સાવજ જેવી આંખો જોઈને એમની સાથે બાથ ભીડવા કોઈ તૈયાર થતું ન હતું. કચ્છના મલ્લો એ અરસામાં મલ્લકુસ્તીનો કાર્યક્રમ છોડીને બાવાના હજૂરી બનવા લાગ્યા હતા. એટલે એમની તાકાત હવે ઓસરતી જતી હતી. કચ્છના મલ્લોએ પોતાની આ નિર્બળતાને પણ પિછાણી લીધી હતી. એમણે વિચાર્યું કે આ રાક્ષસ જેવા તાલીમબાજો સાથે કુસ્તી લેતાં ક્યાંક હારી જવાય તો આખા કચ્છનું નાક વઢાઈ જાય. એમ સમજીને કચ્છના કોઈ પણ મલ્લે આ હરીફાઈમાં ઊતરવાની તૈયારી બતાવી નહિ.

કચ્છી મલ્લોને હિંમત હારી જતા જોઈને દેશળજી બાવા મૂંઝાઈ પડ્યા. એ વખતે એમની કચેરીમાં અંજારના યતિ મોતીચંદજી હાજર હતા. મોતીચંદ ગોરજી રાજના માનીતા હતા. બાવાના વિશ્વાસપાત્ર વૈદ્ય હતા. આયુર્વેદના નિષ્ણાત હતા. ભુજના મલ્લોને પાછી પાની કરતા જોઈન આ ગોરજી મહારાજને એક નવી વાત યાદ આવી.

'બાવા, હુકમ હોય તો એક અરજ કરું!' ગોરજીએ પોતાની

દરખાસ્ત રજૂ કરતાં કહ્યું.

'અરે યતિદેવ! તમને વળી હુકમની આવશ્યકતા હોય ખરી? ખુશીથી કહો!' બાવાએ સંમતિ દર્શાવતાં કહ્યું.

'આ મલ્લોનું માથું ભાંગી નાખે એવો એક મર્દ મારા લક્ષમાં છે.'

'પૂજ! એવું હોય તો પછી બીજું જોઈએ પણ શું? મને તો એણ થાય કે આ મલ્લો કદાચ કચ્છની આબરૂ પાડી જાય!'

'બાવા! કચ્છડો હજુ એવો કાયર બન્યો નથી. આવા મલ્લોને ભોંયભેળા કરી નાખે એવા અનેક નરવીરો હજુ કચ્છમાં હાજર છે. એમાંના એકનું નામ હું આપને આપું.'

'અને એ કોણ છે, પૂજ!'

'આહીર છે, બાવા!'

'ક્યાંનો છે?'

'આ છે સંઘડ ગામનો. આખા અંજાર પરગણામાં એનું નામ પ્રખ્યાત છે. હું આજે જ અંજાર જાઉં છું. આપ હુકમ કરો તો એને તેડી લાવું.'

'પૂજ મહારાજ, તમને તકલીફ લેવાની કશી જરૂર નથી. હું હમણાં જ એને બોલાવી લાવવા વેલનો બંદોબસ્ત કરું છું.'

તરત જ બાવાનો હુકમ છૂટ્યો. વેલવાડીમાંથી હાથી જેવા બળદોની વેલ તૈયાર થઈ અને વેલવાને વેલને સંઘડને માર્ગે મારી મૂકી.

હરભમ ભૂતો ખેતીનું કામ કરનાર એક ખેડૂત હતો. જેવો શક્તિશાળી હતો તેવો જ સાહસિક પણ હતો. મરદાની રમતગમતનું નામ પડે તો એ ગમે ત્યાંથી ઊડી આવે એવો શોખીન હતો. મહાકાય મલ્લોની તાકાતની વાત સાંભળી હિંમત હારી જાય એવો ન હતો. બાવાની



વેલ એને બોલાવવા આવતાં એના આનંદનો પાર રહ્યો નહિ. એ તરત જ તૈયાર થઈ ગયો અને વેલમાં ચડી બેઠો. વેલ સડસડાટ કરતી ભુજના માર્ગે ઊપડી નીકળી અને થોડા જ સમયમાં ભુજનગરીના દરવાજામાં આવી ઊભી.

કચેરીમાં આવી હરભમે બાવાને સલામ કરી.

'હરભમ તને મલ્લકુસ્તીના દાવ આવડે છે?' બાવાએ પ્રશ્ન કર્યો.

'અન્નદાતા મારો ધંધો ખેતીનો છે પણ મલ્લકુસ્તીના દાવ ખેલવામાં પણ મને રસ છે.'

'અહીં આવેલા ધીંગા મલ્લો સાથે બાથ ભીડવાની હિંમત છે ખરી?'

'ખમ્મા બાવાને! બાવા, તમારો હુકમ હોય તો ભુજિયા કિલ્લા સાથે પણ લડી બતાવું!'

હરભમનો જવાબ સાંભળીને દેશળજી બાવા તો ખુશખુશાલ બની ગયા.

'ઠીક ત્યારે આવતી કાલે તૈયાર થઈ રહેજે!'

'ખમ્મા! આપ હુકમ કરો એટલી જ વાર છે!' અને બાવાને નમન કરી હરભમ ચાલતો થયો.

★

ભુજનો દરબારગઢ આજે ભુજનગરીના નગરજનોથી ઊભરાઈ રહ્યો છે. કારણ એ હતું કે આજની મલ્લકુસ્તી એક જબ્બર સાઠમારી જેવી બનવાની હતી. આજુબાજુનાં ગામડાંના કુસ્તીરસીયા લોકો પણ આજનો કાર્યક્રમ જોવા દૂરદૂરથી આવી પહોંચ્યા હતા. આજના કુસ્તીજંગનો અખાડો રાજમહેલની રાણીઓ પણ જોઈ શકે એટલા માટે કાર્યક્રમ

દરબારગઢમાં જ રાખવામાં આવ્યો હતો. દેશળજી બાવા દરબારગઢની ચાલીના ઊંચા ઓટલા ઉપર રેશમી ગાદી-તકિયા પર બિરાજમાન હતા. ઉપર ચક નાખીને રાણીઓ અને બાંદીઓ પણ બેસી ગઈ હતી.

ચારે તરફ દોરી બાંધી વચ્ચે અખાડાનું મેદાન રાખવામાં આવ્યું હતું. પાણી છાંટી મલ્લકુસ્તીના મેદાનને સ્વચ્છ બનાવવામાં આવ્યું હતું.

પ્રચંડકાય મલ્લરાજો લાલ લંગોટી લગાવીને અખાડા વચ્ચે ખડા થઈ ગયા હતા. વારેવારે પોતાની ધીંગી જાડી જાંગ પર હાથનો પંજો પછાડતા હતા. હાથના પંજાના થાપાનો જોરદાર અવાજ દરબારગઢની દીવાલ સાથે અથડાઈને પોતાનો પડઘો પાડી રહ્યો હતો. એમનો આ અવાજ જ એમની સામે હરીફાઈમાં ઊતરનારની હિંમત ભેગી ભાંગી નાખે એવો હતો. પરંતુ સંઘડ ગામનો આહીર હરભમ મલ્લોના આવા આડંબરથી ડરી જાય એવો ડરપોક ન હતો. એ પણ તૈયાર થઈને આજની સાઠમારીના મેદાનમાં હાજર થઈ ગયો.

ગામડાના એક આહીર યુવાનને આવા પઠ્ઠા પહેલવાન મલ્લ જોડે લડવા તૈયાર થયેલો જોઈને પ્રેક્ષકો વિધવિધ પ્રકારના વાર્તાલાપ પર ચડી ગયા હતા. કોઈ કહેતા કે આ બિચારા ગરીબ ગામડિયાના દિવસો આજે ભરાઈ ગયેલા લાગે છે. કોઈ કહેતા કે એને ઊભો કરીને બાવાએ 'ચડજા બેટા શૂલી પર!' નો પ્રયોગ અજમાવ્યો લાગે છે. કોઈ કહેતા કે મોતીચંદ ગોરજીએ એનો ઘડોલાડવો કરવા ટાઢે પાણીએ ખસ કાઢવાની આ યુક્તિ અજમાવી લાગે છે. આમ સૌ કોઈ પોતપોતાને મનફાવતી વાતોમાં મશગૂલ હતા.

હવે આજના કુસ્તીજંગમાં એવો નિર્ણય કરવામાં આવ્યો કે એક મોટા મલ્લની સાથે હરભમે એક જ વાર કુસ્તી લડવી. બંને પક્ષને આ



નિર્ણય મંજૂર હતો. કુસ્તીમાં ઊતરનાર બંને યોદ્ધા પોતપોતાની ખુલ્લી સાથળ પર હાથના થાપા લગાવી તૈયાર થઈ ગયા. બંને રમતવીરોએ પ્રથમ હાથમાં હાથ મિલાવીને ખેલદિલી વ્યક્ત કરી. પછી કુસ્તીની શરૂઆત કરતાં બંને એકબીજાને જળોની જેમ ચોંટી પડ્યા.

હરભમને મહાત કરવા પેલો પ્રચંડ શરીરધારી મલ્લરાજ એક પછી એક પોતાના દાવ અજમાવવા લાગ્યો. આ તરફ હરભમ માત્ર બચાવની યુક્તિઓ જ લડાવી રહ્યો હતો. જેમજેમ વખત જતો ગયો તેમતેમ પેલા મલ્લને ખાતરી થઈ ગઈ કે હરભમને મહાત કરવો એ છાણમાં તલવાર ચલાવવા જેવું કે લાપસીમાં લીટા કરવા જેવું સરલ કામ નથી. હરભમને હરાવવાના એના તમામ પેંતરા એક પછી એક નિષ્ફળ જવા લાગ્યા.

હટે, ખસે કે માર્ગ ન મૂકે,
*બાઝ્યા સાવજડા બળવંત !*

એવા નરવીરો આ માનવ-સાઠમારીમાં એકબીજાને હંફાવવા પોતપોતાના દાવ ખેલી રહ્યાં હતા. ઘડીકમાં થતું કે હરભમ ગયો...ગયો, અને તરત જ કચ્છી જનતાના ચહેરા પર એક નિરાશાની છાયા છવાઈ જતી હતી. પરંતુ બીજી જ ક્ષણે હરભમ પેલા મલ્લના દાવને ગુલાંટ ખવડાવી દેતો અને તાળીઓના ગડગડાટથી આખો સમારંભ ગાજી ઊઠતો. પ્રેક્ષકોએ હવે આ ગામડિયા જેવા લાગતા હરભમનું પાણી માપી લીધું હતું. સૌના મનમાં હવે કચ્છી પાણીના વિજયની આશા બંધાઈ ગઈ હતી.

બરાબર ત્રણ કલાક લગી આ નરશાર્દૂલોનો રણસંગ્રામ ચાલતો રહ્યો. હરભમ પણ હવે પેલા મલ્લના જુદાજુદા પ્રકારના દાવોથી પરિચિત થઈ ગયો હતો. આમ છતાં અત્યાર લગી બચાવની યુક્તિઓથી તે આગળ

વધ્યો ન હતો. પેલો મલ્લ પણ સમજી ગયો હતો કે હરભમ બચાવના દાવોનો ખરેખરો ખેલાડી છે, પણ એથી આગળ વધવાની એની શક્તિ નથી એમ સમજી એ નિશ્ચિંત પણ બની ગયો હતો.

અને હરભમે પણ એને એ જ ભ્રમમાં રહેવા દીધો. હવે તે મલ્લની જરાક સરતચૂકની રાહ જોઈ રહ્યો હતો. એકબીજાને પછાડી પાડવાના દાવ હજુ ચાલુ હતા. હરભમ હવે આક્રમણ કરવાની તક ઝડપી લેવા તડપી રહ્યો હતો. હરભમે આક્રમણનો પોતાનો દાવ અજમાવ્યો. અને એક જ ઝપાટે એને ચત્તોપાટ પાડી દીધો.

હર્ષના પોકારોથી દરબારગઢનું મેદાન ગાજી ઊઠ્યું. આગંતુક મલ્લોએ થોડી વાર તો 'દગો દગો!' એવા પોકાર કર્યા; પણ હવે એમનું કંઈ ચાલી શકે તેમ ન હતું.

★

કચ્છ, કાઠિયાવાડ અને રાજસ્થાનનાં રાજ્યોમાં વિજયમાળને વરવાની તમન્નાવાળા મલ્લરાજોના મનમાં આ પરાજય ડંખવા લાગ્યો. પરાજયની કલિમાને કોઈ પણ પ્રકારે ધોઈ નાખવા માટે કોઈ નવી યોજના તેઓ વિચારી રહ્યા હતા.

એ વખતે મલ્લોના સરદાર બાપુમલ્લે દેશળજી બાવાને વિનંતી કરતાં કહ્યું : 'ખુદાવિંદ, આ કુસ્તીના ખેલમાં અમારી હાર અમે સ્વીકારતા નથી. કારણ કે કુસ્તીના નિયમોનો એમાં ભંગ કરવામાં આવ્યો છે. એટલે અમારી અરજ છે કે અમારા આ નાના મલ્લ સાથે હરભમ મુષ્ટિયુદ્ધ ખેલે અને એ ખેલમાં જે ખેલાડીનો વિજય થાય તે જીત્યો ગણાય એવો આપ હુકમ કરો!'

બાવાએ હરભમને બોલાવ્યો. તેની પીઠ થાબડી અને કહ્યું :



'હરભમ, તું આ નાના મલ્લ સાથે મુષ્ટિયુદ્ધ ખેલવા તૈયાર છો?'

'બાવા, તમારો હુકમ થાય તો હું જમ જોડે પણ લડી લેવા તૈયાર છું.' હરભમે હિંમતથી અનુમતિ આપતાં કહ્યું.

બસ, નિર્ણય થઈ ગયો. હવે મુષ્ટિયુદ્ધમાં જેનો વિજય થાય તેને જ વિજયમાળ વરે એવું નક્કી થઈ ગયું.

નાનો મલ્લ મુષ્ટિયુદ્ધમાં પારંગત હતો. એની કુશળતા અને ચાલાકીનો આ સમયે ઉપયોગ કરી લેવાના ઈરાદાથી જ બાપુમલ્લે આ યોજના રજૂ કરી હતી.

બંને વીરો જંગના મેદાનમાં ઊતરી પડ્યા. હરભમ આવા મુષ્ટિયુદ્ધથી વાકેફ ન હતો. આમ છતાં પોતાની તાકાતમાં એને પૂરી શ્રદ્ધા હતી.

મુષ્ટિ યુદ્ધના ખેલાડીઓ બંને પોતપોતાના દાવ ખેલવા લાગ્યા. હરભમ પોતાના બચાવ માટે પૂરો સાવધાન હતો. મુષ્ટિયુદ્ધનો આ ખેલ ઘણી વાર ચાલ્યો. બંને યુવાન હતા, પહેલવાન હતા, ચિત્તા જેવા ચાલાક હતા. એકબીજાને હંફાવવાની તક જોઈ રહ્યા હતા.

એટલામાં લાગ જોઈને હરભમે નાના મલ્લના મસ્તક પર પોતાની વજ્ર જેવી મૂઠીનો જોરદાર પ્રહાર કર્યો કે એક જ મુઠીના ઘાથી એનું માથું જાણે એના ધડમાં પેસી જતું હોય એવો દેખાવ થઈ રહ્યો. મુષ્ટિયુદ્ધનો ખેલાડી મલ્લ તરત જ જમીન પર ઢળી પડ્યો. એના પ્રાણ પરવારી ગયા.

આખા સમારંભમાં એકાએક અવ્યવસ્થા ફેલાઈ ગઈ. ચારે તરફ ઘોંઘાટ અને કોલાહલ મચી રહ્યો. સૌ કોઈ હવે સરકી જવા લાગ્યા. મેદની વિખેરાવા લાગી.

હરભમ પણ મૂંઝાઈ પડ્યો. બાવાને મોં બતાવ્યા વગર જ તે ત્યાંથી પસાર થઈ ગયો. છાનોમાનો પોતાને ગામ સંઘડ પહોંચી ગયો.

ચારમાંથી હવે ત્રણ મલ્લ બાકી રહ્યા હતા. એમના મનમાં વેરનો અગ્નિ ભભૂકી ઊઠ્યો હતો. મુષ્ટિયુદ્ધના નિષ્ણાત મલ્લને મારી નાખનાર હરભમ ઉપર પૂરેપૂરો બદલો વાળવા ત્રણે મલ્લ તલપાપડ થઈ રહ્યા હતા.

હરભમનું કાસળ કાઢી નાખવા આ ત્રણે જણ ભુજથી ઉપડીને સંઘડ ગામે આવી પહોંચ્યા અને હરભમની શોધખોળ કરવા લાગ્યા. હરભમ તો આજે સવારથી જ સંઘડ ગામની સીમમાં પોતાનું ખેતર ખેડવાના કામમાં મંડી પડ્યો હતો. હરભમની ઘરવાળી હીરુ એને ભાત પહોંચાડવા જતી હતી ત્યારે એને કાને વાત આવી કે જાડા પાડા જેવા બે ધીંગા ધડબા માણસો ગામમાં હરભમની શોધ ચલાવી રહ્યા છે.

આ વાત સાંભળી હીરુને બીક લાગી. તે ઝડપી ગતિએ હરભમ જ્યાં ખેતર હતો ત્યાં પહોંચી ગઈ અને હરભમને આ વાતથી વાકેફ કર્યો.

હરભમ સમજી ગયો કે ધીંગાધડબા માણસો બીજા કોઈ નહિ પણ પરાજિત થયેલા મલ્લો જ એનું વેર વાળવાને આવ્યા લાગે છે.

'અરે, એ તો આવે છે!' હીરુએ બંને મલ્લોને દૂરથી આવતા જોઈને ગભરાટમાં કહ્યું.

'આવે છે તો આવવા દે! તું ગભરાય છે શાની? ભલે એ પણ સૂંઠનો સ્વાદ ચાખતા જાય!' હરભમે ઠંડા પેટે કહ્યું. અને તરત હરભમે એક નવો જ વિચાર કરી લીધો. તેણે બંને બળદિયાને હળમાંથી છોડી નાખ્યા. બંનેને ખેતરના શેઢા પર ચરવા છૂટા મૂકી દીધા. બળદોની ખાંધે



મૂકવાનું ધૂંસરું પણ હળમાંથી છોડીને છૂટું પાડી દીધું. પછી હળનો લાંબો દાંડો હાથમાં લઈને લોઢાની કોશવાળા વજનદાર હળ વડે ખેતરમાં ઢેફાં ભાંગવા મંડી પડ્યો.

જમીન ખેડવાના અતિ ભારે વજનના બાવળીઆ લાકડાના મોટા હળ વડે હરભમને ઢેફાં ભાંગતો ભાળીને એનો જાન લેવા આવેલા મલ્લો ત્યાંના ત્યાં જ થીજી ગયા. સમજી ગયા કે પાંચસાત મણના વજનના હળ વડે ખેતરમાં ઢેફાંને ભાંગનારો હરભમ પળવારમાં એના એ જ હળ વડે એમનાં બંનેનાં માથાંનાં તૂંબડાં તોડી નાખશે.

હળ વડે ઢેફાં ભાંગતા હરભમનું દૃશ્ય જોઈને વેર લેવા આવેલા મલ્લરાજો ખસિયાણા પડી ગયા - સમજી ગયા - સમસમી રહ્યા. એમના પગ છૂટી ગયા અને જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછે પગે પાછા ફર્યા.

હરભમની ઘરવાળી હીરુ તો પતિનું આ પરાક્રમ જોઈ મોઢા ઉપર હાથ મૂકીને મનમાં ને મનમાં હસતી રહી.

'અને એ અહીં આવ્યા હોત તો?' હીરુએ હરભમને પૂછ્યું.

'અહીં આવ્યા હોત તો બીજું શું થાત? મારે બેત્રાણ ઢેફાં વધુ ભાંગવાં પડ્યાં હોત!' હરભમે હસીને જવાબ દીધો.

# ૧૧. પૂંજો શેઠ

એક વખતના કચ્છના દીવાન દેવકરણ શેઠનો લાડકો પુત્ર તે પૂંજો શેઠ. દેવકરણ શેઠ એટલે ભુજની પંચહટડીના ચોકમાં ગોળ-ખાંડ અને ઘી-તેલનો વેચનાર વેપારી. પોતાની આત્મશક્તિથી તેણે કચ્છનું દીવાનપદ્દું પ્રાપ્ત કર્યું હતું. જ્યારે પૂંજાશેઠને કચ્છના દીવાનની પદવી પિતાના વારસા તરીકે પ્રાપ્ત થઈ હતી. પૂંજો શેઠ એટલે વટ્ટનો કટકો-આગ્રહની મૂર્તિ. જે વાત મન પર લે તેને પ્રાણાન્તે પણ પાર પાડે એ એનો જીવન-સિદ્ધાંત હતો. એના આગ્રહી જીવનના અનેક કિસ્સા આજે પણ કચ્છી પ્રજામાં પ્રચલિત છે.

એક વખત આ કચ્છનો દીવાન પૂંજો શેઠ અબડાસાના મોથાળા ગામે જઈ ચડ્યો. ઘોડાની એકધારી લાંબી ચડીથી એ થાકી ગયો હતો. તૃષાતુર પણ થયો હતો. તપાસ કરીને તે એક લોહાણાને ઘેર આવી ઊભો. ઘરના બારણામાં એક જુવાન છોકરી ઊભી હતી. પૂંજા શેઠે તેની પાસે પાણીની માગણી કરી.

“બહેન, એક પાણીનો લોટો લાવીશ?”



છોકરી તરત જ ઘરમાં દોડી અને પિત્તળનો ચકચકતો લોટો ભરી લાવીને પૂંજા શેઠના હાથમાં મૂક્યો.

આ બાળા કન્યાકાળ તો ક્યારનીયે ઓળંગી ગઈ હતી. એમ સ્પષ્ટ જણાતું હતું. એણે બદન પર કેડિયું પહેરેલું હોવાથી સહજ જણાઈ આવતું હતું કે એનાં હજુ લગ્ન થયાં નહિ હોય. આવી મોટી કન્યાને અવિવાહિત જોઈને પૂંજો શેઠ મનમાં વિમાસી રહ્યો.

‘બહેન, તારો બાપ મરી ગયો છે?’ હાથમાં લીધેલો લોટો મોઢે માંડ્યા વિના પૂંજા શેઠે આ તીખો પ્રશ્ન કર્યો.

આવા વિવિધ સવાલથી પેલી કન્યા ગભરાઈ ગઈ. છતાં ધીરજથી બોલી, “”મારા બાપા ખેતરે ગયા છે.

“જા, તારા બાપને જોઈને કહે કે, પૂંજો શેઠ તને હમણાં જ બોલાવે છે.” પૂંજા શેઠે પોતાના પ્રધાનપદ પરથી હુકમ કર્યો.

‘તમે જરા બેસો. હું હમણાં જ બોલાવી લાવું છું.’ આમ કહી એ બાળાએ આંગણામાં ખાટલો નાખી ઉપર ગોદડું પાથરી આપ્યું. અને પોતે તરત જ પિતાને બોલાવવા દોડી ગઈ. પૂંજો શેઠ ખાટલા પર બેઠો. પાણીનો લોટો જેમનો તેમ ખાટલા નીચે રહેવા દીધો.

પૂંજા શેઠનું નામ સાંભળીને બહાવરા જેવો બનેલો પેલી કન્યાનો પિતા થોડી જ વારમાં હાંફતોહાંફતો આવી પહોંચ્યો. બે હાથ જોડીને દીવાનના હુકમની રાહ જોતો તે પૂંજા શેઠની સામે ઊભો રહ્યો.

“કોણ છે તું?” પૂંજા શેઠે ગુસ્સાથી ગંભીર બનેલા અવાજે પ્રશ્ન કર્યો.

“હું પણ લોહાણો છું શેઠ. હુકમ હોય તે ફરમાવો!”

“આ બાઈ તારી દીકરી થાય?”

"હા જી! મારી દીકરી થાય."

"મેં તો ધાર્યું કે એનો બાપ મરી ગયો હશે."

"મરી તો નથી ગયો પણ મૂઆને વાંકે જ જીવી રહ્યો છે."

"તું જીવી રહ્યો છે ત્યારે શું કચ્છના લોહાણા મરી ગયા છે કે આવી જુવાન જોધ દીકરીને હજુ ઘરમાં બેસાડી બેઠો છે?"

"મરી તો નથી ગયા પણ જીવતાયે નથી એવું મને લાગે છે. હું પણ માણસ છું. અનાજ ખાઉં છું. હું પણ સારી રીતે સમજું છું કે ઘરમાં જુવાન દીકરીનો વાસો અને સાપનો વાસો બંને સરખાં છે. એ જ ચિંતામાં રાતે પૂરી ઊંઘ પણ નથી આવતી. શું કરું. કોઈ ઈલાજ નથી."

"પણ તેનું કંઈ કારણ?"

"કારણમાં આપણા સારસ્વત ગોરોનો જુલમ! તમે તો દીવાનની ગાદી પર બેઠા છો એટલે ગરીબ ભાઈઓની હાલતની તમને ખબર ક્યાંથી હોય? આ સાલે વરસ કરવરું આવ્યું. બળદ મરી ગયો અને વોરે વધુ ધીરવાની ના પાડી. પરિણામે દીકરી કુંવારી રહી ગઈ. કારણ કે, એક તરફ લગ્નનું ખર્ચ અને બીજી તરફ સારસ્વતોના લાગા-લગમની રકમ રાખીએ તો લાગા-લગમનું પલ્લું નીચું નમી જાય. આ ત્રાસ હવે તો હદ ઓળંગી જાય છ, છતાં પ્રભુકૃપા હશે તો આવતી સાલે બાઈને પરણાવીને એ ઋણમાંથી મુક્ત થવાની આશા રાખું છું." આટલું કહેતાં જ તેની આંખોમાંથી દડદડ અશ્રુધારા ચાલવા લાગી.

આ ગરીબ જ્ઞાતિબંધુની આવી કરુણ હાલત જોઈને પૂંજા શેઠ જેવા કઠોર માણસનું હૃદય પણ પીગળી ગયું. સારસ્વત ગોરોની નિરંકુશ સત્તાનો કોઈ પણ રીતે અંત આણવાનો એણે પોતાના મન સાથે દૃઢ નિરધાર કરી લીધો.



આ ગરીબ બાઈને દિલાસો આપી, ખાટલા નીચે રાખેલો પાણીનો લોટો એમ જ રહેવા દઈ પૂંજો શેઠ ઊઠીને ઊભો થયો અને ઘોડા પર સવાર થઈને તે ને તે જ વખતે ભુજનગરી તરફ ચાંપી દીધો.

ભુજ આવી બીજે જ દિવસે પૂંજા શેઠે મહાજન મંડળને એકત્ર કરીને ગરીબ લોહાણા ભાઈઓની દુર્દશાનું અને સારસ્વત ગોરોની જોહુકમીનું વર્ણન કરી બતાવ્યું.

એ જ વખતે મહાજનની સંમતિથી સારસ્વતોના લાગાનું નવું બંધારણ તૈયાર કરવામાં આવ્યું. એમાં સહી કરવા માટે સારસ્વત પટેલોને બોલાવવામાં આવ્યા.

"ગોર મહારાજ, આ વાંચી જુઓ અને સહી કરો!" મહાજનના વડાએ બંધારણનો ખરડો સારસ્વત પટેલોને આપતાં સૂચના કરી.

પટેલોએ ખરડો હાથમાં લીધો. વાંચ્યો, વંશપરંપરાથી ચાલ્યા આવતા એમના લાગાઓ પર કાપ મૂકતો આ ખરડો વાંચી એમનું લોહી ઊકળી ઊઠ્યું.

"આમાં તો અમારું મોત છે! મોતના ખતમાં કોઈ મત્તું મારે ખરો? અમારા કાનૂનોમાં કાપકૂપ કરવાનો તમારો કે કોઈનો અધિકાર નથી."

"મહારાજ, જેને ઘડવાનો અધિકાર છે તેને ભાંગવાનો પણ છે. આમાં તો સહી કર્યે જ તમારો છૂટકો છે."

"તમે મહાસ્થાનના પેટ પર લાત મારવા જ માગો છો એમ ને?"

"લાત મારવા નથી માગતા પણ મહાસ્થાનની લાતને રોકવા માગીએ છીએ. માટે હવે કંઈ પણ ચૂં-ચાં કર્યા વગર આમાં સહી કરી નાખો!"

"એ તો કદી પણ બની શકે તેમ નથી."

"ત્યારે હવે અમારે બીજો જ કોઈ રસ્તો શોધવો પડશે. તમે જાણો છો કે આપણે એકબીજાને પૂરા પડીએ એવા છીએ. એટલે ભલા થઈને આપણો ભર્યો ભરમ રહી જાય એમ કરો! તમારી અને અમારી બંનેની એમાં શોભા છે."

સારસ્વત પટેલો હવે સમજી ગયા, કે પૂંજા શેઠની મેખ મારેલો આ ખરડો વિધાતાના લેખ જેવો છે. એટલે એમણે આ વાત પર વિચાર કરવા માટે આઠ દિવસની મહેતલ માગી.

આઠ દિવસ તો જોતજોતામાં વીતી ગયા. સારસ્વત વીરોએ હવે લાગું કરવાનો નિશ્ચય કરી લીધો. છેલ્લે દિવસે ભુજના દરિયાસ્થાનમાં તમામ સારસ્વતો એકઠા થઈ ગયા. મહાજન મંડળોએ અગ્રેસરો પણ પૂંજા શેઠ સહિત હાજર થઈ ગયા.

"શેઠ, ત્યારે અમારી સહીઓ તમને જરૂર જોઈએ, ખરું?" સારસ્વત પટલે પૂંજા શેઠને પ્રશ્ન કર્યો.

"જરૂર જોઈશે!" પૂંજા શેઠે ભારપૂર્વક જવાબ દીધો.

"નહિ જ ચાલે?" પૂછનારની આંખો લાલચોળ થઈ ગઈ.

"ના, નહિ ચાલે!" પૂંજા શેઠે દૃઢતાથી જણાવ્યું.

પટેલે હવે તૈયાર ઊભેલા યુવાનોને સંબોધીને કહ્યું : "પૂંજા શઠને સહી કરી આપો બાપ! એ આપણી સહીઓ લીધા વોણો જાય તેમ નથી."

તરત જ વીર વરસના એક ઊગતા સારસ્વત યુવકે પેલો ખરડો પોતાના હાથમાં લઈ લીધો. પ્રથમથી કરી રાખેલી ગોઠવણ મુજબ એ ખરડાને પેટ પર રાખી ભીંતમાં ખોડેલા ભાલામાં એ સડેડાટ કરતો પરોવાઈ ગયો. પછી બીજો, પછી ત્રીજો, પછી ચોથો, એમ જ્યાં સુધી ભાલાની



અણી બહાર દેખાતી રહી ત્યાં સુધી આ વિપ્રવીરો ભચ્ચોભચ્ચ એમાં પરોવાતાં આવ્યા. બરાબર સાત યુવાનો એ ભાલામાં આરપાર પરોવાઈ ગયા.

યુવાન વિપ્રોના ધગધગતા રક્તના ખોબા ભરીને મરણિયા બનેલા સારસ્વતોએ પૂંજા શેઠને ત્યાં જ નવડાવી દીધો-રેલમછેલ કરી દીધો.

કુદરત જ્યારે અવળી જાય છે ત્યારે સવળું કામ કરતાં પણ અવળું પરિણામ આવી પડે છે. પૂંજા શેઠ પોતાના ગરીબ જ્ઞાતિ બંધુઓની દયા ખાઈ ને તેમને રાહત આપવાને તૈયાર તો થયો પરંતુ કુનેહથી કામ લેવાને બદલે પોતાના આગ્રહને આરપાર લઈ જવા સારસ્વતો પર જોહુકમી લાદતાં નવલોહિયા બ્રાહ્મણ યુવાનોની હત્યાના પાપનો ભોગ બની ગયો.

આખરે પૂંજો શેઠ પોતાના આગ્રહમાં જેવો ને તેવો મક્કમ અને મજબૂત રહ્યો. અને એ જ કાયદા એણે અમલમાં મૂક્યા જે આજ લગી ચાલતા આવે છે, એમ કહેવાય છે.

# ૧૨. જખદાદા

*તરુવર વનફલ ના ચખે, નદી ન પીવે નીર,*
*પરમારથ કે કારણે, સંતન ધરા શરીર.*

જખદાદાનું નામ આજે સમગ્ર કચ્છમાં મશહૂર છે. કચ્છ સિવાય ભારતવર્ષના અન્ય કોઈ પણ પ્રદેશમાં આ જખ દેવો વિષે કોઈ કંઈ જાણતું નથી. જખ દેવોનાં પૂજન માત્ર કચ્છમાં જ થાય છે. એક હજાર વર્ષ કરતાં પણ વધુ સમયથી જખદાદા કચ્છમાં પૂજાતા આવે છે. કચ્છમાં કોઈને ત્યાં સંતતિની ખોટ હોય તો તે જખદાદાની માનતા માને છે અને એ રીતે પુત્ર કે પુત્રીનો જન્મ થાય તો તેને જખ દેવની કૃપાનું ફલ માનવામાં આવે છે. આ દેવોની કૃપાથી જન્મેલા બાળક - બાળકીનું નામ જખુ કે જખી રાખવામાં આવે છે.

આ જખ દેવો જામ લાખા ફુલાણીના ભત્રીજા પુંઅરાના વખતમાં પ્રકટ્યા હતા. કચ્છમાં એમના આગમનનો પ્રમાણભૂત ઈતિહાસ તો કાળના ગાઢ અંધકારમાં અદૃશ્ય થઈ ગયો છે. આજે તો માત્ર દંતકથાઓ જ અવશેષમાં રહી છે. આમ છતાં જખદાદાના ઈતિહાસની અનેક અવનવી



વાતો લોકહૃદયમાં તાણાવાણાની પેઠે વણાઈ રહી છે.

જામ પુંઅરાની રાજધાની પદ્ધરગઢની પશ્ચિમે એકાદ માઈલને અંતરે આવેલી વોંધડી નદીની ભેખડમાં આવેલા એક ભોંયરામાં આજથી એક હજાર વર્ષ ઉપર સાત ઋષિદેવો તપશ્ચર્યા આદરી રહ્યા હતા. કચ્છની સંઘાર જાતિના લોકો આ ઋષિરાજોના ભક્ત હોવાથી તે તેમની સેવાશુશ્રુષા કરતા. આ ઋષિઓની ગુફા પાસે આવેલા નદીના એક ધ્રોમાં એક માછી દરરોજ માછલાં પકડવા આવતો. આ માછીને ત્યાં સંતતિની ખોટ હોવાથી એક દિવસ તે આ તપસ્વીઓનો આશીર્વાદ પ્રાપ્ત કરવા તેમની પાસે આવ્યો. ઋષિઓને પગે પડી સંતાન-પ્રાપ્તિની ઈચ્છા તેણે વ્યક્ત કરી. પ્રત્યુત્તરમાં ઋષિઓએ કચ્છી ભાષામાં જણાવ્યું -

*જે તું મચ્છી ન મારીએં મેલો રખેં ન મન,*
*પે થીને તું પુતર જો, અંગણ ઘણેરો અન.*

ભાવાર્થ - જો તું માછલાં મારીશ નહિ અને મન મેલું રાખીશ નહિ તો તું પુત્રનો પિતા થઈશ અને અન્ન-ધનની પણ પ્રાપ્તિ થશે.

માછીએ તે દિવસથી માછલાં ન મારવાની પ્રતિજ્ઞા લઈ લીધી. સંજોગવશાત્ તેને ત્યાં બાર મહિનાની અંદર દેવના ચક્ર જેવા પુત્રનો જન્મ થયો.

ઋષિએ આ ચમત્કારની વાત કર્ણોપકર્ણ આખા કચ્છમાં ફેલાઈ ગઈ.

પદ્ધરગઢના જામ પુંઅરાને ત્યાં પુત્રની ખોટ હતી. પુત્રપ્રાપ્તિ માટે તેણે પાણા એટલા પીર કર્યા. પણ આજ લગી તેને ત્યાં પારણું બંધાયું ન હતું. પુંઅરાની રાણી રાજૈં સંઘારને જ્યારે ઋષિદેવોના ચમત્કારની જાણ થઈ ત્યારે તેને પણ આ દેવોનું શરણું લેવાની ઈચ્છા થઈ. રથ જોડાવીને

રાણી ઋષિ દેવો પાસે પહોંચી ગઈ.

*રાણી રથ કે જોડેઓ, આવઈ રખીએ વટ,*
*ઘર મેં ઝૂલે ઘોડીઓ, ત માણક ડીયાં મટ.*

ભાવાર્થ - રથ જોડીને રાણી ઋષિદેવો પાસે આવી અને કહેવા લાગી કે મારા ઘરમાં ઘોડિયું ઝૂલે તો હું તમને હીરા-માણેકથી મઢી દઉં.

પુત્ર લેવા આવેલી રાણીને જોઈને ઋષિ દેવો બોલ્યા :-

*અસીં ન એડા ઓલિયા, જે ડીયું બેં કે બાર,*
*ઈ નીયા ઉતે થીએ, સાહેબ જે દરબાર.*

ભાવાર્થ - અમે કંઈ એવા ઓલિયા નથી કે કોઈને દીકરા દઈ શકીએ. એ ન્યાય તો ઈશ્વરના દરબારમાં થાય છે.

ઋષિઓનો નિરાશાજનક જવાબ સાંભળી રાણી દિલગીર થઈ. આંખમાં આંસુ લાવી, ઋષિઓને પગે પડી તે સંતાનસુખની પ્રાપ્તિ માટે કરગરવા લાગી. ઋષિદેવોએ ફરી કહ્યું :-

*બાઈ બચ્ચા તું ડાઈ થી, અસીં ન ઠોડા ઠગ,*
*હિકડો હેર ઝલે ડીઓં; જ વીયાંય જો વે વગ.*

ભાવાર્થ - હે બાઈ, તું જરા ડાહી થા! અમે કંઈ મૂંડા ઠગ નથી. અમારી પાસે ઘેટાં-બકરાંની માફક જો છોકરાંનાં વગ - ટોળાં હોય તો હમણાં જ એક ઝાલીને તને આપી દઈએ.

ઋષિઓનો આ કટાક્ષ રાજૈં રાણીને હાડોહાડ ઊતરી ગયો. નિરાશા અને ગુસ્સા સાથે તે ત્યાંથી પાછી ફરી અને ઋષિઓએ તેની જે રીતે ઠેકડી ઉડાવી તે વાત જામ પુંઅરા સમક્ષ વ્યક્ત કરી.

રાણીની વાત સાંભળી પુંઅરાની આંખો ક્રોધથી લાલચોળ થઈ ગઈ. તેણે તરત જ પોતાના સૈનિકોને મોકલીને ઋષિઓને બોલાવી



લીધા, અને એક અંધારી કોટડીમાં પૂરી દીધા.

આ તરફ આ સાતે ઋષિ મહાત્માઓ પોતાના નિશ્ચયમાં મક્કમ હતા. પુંઅરા જામના જુલમથી ડરી જાય એવા ન હતા. એમની અડગતાથી જામ પુંઅરાનો ક્રોધ વધુ ભભૂકી ઊઠ્યો. તેણે લોઢાના ગોખરુ તૈયાર કરાવ્યા અને એ ગોખરુ જેલની કોટડીમાં પાથરી દીધા. કણસલાંમાંથી દાણા છૂટા પાડવા માટે જેમ બળદોને હલરી ફેરવવામાં આવે છે, તેમ આ કાંટાવાળા ગોખરુ પર ઋષિઓને ફેરવવાનો પુંઅરાએ હુકમ કરી દીધો.

જામના હુકમનો તરત જ અમલ થયો અને તે આ સાતે પવિત્ર પુરુષોને બળદોની માફક લોખંડના ગોખરુ પર ફેરવવાનું કામ શરૂ કરવામાં આવ્યું. આ સાતે જણ પુંઅરાના ત્રાસથી ત્રાસિત બની ગયા. એમનું દુઃખ જોઈને ભંભીયા નામના એક હજામને દયા આવી. તેણે આ ઋષિ દેવોને પૂછ્યું કે, ''તમારી ભાળ લેનાર કોઈ છે ખરો કે નહિ?''

જવાબમાં એકે કહ્યું, કે 'અમારી ધા સાંભળનાર તો મોટા દાંતવાળા છે, પણ કોઈક અમારે બદલે આ ઘાણીમાં જોડાય તો અમારામાંથી એક જણ અમારા દેવોનું આહ્‌વાન કરી શકે.'

હજામ દયાવાન હતો. ભીખ ધરસ નામના એક ઋષિના સ્થાને તે ઘાણીમાં જોડાયો અને ભીખ ધરસને ઘાણીમાંથી છૂટો કર્યો. આ ઋષિ બહાર જઈને લાખાડી નામની એક ટેકરી પર ચડી કાનમાં આંગળાં ઘાલીને પોતાના સહાયક દેવોને દુઃખદ સ્વરે ધા દેવા લાગ્યો :

*કનેં પાએ કૂકરા, લાખાડી ચડ્યો,*
*બૌંતેર જખ ભેરા થેઆ, પિઢમેં ઘાટ ઘડ્યો.*

ભાવાર્થ - કાનમાં આંગળાં ઘાલીને રાડ કરતો ધરસ લાખાડી

ટેકરી પર ચડ્યો. એની જાણ થતાં બોંતેર જખ ભેળા થઈને આપસમાં વિચાર કરવા લાગ્યા.

આ બોંતેર જખ દેવો પોતાના ઋષિ ભક્તોની ભાળ લેવા રૂમશામથી ચડી નીકળ્યા અને કચ્છના જખૌ બંદરે ઊતરીને કચ્છમાં દાખલ થયા. તેમનો સરદાર સાઉં નામનો જખ હતો.

આ જખ દેવો પ્રથમ નનામા ડુંગર પર આવ્યા અને નનામો એમનો ભાર ઝીલી શક્યો નહિ અને નમવા લાગ્યો. ત્યાર પછી ધ્રબવા ડુંગર પર આવ્યા અને આખરે પુંઅરા જામના પદ્ધરગઢની પશ્ચિમે એકાદ માઈલના અંતરે આવેલી એક ટેકરી પર તેમણે છાવણી નાખી.

આ જખ દેવો સાથે સાંયરી નામે તેમની એક બહેન પણ આવેલી. તેમણે સાંયરીને પદ્ધરગઢની બાતમી મેળવવા શહેરમાં મોકલાવી. સાંયરી ચતુર અને જાસૂસી કળામાં કુશળ હોવાથી તે પુંઅરાની રાણી રાજૈ પાસે ગઈ અને જામના જનાનખાનામાંથી પદ્ધરગઢની તમામ બાતમી મેળવી લીધી.

પોતાનું કાર્ય પૂરું કરી સાંયરીએ જખ દેવોને જણાવ્યું, "પુઅરો જામ દરરોજ સવારે પોતાની મોટી મેડીની અગાસી પર સ્નાન કરવા બેસે છે. એ સમય તેનો નાશ કરવા માટે ઉચિત થશે."

સાંયરીની વાત જખ દેવોને યોગ્ય જણાઈ. તેમણે પુંઅરાનો ઘાટ ઘડવાની તમામ યોજના ઘડી કાઢી. વળતે દિવસે પુંઅરા જામના સ્નાનના સમયે કક્કડ નામના જખે પોતાની ટેકરી પરથી તેના પર કોઈ અસ્ત્રનો ઘા કર્યો. આ પ્રહારથી પુંઅરાની મેડીની એક મોટી શિલા તૂટી પડી. પુંઅરો જામ તેની નીચે દબાઈને મરણને શરણ થયો છે.

જખ દેવોના સંબંધમાં ભારતીય ઈતિહાસના પ્રખર અભ્યાસી અંગ્રેજ



સાહિત્યકાર શ્રી રશબૂક વિલિયમ્સ પોતાના પુસ્તક 'Black Hills' ના ગુજરાતી અનુવાદ 'કારા ડુંગર કચ્છજા' નામના પુસ્તકમાં નીચે પ્રમાણે ઉલ્લેખ કરે છે!

'જામ પુંઅરાનું નામ જો સૌથી વધારે યાદ રહ્યું હોય તો તે રાજસ્થાનના ઈતિહાસમાં વર્ણવેલી એક અદ્‌ભુત દંતકથા સાથે જોડાયેલું છે તેથી જ. આ દંતકથા પ્રમાણે જખ નામના કોઈ ભેદી લોકો અહીં આવ્યા હતા અને કચ્છના રાજકાજમાં તેઓએ થોડો વખત માથું માર્યું. જેનું પરિણામ બહુ કરુણ આવ્યું. જામ પુંઅરાનું મૃત્યુ તથા પદ્ધરગઢનો નાશ. આ બનાવો વિષે જે દંતકથાઓ પ્રચલિત હતી તે ઈ.સ. ૧૮૨૬માં બનાવોના એકત્રિત કરી તેને લેખિત સ્વરૂપ આપ્યું. મિસિસ પોસ્ટન્સ અને તે પછીના ઈતિહાસકારોએ થોડા ફેરફાર સહિત આ વૃત્તાંતનું જ પુનરાલેખન કર્યું અને છેવટે 'ગેટિટિયર ઓફ ઈન્ડિયા' (બોમ્બે પ્રેસિડન્સી) નામના આધારભૂત પુસ્તકના ભાગ પાંચમામાં કચ્છ વિશે પહેલી જ વાર છપાયેલ પ્રામાણિક ઈતિહાસમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો. સંક્ષિપ્તમાં તે આ પ્રમાણે છે :

"પુંઅરાએ પદ્ધરગઢનું બાંધકામ પુરું કર્યું તે પછી તુરત જ બાય ઝેનશિયમની આસપાસના પ્રદેશમાંથી સાત ઋષિઓ અથવા સંઘારો પોતાના ઈષ્ટદેવ જખની પૂજા કરવા કચ્છમાં આવ્યા અને વસવાટ કર્યો. કેઓના પવિત્ર જીવનની પ્રશંસા એ ખાસ કરીને નિઃસંતાન દંપતીઓને સંતાન પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ આપવાની તેમની અલૌકિક શક્તિ વિષે પુંઅરાની રાણીએ સાંભળ્યું. આ રાણીને કુંવર ન હતો. તે પછીના બનાવ વિષે જુદા જુદા વૃત્તાંતો જોવા મળે છે. એક મત પ્રમાણે ઋષિઓએ પુંઅરાની રાણીના મોભાને ઘટે તેવું ખાસ સન્માન ન કર્યું. પણ એક

સામાન્ય સ્ત્રીની માફક જ તેના તરફ વર્તાવ કર્યો. તથી રાણીનું માનભંગ થયું અને ઋષિઓ ઉપર જુલમ કરવા તેણે પુંઅરાને ઉશ્કેર્યો.

"બીજો વૃત્તાંત એમ કહે છે કે રાણી ઋષિઓની શિષ્યા બની ગઈ. ઋષિઓ તેને મળી શકે તેવો જમીન નીચેથી એક ગુપ્ત માર્ગ તેણીએ બંધાવ્યો અને ઘટિત યજ્ઞયાગ કરવાની તૈયારી કરી. પુંઅરાએ તો પોતાના અમાનુષી સ્વભાવ પ્રમાણે પોતાની રાણીના ચારિત્ર્ય ઉપર જ શક લીધો. બંને વૃત્તાંત પ્રમાણે પુંઅરાએ ઋષિઓને ગિરફતાર કર્યા અને કણસલામાંથી દાણા છૂટા પાડવા માટે બનાવેલા ખળા પર ઘાસ સાથે પુષ્કળ લોઢાના ગોખરુ જેવા કાંટા પાથરી તેના ઉપર ઋષિઓને ચાલવાની ફરજ પાડી. બંભરા નામે એક દયાળુ હજામે એક ઋષિને છોડાવી પોતે તેનું સ્થાન લીધું. મુક્ત થયેલો ઋષિ દોડીને લાખિયાર ભિટ્ટ નામની ટેકરી ઉપર ચઢી ગયો અને પોતાના ઈષ્ટદેવ (જખદેવ)ની મદદ માગી. આ રીતે ૭૨ ભાઈઓ અને એક બહેન ઝેનશિયમની કચ્છ આવી પહોંચ્યાં. કહેવાય છે કે તેમના બધાંના સંયુક્ત તપના બળથી જે જે ટેકરી ઉપર તેમણે થાણાં નાખ્યાં તે સપાટ બનતી ગઈ અને છેવટે પદ્ધરગઢ પાસે પડેલ પોતના સરસામાનમાંથી પથ્થરો કાઢી પોતાના રહેઠાણ માટે એક અલાયદી ટેકરી તેમને બાંધવી પડી. તેનું નામ તેમણે કકડભિટ્ટ રાખ્યું. કેદ પકડેલા ઋષિઓને મુક્ત કરવાનું પુંઅરાને જખએ કહેણ મોકલાવ્યું. પણ પુંઅરાએ તેનો સ્વીકાર ન કર્યો જેથી તેઓએ પુંઅરા તરફ તીરો ફેંક્યાં. પણ પુંઅરો એક મંત્રસિદ્ધ માદળિયું પહેરતો હોવાથી બાણોની તેના પર કંઈ અસર થઈ શકી નહિ. પછી જખની બહેન સાંયરીએ મચ્છરનું રૂપ લીધું અને પુંઅરાને ચટકો ભર્યો. પુંઅરો વેદના મટાડવા માટે માદળિયું ઉતારી સ્નાન કરવા ગયો. કક્કડ નામના સૌથી નાના જખે પુંઅરાના મહેલના જે ખૂણામાં તેનું સ્નાનગૃહ હતું તેના ઉપર તાકીને બાણ છોડ્યું. પરિણામે એક મોટી શિલા પુંઅરા ઉપર પડી. આથી તેને એટલી બધી ઈજા થઈ કે ત્યારબાદ ૪૦ દિવસમાં જ તેનું મૃત્યુ થયું. પદ્ધરગઢનો નાશ થયો અને ઉજ્જડ બની ગયું આ બનાવ હજુ પણ કચ્છમાં ગવાય છે."



"જખોનું ઉદ્‌ભવસ્થાન અને સાચો ઈતિહાસ ગમે તે હોય પરંતુ એટલું નિર્વિવાદ છે કે પું અરાનું મૃત્યુ તેમને હાથે થયું. અને તેમ થતાં સિંધના સમા રાજપૂતોએ સમગ્ર કચ્છમાં પોતાની હકૂમત સ્થાપવાનો કરેલો પ્રયાસ તદ્દન નિષ્ફળ નીવડ્યો. પુંઅરાના મૃત્યુ વિશે જે ખુલાસો વધારે બુદ્ધિગમ્ય છે તે જો માનવામાં આવે તો પણ પુંઅરાના ગઢનો નાશ કેવી રીતે થયો તે સવાલ ઊભો થાય છે. આજે પણ એ ભૂમિ શાપિત ગણાય છ. તેનું કારણ જખો ત્યાં શહીદ થયા એમ કહી શકાય. પરંતુ જે અસ્તવ્યસ્ત અવદશામાં પદ્ધરગઢ શહેર ભાંગેલું પડ્યું છે, તે કેવળ જખોના આત્મબલિદાનથી થયું હોય એમ માની શકાય નહિ. તેનાથી વધારે જૂનું શહેર કેરા કે જેમાંથી સારા સારા પથ્થરો ઊપડી ગયા છે. જેને ભૂકંપોના આંચકાઓ લાગ્યા છે અને વરસો થયાં જેની કશી દેખભાળ લેવાતી નથી છતાં તે શહેર આજે હસ્તિ ધરાવતું રહ્યું છે."

પદ્ધરગઢ આજે ખેદાનમેદાન બની ગયું છે. મોટી મોટી શિલાઓથી ચણેલી પુંઅરા જામની વડી મેડી આજે પણ ખંડેરરૂપે ખડી છે.

અહીંથી થોડે દૂર આવેલી કક્કડભિટ્ટની ટેકરી પર ૭૨ જખ ૭૨ ઘોડા પર બિરાજમાન થયેલા જોવામાં આવે છે. દર વરસે ભાદરવા સુદ અગિયારસના દિવસે અહીં જખ દેવનો મોટો મેળો ભરાય છે. મેળાની ઊપજમાંથી ઋષિઓને બદલે ઘાણીમાં જોડાનાર હજામના વંશજોને પણ ભાગ આપવામાં આવે છે.

# ૧૩. ચારણી દેવી - દેવલબાઇ

પરને કાજે પોતાનું શીશ સમર્પણ કરી શકે છે તેનાં પૂજન-અર્ચન આ જગત જુગોજુગથી કરતું આવ્યું છે અને આજે પણ કરે છે. સતીઓ અને શૂરાઓ શીશ સમર્પણ કરવાની પોતાની શક્તિ વડે જ અમર થઈ ગયાં છે અને એમનાં આજે પૂજન થાય છે.

કચ્છ-વાગડનું કટારિયું ગામ જે કાંયાજીના કટારિયા તરીકે પ્રખ્યાત છે, તેની પશ્ચિમ દિશાએ અર્ધાક માઈલના અંતરે આવેલ માતા દેવલબાઈનું સ્થાનક એના શીશસમર્પણની વાત આજે પણ તાજી કરાવી જાય છે.

દેવલબાઈ કાંયાજીના કટારિયાથી ત્રણ ગાઉ દૂર આવેલા રાયથરી ગામના ભાચરિયા શાખના મ્યાજર ચારણને ત્યાં વિક્રમની ઓગણીસમી સદીના ચોથા દાયકામાં જન્મી હતી. બાલ્યકાળથી જ તેની તેજસ્વિતા અન્ય બાળકો કરતાં કંઈક જુદા જ પ્રકારની અને તરી આવે તેવી દેખાતી હતી. યોગ્ય ઉંમરે દેવલબાઈને ખોડાસર ગામે પરણાવવામં આવ્યાં હતાં. એમને એક દીકરો હતો. તેનું નામ હતું વાસો. આ વાસો જ્યારે પાંચ



વરસનો થયો ત્યારે કટારિયામાં એક મહત્ત્વનો બનાવ બન્યો.

કટારિયામાં ગોરાણી અટકનો જેરાજ નામનો એક વાણિયો રહેતો હતો. એ વખતના વાણિયા પણ પોચી માટીના ઘડેલા ન હતા. અને તેમાં પણ વાગડના વાણિયાનું તો પૂછવું જ શું? અક્કલમાં તો એ સૌને ઊઠાં ભણાવી જાય. પણ મર્દાઈમાં યે પાછો પડે નહિ. આ જેરાજ શાહ આગ્રહી હતો - એંટીલો હતો. વેપાર તો વાણિયાના ઘરનો ધંધો. પણ જેરાજ શાહ તો લાગ ફાવતો ત્યારે ધાડ મારી આવવાનું પણ ચૂકતો નહિ. વાગડના વાઘેલા અને મિયાણા પણ એની સાથે બાખડતાં વિચાર કરતા.

સરથરીના ચારણો સાથે જેરાજનો ધીરધારનો જૂના વખતનો વ્યવહાર હતો. એનું વ્યાજ હતું મારવાડી અને ઉઘરાણી હતી પઠાણી !

આ વખતે વરસ કરવરું આવી પડવાથી રાયથરીના ચારણો એનું દેવું ચુકવી શક્યા ન હતા. ચારણોના આ લાસરિયાપણાથી જેરાજને એક વાર ગુસ્સો આવી ગયો. ઘોડી પર પલાણ નાખી ચારણો પાસેથી પોતાના લેણાની રકમો વસૂલ કરવા તે રાયથરી આવી પહોંચ્યો.

ઘોડીને બાંધી ગામના ઠાકર મંદિરમાં ખાટલો ઢાળી તે બેઠો. ચારણોને ભેળા કરીને હમણાં ને હમણાં એના લેણાની રકમો વ્યાજ સીખે ભરી આપવા તે તાકીદ કરવા લાગ્યો. ધાકથી અને ધમકીથી હાકોટા કરવા લાગ્યો. જેરાજ શેઠ આજે છેડાઈ પડ્યો હતો. અને પડકાર કરતો હતો, કે "નાણાં ન હોય તો બાયડિયું વેચીને પણ લેણાં ભરી દો!"

શેઠની આ રીતભાતથી તમામ ચારણો નારાજ થઈ ગયા. પણ શું કરે? નાણાંનો ધણી લાડકો કહેવાય, એટલે કંઈ બોલી શકતા ન હતા.

આ તરફ જેરાજ શેઠ વધુ ને વધુ ઉદ્ધતાઈ વાપરતો જતો હતો- છકતો જતો હતો. તને આમ હદ બહાર જતો જોઈને એક વૃદ્ધ ગઢવી

બોલી ઊઠ્યો : "શેઠ, ચારણોની તો તમને શરમ નથી પણ મંદિરના દેવોની તો શરમ રાખો!"

"શરમ? શરમ તો તમને નથી ગઢવી!" શેઠ તાડૂકી ઊઠ્યા.

"શેઠ, હું એમ કહેવા માગું છું કે આજ સુધી આ મંદિરમાં કોઈ ખાટલો ઢાળીને બેઠું નથી. તમે જ આજે આ માજાનો ભંગ કર્યો છે."

"તો હવે તમારાથી થાય તે કરી લ્યો!"

"શેઠ, ચારણો તો બીજું શું કરે. બહુ બહુ તો ત્રાગું કરે!"

"ચારણો ત્રાગું કરે તો આ વાણિયો એના પર પેશાબ કરે!"

બસ આ વાત ચારણોને ચોંટી ગઈ. પછી તો બોલાચાલી વધવા લાગી. બધા ચારણો ઉશ્કેરાઈ ગયા. થોડી મારામારી પણ થઈ. પરિણામે જેરાજ શેઠને વગર પડછીએ ઘોડી છોડીને તરત ભાગી જવું પડ્યું. પણ જતાં જતાં જેરાજ શેઠ જાસો આપતા ગયા કે "હું હમણાં તો જાઉં છું પણ રાયથરીમાં તમે કેટલા દિવસ રહી શકો છો તે પણ હું જોઈ લઈશ!"

ચારણો સમજી ગયા કે આ તો સાપને બાંડો કરવા જેવો તાલ થયો. જેરાજ શેઠ હવે રાયથરી ભાંગ્યા વોણો રહેવાનો નથી. હવે કયો રસ્તો લેવો, બધા વિચારમાં પડી ગયા.

ઘણી ઘણી વાતો થઈ - ઘણા ઘણા વિચારો રજૂ થયા. આખરે ચારણોએ એમના અમોઘ શસ્ત્રનો ઉપયોગ કરવાનું નક્કી કરી લીધું. એ શસ્ત્ર - ત્રાગું !

રાયથરીમાં પોણો સો વરસની એક વૃદ્ધ ડોશી રહેતી હતી. આખું ગામ એને આઈમા કહીને બોલાવતું. બધા ચારણો મંદિરમાંથી ઊઠીને આઈમા પાસે આવ્યા. કહેવા લાગ્યા - 'આઈ, આજે તો તમારી ખપત પડી છે!'



"મારી ખપત પડી? બાપલા, મારી પાસે તો હવે મારાં હાડકાં છે! જોઈએ તો લઈ જાઓ!"

"આ એની જ ખપત છે આઈ! પેલો કટારિયાવાળો જેરાજ ઉઘરાણીએ આવેલો તે ચારણોના ત્રાગાની ઠેકડી ઉડાવીને હાલતો થઈ ગયો છે મા! એને બતાવવું છે કે તેં હજી ચારણોનાં ત્રાગાં જોયાં નથી."

"એમ છે માડી? ત્યારે તું ભણ તો ખરો, શું આપાં?"

"બીજું કંઈ નહિ આઈ, અમને તો તમારું માથું ખપે છે!"

"માથું જ ખપે છે ને? તો આ માથું હમણાં જ વાઢી જા ને વીરા! તમારું ભલું થીએ તો આ રહ્યું મારું માથું. ચારણાંને માથાનો મોહ કે દિ' હતો?"

અને આઈમાએ માથું ચારણોની સામે ધરી દીધું.

"હમણાં નથી ખપતું માડી ! અમે આવતીકાલે વહેલી સવારે આવીએ છીએ. તમે તૈયાર રહેજો!"

નિશ્ચય થઈ ગયો. વળતે દિવસે દિ' ઊગતાં જ આઈનું માથું વાઢીને જેરાજ શેઠને હાથોહાથ આપવાનું નક્કી થઈ ગયું.

વળતે દિવસે વહેલી સવારે રાયથરીના ચારણોનાં જૂથનાં જૂથ ગામ બહાર આવેલ દેવલ માતાની દાદી જશોદા આઈના મંદિરમાં એકત્ર થઈ ગયાં. કણેરનાં ફૂલની માળા ગળામાં પહેરી, લાકડીને ટેકે ટેકે પેલાં ડોશીમા પણ આવી પહોંચ્યાં. મસ્તક સમર્પણનો વિધિ ચાલુ થયો. વિધિ પૂર્ણ થતાં આઈએ માથું નમાવ્યું. એક ચારણ યુવાન હાથમાં પાણીદાર તલવાર લઈને ખડો થઈ ગયો.

આઈના મસ્તક પર જ્યાં તલવારનો ઘા કરવા જાય છે ત્યાં દૂરથી જોગમાયા જેવી કોઈ ચારણ દેવી દોડતી આવતી દેખાઈ. ચારણ યુવાનનો

હાથ થંભી ગયો. થોડીવારમાં જ ખબર પડી કે એ તો ખોડાસરથી દોટમદોટ આવતી દેવલ માતા છે.

રાયથરીના ત્રાગાની વાત સાંભળીને એનું લોહી ઊકળી ઊઠ્યું હતું. એને વિચાર આવ્યો કે એના બેઠા છતાં એક વયોવૃદ્ધ આઈનું ચીમળાયલું અને કરચલીઓવાળું માથું કપાય એ ઠીક નહિ!

ત્રાગાની થાળીમાં તો તાજું લીલા નાળિયેર જેવું માથું જોઈએ. અને દેવલ માતાએ એના પોતાના લીલા માથાનું દાન કરવાનો નિર્ણય કરી લીધો. પાંચ વરસના પોતાના પુત્ર વાસાને પતિને હવાલે કરીને તે વહેલી પરોઢે ખોડાસરમાંથી નીકળીને રાયથરી ગામે આવી પહોંચી હતી.

"દેવલ, તું આવી? ભલે આવી હો! હવે આઈના માથાને જરા ઠીક કરીને પકડ તો ઝટ એક જ ઝાટકે બે કટકા પડી જાય!" ગામના ગલઢેરાએ દેવલનો સત્કાર કરતાં કહ્યું.

"પણ દાદા, આઈના આવા સૂકા કોચલા જેવા માથાને શું કરશો?" દેવલ માતાએ પ્રશ્ન કર્યો.

"એ તો દીકરી, પેલો કટારિયાવાળો દૈત જેરાજ છે ને, એને પોગાડવું છે! ચાલ હવે વાર મા કર!"

"પઈ આઈના આ કરચલિયુંવાળા માથા કરતાં મારું લીલું માથું આપું તો?" દેવલની આંખોમાં વીજળીનાં કિરણો ફૂટી નીકળ્યાં.

"તું છો દેવલ, રાયથરીની દીકરી! તારું માથું વાઢીએ તો તો અમારું જડાબીડ જાય!"

"પણ કટારિયાવાળા એ કાળિયાને બારણે લોહીના થાપા હું લગાવીશ દાદા! આ ડોશીથી નહિ લાગે! ચાલો એક વાર કટારિયાના પાદરે પોગીએ! બીજું બધું પછી!"



અને દેવલનું આખું રૂપ પલટી ગયું. આંખોમાંથી જાણે આગ ઝરવા લાગી. સાક્ષાત્ ચંડી સામે ઊભી હોય એવી એ દેખાવા લાગી. આખું ચારણ મંડળ એના વિકરાળ સ્વરૂપથી અંજાઈ ગયું. બધા એની આજ્ઞાને વશ થઈ ગયા.

આગળ રણચંડી જેવી દેવલ અને પાછળ આખા ગામના ચારણો કટારિયાને માર્ગે ચાલવા લાગ્યા. સતીને જાણે સત ચડી ચૂક્યું હોય એવી દેવલ, તીરની ગતિથી સૌથી પહેલાં સપાટાબંધ રસ્તે કાપ્યે જતી હતી.

કટારિયાના પાદરમાં સતી માતા થોભ્યાં. ખુલ્લી તલવારે એમની સાથે જ દોડ્યા આવતા ચારણ વીરને એની ફરજ બજાવવા સૂચના આપી અને સતીમા મસ્તક નમાવી ઊભાં રહ્યાં.

"હર હર મહાદેવ!" ના ગગનભેદી અવાજ સાથે તલવારને એક જ ઝાટકે દેવલ માતાનું માથું ધડથી દૂર થઈ ગયું. ચારણોએ એને હાથોહાથ અધ્ધર ઝીલી લીધું.

દેવલ માતાના રક્ત નીંગળતા મસ્તકને એક મોટા થાળમાં પધરાવી ચારણ મંડળી આગળ વધવા લાગી. માથાની પાછળપાછળ દેવલ માતાનું ધડ પણ ચાલવા લાગ્યું.

આ અદ્‌ભુત દૃશ્ય જોઈને કટારિયાના લોકો સ્તબ્ધ બની ગયા. કેટલાક તો ખેતર જતાં જતાં પોતાનાં સાંતીડાં છોડી જેરાજ શેઠને સમાચાર પહોંચાડવા દોડ્યા કે લોહી વહેતું દેવલ માતાનું ધડ તમારે બારણે થાપા દેવા દોડ્યું આવે છે માટે ચેતજો!

આ સમાચાર સાંભળીને જેરાજ શેઠ એકદમ હેબતાઈ ગયો. દેવલ માતાના ત્રાગાનો તાપ એનાથી ઝિલાણો નહિ. એ એની મેડીની બારીએ ઊભો હતો ત્યાંથી ઊથલી પડ્યો અને ખોપરી તૂટી જતાં તે જ વખતે

મરણ પામ્યો.

એનો ભાઈ હીરજી મોઢામાં તરણાં લઈને ત્રાગે ચડેલા ચારણો સામે આવ્યો અને માતાના પગ પાસે પડીને માફી માગવા લાગ્યો.

શરણે આવેલા હીરજીને ક્ષમા આપતાં ચારણ મંડળે પોકાર કર્યો - "હીરજીની જય ! જેરાજની ખે!"

આજે પણ ચારણો મસ્તકનાં દાન દેનારી દેવલ માતાને બિરદાવતાં કહે છે -

*ભલા જેના ભાગ, દેવલ જેવી દીકરી,*
*સાસરિયે સોભાગ, પિયર પરચા પૂરિયા.*
*દેવલ દોયલાં ટાળિયાં, રાખ્યાં કાયમ રાજ,*
*મન માન્યાં મ્યાજર તણા, કવિ સુધારણ કાજ.*

અને દેવલ માતાનો દીકરો વાસો જેને પાંચ વરસનો છોડીને દેવલબાઈ ખોડાસરથી નીકળી પડ્યાં હતાં એ વાસાને પણ એની માતાનો વારસો મળી ચૂક્યો હતો.

કચ્છની ચિત્રોડ જાગીરના ઠાકોર એ વખતે પૃથુરાજજી બાવા હતા. વાસાએ ચિત્રોડ જાગીર સામે પોતાને થયેલા ખેતરના અન્યાય માટે ત્રાગું કરેલું. ચિત્રોડ જાગીર સામે પોતાને થયેલા ખેતરના અન્યાય માટે ત્રાગું કરેલું. ચિત્રોડથી એક માઈલ દૂર એણે ત્રાગું કરીને તેલિયો ડગલો પહેરી લીધો હતો. સળગતા ડગલા સાથે સળગી રહેલા વાસા ચારણે છેક ગામમાં આવીને દરબારગઢ પર થાપા માર્યા હતા. દરબારગઢની મેડી સામે ખારી ભાગોળ પાસે એનું સળગતું શરીર જમીન પર પટકાઈ પડ્યું હતું. એની યાદમાં ચારણો કહે છે -



*દેવી જેનાં માત, દેવલ દે સાક્ષાત્,*
*એ દેવીનો દેવ, વાહો થ્યો વિખ્યાત.*

વાહો પોતે પણ ત્રાગા વખતે દુહા બોલતોબોલતો ચાલતો હતો. તે ત્રણ સો દુહા બોલ્યો હતો એમ કહેવાય છે. ત્રણસો દુહામાંનો એક આ પ્રમાણે છે -

ચોક્કસ જહે ચિત્રોડ, લે પેથલ તું ખેતા,
હીંહવા-પાવડા લીધા હાથ, ઈ ગઢ-કોઠા દિન કેતા?

અર્થાત્ ચિતોડ હવે ચોક્કસ જશે! હે પૃથુરાજ તું ખેતર ભલે લઈ લે! કોદાળી-પાવડા હાથમાં લીધા છે તો પછી આ ગઢ અને કોઠા હવે કેટલા દહાડા રહેવાના છે!

વાહાના ત્રાગા પછી ચિત્રોડના ઠાકોર પૃથુરાજજી કંઈ પ્રવાહી જોઈ શકતા નહિ. કોઈ પણ પ્રવાહી પદાર્થ જોતાં તેમાં તેલિયો ડગલો પહેરીને સળગી રહેલો વાહો ચારણ દેખાતો.

# ૧૪. રણમલ ગઢવી

કચ્છના મહારાઓ શ્રી દેશળજી બીજાના વખતમાં એટલે આજથી લગભગ સવાસો વર્ષ પહેલાં માંડવી તાલુકે આવેલા બા શ્રી સૂરજબાના સરલી ગામમાં રણમલ્લ ગઢવી થઈ ગયા. રણમલ્લ ગઢવી એટલે ગમે તેવા ચમ્મરબંધને પણ મોઢા માથે ખરેખરું ફટકારનાર એક નીડર કવિ. આ કવિરાજ કોઈની શેહમાં તણાઈને દબાઈ જાય એવા ન હતા. આખા કચ્છમાં ફરીફરીને એમણે ઘણાં ગામો માટે અને ઘણા ઠાકોરો માટે કંઈ ને કંઈ નુકતેચીની કરી છે.

એક વખત આ રણમલ્લ ગઢવીને કચ્છનો પ્રવાસ કરવાની ઈચ્છા થઈ. પોતાની 'કિયાડી' ઘોડીને તૈયાર કરતાં કવિ કહે છે કે : 'કિયાડી ! જોતું મારી સાથે ફરવા ચાલે તો તને પુષ્કળ માલવાળા મોટા મોટા જાડેજાઓનાં દર્શન કરાવું.'

*કિયાડીને રણમલ્લ કે'છે, હેત થકી તું હાલે,*
*જાડેજા દેખાડાં જાલમ, માલ મોકળા મ્હાલે.*

જવાબમાં કિયાડી (ચારેય પગનો નીચેનો ભાગ સફેદ હોય એવી



ઘોડી) કહે છે : 'ગઢવીજી ! તમે મને જ્યાંત્યાં લઈ તો જાઓ છો, પણ પછી મને ખીલે બાંધીને તમે તમારા ડાયરામાં એવા જામી જાઓ છો કે મારો તો ભાવ જ પૂછતા નથી તેનું શું?'

*કિયાડી ગઢવીને કે'છે, એક વાત સુણ મારી,*
*બાંધીને બેસી રે' બારો, એવી આદત તારી!*

ગઢવી કહે છે : 'કિયાડી ! તારામાં આવી લાલચુ વૃત્તિ ક્યાંથી આવી? ચાર વરસથી તું મારી પાસે આવી છે તેમાં તને કોઈ દિવસ દુઃખણી કરી છે ખરી?'

*ગઢવો કે' છે સુણ રે ઘોડી, લોભવૃત્તિ કાં લીધી?*
*ચાર વરસ ચડતે ત્યાં તેમાં કે'દિ દુઃખણી કીધી?*

ઘોડી કહે છે : 'જો સાંભળ ત્યારે !'

*ઘોડી કે' છે સાંભળ ગઢવા, વિગતે મારી વાણ,*
*એક રાત જ્યાં રિયા બાંડિયે, ન મલ્યાં ખડ-જોગાણ.*

ગઢવી કે' છે : 'પણ ઘોડી ! તું ભૂલી કેમ જાય છે? બધે ઠેકાણ કાંઈ બાંડિયા ગામ હોતાં નથી.'

*ગઢવો કે' છે સુણ રે ઘોડી, ભૂલી કેમ તું ભરમી?*
*બધે ઠેકાણે નો'ય બાંડિયા, ક્યાંક ઘણા છે કરમી.*

કિયાડી ઘોડી સાથે આમ વાર્તાલાપ કરીને આખરે રણમલ્લ ગઢવી પ્રવાસમાં નીકળી પડે છે. કચ્છનાં ગામોનો અને કચ્છના ગરાસીઆનો અનુભવ કરતા અને કડવી-મીઠી વાણીથી દરેકની રૂપરેખા દોરતા રણમલ્લ ગઢવી આખા કચ્છમાં ઘૂમી વળે છે. જ્યાં જેવું જુએ છે ત્યાં તેવું કહી દે છે. 'રણમલ્લ દેખે તેવું ભાખે, રણમલ્લ છંદો કણું ન રાખે.' એ કંડિકા એમના પ્રત્યેક દોહરા પાછળ હાજર હોય છે. નાગ્રેચા ગામને માટે કવિ

કહે છે -

*નાંગ્રેચે નર-નાયક મલિયા, ચાંદો ભાઈ ચેંતા*
*કેસર તણો પોત્રો કરમી, રાખે રૂડી રીતાં,*
*ભૂપત દેખે તેડા ભાખે, રણમલ્લ છંદો કણું ન રાખે.*

સાયરા ગામમાં કવિની ઘોડીને ઉપવાસ આવી પડતાં ગઢવી કહે છે -

*સારો ગામ સાયરો, પણ પીવા ખારો પાણી,*
*ખડ-જોગાણનો પતો ન મળે, કિયાડી કચવાણી.*

નળિયા માટે કવિ કહે છે -

*નળિયામાં તો નેવું પાંતી, ઠકરાતું કેમ ચાલે?*
*એક એક ને અનેક કુંવારા, વરસે વધતા હાલે.*

આમ ગામેગામની ખબર લેતા અને ગરાસીઆની કસોટી કરતાં કવિ વાગડમાં છેક આડેસર સુધી પહોંચે છે. આડેસરના ઠાકોર કલાજીના સત્કારથી ખુશી થઈને કવિ તેને બિરદાવતાં કહે છે -

*કલા સરીખો દૂજો કોઈ, દીઠો નહિ દાતારાં,*
*આડેસર-રા ધણી ઉપરે, વાગડ આખી વારાં,*
*ભૂપત દેખે તેડા ભાખે, રણમલ્લ છંદો કણું ન રાખે.*

રણમલ્લ ગઢવીની વાણીમાં વેધકતા છે - સચોટતા પણ છે. ક્યાંક તો એમણે ખૂબ જ તીખાં-તમતમતાં વેણ સુણાવી દીધાં છે. કચ્છના ગામેગામના ગરાસીઆઓ રણમલ્લ કવિના નામથી ચમકી ઊઠતા. ભાગ્યે જ કોઈ ભાયાતી ગામ એમની ઝપટમાંથી બચી ગયું હશે!

રણમલ્લ ગઢવીને ઝપાટે જે કોઈ ચડી જાય તેને ચાબખા ફટકારવામાં તે કદી પાછું વાળી જોતા નહિ. એમના તીવ્ર અને અસહ્ય



પ્રહારોથી અકળાઈને એક વાર આખા કચ્છના ગરાસીઆઓ ખળભળી ઊઠ્યા હતા. આ કટાક્ષકવિને કચ્છમાંથી દેશપાર કરવા માટે કચ્છના રાજવી દેશળજી બાવા પાસે ફરિયાદ કરવામાં આવી. ભાયાતો અને અન્ય ગરાસદાર વર્ગની મોટી સભા ભરવામાં આવી. ભાયાતો અને અન્ય ગરાસદાર વર્ગની મોટી સભા ભરવામાં આવી. કવિને પણ કચ્છ-દરબારની હાજરીમાં ત્યાં હાજર રાખવામાં આવ્યા.

કવિ વિરુદ્ધની ફરિયાદમાં પળાંસવાના ઠાકોર પૂંજાજી મુખ્ય હતા. કવિ સામેના પુરાવા રજૂ કરવા બાવાએ ફરમાન કર્યું. એ વખતે સૌ કોઈ એકબીજાનાં મોઢાં સામે જોવા લાગ્યાં. આ પ્રસંગે કવિએ રા'દેશળ સન્મુખ એ જ પૂંજાજી ઠાકોરને રૂંવાડાં ઊભાં થઈ જાય એવાં વેણ સંભળાવ્યાં. પછી તો આગળ વધવામાં કંઈ માલ નથી એમ સમજીને સૌએ ભીનું સંકેલી લીધું. કવિને દેશવટાને બદલે સરપાવ આપીને વિદાય કરવામાં આવ્યા. આ હતી રણમલ્લ ગઢવીની વાણીની તાકાત!

આ સ્પષ્ટવક્તા કવિ સંવત ૧૯૨૦માં સ્વર્ગવાસી થયા. કચ્છની જનતા આજ પણ કવિને યાદ કરતાં એમનાં વેણ ઉચ્ચારે છે કે -

*રણમલ્લ દેખે તેડા ભાખે,*
*રણમલ્લ છંદો કણું ન રાખે!*

# ૧૫. મંગીઓ પટેલ

કચ્છની જનતામાં આજે પણ એક પિરોલી (સમસ્યા) પ્રચલિત છે
-

*નાંગ નય કે વાંઈવેં ભરા, વિઠી બુકે વા.*
*જુકો ગિને નાં, તેંજી થીએ મા.*

ભાવાર્થ - ભુજપુર કાંઠીની નાગમતી નદીની આથમણી તરફ એ આજે હવા ફાકી રહી છે. જે એનું નામ લે તેની એ માતા બની જાય છે.

'આ સમસ્યાનો ઉત્તર છે 'માડી ગામ'. એનું નામ જ 'માડી'. આ માડી ગામ બુજપુરની પશ્ચિમે અને દેશલપુરથી ઉત્તરે એકાદ ગાઉના અંતર પર આવેલ છે. આજે તો એ ઉજ્જડ જેવું જ બની ગયું છે. માત્ર એનાં ખંડેરો જ આજે અસ્તિત્વ ધરાવે છે.'

આજથી ચાર સેં વર્ષ પર માડી ગામ ખૂબ સમૃદ્ધિશાળી અને જાહોજલાલી ભોગવતું એક શહેર હતું. કચ્છનાં જૂનાં બંદરો જંગી, ભદ્રેસર અને નવી નાળની હારમાં એની પણ ગણતરી થાય છે. વેપારનું એ મોટું મથક હતું. દેશવિદેશથી મોટાં મોટાં વહાણો જાતજાતનો માલ ભરીને



એનાથી થોડે દૂર આવેલ દરિયાકાંઠે નાંગરતાં. નવી નાળ અને ટુંડાની વચ્ચે આવેલ આજનું દાણદેરીનું મકાન એનું જકાતનાકું હતું.

★

કચ્છના રાજતંત્રને સુવ્યવસ્થિત કરનાર કચ્છના રાઓશ્રી પહેલા ખેંગારજી પછી એમના કુંવર ભારમલજી ગાદીએ આવ્યા. ખેંગારજીએ પ્રાપ્ત કરેલી રાજસંપત્તિ ભારમલજીએ ઉદાર હાથે વાપરેલી એથી કચ્છમાં કહેવત ચાલી કે 'ખટ્યો ખેંગાર ને ભોગવ્યો ભાર.'

ભારમલજીનો કુંવર મેઘજી થયો. મેઘજીના દસ કુંવર હતા. પાટવી કુંવર બીજા ખેંગારજી અને બીજા કુંવર હતા અજાજી. આ અજાજીને ગ્રાસમાં માડી ગામ મળ્યું હતું. અજાજીએ ડહાપણથી માડી ગામને વિશેષ વિકસિત કરીને પ્રજાનો પ્રેમ સંપાદન કર્યો હતો. અજાજીના અવસાન પછી માડી ગામ છિન્ન-ભિન્ન અને બેહાલ બની ગયું. લોકોમાં કહેવત ચાલી કે 'અજો નાંય ઘરેં તડેં માડી તી મુલ કરે.'

માડી ગામ ઉજ્જડ થઈ ગયું તેની પાછળ એક દંતકથા ચાલે છે. એક હજામનું માડીમાં વધુ પડતું વર્ચસ્વ હતું. રાજકારણમાં પણ તે આગળ પડતો ભાગ ભજવતો. એણે પોતાની બુદ્ધિનો સદુપયોગ કરવાને બદલે દુરુપયોગ કરવા માંડ્યો. એની કુટિલતાએ માડી ગામને નષ્ટભ્રષ્ટ અને વેરવિખેર કરી નાખ્યું. તેણે ગરાસીઆ અને વેપારીઓને જુદી જુદી રીતે ભરમાવીને તેમનામાં કુસંપ અને વેરઝેરનાં બી વાવી દીધાં. આ વેરઝેર અને વિખવાદ દિવસેદિવસે વધતાં ગયાં અને એમાંથી આખરે અરાજકતાની ભયંકર આફત ઊભી થઈ. મારફાડ અને લૂંટફાટ વધવા લાગી. કોઈના જાનમાલની સલામતી રહી નહિ. આ ત્રાસથી આખરે માડીની પ્રજા ત્રાસી ગઈ - થાકી ગઈ. પરિણામે માડી ગામનો ત્યાગ કરી

બીજાં ગામોમાં વસવાટ કરવા ભાગી છૂટી.

માડીને ઉજ્જડ કરનાર હજામનો પાળીઓ આજે પણ માડી ગામમાં ખડો છે અને ત્યાં જનાર દરેક માણસ આ હજામના કુકર્મ પ્રત્યે પોતાનો તિરસ્કાર વ્યક્ત કરતવા તેના પાળીઓને એકએક પથ્થર મારતો રહે છે. એ રીતે આ હજામના પાળીઆ પાસે પાણાનો એક મોટો ઢગલો ખડકાઈ ગયો છે. ઈન્દ્રપુરી જેવા આ સુંદર શહેરને સ્મશાનની હાલતે પહોંચાડનાર આ માણસના પાળીઆ તરફ પણ કચ્છી પ્રજા કેટલી ઘૃણાની નજરે જુએ છે તે આ ઉપરથી સહજ સમજી શકાય છે.

માડી ગામ જ્યારે છિન્નભિન્ન થવા લાગ્યું ત્યારે પ્રજાજનો પોતપોતાનાં રાચરચીલાં અને ધનદોલત લઈને પોતપોતાને અનુકૂળ આવે એવી સલામતીભરેલી જગાએ નાસભાગ કરવા લાગ્યા. કેટલાક મુન્દ્રામાં અને આજુબાજુનાં ગામોમાં નીકળી ગયા. કોઈ માંડવી તરફ ચાલ્યા ગયા. કહેવાય છે કે માડી ગામ ઉજ્જડ થતાં માંડવી બંદર સમૃદ્ધ થયું અને ત્યારથી વધવા લાગ્યું.

માડી ગામમાં મંગીઆ પટેલની ગણના એક ધર્માત્મા ગૃહસ્થ તરીકે થતી. કાંઠી પ્રદેશની ઓસવાળ કોમનો તે પટેલ હતો. વંશપરંપરાથી ઊતરી આવેલી અઢળક સંપત્તિનો તે માલિક હતો. આ મંગીઆ પટેલના બીજા ત્રણ ભાઈ હતા. મંગીઓ સૌથી મોટો હતો એના પિતાને મોટી ઉંમર સુધી કંઈ સંતતિ ન થતાં તેણે પાણા એટલા પીર કર્યા ત્યારે આ મંગીઆનો જન્મ થયો હતો. આ કારણથી જ એનું હલકું નામ મંગીઓ રાખવામાં આવેલ.

માડી ગામમાં રહેવું એ હવે જાનમાલને જોખમમાં રાખવા જેવું હોવાથી મંગીઆ પટેલનો એક ભાઈ દેશળપુર જઈ રહ્યો. બીજા ભાઈએ



ભુજપુર વસાવ્યું. ત્રીજો હાલાર તરફ ચાલ્યો ગયો. અને મંગીઓ પટેલ લૂણી ગામના હાલા ગરાસીઆઓના આમંત્રણથી માડી ગામનો ત્યાગ કરી લૂણી જવા તૈયાર થઈ ગયો.

મંગીઓ પટેલ પોતાની સઘળી મિલકત અને રાચ-રચીલું ગાડાંઓમાં ખડકીને સહકુટુંબ માડી ગામ મૂકીને રડતા હૃદયે વિદાય થયો.

મંગીઓ પટેલ માલેતુજાર હોવાથી ચાર મિયાણાની એક ધાડપાડુ ટોળકી એના તરફ મીટ માંડી રહી હતી. તેમણે જ્યારે મંગીઆ પટેલને મોટી મિલકત સાથે માડી ગામની વિદાય લેતો જોયો ત્યારે આ લોકોના મનમાં એને લૂંટી લેવાનો સળવળાટ જાગ્યો. એમણે વિચાર્યું કે આજે આકડે રહેલી માખી ટપકાવી લઈએ તો જિંદગીભરનું દાળદર ચૂર થઈ જાય. અને આ વિચારે એ પંજહથા મિયાણાની લુંટારુ ટુકડીએ મંગીઆ પટેલનાં ગાડાંની પૂંઠ પકડી. આ પાકી બોરડીને ખંખેરી લેવાનો લાગ શોધતા તે મંગીઆના ગાડાંની પાછળપાછળ ચાલવા લાગ્યા. આગળ ંગીઓ પટેલ અને પાછળ મૂછે લીંબુ ઠરે એવી વંકડી મૂછોવાળા મિયાણા મૂછે તા દેતા ચાલ્યા આવે છે. પણ મનમાં ધારેલી મુરાદ પાર પાડવા માટે નિશ્ચિત કરેલાં સ્થાનો પર કંઈ ને કંઈ અડચણો આવી પડવાથી એમની મુરાદ બર આવતી ન હતી.

મંગીઓ પટેલ માડી ગામથી નીકળ્યો તે જ વખતે દૂરથી ના તરફ એકીટસે નિહાળી રહેલા આ મિયાણાની મનોભાવના તે કળી ગયો હતો. એણે તો પ્રથમથી જ બે બહાદુર વળાવિયાને પોતાની સાથે લઈ લેવાની વ્યવસ્થા કરી રાખી હતી. ગાડાં ચાલ્યાં જતાં હતાં. મંગીઓ પટેલ હાથમાં નૌકારસી લઈ પ્રભુસ્મરણમાં લીન હતો.

ગાડાં ચાલતાં લૂણીની લગોલગ આવી પહોંચ્યાં. મિયાણાઓએ

વિચાર્યું કે હાથમાં આવેલ માલદાર શિકાર આમ છટકી જાય તો તો બધી મહેનત પર પાણી જ ફરી વળે.

લૂણીથી દોઢ બે ગાઉ પહેલાં 'જંગી' નામે ઘનઘોર ઝાડીવાળું ઘટ્ટ જંગલ આવતું હતું. આજે તો આ ઝાડી લગભગ નાબૂદ થઈ ગઈ છે. પણ જૂના વખતમાં આ ઝાડી વચ્ચેથી પસાર થવામાં પણ જોખમ હતું. છેલ્લે આ સ્થળ મિયાણાઓએ પોતાના મનમાં નક્કી કરી રાખ્યું હતું. ચોર-લૂંટારાની લૂંટ માટે આ સ્થાન દરેક રીતે અનુકૂળ હતું.

ગાડાની હેડ હાલી જાય છે, મંગીઓ પટેલ સૌથી આગળના ગાડામાં શાન્ત ચિત્તે બેઠો છે. એટલામાં ચારે મિયાણા મારમાર કરતા આવી પહોંચ્યા. બે મિયાણાઓને બંદૂકના બે ભડાકા કરીને બધાને સ્તબ્ધ બનાવી દીધા. ગાડાવાળા ગભરાઈ ગયા. બળદો થંભી ગયા. મિયાણાઓએ મંગીઆ પટેલનો હાથ પકડીને ગાડા પરથી નીચે ખેંચી લેતાં કહ્યું : 'પટેલ! ઘણાં ડીં માલ-મિલકતને સાંચવે વિઠા, હાણે હિતે અસાં વટે હાજર કરે ડ્યા ! (પટેલ ! ઘમા દિવસ માલ-મિલકતને સાચવી બેઠા હતા હવે અહીં અમારી આગળ હાજર કરી દો!)' આમ કહીને મિયાણાઓ મંગીઆ પટેલને બાંધી મૂકવાની તૈયારી કરતા હતા ત્યાં તો પાછળના ગાડામાં બેઠેલા બે શૂરવીર વળાવિયા એકાએક ગાડા બહાર કૂદી પડ્યા. બંને જણે પોતા પાસેની બે જોટાળી બંદૂકો મિયાણાઓ તરફ તાકી દીધી. માત્ર ઘોડો દબાવવાની જ વાર હતી ત્યાં તો મંગીઓ પટેલ વળાવિયાની બંદૂકો અને મિયાણાઓની વચ્ચે આવીને ઊભો, અને વળાવિયાને બંદૂક ફોડતાં રોકી લીધા.

મંગીઆ પટેલની આ મોટાઈ જોઈને એને લૂંટવા આવેલા. લૂંટારાનાં પથ્થરહૃદય પીગળી ગયાં. પટેલની ખાનદાનીએ એમને નરમઘેંશ જેવા



બનાવી દીધા. ચારે મિયાણા પટેલના પગોમાં ઝૂકી પડ્યા. ચારે જણ પોતાની ભૂલ માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યા-માફી માગવા લાગ્યા-આભાર માનવા લાગ્યા.

મંગીઆ પટેલે એ જ ઉદારતાથી એમની પીઠ થાબડીને કહ્યું : 'ભાઈ, મેં તો કશું વધારે નથી કર્યું. એ તો અમારો જૈન ધર્મ છે કે કોઈની પણ હિંસા ન થવી જોઈએ.'

આમ કહીને મંગીઆ પટેલે આ ચારે જણને ગાડામાં બેસવાની વ્યવસ્થા કરી દીધી અને માન સાથે એમને લૂણી ગામે લઈ આવ્યો. અહીં એમને પંદર દિવસ સુધી રોકી રાખ્યા. વિદાય વખતે સારી ભેટો અને સોના-રૂપાના દાગીના ઈનામમાં આપી એમને રજા આપી. અને આ સત્કારના બદલામાં એટલું માગી લીધું કે આજથી એમણે ચોરી અને લૂંટફાટનો ધંધો છોડી દેવો.

ચારે જણાએ મંગીઆ પટેલની માગણીનો સ્વીકાર કર્યો અને પોતાને શુભ માર્ગે ચડાવવા બદલ મંગીઆ પટેલનો ખૂબ ઉપકાર માની પંથે પડ્યા.

મંગીઆ પટેલે માડી ગામથી વિદાય થવા વખતે જ પોતાના મન સાથે સંકેત કરી લીધો હતો કે સહીસલામત લૂણી પહોંચી જવાય તો મિલકતનો અર્ધો ભાગ જનસેવામાં વાપરવો. આ સંકેત અનુસાર પટેલે લૂણી ગામને અગ્નિખૂણે બાર માસ પાણી ચાલે એવું એક વિશાળ તળાવ બંધાવ્યું. જે આજે મંગીઆસરને નામે પ્રસિદ્ધ છે. ઉપરાંત બીજાં પણ કેટલાંક નવાણો અને તળાવડીઓ બંધાવી તે આજે પણ લૂણીની સીમમાં મોજૂદ છે.

કહે છે કે મંગીઆ પટેલે લૂણીમાં પગ મૂક્યા પછી લૂણીનો વિકાસ

થતો ગયો. લૂણી ગામ આજે કાંઠી પ્રદેશમાં ઠીક સમૃદ્ધ ગણાય છે. મંગીઆ પટેલની પંદરમી પેઢીના વંશજો મંગીઆ દાદાની કીર્તિકથામાં ગૌરવ લે છે.



# ૧૬. વીર કબાલી

ભારતના પહેલા વિમાની તરીકેનું માન મેળવીને કચ્છનું નામ રોશન કરનાર નવજવાન પુરુષોત્તમ કબાલી અસલ કચ્છ-લખપતના રહીશ. એમના પિતાનું નામ મેઘજી વલ્લભદાસ કબાલી. મેઘજી ઠક્કર ધંધા અર્થે લખપતથી મુંબઈ-ઘાટકોપર આવીને વસ્યા અને ત્યાં જ સ્થિર થયા.

સાહસિક અને સબળ સોહાણા જ્ઞાતિને ગૌરવ અપાવનાર કચ્છનો કર્મવીર પુરુષોત્તમ કબાલી બાલ્યકાળથી જ અનેક મહત્વાકાંક્ષાઓને સેવતો રહ્યો હતો. આખરે એણે વિમાની બની ઊંચે આકાશમાં ઊડવાનો નિર્ધાર કરી લીધો. માત્ર બાવીસ વરસની નવયુવાનીમાં તેણે પહેલા હિંદી વિમાનીનું બ્રિટનનું ‘બી’ લાઈસન્સ મેળવ્યું.

ઈ.સ. ૧૯૨૯ના એપ્રિલની બીજી તારીખે જ્યારે આ સમાચાર પ્રસિદ્ધ થયા ત્યારે હિંદી પ્રજાએ એક ગૌરવનો અનુભવ કર્યો હતો. પહેલા હિંદી પાયલટ તરીકે કચ્છી વીર કબાલીનું નામ પ્રખ્યાત થઈ ગયું. હિંદીઓમાં સાહસ અને ખમીરનો અભાવ નથી, અને હિંદની પ્રજા ગુલામ

રહેવા લાયક નથી, એમ વીર કબાલીએ પોતાના અનેરા સાહસથી જગતને બતાવી દીધું.

વીર કબાલીનો જન્મ ઈ.સ. ૧૯૦૭માં ઘાટકોપર ખાતે થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેણે ત્યાં જ પ્રાપ્ત કરેલું. મેટ્રિકની પરીક્ષામાં નરમ તબિયને લીધે છેક છેલ્લી ઘડીએ તે બેસી શક્યો નહિ, એટલે અભ્યાસ અધવચ્ચે જ અટકી ગયો. શાળાને છેલ્લી સલામ કરીને પુરુષોત્તમ વ્યાપારી વ્યવસાયમાં જોડાઈ ગયો. ઈ.સ. ૧૯૨૪માં તેના પિતા મેઘજી શેઠનું અવસાન થયું.

પિતાના અવસાન પછી કબાલી પુરુષોત્તમ પર કુટુંબનો ભાર પણ આવી પડ્યો. આથી તે 'બોમ્બે-બર્લીન ટ્રેડિંગ કંપની'માં જોડાયો. આ કંપની ફોટોગ્રાફિક સામાનનો મોટે પાયે વેપાર કરતી હતી. પુરુષોત્તમને ફોટોગ્રાફીમાં રસ પડવા માંડ્યો. તે દિશામાં આરપાર પહોંચી જવાની એનામાં કોઈ અજબ શક્તિ હતી. આ હસ્તગત કરી લીધી. પોતે જન્મથી જ ફોટોગ્રાફીની તમામ કળા તેણે હસ્તગત કરી લીધી. પોતે જન્મથી જ નિસર્ગપ્રેમી હોવાથી નૈસર્ગિક સૌન્દર્યની એની કલાત્મક છબીઓ નિરીક્ષકને મંત્રમુગ્ધ કરી દેતી. આ કલામાં વિકાસ સાધીને પુરુષોત્તમે અનેક ચંદ્રકો અને પારિતોષિકો પ્રાપ્ત કર્યા હતા. એફ.આર.એ.એસ. (લંડનની રોયલ સોસાયટી ઓફ આર્ટ્સના ફેલો) અને આર.પી.એસ. (રોયલ ફોટોગ્રાફિક સોસાયટીના એસોસિયેટ) એવી માનવંતી ડિગ્રીઓ પોતાની જાતમહેનતથી તેણે મેળવી હતી.

પુરુષોત્તમના અંતરમાં કંઈનું કંઈ કરી નાખવાની એક પ્રબળ તમન્ના ઉછાળા મારતી હતી. વિશાળ વ્યોમમાં વિહરવાની અભિલાષા સેવતા આ સ્વૈરવિહારી યુવાનને ધરતી પર જ પડ્યા રહેવાનું કેમ ગમે? માત્ર



છબીઓ પાડવાની કળામાં જ અમૂલ્ય જિંદગીને ખપાવી નાખવાનું તેને રુચ્યું નહિ. આકાશમાં ઊડીને પૃથ્વીનો પ્રવાસ કરવાની અને એ રીતે આખી પૃથ્વીને માપી લેવાની એની મહત્ત્વાકાંક્ષા દિનપ્રતિદિન જોર પકડતી ગઈ. એ જ તમન્ના પાર પાડવા એનું મન તલપી રહ્યું હતું. કોઈએ ન કર્યું હોય એવું કામ કરી બતાવવાની એની ઉત્સુકતા એને જંપીને બેસવા દેતી ન હતી.

એની નજર સામે નાચતાં અનેક પ્રકારનાં સ્વપ્નામાંથી એક સ્વપ્નું એણે પકડી લીધું. વિમાની વીર બનવાનો આખરે એણે પોતાના મન સાથે નિર્ણય કરી લીધો. વિમાન સંચાલનની વિદ્યા પ્રાપ્ત કરવા તેણે યુરોપની ધરતી પર પહોંચી જવાની તૈયારી કરવા માંડી.

ઈ.સ. ૧૯૨૮ના એપ્રિલની ૨૧ મી તારીખે યુવાન પુરુષોત્તમ જર્મની જવા ઊપડ્યો. ત્યાં તેણે વિમાન બનાવનારી એક કંપનીમાં વિમાન તૈયાર કરવાની તાલીમ લેવા માંડી. પાંચ મહિના અહીં જર્મનીની તાલીમ લઈને તે લંડન જવા વિદાય થયો. લંડનમાં સમુદ્રવિદ્યા અને વાયુચક્ર શાસ્ત્રનો તેણે અભ્યાસ કર્યો. પછી લંડનની 'ઈમ્પીરિયલ એરવેઝ લિમિટેડ' માં વિમાનનું સંચાલન કરવાની શાળાનો વિદ્યાર્થી બન્યો. એ વખતે લંડનમાં કર્નલ હેન્ડરસનની વિમાની શાળા પ્રખ્યાત હતી. આ શાળામાં તેણે નિયમિત રીતે વિમાનની ઉડ્ડયન કળાના વર્ગો ભરવા માંડ્યા.

પુરુષોત્તમની કાર્યદક્ષતા અને કાર્યક્ષમતાને લક્ષમાં લઈને અને એની અપૂર્વ ધગશ જોઈને હેન્ડરસન પણ દિંગ થઈ ગયો. 'એરોપ્લેન' નામના પત્રમાં પુરુષોત્તમની શક્તિને બિરદાવતા કર્નલ હેન્ડરસન લખે છે : 'મારે ત્યાં જ્યારે તે સૌથી પ્રથમ આવ્યો ત્યારે શરૂઆતમાં તો મને તેના પ્રત્યે જરાયે આશા ન હતી. પરંતુ માત્ર ૨૫ દિવસના ટૂંકા ગાળામાં

૪૨ કલાકમાં જ તેણે 'સોલો' સફરનું સંપૂર્ણ જ્ઞાન મેળવી લીધું અને દૂર દૂરની ઊંચાઈએ ઊડવાની, રાતે ઊડવાની તથા અનિયમિત માર્ગો - આડેધડ (ક્રોસ-કન્ટ્રી) રીતે ઊડવાની 'એ' અને 'બી' લાઈસન્સની બધી જ પરીક્ષાઓ તેણે પસાર કરી. વળી નવ હજાર ફૂટની ઊંચાઈએ ૨૫ મિનિટ રહીને તેણે વિમાનને બરાબર ચોક્કસ સ્થળે ઉતારી લેવાની કાબેલિયત અને કળાયુક્ત ચોકસાઈની સાબિતી આપી. ક્રોસ-કન્ટ્રી પાયલટ તરીકે જરૂર તે ભવિષ્યમાં નામના કાઢશે.!'

પુરુષોત્તમની આ પ્રતિભાથી આકર્ષાઈને એક બ્રિટિશ કમ્પનીએ તેને સારા વેતનથી પોતાને ત્યાં પાયલટ તરીકે જોડાવાની દરખાસ્ત મૂકી દીધી હતી. પરંતુ આ દેશપ્રેમી યુવાને તેનો અસ્વીકાર કરીને વિવેકપૂર્વક જણાવ્યું, કે 'હું તો હિંદી કમ્પની દ્વારા મારા દેશની જ સેવા કરવા માગું છું.'

ઈ.સ. ૧૯૨૯ના મે માસની ૨૨ મી તારીખે તેણે લંડનથી એક વિમાન ખરીદી લીધું. આ નવા વિમાનના નામસંસ્કરણનો વિધિ કૂચવિહારનાં મહારાણીના હાથે કરવામાં આવ્યો. અરુણ કાળે ઉડ્ડયન કરતા આ વાયુરથનું નામ 'અરુણ પિચ્છ' રાખવામાં આવ્યું. એના વિમાનનું આ કવિત્વમય નામ આપનાર ભારતનાં મહાન કવયિત્રી અને દેશસેવિકા શ્રીમતી સરોજિની નાયડૂ હતા.

કચ્છનાં ઊંડા ખૂણામાં આવેલા લખપત જેવા ગામનો આ નવ યુવાન પોતાના હવાઈ ખ્યાલો વડે બાંધેલા હવાઈ કિલ્લાને એકલે હાથે જ જાતમહેનતથી મૂર્ત સ્વરૂપ આપીને ભારતના પ્રથમ વિમાની તરીકે મેદાન મારી જાય એ પણ ઓછી વાત નથી. ધન્યવાદ આ સાહસિક યુવાનની સાહસિકતાને !



# ૧૭. આણદુભા

સવારનો સમય હતો. સૂર્ય ભગવાન હમણાં જ ક્ષિતિજ પર ડોકિયું કરીને ઉપર ચડી આવ્યા હતા. જગત પર ચેતના અને ઉત્સાહનાં પૂર રેડી રહ્યા હતા. કચ્છના માંડવી બંદરની શાકબજાર આજે વહેલી સવારથી ધમધમી ઊઠી હતી. માંડવીની આજુબાજુનાં ગામોમાંથી શાકભાજી લઈ આવતાં ગાડાંમાંથી શાક-પાનના ઢગલેઢગલા ઊતરવા લાગ્યા હતા.

શ્રાવણ માસ ચાલતો હતો. નવીનવી શાકભાજી રોજરોજ શાકબજારમાં આવતી હતી. આ વખતે એક બકાલી પહેલવહેલું જ એક સુંદર પાકેલું ચીભડું (વલિયો ચિભડ) પણ લઈને બેઠો હતો. આમ તો માંડવીમાં શાકભાજી ખૂબ સસ્તી વેચાય. જુદાજુદા બકાલાના એક શેરની કિંમત એક તાંબિયો કે એક દોકડો (બે તાંબિયા) જ હોય. તાંબિયો એટલે એક પાઈ. પૈસાનો ત્રીજો ભાગ. સામાન્ય રીતે તો બકાલું સસ્તું વેચાય, પણ કોઈ નવું શાકપાન બજારમાં આવ્યું હોય તો તેની કિંમતનો આધાર કાછીઆની વાકચાતુરી અને ખરીદ કરનાર ધણીના શોખ પર રહેતો.

અને માંડવી બંદર તો સમૃદ્ધિનો ભંડાર ! દિવસે ઊગે અને સૂતર

તથા રેશમની સેંકડો સાળોનો ધમધમાટ ચાલુ થઈ જતો. માંડવી બંદરના બતેલા, કોટિયા, બગલા વગેરે માંડવીની ઘડતરનાં જાતજાતનાં વહાણો તીરની ઝડપે આખી દુનિયાની મુસાફરી કરી આવતાં. માંડવીમાં શ્રીમંત કોમ તરીકે ભાટિયા અને વાણિયા પ્રખ્યાત. આ બંને કોમ ખાનપાનની પણ ખૂબ શોખીન. તેમાં પણ વાણિયા તો શાકપાનના ભારે સવાદિયા, એમની ખરીદી તો થોડીથોડી, પણ નવી શાકભાજીનો સૌથી પ્રથમ સ્વાદ લીધા વિના તો એમનાથી રહેવાય જ નહિ. ભાવ ભલે ગમે તેટલો તેજ હોય, તોપણ એ વખતે પૈસા ખરચવામાં વાણિયા પાછી પાની કરે નહિ.

ભાટિયામાં એ વખતે લોડા નુખના એક ભાટિયા વેપારી માંડવીમાં હતા. એનું નામ આણદુભા, આણદુ લોડાના નામે આ શહેરમાં એ પ્રખ્યાત હતા. એનાં વહાણ દેશ-દેશાવરના દરિયા ખૂંદી વળતાં. વહાણવટાનું એમનું કામકાજ તો બાપદાદાના વખતથી ચાલ્યું આવતું હતું. એમના કુટુંબના એક વડીલ પાસે એક મોટું વહાણ હતું. પાણી કાપવામાં એનો વેગ તો અદ્‌ભુત હતો. દરિયાના પાણીમાં જાણે હીંચકા ખાતું હોય એવી એની ચાલ હતી. આ કારણથી એ લોડા ખાતા વહાણનું નામ ‘લોડો’ રાખવામાં આવ્યું હતું. પછી તો આ વહાણના માલિક પણ લોડાના નામથી ઓળખાવા લાગ્યા. એજ કુટુંબમાં આણદુભા નામે એક મોટો મનનો શેઠ થયો. આણદુભાનો મહેતો દરરોજ દિવસ ઊગતાંવેંત માંડવીની શાકબજારમાં આવી પહોંચતો. શેઠના ઘર ાટે સારામાં સારી લીલોતરી - શાકભાજી ઊંચી કિંમત આપીને પણ ઉઠાવી જતો.

આજે શહેરની શાકબજારમાં પહેલવહેલું જ એક વલિયું ચીભડું આવ્યું હતું. આ નવા ચીભડાની આજે શરૂઆત જોઈને આણદુભાના મહેતાની એના પર આંખ મંડાઈ.



શાકપાનના વેચનારા કાછીઆ-બકાલી લોકો પણ માંડવીના શેઠીઆઓના શોખને સારી પેઠે સમજી ગયા હતા. જે નવું શાક પહેલવહેલું શાક બજારમાં આવે તેની મનગમતી કિંમત લઈ લેતા હતા. જે ચીભડું સામાન્ય રીતે એક દોકડાનું કે એક ઢીંગલા (ત્રણ તાંબિયા)નું મળે તેની આ કાછીઆ લોકો પાયલો (ચાર ઢીંગલા) ક્યારેક એક કોરી (સોળ ઢીંગલા) જેટલી પણ લઈ લેતા. કચ્છમાં એક કોરી તો એ વખતે મોટી વાત ગણાતી. મધ્યમ વર્ગનું કુટુંબ લહેરથી રહે તોપણ તેને એક દિવસની એક કોરી બસ થતી. કમાઉ દીકરો ‘કોરી ખટાઉ’ કહેવાતો.

કાછીઆએ આજે આ નવા આવેલા વલિયા ચીભડાની એક કોરી લેવાનો વિચાર કરી રાખ્યો હતો. એ જ વિચાર કરતો તે પોતાની શાકભાજી હજી બરાબર ગોઠવી રહ્યો ન હતો, ત્યાં તો આણદુભાનો મહેતો અહીં આવી ચડ્યો. આજે નવા શાકમાં એક મઝાનું ચીભડું બજારમાં આવેલું જોઈને તે રાજી થયો. આવતાંવેંત એ ચીભડાનો ભાવ પૂછતાં તે બોલી ઊઠ્યો : ‘આના ચાર ઢીંગલા આપું કે આઠ આપું? ’

આજે બરાબર લાગ આવ્યો જાણીને કાછીઓ બોલ્યો : ‘મહેતાજી, આજે તો આ નવી સોગાદ શેઠના ઘર માટે જ ખાસ લાવ્યો છું. એક કોરી આપો અને આ ચીભડું ઉપાડી જાઓ!’

બરાબર એ જ વખતે માંડવીના નગરશેઠ ગલાલચંદ શાહનો મુનીમ પણ અહીં હાજર થઈ ગયો. ગલાલચંદ અને આણદુભા બંને મિત્રો હતા, હરીફો હતા, ધનાઢ્ય હતા, કોઈ કોઈથી ઓછા ઊતરે એમ ન હતા. ગલાલચંદ શેઠના મુનીમે વિચાર્યું કે આજે આવેલી આ નવી વસ્તુ આણદુભાનો મહેતાજી ઉઠાવી જાય અને ગલાલચંદ શેઠ રહી જાય તો તો ભારે થાય! મુનીમે તરત ચીભડું પોતાના હાથમાં ઉપાડી લીધું અને

કાછીઆને કહ્યું : 'તને આની એક કોરી જોઈએ છે ને? લે, તને આની બે કોરી આપું!'

આણદુભાનો મહેતાજી આ જોઈને સ્તબ્ધ થઈ ગયો. પોતાના સોદા વચ્ચે નગરશેઠના મુનીમને આમ એકાએક કૂદી પડતો જોઈને એને ખીજ ચડી. એણે વિચાર્યું, ચાલતી વાત વચ્ચે ધસી આવનાર આ મુનીમનું આજે અભિમાન ઉતારી નાખું તો જ હું ખરો! તેણે કાછીઆને કહી દીધું : 'આ ચીભડું તું કોઈને આપતો નહિ! હું તને એની ચાર કોરી આપીશ.'

હવે તો વાત વટ્ટ પર ચડવા માંડી હતી. માંડવીના મોટો થંભ ગણાતા બે શેઠોના માનીતા માણસો આજે એક ચીભડાની ખરીદી માટે સાઠમારી જમાવી રહ્યા હતા. આણદુભા ગલાલ શેઠથી ઘટે નહિ અને ગલાલ શેઠ આણદુભાથી ઘટે નહિ. કોઈ કોઈના ગાંજ્યા જાય નહિ એવા હતા. આજે એમના મુનીમ અને મહેતાજી મક્કમ બનીને એકબીજાની આંટનું પાણી માપવા તૈયાર થઈ ગયા હતા. એમને એક ચીભડા માટે અડી પડેલા જોઈને શાકબજારના માણસોને નવાઈ લાગી. આ તમાશો જોવા ઘણા માણસો એકઠા થઈ ગયા. અને તમાશાને કંઈ તેડું તો થોડું જ હોય છે! વગર પૈસે આ નવો ખેલ નિહાળવાનો મળી જતાં પ્રેક્ષકોનું ટોળું મોટું થતું જતું હતું.

વાણિયા શેટના મુનીમ અને ભાટિયા શેઠના મહેતાજી વચ્ચે આજે તો મોટી રસાકસી જામી ગઈ. બંને એકબીજાના શેઠની મહત્તા અને આબરૂ જાળવવા મથી રહ્યા હતા. ગલાલચંદ શેઠના મુનીમે હવે ચીભડાની પાંચ કોરી કહી દીધી. આણદુભાનો મહેતાજી આથી ઊકળી ઊઠ્યો. નગરશેઠના મુનીમનો વટ્ટ ઉતારી નાખવા આજે તેણે પોતાના મન સાથે નિશ્ચય કરી લીધો હતો. તેણે નક્કી કરી લીધું કે શેઠ નોકરી પરથી રજા આપે તો ભલે



આજે જ આપે, પણ આજે તો ચીભડું હાથમાંથી જવા દેવું નથી. અને એણે આઠ કોરીનો આંક લગાવી દીધો. હવે તો વટ્ટનો સવાલ ઊભો થયો હતો.

આ તરફ નગરશેઠનો મુનીમ પણ હઠે ચડ્યો હતો. મહેતાજી અને મુનીમ આજે અણનમ બનીને એકબીજા સાથે બાખડી પડ્યા હતા. બંને શેઠોનાં વહાણો દરિયામાં તરવાની હરીફાઈ કરતાં, બંનેના હાથી જેવા બળદોવાળા રેંકડા જમીન પર દોડવાની હરીફાઈ કરતા, આજે બંને શેઠના માણસો માંડવીની શાકબજારમાં ત્રણ ત્રાંબિયાના એક ચીભડા માટે જંગે ચડ્યા હતા. ચડા-ખડી વધતી જતી હતી. આણદુભાનો મહેતાજી હિમાલય જેવો દૃઢ હતો. નગરશેઠનો મુનીમ મેરુ સમાન મક્કમ હતો. તે બોલી ઊઠ્યો : 'એની આઠ તો મારી દશ કોરી ! ચાલ આપી દે આ ચીભડું!'

'તમારી દશ તો મારી પચ્ચીસ! એમ કાંઈ થોડું જ ઝૂંટવી જવાશે!' મહેતાજી બોલી ઊઠ્યો.

'એની પચ્ચીસ તો મારી પચાસ!'

'તો મારી સૉ! હવે જોઈ લઈએ આ ચીજ ક્યાં જવા સરજાઈ છે!' મહેતાજી બોલ્યો.

'તમારી સૉ તો મારી બસૉ!' મુનીમે આગળ વધ્યો.

'તો મારી અઢીસૉ!' મહેતાજીએ નવો ચડાવો લગાવ્યો.

'તો મારી પાંચ સૉ! મહેતાજી, હવે રહેજો હિંમતમાં! હવે ભલી તેની વહે!' નગરશેઠના મુનીમે એકદમ પાંચસૉ કોરીનો આંક મૂકી દીધો.

આણદુભાનો મહેતો હવે હિંમત હારી ગયો હતો. અઢીસો પરથી પરભારે પાંચ સૉ પહોંચી જનાર નગરશેઠના મુનીમ સામે બળ બાંધવામાં

માલ નથી. એમ વિચારી મહેતાજી અટકી ગયો. અને પીઠ ફેરવી ચાલી નીકળ્યો.

મુનીમે તરત ચીભડું હાથમાં લઈ લીધું અને શેઠને ઘેર મોકલી દીધું. મુનીમ શેઠની પેઢી પર આવી પહોંચ્યો. હવે તેને વિચાર આવ્યો. વટ્ટમાં ને વટ્ટમાં એક ઢીંગલાના ચીભડાની પાંચ સો કોરી તો બોલાવી. પણ આ રકમ કોને ખાતે લખવી અને કેમ લખવી? શાકબજારમાં એણે બતાવેલા રુઆબની શિક્ષા શેઠ ભોગવે એ તો એને ઠીક ન લાગ્યું. મુનીમે આ પાંચ સો કોરી પોતાને ખાતે માંડીને કાછીઆને આ રકમ આપી દીધી.

આ વાત પછી છ-એક મહિનાનો વખત પસાર થઈ ગયો. એક વખત આણદુભા અને નગર શેઠની મુલાકાત થઈ. બંને જ્યારે મળતા ત્યારે એકબીજા સાથે ખૂબ મિત્રતાથી વાતો કરતા. બોલવા-ચાલવામાં પણ મિત્રો જેટલી જ છૂટ લેતા. પેલી ચીભડાવાળી વાત આણદુભાને કાને આવી ગઈ હતી. એનો મહેતાજી અઢી સો કોરી સુધી આગળ વધીને પાછો હટી ગયો હતો. એ વાત એને ગમી ન હતી. પણ પછી તો બાજી હાથમાંથી ચાલી ગઈ હતી. એટલે અફસોસ કરવો વ્યર્થ હતો. પોતાના મહેતાજીને હારી આવેલો જોઈને એને કંઈક ખીજ પણ ચડી હતી. તેથી જ આ વખતે વાત પરથી વાત નીકળતાં આણદુભાએ નગરશેઠને ધીરેથી ટોણો માર્યો : 'શેઠ, તમે તો વટ્ટવાળા છો, પણ તમારા મુનીમ પણ કંઈ ઓછા હઠીલા નથી, ખરું ને?'

'એટલે?' નગરશેઠે અજાયબી બતાવતાં કહ્યું.

'એટલે શું તમને ખબર નથી કે તમારા મુનીમે તમને નવી શાકભાજીનો સ્વાદ ચખાડવા માટે એક ચીભડાની પાંચ સો કોરી આપી હતી?'

'આ તો નવી વાત! મને તો કશી જ ખબર નથી.' 'ખબર જ નથી? નવાઈ! મોટાં ઘરોમાં મોટાં અંધારાં! ખબર ન હોય તો હવે જરા પેઢી પર જઈને ચોપડા તપાસી જોજો!'

આણદુભાએ નગરશેઠને ચીભડાની ચડાખડીની આખી વાત સંભળાવી દીધી. અને બંને મિત્રો છૂટા પડ્યા.

નગરશેઠ ત્યાંથી સીધા પેઢી પર આવ્યા. હવે એમને આ વાતની ખાંખત જાગી હતી. ગાદી પર પોતાનું સ્થાન લેતાં જ એમણે ચોપડા હાથ પર લીધા. ખર્ચખાતાની બધી રકમો ઝીણવટથી તપાસવા માંડી. છેલ્લા મહિના સુધીના આંકડા એમણે જોઈ લીધા. એક ચીભડાની પાંચ સો કોરીનો આંકડો ક્યાંયે એમની નજરે ચડ્યો નહિ.

શેઠે આખરે એમના મુનીમને બોલાવી પૂછ્યું : 'આપણે કોઈ વાર પાંચ સો કોરીનું ચીભડું લીધું છે ખરું?'

મુનીમ ચાલાક હતો. એ સમજી ગયો કે આજે આણદુભાએ શેઠના કાનમાં સુરંગ ફૂંકી દીધી છે. તે બોલ્યો : 'હા, એક વાર એમ બન્યું હતું ખરું! આણદુભાના મહેતાજી એક વાર એક ચીભડું ખરીદવા વાદ પર આવી ગયા હતા. એ વખતે પાંચ સો કોરી કિંમત આપીને એ ચીભડું મેં લઈ લીધું હતું.'

'પછી આ ચીભડાનું શું કર્યું?' શેઠ પણ કાચા ન હતા.

'ચીભડું તો તે વખતે આપને ત્યાં પહોંચાડી દીધું હતું.'

'એ વાતને કેટલો વખત થયો?'

'ગયા શ્રાવણ મહિનાની એ વાત હતી. છ-એક મહિના થઈ ગયા હશે.'

'પણ એ પાંચ સો કોરી અહીં ચોપડામાં તો ક્યાંયે ઉધરેલી જોવામાં આવતી નથી. તેનું શું કારણ?'

મુનીમ હવે વિચારમાં પડ્યો. શેઠને શો જવાબ આપવો, તેના વિચારમાં જરા વાર તો અટવાઈ ગયો. પણ તુરત જ તે બોલ્યો : 'પછી મને એમ લાગ્યું કે આ તો અમારા વિવાદને લીધે જ એક ચીભડાની કિંમત પાંચ સો કોરી થઈ ગઈ. અમારા હઠીલાપણાથી આપવી પડેલી આ રકમ પેઢીને ચોપડે કેમ લખાય?'

'એટલે શું એ રકમ તમે તમારા પદરની આપી?'

'મારે જ આપવી પડે શેઠ. અમારી રકઝક અને રસાકસીથી થયેલ આ ખરચ વખારખાતે ચડે, એ તો અઘટિત કહેવાય.'

'અરે મહેતાજી, તમે તો મારી આબરૂ જ બચાવી લીધી. પાંચ સો તો શું, તમે હજાર કોરી આપી હોત તો પણ હું રાજી થાત. પણ એ મારા ઘર-ખરચની રકમ તો મારે જ ચૂકવવાની હોય, તમારે ભોગવવાની ન હોય.'

શેઠે મુનીમની પીઠ થાબડીને તેને શાબાશી આપી ફરી ચોપડો હાથમાં લઈ તેમાં એક હજાર કોરી મુનીમને બક્ષિસ આપવાની ઉધારી નાખી. આ રકમ તરત ઉપાડી લેવા મુનીમને સૂચના આપી દીધી.

શેઠની આંખો કદરદાનીથી ઝલકથી ઝલકી રહી હતી. મુનીમનું મસ્તક આભારવશતાથી નીચું નમી ગયું હતું.



# ૧૮. માધવ અને કેશવ

કચ્છ અને વાગડની વચ્ચે અડોલ ઊભેલો કંથકોટ, કચ્છનો કીર્તિસ્તંભ છે. કક્કાક્ષરીના આ ઉભય પ્રદેશો પર કાળચક્રના કેટલાયે દાંતા ફરી વળ્યા છે! કંથકોટ એક વખત જાહોજલાલીના શિખર પર હતું. ભુજનગરનું જ્યારે નામનિશાન પણ ન હતું ત્યારે કચ્છની ગૌરવવંતી રાજધાની તરીકે કંથકોટનું નામ પ્રખ્યાત હતું.

આજથી એક હજાર વર્ષથી પહેલાં સિંધનગર સમૈના જામ લાખા ઘુરારાનો પુત્ર મોડ સિંધનો ત્યાગ કરી કચ્છમાં આવ્યો. કચ્છમાં એક સમર્થ કિલ્લો ખડો કરવા માટે તેણે કંથકોટની પસંદગી કરી. કંથકોટ એ વખતે એક ડુંગરના રૂપમાં હતો. આ ડુંગર પર એક કિલ્લો ચણાવવાની મોડ જામે શરૂઆત કરી દીધી. પણ અહીં ધૂણી ધખાવીને બેઠેલા યોગી કંથડનાથે આડખીલી ઊભી કરી, કંથકોટનો કિલ્લો અધૂરો રહી ગયો અને મોડ જામનું અવસાન થઈ ગયું. મોડ જામના મૃત્યુ પછી તેના પુત્ર જામ સાડે યોગીરાજને મનાવીને આ કિલ્લાનું બાંધકામ સંપૂર્ણ કર્યું. યોગી કંથડનાથના નામ પરથી આ કિલ્લાનું નામ કંથકોટ રાખવામાં આવ્યું.

સાડના કુંવર ફૂલ જામે કંથકોટને વધુ બળવાન બનાવ્યું પણ તેની વાઘેલી રાણીની આત્મહત્યા પછી તેણે કંથકોટનો ત્યાગ કર્યો અને હબાયના ડુંગર પર રાજધાનીની સ્થાપના કરી.

નાગરોના વ્યવસાયમાં ત્રણ સાધનોની ગણતરી થતી. કલમ, કડછી અને બરછી. આ ત્રણ પ્રકારની શક્તિ નાગરોમાં હતી. કલમ પણ ચલાવી જાણે, પાકશાસ્ત્રમાં પ્રવીણ એટલે કડછી પણ ચલાવે અને જરૂર પડતાં શસ્ત્ર પણ હાથમાં લઈ લે.

ગુજરાતમાં પાટણની રાજગાદી પર એ વખતે સારંગદેવ વાઘેલાનો અમલ હતો. માધવ અને કેશવે વિચાર કર્યો કે અહીં કંથકોટમાં પડ્યા રહેવા કરતાં પાટણની રાજધાનીનો આશરો લઈએ તો ત્યાં સારી પ્રગતિ સાધી શકાય. આ વિચારથી બંને ભાઈઓ કંથકોટની વિદાય લઈને પાટણ પહોંચી ગયા. પાટણની તો એ વખતે બોલબાલા હતી. સારંગદેવ વાઘેલાનું રાજ તપતું હતું. મોટો ભાઈ માધવ મુત્સદ્દી હતો. પાટણરાજના એક કર્મચારી તરીકે તે ગોઠવાઈ ગયો. પ્રખર બુદ્ધિમત્તા અને કાર્યક્ષમતાથી તે દિનપ્રતિદિન આગળ વધતો ગયો. સારંગદેવ વાઘેલાએ માધવની કાર્યકુશળતાની કદર કરીને માધવે ત્યાંના રાજતંત્રમાં ઘણા સુધારાવધારા કર્યા અને સારંગદેવ વાઘેલાનો તે પ્રીતીપાત્ર બની ગયો.

સારંગદેવના અવસાન પછી પાટણની રાજગાદી પર તેનો કુંવર કરણ વાઘેલો આવ્યો. રાજકારભાર માધવ દીવાને સારી રીતે સંભાળી લીધો હતો. કરણ રાજા માધવ દીવાનની સલાહને અનુસરીને દરેક પગલું ભરતો હતો. દીવાન બાહોશ હતો એટલે રાજ્ય-વ્યવસ્થા બરાબર જળવાઈ રહી હતી. કરણ રાજા મનમોજી હતો. ઉતાવળિયો પણ હતો એટલે આગળ જતાં કરણ વાઘેલો કરણ ઘેલો કહેવાઈ ગયો.



માધવ અને કેશવનો ગૃહસંસાર અહીં પણ સારી પેર ચાલી રહ્યો હતો. માધવ દીવાનની પત્નીનું નામ રૂપસુંદરી હતું. નાના ભાઈ કેશવની પત્નીનું નામ ગુણસુંદરી હતું. નાગરજાતિનું રૂપ તો અસલથી જ વરેલું છે. નાગર મહિલા એટલે રૂપની રાણી. કોઈ રૂપાળી રમણીને નાગરાણીની ઉપમા અપાતી. આજે પણ એ ઉપમા અપાય છે.

એક વખત રૂપસુંદરી અને ગુણસુંદરી બંને દેરાણી-જેઠાણી વેલ જોડાવીને પાટણની રાજનગરી બહાર આવેલા એક શિવાલયમાં શંકરભગવાનનાં દર્શન અર્થે ગઈ હતી. નાગરો શંકરભક્ત એટલે આ દેરાણી-જેઠાણી શંકરમંદિરમાં ભગવાન શંકરની પ્રાર્થના કરી રહી હતી. એ વખતે કરણ રાજા પણ શંકર ભગવાનના દર્શન માટે અહીં આવ્યો અને શિવ-મંદિરમાં દાખલ થયો. અહીં કેશવની સ્ત્રી ગુણસુંદરી પર કરણની નજર પડી. તેની નજર ગુણસુંદરીના સૌંદર્ય પર ચોટી ગઈ. કરણ રાજાને શિવ-મંદિરમાં આવેલો જોઈને બંને દેરાણીજેઠાણી તરત જ મંદિરની બહાર નીકળી ગઈ. ગુણસુંદરી મંદિરમાંથી બહાર તો ગઈ પણ કરણ રાજાના હૃદયમાં મોટો ઉલ્કાપાત મચાવતી ગઈ. વાસનાનો એક જ્વાળામુખી જગાડતી ગઈ. કરણ વાઘેલો ગુણસુંદરીના સ્વરૂપ પર ઘેલો બન્યો. ગુણસુંદરી રૂપની રાણી હતી. રૂપરૂપનો અવતાર હતી. તેના રૂપના તેજ પર કરણ રાજાનું મન પતંગની પેઠે ચક્કર લેવા લાગ્યું. ગુણસુંદરીને હાથ કરવા માટે તે નવીનવી યોજનાઓ મનમાં ને મનમાં ઘડવા લાગ્યો. તેને વિચાર આવ્યો કે માધવ દીવાન પાટણમાં હશે ત્યાં સુધી તો તેની કોઈ પણ યોજના સફળ થવાની નથી. એટલે માધવ દીવાનને પાટણમાંથી ક્યાંક બહાર મોકલવાના તે મનમાં ઘાટ ઘડવા લાગ્યો. એને એક વાત યાદ આવી કે કચ્છી ઘોડા ઘણા વખણાય છે. આ કચ્છી ઘોડા

ખરીદ કરવાને બહાને તેણે માધવને કચ્છ મોકલી દીધો. કેશવને પણ રાજના કામે ક્યાંક બહારગામે મોકલાવ્યો. પણ કેશવ તો પોતાનું કામ પતાવીને તે જ દિવસે પોતાને ઘેર પાછો આવી ગયો હતો.

માધવ અને કેશવ બંને પાટણ બહાર છે એમ માનીને એ જ દિવસે કરણ રાજાએ ગુણસુંદરીને તેના ઘરમાંથી ઉઠાવી લાવવા માટે તેના અંગત માણસોને દીવાનની ડેલીએ મોકલી દીધા. આ લોકો ગુણસુંદરીને કબજે કરવા અહીં આવી પહોંચ્યા.

અર્ધી રાતે માધવ દીવાનના મકાનના દરવાજા પર ટકોરા પડવા લાગ્યા. ટકોરા સાંભળી ચોકીદાર વિચારમાં પડી ગયો. કેશવ ઘરમાં જ હતો. માધવ કચ્છમાં હતો. તો પછી આ ટકોરા મારનાર કોણ?

ટકોરા તો ચાલુ હતા. રાજકાજનું કોઈ જરૂરી કામ હશે. એમ વિચારી દરવાને દરવાજો ખોલ્યો. દરવાજો ખૂલતાં સિપાઈ જેવા ત્રણ ચાર ધીંગા ધડબા માણસો અંદર ધસી આવ્યા અને અંદરનો દરવાજો ખખડાવવા લાગ્યા. ચોકીદાર કશું સમજી શક્યો નહિ. આ લોકોને તેણે લૂંટારા જ ધારી લીધા. ચોકીદારે સામનો કર્યો તે આ લોકો ચોકીદારને ફરી વળ્યા. સામસામી મારકૂટ ચાલવા લાગી.

આ ખળભળાટથી કેશવની આંખ ઊઘડી ગઈ. કેશવ બહાદૂર હતો, બળવાન અને હિંમતવાન હતો. ખુલ્લી તલવાર સાથે તે નીચે ઊતરી આવ્યો અને મકાનનું બારણું ખોલી નાખ્યું. જુએ છે તો ચોકીદાર પર આ ત્રણ ચાર જણા તૂટી પડ્યા હતા. ચોકીદાર એકલો એમનો સામનો કરી રહ્યો હતો. આ જોઈને કેશવ ઝનૂનમાં આવી ગયો. ઝપાઝપી ચાલુ થઈ. કેશવ સિંહ જેવો નાગર નરવીર આ લૂંટારા સામે બહાદુરીથી ઝઝૂમવા લાગ્યો. પણ એક માણસ આ હથિયારબંધ હેવાનો સામે કેટલીક ઝીક



ઝાલી શકે? આખરે લડતાં લડતાં કેશવ પણ ઢળી પડ્યો. આ લોકોને પણ ઢાળી નાખ્યા. એક લૂંટારો ઘાયલ થઈને ભાગી છૂટ્યો. તેણે કરણ રાજા પાસે જઈને આ હત્યાકાંડના સમાચાર આપ્યા. કરણે ધાર્યું હતું તેથી ઊલટું જ બની ગયું. એટલે કરણ મૂંઝવણમાં આવી પડ્યો. તેને હવે માધવની બીક લાગવા માંડી, કે માધવ હવે કોણ જાણે શું કરશે? બાજી બગડી ગઈ હતી, બગડેલી બાજી સુધારી શકાય એવું રહ્યું ન હતું. તેની નિદ્રા હરામ થઈ ગઈ. આખી રાત પલંગ પર તરફડતો રહ્યો.

આ તરફ દીવાનના મકાનમાં ચાલેલી કત્લેઆમના તોફાનથી આડોશીપાડોશી જાગી ઊઠ્યા હતા. અહીં આવી પહોંચ્યા હતા. અહીંનો ભયંકર દેખાવ જોઈ સૌ ગભરાઈ ઊઠ્યા, ત્રાસી ઊઠ્યા. આ અચાનક શું થયું, કેમ થયું, કોઈ સમજી શકતું ન હતું.

રૂપસુંદરી અને ગુણસુંદરી પર તો જાણે આખું આકાશ તૂટી પડ્યું હતું. બંને બેબાકળી બની ગઈ હતી. ગુણસુંદરી તો લોહીલોહામ થઈને ઢળી પડેલા કશવને જોઈને પાગલ જેવો બની ગઈ. માથાના વાળ પીંખવા લાગી. એનાં અંગે-અંગ ધ્રૂજતાં હતાં. એક તરફ રોકકળ અને કલ્પાંત હતાં, બીજી બાજુ ગુણસુંદરી મસ્ત દશામાં બેભાન જેવી બની ગઈ હતી. એનું કારણ એ હતું કે ગુણસુંદરીને સત ચઢ્યું હતું. તેનું કોમળ હૃદય કેશવના મૃત્યુનો આઘાત ઝીલી શકવા અશક્ત હતું. તે ચંડી જેવી બની ગઈ હતી. 'જય અંબે! જય અંબે!' ના પોકાર કરી રહી હતી. જય અંબેના નાદથી આખું મકાન હવે ગાજી ઊઠ્યું હતું. સૌ કોઈ સતી માતા ગુણસુંદરીને પગે પડતાં હતાં. ગુણસુંદરી એમને માથે હાથ ફેરવતી હતી, નાચતી-કૂદતી તે કેશવના શબ સાથે સ્મશાન ભૂમિમાં પહોંચી ગઈ. કેશવનું મસ્તક ખોળામાં લઈ ગુણસુંદરી ચિતા પર ચડી ગઈ. પાટણ નગરી

આખીમાં હાહાકાર ફેલાઈ ગયો.

કચ્છી ઘોડાની ખરીદી કરવા કચ્છમાં ગયેલા માધવને આ સમાચાર મળતાં જ તે વાયુવેગે પાછો ફર્યો. ઘેર આવીને જુએ છે તો આખું ઘર તેને ખેદાનમેદાન જેવું જણાયું. માધવના અંતરમાં તો આ જોઈને આગ લાગી ગઈ. રૂપસુંદરીના રુદનથી આખું ઘર ઊભરાતું હતું. કેશવ જેવો ભાઈ ગુમાવવાથી તેનું તો જાણે અર્ધું અંગ કપાઈ ગયું હતું. તેનું માથું ચક્કર ચક્કર ફરવા લાગ્યું. તેની આંખે અંધારાં આવવા લાગ્યાં. બુદ્ધિ બહેર મારી ગઈ. માધવ શૂન્યમનસ્ક બની ગયો. અનેક વિચારોના વમળમાં એ અટવાઈ ગયો. માધવ બાહોશ હતો. બુદ્ધિમાન હતો. એના ઘર પર ગુજારવામાં આવેલ સિતમનું કારણ તે સમજી ગયો હતો.

વેરની જ્વાળા હવે માધવના અંગેઅંગને બાળવા લાગી હતી. કરણ રાજાનું મોં જોવાને પણ હવે તે તૈયાર ન હતો. પાટણની દીવાનગીરી હવે ઝેર જેવી બની ગઈ હતી. આખી પાટણ નગરી તેને ખાવા ધાતી હતી. રાચ-રચીલાથી ભર્યાભાદર્યા ઘરની વિદાય લઈને, રૂપસુંદરીને પોતાની સાથે લઈને તે પાટણનો ત્યાગ કરી ગયો. રૂપસુંદરીને સલામત રીતે કચ્છ મોકલવાની વ્યવસ્થા કરીને તેણે દિલ્હીનો રસ્તો લીધો.

પાટણમાં ઘણાં વરસો લગી તેણે દીવાનગીરી ચલાવેલી હોવાથી દિલ્હીના રાજ કર્મચારીઓ સાથે પણ તેનો સંબંધ બંધાઈ ગયો હતો. દિલ્હીમાં એ વખતે અલાઉદ્દીન ખૂનીની આણ હતી. અલાઉદ્દીને હિંદની ધરતીને ધ્રૂજાવી દીધી હતી. દિલ્હી આવીને માધવે અલાઉદ્દીનની મુલાકાત લીધી. કરણ વાઘેલાના કુકર્મની તેણે ફરિયાદ કરી. પોતાની વીતકકથા પણ રડતા હૃદયે શાહને સંભળાવી દીધી. અલાઉદ્દીનને તો આવું એક બહાનું જ જોઈતું હતું. કરણ રાજાની સાન ઠેકાણે લાવવા માટે લશ્કરથી



તે પાટણ પર ચડી ગયો. પછી શું થયું. એ વાત તો જગજાહેર છે. એક અવિચારી રાજાના અત્યાચારે સમસ્ત ગુજરાતનો ઈતિહાસ પલટી નાખ્યો.

# ૧૯. ચમન

કચ્છના એક વખતના મહાપ્રતાપી રાજવી લાખા ફુલાણીની રાજધાની કેરાકોટ પર અનેક કાળચક્રો ફરી વળ્યાં છે. ઉર્દૂ ભાષાના શાયર 'ચમન'ને જન્મ આપીને, કેરાકોટની ધરતીએ તેના પુરાતન કાળના કીર્તિમંદિર પર સુવર્ણકળશ ચઢાવ્યો છે.

શાયર 'ચમન' ઉર્દૂ ભાષાના એક મહાન કવિ હતા. એમનું પૂરું નામ મહમ્મદ હાશિમ. 'ચમન' એમનું ઉપનામ - તખલ્લુસ હતું. 'ચમન' નો અભ્યાસ માત્ર ગુજરાતી બે-ત્રણ ચોપડીનો. આટલા ઓછા ભણતરમાં પણ એ કેટલો જીવનવિકાસ સાધી શક્યા તે એક નવાઈની વાત છે.

'ચમન'નો સાહિત્ય-પ્રેમ અદમ્ય હતો. એ પ્રેમને લીધે જ એમણે જાતમહેનતથી ઉર્દૂ જબાન પર અજબ જેવો કાબૂ મેળવી લીધો. એમણે જ કૌશલ્ય અને છટાથી ઉર્દૂ ગઝલોનું આલેખન કર્યું છે, તે જોઈને કોઈનો પણ અંતરાત્મા પ્રસન્ન થઈ જાય તેમ છે. અતિ અલ્પ અભ્યાસમાં પણ એમની અંદર રહેલો કવિનો આત્મા કાવ્યકળાના ઉચ્ચ શિખર પર આવી ચઢ્યો. એ એમના પરની સરસ્વતી દેવીની કૃપાનું પરિણામ કહી શકાય.



'દીવાને ચમન' અને 'બહારે ચમન' નામનાં ઉર્દૂ ગઝલનાં અમૂલ્ય પુસ્તકોનું સર્જન કરીને એમણે ઉર્દૂ સાહિત્યની અનન્ય સેવા બજાવી છે.

'બહારે ચમન'ના શરૂઆતના 'બે બોલ'માં કવિ પોતે જ કહે છે : 'હું અભણ ક્યાં અને ઉર્દૂ ગઝલો ક્યાં? જેને વાત કરવાને પણ ઠીક ઠીક ઉર્દૂ નથી આવડતું. તે ગઝલો શી રીતે લખી શકે? એ તો કુદરતે જ જાણે મારો હાથ પકડીને લખાવેલ છે.' આ વાતને ગઝલમાં ગોઠવીને કવિ આ રીતે રજૂ કરે છે : -

*કહાં હમારી ઐસી કિસ્મત,*
*જો શેઅર લિખતે કલમ ઉઠા કે;*
*દસ્તે કુદરતને હાથ મેરા,*
*'ચમન' પકડ કર લિખા દિયા હૈ.*

ઉપર્યુક્ત બંને પુસ્તકોની પ્રસ્તાવના ગુજરાતના સાહિત્યકારોના ગુરુદેવ અને માર્ગદર્શક સ્વ. સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ લખી આપેલ છે. 'બહારે ચમન'ની પ્રસ્તાવનામાં શ્રી ઝવેરી મહાશય લખે છે :-

'આ જ ગઝલો જો ઉર્દૂ લિપિમાં છપાઈને બહાર પડે તો ઉત્તર હિંદુસ્તાનના શાયરો પણ જાગી શકે, કે ગુજરાતમાં આજે નવાબી રાજ્યોનો અંત આવ્યો છતાં ઉર્દૂ કવિતાના ભક્તો પાકે છે. પણ 'ચમન'નો દઢ આગ્રહ છે, કે મારે ગુજરાતમાં અને ગુજરાતીમાં જ બંદીખાનું ભોગવવું એટલે નિરુપાય!'

શ્રી કૃષ્ણલાલ ઝવેરીના શબ્દો શાયર 'ચમન'નો ગુજરાત અને ગુજરાતી પ્રત્યે કેટલો પ્રેમ છે તે સાફ સાફ બતાવે છે.

શ્રી 'ચમન' ધંધા અર્થે ઈટાલિયન સોમાલી લેન્ડ ઈસ્ટ આફ્રિકામાં

મગડીશા તરફ વસતા હતા. આફ્રિકા જેવા પ્રદેશના વસવાટમાં પણ એમના અંતરમાં ઉર્દૂ ગઝલો ઊભરાવા લાગે, એ એક અજબ જેવી વાત છે. સાહિત્ય પ્રત્યેનો એમનો પરમ પ્રેમ અને પરમ ભક્તિનાં જ એમાં દર્શન થાય છે.

ભારતમાં મહાત્મા ગાંધીએ જ્યારે રાષ્ટ્રીય ચળવળ અને સત્યાગ્રહની શરૂઆત કરી હતી, ત્યારે કચ્છના ગણ્યાગાંઠ્યા કાર્યકરોમાં કવિ 'ચમન'નું પણ સ્થાન હતું. ગાંધીજી પ્રત્યે એની અથાહ ભક્તિ હતી. એક ઉર્દૂ કાવ્યમાં ગાંધીજીના ગુણગાન ગાતાં કવિ કહે છે :-

*હિંદી કે લાલા, હો મતવાલા,*
*મોહન જુલૈયા, તુમ હી તો હો,*
*હિંદીઓ કે પ્રેમી હૃદય મેં,*
*ગાંધી બસૈયા, તુમ હી તો હો!*

★

*ગાંધી સા તેરા નામ રહા,*
*કહતા હૈ 'ચમન' ચરણો મેં પડા,*
*કલિકાલ મેં રામ કો જન્મ દિયા,*
*વહ ભારત મૈયા તુમ હી તો હો !*

અસહકારની ચળવળ માટે કવિ કહે છે -

*કોઈ તાકત નહીં આ સકતી, અસહકાર કે આગે,*
*ઝુકેંગે હમ નહીં હરગિઝ, કિસી સરકાર કે આગે.*
*મિટાને કો ગુલામી કા મરઝ, ગાંધીને ક્યા યારો,*
*અજબ રખ્ખા હે નુસ્ખા, હિંદ બીમાર કે આગે.*

ગઝલ પ્રત્યે કવિને કેટલો પ્રેમ હતો તે એમના આ નીચેના શેર



પરથી જાણી શકાશે.

*'ચમન' કી અર્જ હૈ અય દોસ્તો, મેરી તુરબત પર,*
*બ જાયે ફાતિહા, અચ્છી ગઝલ ગા કર સુના દેના.*

- અય દોસ્તો ! ચમનની અરજ છે કે મારી કબર પર ફાતિહા પઢવાને બદલે એક સારી ગઝલ સંભળાવી દેજો!

★

*શમા મેરે મજાર પર, ક્યું કર જલાઈ હૈ?*
*જલતે હુએ કો ઔર જલાના ન ચાહીએ.*

- મારી કબર પર દીપક કેમ પ્રગટાવ્યો છે? બળી રહેલાને બાળવું એ સારું નથી.

★

*ઘટાએં છા રહી હૈ, મયકશો, આ જાઓ ગુલશન મેં,*
*પીઓ ભરભર કે મય, ગરમી જરા આ જાય તનમનમેં.*

- આકાશમાં વાદળાંની ઘટા છવાઈ રહી છે. ઓ શરાબીઓ! બાગમાં આવી જાઓ! જામ ભરી ભરીને શરાબનું પાન કરો, જેથી તનમનમાં જરા ગરમી આવી જાય.

★

*ગુલોં કો ક્યા કરેં, એક રોજ મેં બદલાયે જાતે હૈં,*
*હમેશાં એક હી હાલત મેં, ઠીક સે ખાર રહતે હૈં !*

- ફૂલોને શું કરીએ? એ તો એક જ દિવસમાં બદલી જાય છે, જ્યારે કાંટા તો હંમેશાં એક જ હાલતમાં રહે છે.

★

*મેરા જનાજા જબ કે, નિકલતા થા રાહ સે,*

*હસરત સે દેખ દેખ કે, આલમને રો દિયા.*

- મારો જનાજો જ્યારે રસ્તા પરથી પસાર થતો હતો ત્યારે મારા સુખ પ્રત્યેની ઈર્ષા જેવી દૃષ્ટિથી જોઈજોઈને લોકો રડી પડ્યા.

*નહીં બુતખાને સે મતલબ, ન કાબે સે ગરજ હમ કો,*
*હમારા સર વહીં ઝુકતા, જિસ જા તેરા અયવાં હૈ.*

- અમને કોઈ મંદિરથી પણ મતલબ નથી, અને કાબાની પણ કંઈ ગરજ નથી. અમારું મસ્તક તો ત્યાં નમી પડે છે, જ્યાં તારું અસ્તિત્વ છે.

★

*ફરિશ્તોં પૂછતે હો ક્યા, હિસાબે માલો-જર હમ કો,*
*કફન દો ગજ કે માલિક બન કે, હૈં ઘરબાર સે નિકલે.*

- અરે ફિરસ્તાઓ, અમને માલ-જરનો હિસાબ શું પૂછો છો? બે ગજ કફનના માલિક બનીને અમે ઘરબારથી નીકળ્યા છીએ.

*અય 'ચમન' અબ કૂચ કરના ચાહીએ ઈસ દહર સે,*
*તુરબતોં મેં તેરે યારોં કા ઠિકાના હો ગયા.*

- ઓ 'ચમન' હવે તારે આ જમાનામાં વિદાય લઈ લેવી જોઈએ. તારા દોસ્તોનાં સ્થાન તો કબરોમાં થઈ ગયાં છે.

★

*ચડા કર ફૂલ જબ રોને લગે, વો કબ્રે આશિક પર,*
*સદા કબ્રોં સે યહ આઈ, મહોબ્બત હો તો ઐસી હો.*

- પ્રેમીની કબર પર ફૂલ ચડાવીને જ્યારે તે રોવા લાગ્યાં. ત્યારે કબરોમાંથી અવાજ આવ્યો કે મહોબ્બત હો તો આવી હોજો!

*પસારે પાંવ સોતે હૈં લહદ મેં બેખબર હો કર,*
*નહીં કુછ રંજ દુનિયા કા, જો રાહત હો તો એસી હો.*



- કબરમાં પગ પસારી બેખબર બનીને સૂતા છે. દુનિયાનું કોઈ જાતનું દુઃખ નથી. જો આરામ હો તો આવો જ હોજો!

★

*હસ્તીએ ફાની સે, દો દિન મેં સફર હો જાયગા,*
*છોડ કર મહલો મકાં, જંગલ મેં ઘર હો જાયેગા.*

- આ ફાની જિંદગાનીમાંથી બે દિવસમાં જ કૂચ કરવી પડશે. મહેલો અને મકાનો છોડવાં પડશે. જંગલમાં જ ઘર બની જશે.

★

*ભલા કયું રોશની ફયલી હુઈ હૈ મેરી તુરબત મેં,*
*સરે મરકદ કિસીને આજ ક્યા શમ્આ જલાઈ હૈ.*

- આજ મારી કબરમાં રોશની કેમ ફેલાઈ ગઈ છે? કબરના સરહાને કોઈએ દીપક પ્રગટાવ્યો છે કે શું?

★

*રવાના હસ્તીએ ફાની સે, કલ યે કારવાં હોગા,*
*ન હમ હોંગે ન તુમ હોંગે, ન શાહી કા નિશાં હોગા.*

- આ ફાની દુનિયામાંથી આવતી કાલે જ કાફલો ચાલ્યો જશે. ન તો અમે હોઈશું ન તમે હશો, ન તો કોઈ બાદશાહીનું નિશાન પણ બાકી હશે.

★

*ચહકતી હૈ ચમન મેં બુલબુલેં, ક્યા ગુલ મહકતે હૈં,*
*ન ગુલ હોગા ન ગુલશન, ઔર ન કોઈ બાગમાં હોગા.*

- બાગમાં બુલબુલો ગાય છે, ફૂલો મહેકી રહ્યાં છે, એ ગુલ પણ નહિ રહે, ગુલશન પણ નહિ રહે, બાગનો માળી પણ નહિ રહે.

★

*કિયા દાવા અનલહક કા, ગયા વો જાન સે મારા,*
*ચડા મનસૂર સૂલી પર, ભલા વો દાર ક્યા જાને?*

- જેણે અનલહક્કનો દાવો કર્યો તે જાનથી માર્યો ગયો. મનસૂર ફાંસી પર ચડી ગયો. તેની ફાંસીને શી ખબર?

★

*જમાને ને સભોં કો, ખાક મેં આખર મિલાયા હૈ,*
*ભલા ક્યા ફાયદા, દો દિન કોઈ સુલતાન હો જાએ?*

- જમાનાએ આખરે સૌને ખાકમાં મિલાવી દીધા છે. કોઈ બે દિવસ માટે બાદશાહ બની જાય તો તેથી શો ફાયદો?

★

*તુમને છોડા હૈ અકેલા, ઈસ 'ચમન' કો દોસ્તી,*
*કોઈ દિન તો ફાતેહા કો, કબ્ર પર આયા કરો.*

- આ 'ચમન'ને તમે એકલો જ અહીં છોડી દીધો છે. કોઈક દિવસ તો તેની કબર પર ફાતિહા પઢવા આવતા રહો!

★

*શમ્આ જલી પરવાના જલા, દિલ મેરા જલા,*
*જો આયા તેરી બજમ મેં, જલ જલ કે રહ ગયા.*

- દીપક બળ્યો, પતંગિયું બળ્યું, મારું દિલ પણ બળી ગયું. જે તારી મહેફિલમાં આવ્યો તે બળતો જ રહ્યો.

★

*જિંદગી ભર ન હમેં, હાથ લગાયા અફસોસ,*
*અબ મેરે જનાજે કો, હાથ લગાઓ તો સહી.*



- જિંદગીભર અમને હાથ પણ અડાડ્યો નહિ, અફસોસ ! હવે મારા જનાજાને તો જરા હાથ લગાવો !

★

ફરિશ્તોં લાએ હો ક્યું કર, હમારે વાસતે છોટા,
ગુનાહોં કે લિયે કાફી, યે દફતર હો નહીં સકતા.

અરે ફરિસ્તાઓ ! અમારા ગુનાઓ નોંધવા આ નાનું દફતર કેમ લાવ્યા? અમારા ગુના નોંધવા માટે એ ટૂંકું પડશે.

★

*જબ જવાં થે, ચાહથી હર એક કો,*
*પીરી મેં બોલે, 'ચમન' કો ક્યા કરેં?*

- જ્યારે જવાન હતા, ત્યારે દરેકને અમારી ચાહના હતી. હવે વૃદ્ધત્વ આવ્યું તો કહે છે કે 'ચમન' ને શું કરીએ?

★

*હવે મુફલિસ જો જર વાલે, નહીં હૈ પૂછતા કોઈ,*
*ઝુકાતે થે જો સર પહલે, વો દૌલત કી ખૂબી થી.*

- એક ધનવાન મુફલિસ બની ગયો તો તેનો કોઈ ભાવ પૂછતું નથી. પહેલાં બધા માથું નમાવતા હતા. એ તો દોલતની ખૂબી હતી.

# ૨૦. જગડૂ દાતાર

આજનું ભદ્રેસર એ એક વખતની પુરાતન નગરી, ભદ્રાવતીની રાખમાંથી જન્મ્યું છે. આ નગરી પર ચડતી-પડતીનાં અનેક ચક્રો ફરી વળ્યાં છે. આજ સુધીમાં એણે અનેક રંગપલટા જોઈ લીધા છે. અહીં અનેક રાજવીઓ રાજ કરી ગયા છે. અનેક જાતિઓ અહીં પોતપોતાની સત્તા જમાવી ગઈ છે. અહીં અનેક રણમંડપો રચાઈ ગયા છે. જય-પરાજયના વિવિધ રંગો વડે રંગાયેલી આ નગરીનાં દર્શન કરતાં આજે પણ એની પુરાતન ભવ્યતાનો સહેજે ખ્યાલ આવી જાય છે.

વિક્રમની ચૌદમી સદીના આરંભમાં અહીં જગડૂ શાહ નામે મહા દાનવીરે સમસ્ત ભારત પર પોતાના નામનો ડંકો બજાવી દીધો હતો. એના જેવો બીજા દાતા શોધ્યો જડે તેમ ન હતું.

જગડૂ શાહના પૂર્વજો કચ્છના ઈતિહાસપ્રસિદ્ધ કંથકોટમાં (કંથકોટનો કિલ્લો વાગડમાં ભચાઉથી આઠેક ગાઉ દૂર આવેલો છે. આ ડુંગરી કિલ્લો ઘણા જૂના સમયથી સુવિખ્યાત છે. આજથી એક હજાર વર્ષ પહેલાં લાખા ફુલાણીના દાદા જામ સાડે એને બંધાવેલ છે. પાછળથી



આ કિલ્લો કાઠીઓના હાથમાં અને પછી ચાવડા તથા સોલંકીઓના હાથમાં પણ હતો. અગિયારમા સૈકામાં મહમ્મદ ગઝનવીથી હારીને ભીમદેવ આ કિલ્લામાં ભરાઈ બેઠો હતો. મૂળરાજ સોલંકી પણ અમુક સમય સુધી અહીં સંતાયેલો હતો. સોળમા સૈકાની આખરમાં પણ પ્રખ્યાત લેખક અબુલ ફઝલે આ કિલ્લાની મહત્તાનો 'આઈને અકબરી'માં ઉલ્લેખ કરેલ છે. સન ૧૮૧૬માં બ્રિટિશ સરકારે આ કિલ્લાનો કબજો લીધો હતો. બ્રિટિશ લોકોએ આ કિલ્લાની કેટલીક દીવાલો તોડી પાડી હતી. ડુંગર પર કંથડનાથનું, મહાવીર સ્વામીનું અને સૂર્યદેવનું મંદિર છે. મહાવીર સ્વામીનું મંદિર કોઈ આત્મદેવનાથના દીકરાએ સંવત ૧૨૮૩માં બંધાવેલું. સૂર્યના મંદિર કાઠીઓએ બંધાવેલું . હાલમાં આ કિલ્લો પડી ભાંગેલી હાલતમાં જોવામાં આવે છે.) રહેતા હતા. જગડૂ શાહનો જન્મ કંથકોટમાં જ થયો હતો. જગડૂ શાહનો પિતા સોળ શાહ કંથકોટથી કંટાળીને ભદ્રાવતીમાં રહેવા આવી ગયો હતો. ભદ્રાવતી નગરી કચ્છના હાલના ભદ્રેસરની નજદીકમાં પૂર્વ તરફ આવેલી હતી. મહાભારતમાં વર્ણવેલી યુવનાશ્વ રાજાની ભદ્રાવતી નગરી એ જ આ ભદ્રાવતી. પાંડવોએ અશ્વમેઘ યજ્ઞનો ઘોડો અહીં જ બાંધ્યો હતો. એમ કહેવાય છે. એ અસલી ભદ્રાવતી તો હાલ નષ્ટ થઈ ગઈ છે. તેનાં ખંડેરોના પાયાના પથ્થરો પણ લોકોએ ખોદી ખોદીને કાઢી લીધા છે. ભદ્રેસરમાં આજે પણ ડગલે ને પગલે ભીંતોમાં જડેલા દેખાતા પુરાણી નકશીના પથ્થર એ પુરાતન સમયની યાદ આપી રહ્યા છે. આ જૂની નગરીની યાદગીરી રૂપ દૂદાશાના શિવાલયના થાંભલા, તેના ઘુમ્મટ પરનો થોડો ભાગ, દૂદાવાવ, આશાપૂરી દેવીનું જર્જરિત દેવાલય તથા બે પુરાતન મસ્જિદોનાં ખંડેરો, (આ બે મસ્જિદોમાંની એક જગડૂ શાહે બંધાવેલી હોય છે.) અનંત કાળને માપતાં આજે પણ ખખડેલી

હાલતમાં ખડાં છે.

વસઈનાં અથવા જગડૂ શાહનાં કહેવાતાં દહેરાં જૂની ભદ્રાવતીની પૂર્વ દિશાએ આવેલાં હતાં. તેની બાંધણી આબુ પર્વત પર આવેલાં દેલવાડાનાં દહેરાં જેવી જ જણાય છે.

જગડૂ શાહના પિતા સોળ શાહ શ્રીમાળી વણિક જ્ઞાતિના હતા. સોળ શાહને તેની ધર્મપત્નીના ઉદરથી ઉત્તમ ગુણોથી વિભૂષિત એવા જગડૂ, રાજ અને પદ્મ નામના ત્રણ પુત્રોની પ્રાપ્તિ થઈ હતી. જગડૂ શાહની પત્નીનું નામ યશોમતી હતું. જગડૂ શાહ પર લક્ષ્મીદેવી અત્યંત પ્રસન્ન હતાં. તેથી તેની પાસે સંપત્તિનો પાર ન હતો. આટલી અતુલ સંપત્તિ તેની પાસે ક્યાંથી આવી તે સંબંધમાં વિધવિધ પ્રકારની દંતકથાઓ પ્રચલિત છે. કોઈ કહે છે - જગડૂ શાહ એક વખત તેના ખેતરમાં દાણા વાવી રહ્યો હતો ત્યારે કેટલાક ભૂખ્યા સાધુ ત્યાંથી પસાર થયા. એમને જોઈ જગડૂ શાહને દયા આવી અને ખેતરમાં વાવવા માટે આણેલા દાણા તેણે સાધુઓને આપી દીધા. પોતે બીજને બદલે કાંકરીની વાવણી કરીને સાંજે ઘેર આવ્યો. પોતાના ખેતરમાં હવે કશું જ પાકવાનું નથી, તેની તેને ખાતરી હોવાથી તે કદી ખેતર પર આંટો ફેરો કરવા પણ જતો ન હતો. જ્યારે લોકો ખેતરમાં ઉગેલા મોલની પ્રશંસા કરવા લાગ્યા, ત્યારે તે વાત તેને મશ્કરીરૂપ ભાસવા લાગી. પણ બધા લોકો કાંઈ મશ્કરી ન કરે, એમ વિચારી, એક રાતે તે છાનોમાનો પોતાના ખેતરને જોવા નીકળી પડ્યો. જઈને જુએ છે તો પોતાના ખેતરમાં આંખને ઠારે એવો લીલોછમ મોલ લહેરાઈ રહ્યો છે. આ જોઈને જગડૂ શાહનું અંતર આનંદાવેશથી નાચી ઊઠ્યું. આગળ જતાં એ ખેતરમાં અનાજને બદલે સાચાં મોતીનાં દાણાં બંધાયા. પરિણામે જગડૂ શાહ મોટો ધનવાન બની ગયો.



બીજી દંતકથા એવી છે કે જગડૂ સાહે કોઈ ચાંચિયા પાસેથી મીણની ઈંટોનું આખું વહાણ ખરીદી લીધું. આ રીતે ઈંટો મીણની નહીં પણ મીણ ચડાવેલા સોનાની ઈંટો હતી, અને તેથી જગડૂ શાહના ભાગ્યનો સિતારો બુલંદ થઈ ગયો.

ત્રીજી હકીકત એમ છે કે જગડૂ શાહનો મુનીમ જયંતસિંહ એક વખત ઈરાન ગયેલો. ત્યાંથી તે રસાકસીમાં મોટી કિંમત આપીને એક મોટો પથ્થર લઈ આવેલો. એ પથ્થરના પેટાળમાંથી પુષ્કળ દ્રવ્ય નીકળી પડ્યું, અને જગડૂ શાહ મોટો ધનવાન બની ગયો. આ બધી વાતો ગમે તેમ હોય, પણ એટલું ખરું કે જગડૂ શાહ પાસે ધનનો અખૂટ ખજાનો હતો. જગડૂ શાહ જેવો ધનવાન હતો, તેવો જ દાનવીર પણ હતો. જગડૂ શાહ જેવો દાનવીર જગતના પટ પર ભાગ્યે જ કોઈ પાક્યો હશે.

એ અરસામાં ભદ્રેશ્વર અને કચ્છનો બીજો પણ કેટલોક પ્રદેશ અણહિલવાડ પાટણના ચાલુક્ય વંશના વીશળદેવ રાજાના તાબામાં હતો. વીશળદેવના રાજ્યાભિષેક વખતે જગડૂ શાહ ખાસ અણહિલવાડ પાટણ ગયો હતો અને રાજાને અમૂલ્ય રત્નોનું નજરાણું કરીને તેનો પ્રેમ તેણે સંપાદન કર્યો હતો.

એક દિવસ પરમદેવસૂરિજી નામના એક પરમ જ્ઞાની મુનિ ભદ્રાવતીના ઉપાશ્રયમાં વ્યાખ્યાન આપી રહ્યા હતા. પ્રખદા શાન્ત ચિત્તે મુનિશ્રીનું વ્યાખ્યાન શ્રવણ કરી રહી હતી. શ્રેષ્ઠી શ્રી જગડૂ શાહ પણ સામે જ બેઠા હતા. એ વખતે વ્યાખ્યાન વચ્ચે મુનિશ્રીએ દેશ પર તૂટી પડનારા ત્રણ દુકાળોનો ઈશારો કરતાં કહ્યું :-

'અચેંતા ત્ર ઓચ ધા, કારાકાર ડુકાર,
તેરૉ સૉ પનરોતરો, ઑખો આય અપાર,

જગડુ ઝટ સંભાર,
દેશ કૈક વેંધા ડૂલી.
દેશ કૈક વેંધા ડૂલી, મૂર ન વસંધા મીં,
જગડૂ ઝટપટ જાગ તૂં, સૂતો ઍંયે કીં સીં?
સાથ ન હલંધી સિર મથે, કમાઈ હેડી કીં,
કમર કસે કરમી,
કાયમ કર તૂં કચ્છ કે !'

'જગડૂશા, એકા વાત સાંભળી લેજો! સંવત ૧૩૧૩થી ત્રણ ભયંકર દુષ્કાળ આખા દેશ પર તૂટી પડવાના છે. માટે ઝટ જાગૃત થઈ જાઓ અને દેશને દુષ્કાળના પંજામાંથી ઉગારી લ્યો!'

આમ કહીને મુનિશ્રીએ જગડૂ શાહને દેશ-દેશાવરમાં અન્નના મોટા મોટા ભંડાર ભરી, દુષ્કાળના ત્રાસમાંથી મુલકને બચાવી લેવાની સૂચના આપી દીધી. જગડૂ શાહને તેની અગાધ સંપત્તિનો સદ્‌ઉપયોગ કરવાની આવી ઉત્તમ તક આવી મળવાથી આનંદ થયો. તેણે દેશભરમાં ચારે તરફ ફરી ફરીને, અનાજની મોટી મોટી ખાણો ભરાવી દીધી.

મુનિશ્રીનું ભવિષ્ય કથન તદ્દન સત્યાર્થ નીવડ્યું. ઉપર્યુક્ત ત્રણ વરસો દરમિયાન વરસાદનું એક ટીપું પણ પૃથ્વી પર પડ્યું નહિ. લોકો અનાજના અભાવે 'ત્રાહિમામ્' પોકારવા લાગ્યા. આવા કારમા સમયે દાનવીર જગડૂ શાહે પોતાના અખૂટ અન્નભંડારો ખુલ્લા મૂકી દીધા. આ રીતે તેણે અન્નને અભાવે મરતી જનતાને મોટા પરિશ્રમથી ઉગારી લીધી. એ ઉપરાંત તેણે સિંધ, ઉજ્જન, દિલ્હી, કાશી, કંધાર આદિ પ્રદેશોના રાજવીઓને હજારો મૂડા અનાજ આપીને એ બધી પ્રજાને પણ દુષ્કાળના દારુણ જડબામાંથી બચાવી લીધી.



જગડૂ શાહ અને પરનોતેરા દુકાળ સંબંધી એક ઉક્તિ એવી ચાલે છે, કે જગડૂ શાહે સંવત ૧૩૧૫ના ત્રીજા દુકાળ વખતે એક વિશાળ ભોજનશાળા ખુલ્લી મૂકી હતી. ત્યાં જે કોઈ આવી ચડે તેને ભોજન લેવાની છૂટ હતીઅહીં દરરોજ હજારો માણસોને જમાડવામાં આવતા. એ વખતે એક વાર પનરોતેરો કાળ પોતે યોગીના વેશે જગડૂ શાહની કસોટી કરવા આવ્યો, અને ભૂખની રાડો દેતો, 'ખાઉં! ખાઉં!'નો પોકાર કરવા લાગ્યો. તરત જ તેને જમાડવા માટે થાળી મંગાવવામાં આવી. પરંતુ એ થાળી તો ભુખાળવા યોગીની એક દાઢમાં પણ પૂરી થાય તેમ ન હતું. પછી તો એક પાછળ એક થાળીઓ આવવા લાગી. એમ છતાં એની ભૂખ ઓછી થઈ હોય એવું જણાતું ન હતું. આ ખાઉધરા દુકાળિયાને શી રીતે પરિતૃપ્ત કરવો, તે કોઈને સૂઝતું ન હતું. જેમ જેમ તે વધુ ને વધુ ખાતો જતો હતો, તેમ તેમ તેની ભૂખ વધુ ને વધુ ઊઘડતી જતી હતી. તેને પીરસનારા અને ખવડાવનારા થાકી પડ્યા પણ આ વિચિત્ર પુરુષ ખાતાં થાકતો ન હતો. એ તો 'લાવ! લાવ!' નો એક જ અવાજ કરી રહ્યો હતો. આ ભેદી વ્યક્તિને જોતાં જગડૂ શાહને ખાતરી થઈ, કે આ માણસ આ રીતે ખવડાવવાથી ધરાય તેમ નથી. એટલે તેણે એક નવો નુસખો અજમાવ્યો. આ ક્ષુધાતુર માનવીને એક મોટી કોઠીમાં ઘાલીને નાળો વડે એના મોઢામાં ઘીની તામડીઓ રેડવામાં આવી. આ રીતે એના મોંમાં જગડૂ શાહે એટલું ઘી રેડાવ્યું કે આખરે ઘી પી પીને એ થાકી પડ્યો. અને પોતાને કોઠીમાંથી બહાર કાઢવા પોકારવા લાગ્યો :-

'જગડૂ ! જીવતો મેલ, પનરોતેર પડું નહિ!'

જગડૂ શાહે જ્યારે જાણ્યું કે આ પનરોતેરો કાળ પોતે છે ત્યારે તેણે કહ્યું કે, 'હવે તો હું તને કદી બહાર કાઢવાનો નથી!' આથી પનરોતેરો

હવે અકળાવા લાગ્યો અને એણે વચન આપતાં કહ્યું કે, 'તું મને બહાર કાઢ! હું પનરોતેરો કદી પડવાનો નથી!' આવું વચન લઈને તેણે પનરોતેરો દુકાળને કોઠીમાંથી બહાર કાઢ્યો. એવી દંતકથા ચાલે છે.

આ દુષ્કાળના સમયમાં જગડૂ શાહના ભાઈ દૂદા (જૂડા)એ અહીં એક મોટી વાવ બંધાવી તે જૂડિયા કે દૂદીઆ વાવને નામે વિખ્યાત છે.

જગડૂ શાહને સંતતિમાં પ્રતિમતિ નામની એક સદ્‌ગુણી કન્યા હતી. દૈવયોગે આ કન્યા વૈધવ્ય પામેલી હોવાથી જગડૂ શાહનું હૃદય ગમગીન રહેતું. તેણે તેની કન્યાના કલ્યાણ અર્થે કેટલાંક જૈન દેરાસર બંધાવ્યાં હતાં. આ ઉપરાંત તેણે કચ્છ-કાઠિયાવાડમાં અનેક સ્થલે મંદિરો, ધર્મશાળાઓ, કૂવાઓ, વાવો, આદિ બંધાવીને અનેક લોકોપયોગી કાર્યોમાં પોતાની સંપત્તિનો સદ્‌વ્યય કર્યો હતો.

પુરાણા વસઈનાં દહેરાંનો જીર્ણોદ્ધાર પણ જગડૂ શાહે કરાવ્યો હતો. કહેવાય છે કે એક વખત માતાજી એના પર પ્રસન્ન થયાં અને વરદાન માગવાનું જણાવેલ ત્યારે જગડૂ શાહે અપુત્ર રહેવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. કુળને બોળે એવા કોઈ પુત્રના પિતા થવા કરતાં અપુત્ર રહેવાનું તેણે વધારે પસંદ કર્યું હતું.

ધન્ય હો ! દેશના શણગાર સમા જગડૂ શાહ દાતારને!



# ૨૧. ફતેહ મહમ્મદ

ઈસવીસનના સત્તરમા સૈકાની મધ્યમાં ઓલીવર ક્રોમવેલે ઈંગ્લેન્ડના રાજની તાનાશાહી સામે જેહાદ જગાવીને રાજસત્તા હાથ કરી, અને ઈંગ્લેન્ડમાં શાન્તિ સ્થાપી. એ જ રીતે કચ્છમાં જમાદર ફતેહમહમ્મદે ઓગણીસમા સૈકાની મધ્યમાં માથાના ફરેલ મહારાઓ રા' રાયધણને કેદ કરીને કચ્છમાં શાન્તિની સ્થાપના કરી હતી.

રા' રાયધણ પર સૈયદ મહમ્મદપનાહે ઈસ્લામનો રંગ ચડાવી દીધો હતો. રા'નિરંકુશ બની દેવ-દેવીઓનાં દહેરાં તોડતો હતો. . હિંદુ લોકોને કલમા પઢવાની ફરજ પાડતો હતો. જેના કપાળમાં ટીલું દેખે તેનું માથું તલવાર વડે ઉડાવી દેતો હતો. ઈસ્લામ તરફ વળેલા એક અવિચારી રાજવીને ઈસ્લામના જ એક પાક ફરજંદ, મુસ્લિમ મહાવીરે ભુજિયા કિલ્લાના કોઠામાં ઘાલી દીધો હતો. જમાદાર ફતેહમહમ્મદની એ વિશિષ્ટતા હતી. દેશને વફાદાર રહેવામાં જ જમાદારે પોતાનો ધર્મ માન્યો હતો.

મૈસુરના ટીપુ સુલતાને જમાદાર ફતેહમહમ્મદને 'શેરે-દીન' કહીને

બિરદાવ્યો હતો. જમાદારની જવાંમર્દી પર તે આફરીન હતો. એટલે જ એક તોપ તેને ભેટ આપી હતી. તોપનું નામ હતું - હૈદરી. ટીપુના પિતા હૈદરઅલીના નામ પરથી આ તોપનું નામ હૈદરી રાખવામાં આવ્યું હતું. કહેવાય છે કે હૈદરઅલી કચ્છમાંડવીનો એક ફકીર હતો. આગળ જતાં પોતાની તાકાત અને બુદ્ધિમત્તાથી તે મૈસુરનો માલિક બની બેઠો હતો.

ટીપુ સુલતાને જમાદારને મોકલાવેલી તોપ શ્રીરંગપટ્ટમ્‌માં અસદ હસન નામના એક કારીગરે બનાવી હતી. આ તોપ આજે કચ્છ-ભુજના મ્યુઝિયમમાં મોજૂદ છે. ની લંબાઈ ૯૦ સેન્ટિમિટરની છે અને એનો વ્યાસ ૩૩ સેન્ટિમિટર છ. વજન ૭૦૦ રતલ છે. બનાવટનો સમય હીજરી સાલ ૧૨૨૬ નો છે. અરેબિક અક્ષરો એના પર જોવામાં આવે છે.

કચ્છ-કાઠિયાવાડ પર જમાદારની કેટલી ધાક હતી, તે લોકસાહિત્યના નીચેના શબ્દો પરથી સમજી શકાશે :

**છપ્પય**

ફતિયા ! તારી ફોજનો, ભય-ડંકો ભારી,
સૂતી થરકે રાતમાં, નગર રી નારી;
ઓખો તુંથી ઉધરકે, બરડો તુંથી બીએ,
ગઢ ધ્રૂજે ધોરાજીનો, નોતિયાર નગર લીએ.
હાલ ઝાલા ને જેઠવા, તેં હટાવ્યા હમીર!
વળ ઉતારી મૂછના, કીધા પાંસરા તીર.

આવો નરવીર જમાદાર ફતેહમહમ્મદ સમા નંશની નોતિયાર શાખામાં જન્મ્યો હતો. એના વડીલો સિંધ પ્રદેશમાંથી કચ્છમાં આવ્યા હતા. ભુજથી દોઢેક ગાઉ દૂર રતિયા ગામમાં એનું મોસાળ હોવાથી મામાને ત્યાં રહીને તે બકરાં-ઘેટાં ચારવાનું કામ કરતો હતો. ઘેટાં-બકરાં



ચારતાં ચારતાં અનેક મહત્ત્વાકાંક્ષાઓ એના અંતરમાં જાગતી હતી અને વિલીન થઈ જતી હતી. એના જીવન-પરિવર્તનની એક દંતકથા છે :

એક વાર ગોવાળિયાની અવસ્થામાં મધ્યાહ્‌ન કાળે જ્યારે એક ઝાડ નીચે તે સૂતો હતો, ત્યારે એક યોગીરાજ ત્યાંથી પસાર થયો. ઝાડની શીતળ છાયા જોઈને તે પણ ત્યાં બેસી ગયો. ફતિયા ગોવાળિયાના પગમાં તેને રાજચિહ્‌નનાં દર્શન થયાં. પણ એક પગ પર બીજા પગની આંટી ચડાવીને સૂવાનું તેનું અપલક્ષણ દૂર થાય ત્યારે જ તેની ઉન્નતિ થાય એવું તેના જોવામાં આવ્યું. પગ પર ચડાવીને સૂવાની ફતેહમહમ્મદની આદત ભૂલાવી દેવા માટે તે યોગીએ એક નવો ઈલાજ અજમાવ્યો. તેણે પોતાની તપતી ચલમ વડે એક એવા સ્થાન પર ડામ દઈ દીધો કે પગ પર પગ ચડાવી સૂવાની ખોડ જ એ ભૂલી જાય.

પગ ઉપર ગરમ ચલમનો ડામ પડતાં ફતિયો સફાળો ઊઠ્યો. લાલ આંખ કરીને તે યોગી તરફ જોઈ રહ્યો. યોગીએ એને સાચી હકીકત સમજાવીને શાન્ત પાડ્યો. અને ખરેખર એ જ દિવસ એના જીવનવિકાસનો દિવસ બની ગયો. ઘેટાં-બકરાંના વાગને સલામ કરીને તેણે ભુજનો રસ્તો પકડ્યો.

આંધી અને ઉલ્કાપાતના વાવાઝોડા વચ્ચે, તોફાને ચડેલા સાગરમાં જ્યારે કચ્છનું તૂમડું હાલક ડોલક થઈ રહ્યું હતું. ત્યારે એક મહાપુરુષનો કચ્છમાં ઉદય થયો. એ મહાપુરુષ તે જમાદાર ફતેહમહમ્મદ. ઘેટાં-બકરાં ચારનાર ફતિયો.

ફતિયાના શરીરનો મજબૂત બાંધો, તેની વાક્‌પટુતા અને બુદ્ધિમત્તા જોઈને કોઈકે એને ભુજ જઈને લશ્કરી દળમાં જોડાઈ જવાની સલાહ આપી હતી. એ વખતે કચ્છના લશ્કરી દળમાં આવા સમર્થ પુરુષોની

ખાસ જરૂર હતી. ફતેહમહમ્મદ ભુજ જઈને એક વાર તો સીધો જ ત્યાંના લશ્કરી અધિકારી જમાદાર ડોલસ વેણને મળ્યો. ફતિયાનું વ્યક્તિત્વ જોઈને અને તેની વાતો સાંભળીને જમાદાર ડોસલ વેણ પ્રથમ દષ્ટિએ જ એના પર ખુશ થઈ ગયો. અને તેને ૨૦ પાળાની જમાદારીના પદ પર નિયુક્ત કરી દીધો.

એ વખતે ભુજના પાટવાડી નાકે સીદી જમાદાર મુબારક ૫૦ માણસોની બેરખ સાથે રહેતો હતો. ત્યાં ફતેહમહમ્મદને રાખવામાં આવ્યો. તેનો પગાર કોરી સાડી સાત નક્કી કરવામાં આવ્યો હતો.

એ અરસામાં સિંધના બલોચ જાતિના ખોસા અને ચાંગા લોકો ઝારા ડુંગર પાસેના નરા ગામે પોતાની આથો સાથે રહેતા હતા. આ લોકો બહુ માથાભારે હોવાથી આજુબાજુનાં ગામોના માલધારીઓને રંજાડતા હતા. એમની રંજાડ વધતી જતી હોવાથી કચ્છ રાજ્યને એ ફરિયાદો આવવા લાગી. આ તોફાની લોકોને જેર કરવા માટે લશ્કરી ખાતા તરફથી સીદી જમાદાર મુબારકને હુકમ કરવામાં આવ્યો. મુબારકમાં પેલા લૂંટારા જેવા લોકોને કાબૂમાં લેવાની હિંમત ન હતી. એમને પકડી લાવવા મુબારકે ૧૦૦ સિપાઈઓની ટુકડી સાથે જમાદાર ફતેહમહમ્મદને તૈયાર કર્યો. ફતેહમહમ્મદ હિંમતવાન હતો. તે પોતાની શક્તિ બતાવવા માગતો હતો. લશ્કરી ટુકડી સાથે તે ચડી નીકળ્યો. ઝારા ડુંગર પાસે બલોચ અને ચાંગા લોકો સાથે મોટી ઝપાઝપી થઈ પણ આખરે એ તોફાની લોકોને કબજે કરીને જમાદારે તેને ભુજ ભેળા કરી દીધા. આ ધીંગાણામાં ફતેહમહમ્મદને ઘણા ઘા વાગ્યા હતા. જમાદારના આ પરાક્રમની વાત તે વખતના કચ્છના રાજા ગોડજીના કાને આવતાં ગોડજી બાવાએ ફતેહમહમ્મદને પોતાની હજૂરમાં બોલાવ્યો. પણ ઘાયલ જમાદારના ઘા



હજુ રુઝાયા ન હોવાથી તે વખતે તે બાવાની સલામે જઈ શક્યો નહિ. થોડા દિવસ પછી તેની સ્થિતિ સુધારા પર આવતાં તે બાવાની સલામે પહોંચી ગયો. એ વખતે એના પરાક્રમની વાત સાંભળીને ગોડજી બાવાએ તેને ૨૦૦ ઘોડાની જમાદારીના પદ પર ગોઠવી દીધો. ફતેહમહમ્મદના જીવનમાં સૌથી પ્રથમ મળેલી આ ફતેહની વાત આખા કચ્છમાં ફેલાઈ ગઈ અને જમાદારનું નામ પ્રથમ વાર ચમકી ગયું.

ગોડજી બાવાના અવસાન પછી કચ્છનું રાજ્યતંત્ર રા' રાયધણના હાથમાં આવ્યું. એ વખતે રા'ની ઉંમર માત્ર ૧૪ વરસની હતી. પરંતુ કાર્યકુશળ રાજમાતા લાડકુંવરબાની કુનેહથી રાજ્યવ્યવસ્થા સારી રીતે જળવાઈ રહી હતી. લાડકુંવરબા બાલ્યકાળથી જ પોતાના પિયર લીમડીના મામલામાં ઉછરેલાં હોવાથી રાજખટપટોનો એમને સારો અનુભવ હતો. રાજમાતા અને દીવાન દેવચંદ શેઠની કુશળતાથી રાજ્યતંત્ર શાન્તિપૂર્વક ચાલી રહ્યું હતું. પરંતુ અશાન્તિમાં રસ લેનારાં કેટલાંક તત્ત્વોને અને એ સમયના સત્તાધીશો મૂર્ખ સીદીઓને આ શાન્તિ રુચતી ન હતી. જમાલમિયાં નામના સીદીઓના જમાદારની આંખમાં દીવાન દેવચંદ શેઠ ખટકી રહ્યો હતો. તેણે દેવચંદ શેઠના એક વફાદાર માણસ માનસંગને મારી નાખ્યો, અને એ જ સાંજે દેવચંદ શેઠનો પણ દગાથી ઘાત કર્યો. શેઠના ત્રણ ભાઈઓ જે અંજાર, મુંદ્રા અને માંડવીમાં રહેતા હતા, તેમને પણ કપટથી બોલાવીને કતલ કરી નાખ્યા. આમ દીવાન દેવચંદનું એ જ અરસામાં નામનિશાન કાઢી નાખ્યું. અધૂરામાં પૂરું લાડકુંવરબાનું અવસાન થયું. અને કાચી બુદ્ધિના રા'રાયધણને છૂટો દોર મળી ગયો.

રા' રાયધણ હવે નિરંકુશ બન્યો. એ વખતે એની ઉંમર ૧૯ વરસની હતી. એના પર મહમ્મદપનાહનો રંગ હવે ઘેરો ચડવા લાગ્યો

હતો. કચ્છના ચોર્યાસી બંદરના વાવટા જેવા માંડવી બંદરમાં તો રા'રાયઘણે ત્રાસ ફેલાવી દીધો હતો. સૌથી પ્રથમ તેણે રાણેશ્વરની મૂર્તિનું ખંડન કર્યું. પછી પોતાની તોફાની મંડળી સાથે સુંદરવરની મૂર્તિ તોડવા તે આગળ વધ્યો. આટલો વખત શાંતિથી સહન કરી રહેલી માંડવીની જનતા હવે છંછેડાઈ ઊઠી. લોકોએ રાયઘણજીની તોફાની ટુકડીને ઘેરી લીધી. રા'બાવા પોતે પણ હવે ગભરાવા લાગ્યા. જીવ બચાવવા એક મંદિર પર ચડી ગયા. ત્યાં પણ પ્રજાએ ઈંટોનો અને નળિયાંનો વરસાદ વરસાવવા માંડ્યો. વીફરી ઊઠેલી જનશક્તિને કાબૂમાં લેવાનું કાર્ય હવે મુશ્કેલ બની ગયું. આખરે રા'બાવા જીવ બચાવીને નાઠા તો ખરા પણ જતાં જતાં માંડવીને લૂંટવાનો લશ્કરી માણસોને હુકમ કરતા ગયા. પણ હવે તો માંડવીની પ્રજા પણ જીવ પર આવી ગઈ હતી. માંડવીના કચ્છી યુવાનોની શક્તિએ હવે તો બેવડા વેગથી ઉછાળો માર્યો હતો. આ શક્તિએ રા'ના લૂંટારાનું પણ કાસળ કાઢી નાખ્યું. સંવત ૧૮૪૩.

રા'રાયઘણનાં અવિચારી અટકચાળાં હવે જમાદાર ફતેહમહમ્મદ માટે અસહ્ય થઈ પડ્યાં હતાં. રા'ને ઠેકાણે લાવવા અને એને સમજાવવા તે એક દિવસ રાજમહેલમાં પહોંચી ગયો. પણ રા'ને તો હવે પોતાના પડછાયાની પણ ભડક લાગતી હતી. જમાદારને જોતાં જ રા' રાયઘણ એકદમ ઉશ્કેરાઈ ગયા. તેણે જમાદાર તરફ ખુલ્લા ખંજરનો છૂટો ઘા કર્યો. આ વખતે આ ચાલાક પુરુષ ચાલાકીથી ખંજરનો ઘા ચુકાવી ગયો. તરત તે પાછો ફર્યો ત્યાં તો રાયઘણજી પોતાની ટોળીના માણસો સાથે તેની પાછળ પડ્યા. ફતેહમહમ્મદ ગામ ગઢના કોઠા ઉપર ભરાઈ ગયો. બે દિવસ સુધી ત્યાં જ રહીને તેણે પોતાનો બચાવ કર્યો. પછી તરત જ તેણે મુન્દ્રાથી ડોસલ વેણ જમાદારની મદદ મેળવી લીધી. હવે રા'ની



સાન ઠેકાણે લાવવા તે તત્પર બની ગયો. એક દિવસ બરાબર લાગ જોઈને તેણે પોતાના સહાયકો સાથે રા'પર હુમલો કર્યો, અને તેને ઝડપી લઈને ભુજિયા કિલ્લાના કોઠામાં ગોંધી દીધો.

રા'ને કેદ કરીને જમાદારે હવે કચ્છનું રાજ્યતંત્ર વ્યવસ્થિત કરવાનાં પગલાં લેવા માંડ્યાં. સૌથી પ્રથમ વાગડના સણવાનો ઠાકોર હાજોજી જે કચ્છને જમાબંધી આપતો ન હતો, તેનું ગામ લૂંટીને તેનો મદ ઉતારી નાખ્યો. વાગડના બીજા ભાયાતો વગેરેને પણ તેણે જમાબંધી આપતા કરી દીધા. વાગડના લૂંટારાને હાંકી કાઢવા માટે તેણે વાગડમાં જ થાણું જમાવી દીધું. લૂંટારાના ત્રાસથી તેણે વાગડની જનતાને બચાવી લીધી. વાગડમાં ફતેહગઢ અને બહાદરગઢ એ બે ગામો વસાવ્યાં જે આજે પણ મોજૂદ છે.

સિંધ તરફના ભયને પહોંચી વળવા જમાદારે હવે વખપતનો કિલ્લો ચણાવવા માંડ્યો. આ નમૂનેદાર કિલ્લાનું કામ સાત વરસે સંપૂર્ણ કરીને તેણે લખપતને સુરક્ષિત કર્યું. આ બંદરની પેદાશ પણ એથી ઘણી વધી ગઈ.

લખપતના કિલ્લાની પહોળાઈ પરથી એક ગાડું પણ આસાનીથી ચાલ્યું જાય એટલી એની જાડાઈ છે. આજે પણ આ કિલ્લો મોજૂદ છે. દુશ્મનની તોપના ગોળાઓ કિલ્લાને તોડી શકે નહિ એટલા માટે જ એની એટલી જાડાઈ રાખવામાં આવી હતી.

આજથી પોણી સદી પહેલાં એક વાર કોઈ કારણસર કિલ્લાનો એક ભાગ તૂટી પડ્યો. એ વખતે આ કિલ્લામાં પડેલા બાકોરામાંથી એક અજાયબ જેવી વસ્તુ - રૂના પોલનો મોટો ખડકલો બહાર નીકળી પડ્યો હતો. આ જોઈને બધાને નવાઈ લાગી. કિલ્લામાં રૂના આટલા બધા પોલ

ગોઠવીને શા માટે રાખવામાં આવ્યા હતા. તેનું કારણ કોઈને સમજાતું ન હતું. એ વખતે મોટી અવસ્થાના એક વૃદ્ધ પુરુષે એનો ઘટસ્ફોટ કરતાં જણાવ્યું કે આ માત્ર રૂના પોલ નથી, એમાં તો લશ્કરી સૈનિકોને જરૂર પડે ત્યારે ઉપયોગમાં લેવાય એટલા માટે છાશને સાચવી રાખવામાં આવી છે. એને પાણીની ડોલમાં નાખી જુઓ, એટલે તમને ખાતરી થશે. ડોસાની આ વાત સત્યાર્થ નીવડી. રૂ ના એક પોલને પાણીની બાલદીમાં નાખતાં આખી બાલદી ખાસી મીઠી મધુરો સ્વાદ હતો. જ્યારે જરૂર પડે ત્યારે ગઢની બારી ખોલી તેમાંથી રૂના પોલ બહાર કાઢી તેની છાસ બનાવીને તાત્કાલિક ઉપયોગ માટે સૈનિકોને આપવામાં આવતી. જમાદારના બુદ્ધિચાતુર્યની આ યોજના આજે પણ અજમાવવા જેવી ખરી! રૂ ના પોલમાં કેવા વિજ્ઞાનથી આ છાશ ભરવામાં આવતી એ પ્રશ્ન આજે પણ અણઉકેલ્યો જ રહે છે.

જમાદાર ફતેહમહમ્મદ એક નાનકડા અન્યાયને પણ સહન કરી શકતો નહિ. પ્રજાની શાન્તિ અને એની સુખસગવડો જાળવવા માટે જમાદારને કેટલી કાળજી અને ચીવટ હતી, તે નીચેના એના હસ્તાક્ષરના એક અસલી પત્રની નકલ પરથી જાણી શકાશે.

“સ્વસ્તિ શ્રી ભુજનગર સ્થાને, પૂજારાધે, સકલ ગુણજાણ સરવ શુભ ઉપમા જોગ રાજગર શ્રી ૫ હરભાઈ ઓધવજી તથા ભટ શ્રી ૫ નાના રવજી. એતાન શ્રી અંજારથી લિ. નોતિયાર ફતેહમહમ્મદ કે નમસ્કાર વાંચજો. જત આંહી ભલાઈ છે, તમારી લખવી. બીજા સમાચાર ઈ જાણજો જે લંગો કાધો જે આંહીં ચાકર હતો તેણે ખાટકી સાથે ખોટો ઝઘડો કીધો ને પછે ઘોડારમાં આવી ઘોડો વેંઝારવાનું નામ લઈને સાણી પાસેથી ઘોડો લીધો ને પોતાને ઘરે જઈ ઘોડા ઉપર કાઠું માંડીને ખાટકી ફળીમાંથી ખાટકીને



સાદ કીધો. તેને ભોળવીને નાકા બહાર લઈ ગયો. ને તેને બરછી નાખીને ભાગો. ખાટકીને સાહેબે ખેર કીધી જે વાગું નથી, એ લંગા પાસે ઘોડો ‘નગારચી’ છે, ને ગામની પણ સો પચાસ એણે ઘાલી છ, એ મને રાવ આવતાં અમે મુનરાની દશા અસવરા દોડાવ્યો છે, પણ એ લંગો તો ભાગીને ભુજ આવ્યો છ, ગામની લાજ પાડીને એ ભાગો છે, એ લાજ તો દરબારની છ, ને અમારી સરવે વાતુંના જમાન તમે છો માટે એ લંગાને ઝાલીને, બે માણસ ભેળા દઈને, ઘોડાને તથા લંગાને અહીં પોંચતા કરજો, એ રીતે માણસ ભાગીને ભુજ આવશે કે ભુજમાં કોય ખુનામ કરીને અંજાર આવશે ને દરબાર કાંઈ દેશે નહિ તો બીજા પણ વાયડા ને હીણા લોકો ઘણું જિયાન કરશે. તે માટે અમે ઊંઠીને મૂક્યો છે. વળી એણે ખાટકીની બાયડીના પનડા જોરાવરી સું ઉતારી લીધા છે, આમ થશે તો ચાલશે કેમ? માટે લંગાને આંહીં પહોંચાડજો.

સંવત ૧૮૫૮ના શ્રાવણ સુદ ૪ ગરઉ

(અહીં મહોર છે)

જમાદારના આ પત્રની જૂની શૈલી પણ જાણવા જેવી છે. લોકોને કોઈ તકલીફ ના થાય, કશો જુલમ ન થાય તે માટે જમાદારને કેટલી ધગશ હતી, તે એના ઉપલા પત્રથી જાણી શકાશે. એક નાની વાત તરફ પણ તે કેટલું લક્ષ આપતા હતા તે પણ સમજી શકાશે. જમાદારના માનસને જાણી લેવા માટે આ એક જ પત્ર બસ થશે. જમાદારની શક્તિને બિરદાવતાં કવિ લોકો કહેતા :

**સવૈયા**

દાન નિધિ દાતા કવિયન કો,
સાહેબ કી જિન રખી સત્તા હૈ,
દેશ વિદેશ છતા હસતા અરુ,
શત્રુન કા સર તો કંપતા હૈ,
દાન કી બેર બડા મસ્તા અરુ,
તેગ કી બેર તો તેજ તતા હૈ.
શામ ધર્મ મેં રહે સદા સો,
ફોજન કા સરદાર ફતા હૈ.

જમાદાર ફતેહમહમ્મદના જીવનમાં અનેક ઊથલપાથલો થવા પામી હતી. ઘડીમાં વિજય, ઘડીમાં પરાજય, ઘડીમાં ચડતી, ઘડીમાં પડતી એમ અનેક પ્રકારનાં અણધાર્યા પડદા પડ્યે જતા હતા.

એ અરસામાં ઝડપથી આવ-જા કરવાનાં સાધનોનો અભાવ હોવા છતાં જમાદાર એક જગ્યાએથી બીજી જગ્યાએ વીજળીની ઝડપથી પહોંચી જતો. કચ્છને છેડે આવેલા લખપતથી છેક ભુજ સુધી એક દિવસમાં એ આવી શકે. અને તે પણ રસ્તામાં સેંકડોનું સૈન્ય એકત્ર કરીને. જમાદાર એકલે હાથે ઝઝૂમનાર હોવા છતાં કચ્છ અને કાઠિયાવાડ પર એની ચકોર દૃષ્ટિ ફરી વળતી.

હાલાર પર અનેક સવારીઓ ચડાઈઓ લઈ જઈને ઓખા, બરડા વગેરે પ્રદેશોને ધ્રુજાવી નાખનાર જમાદાર ફતેહમહમ્મદ. ગોંડળના જાડેજા ઠાકોર દાજીભા, રાજકોટના મહેરામણજી, ખીરસરાના રણમલ્લજી એમને બધાને મદદ કરનાર પણ એ જ ફતિયો. જામનગરના મેરુ ખવાસ પાસેથી મોટો દંડ વસૂલ કરીને તેને તોબા પોકરાવનાર, ભાણવડમાં કચ્છી થાણું બેસાડનાર, ખીરસરા અને ધ્રોળમાં કિલ્લેદારો બોસાડનાર. ઓખાના નિર્ભય ચાંચિયાઓને ચોળી નાખી, ત્યાં કચ્છી થાણું બેસાડી, કચ્છી વહાણોને નિર્ભય કરનાર એ જ કચ્છનો કેસરી જમાદાર ફતેહમહમ્મદ. કચ્છનાવાગડના ગરાસિયા પર જમની માફક ઘૂમનાર એ જ વીર ફતેહમહમ્મદ. કચ્છના હરીફ જેવા કટારિયાના કાંયાણીના તબાના જંગી ગામને થરથરાવી દેનાર જમાદાર ફતેહમહમ્મદ. એની પાસે દયાની યાચના કરનાર જંગી ગામના લોકોનું લોકસાહિત્ય એ જમાનાની જમાદારની તાકાત પર નવો પ્રકાશ પાડે છે :



જમાદાર ! જંગીમાં રે'વા દે!
જંગીનાં ઝાડ વહાલેરાં છે,
કાંટાની માયા લાગી છે.
જમાદાર ! જંગીમાં રે'વા દે!
જંગીનાં ખેતર વહાલેરાં છે,
પાદરની માયા લાગી છે.
જમાદાર ! જંગીમાં રે'વા દે!
જંગીના બાવળ વહાલેરા છે,
આવળની માયા લાગી છે.
જમાદાર ! જંગીમાં રે'વા દે!
જંગીની બોરડિયું વહાલી છે.
ઓરડિયુંની માયા લાગી છે.

જમાદારે જ કચ્છના તૂણા બંદરનો વિકાસ કર્યો હતો. મૈસુરના ટીપુ સુલતાન જેવા પ્રબળ પુરુષ સાથે દોસ્તી બાંધી તેની પાસેથી હૈદરી

નામની તોતિંગ તોપની ભેટ પ્રાપ્ત કરનાર એ જ કચ્છનો ઘેટાં-બકરાંને ચારનારો ગોવાળિયો. મૈસુરનો ટીપુ સુલતાન અને કચ્છનો જમાદાર ફતેહમહમ્મદ એ બંને બ્રિટિશ સરકારના દુશ્મન. બ્રિટિશ સરકારનો સામનો કરવા માટે જ ટીપુ સુલતાને તેને તોપની ભેટ આપી હતી.

જમાદાર ફતેહમહમ્મદને કાઠિયાવાડ અને ગુજરાતમાં પણ કચ્છનો ડંકો વગાડવાના કોડ હતા. કચ્છ અને કાઠિયાવાડમાં તો એની ધાક બેસી ગઈ હતી. એ જ્યાં પગ મૂક્તો ત્યાં વિજયની દેવી એના ગળામાં વિજયની માળા આરોપવા તૈયાર રહેતી.

જમાદારની આ તાકાત પાછળ એક બીજી વ્યક્તિનો પણ મોટો ફાળો હતો. એ વ્યક્તિનું નામ હતું પધુ ગુલમદાર. આ પધુ ગુલમદાર સારસ્વત બ્રાહ્મણ હતો. જમાદારનો તે જમણો હાથ હતો. જમાદારની ફોજમાં તે ગુલમદારીનું - તોપોને દાગવાનું કામ કરતો. એનો આ વ્યવસાય વંશપરંપરાથી ઊતરી આવ્યો હતો. પધુ ગુલમદાર કચ્છનો વિલિયમ ટેલ હતો. જે વસ્તુ પર તે તોપનું નિશાન માંડતો તેને અચૂક ઉડાવી દેતો. રામનું બાણ જો ખાલી જાય તો પધુનું નિશાન ખાલી જાય. ફતેહમહમ્મદની ફોજની તાકાત પાછળ પધુનો મોટો હાથ હતો. જમાદારની તોપોના દળ સાથે પધુ ગુલમદાર આવે છે, એવી બાતમી મળતાં જ સામા સૈન્યની અર્ધી શક્તિ હણાઈ જતી. પધુ નામ માત્રથી જ દુશ્મન લશ્કરનાં હાંજાં ગગડી જતાં.

જમાદાર જે રાજ્ય પર ચડાઈ લઈ જવા માગતો તેને એક વાર તો એવી ચેતવણી આપતો કે ‘તમે અમુક કિલ્લો અમને સોંપી દો અથવા અમુક શરત સ્વીકારી લો, નહિ તો અમારા પધુ ગુલમદારના તોપમારા માટે તૈયાર રહો!’ જમાદારનો આટલો પડકાર તેને માટે સફળતા અપાવવા



માટે બસ હતો.

પધુ ગુલમદાર એક ગરીબ સામાન્ય કુટુંબમાં જન્મ્યો હતો. એની નિશાનબાજીએ એને મહાન બનાવ્યો હતો. એની આ કળા પાછળ પણ બીજું બળ હતું. જમાદારની શક્તિ પાછળ પધુ હતો અને પધુની શક્તિ પાછળ ગાંજો હતો. એને ગાંજાનું વ્યસન હતું. કોઈ અનેરી કળા જેને વરેલી હોય છે, તેને કોઈ વાર આવું કોઈક વ્યસન પણ વરેલું હોય છે. ગાંજાની ચલમ જોગીઓની એકધ્યાની બનાવી દે છે, એ વાતની સાબિતી પધુ પોતે જ હતો. ગાંજાની ચલમ અને તેના પર એક શેર પેંડા એણે ચડાવ્યા હોય તો પછી જોઈ લ્યો એનું પરાક્રમ ! એની તોપના એક પછી એક છૂટતા ગોળા મોટા મોટા મહારથીઓને મહાત કરવાને બસ હતા. પધુ જ્યારે તેના કામ પર ચડતો ત્યારે આખી દુનિયાને તે ભૂલી જતો. તે તેના કાર્યમાં જ તલ્લીન બની જતો. ગાંજાની મસ્તીમાં જ મસ્ત રહેતો. ગાંજાના રંગમાં તે એવો એકાગ્ર બની જતો, કે તેના હાથે છૂટતો તોપનો ગોળો કદી નિષ્ફળ જતો નહિ.

પધુ ગુલામદારની માનસિક તન્મયતા પ્રસંગે તે તોપના ગોળા છોડી રહ્યો હતો. એ દિવસે તેને ગાંજાની ચલમ બરાબર ચડી ન હતી. આમ છતાં તે પોતાનું કાર્ય તો કર્યે જ જતો હતો. એટલામાં દુશ્મન દળમાંથી બંદૂકની એક સનસનાટ કરતી ગોળી આવી અને પધુની પાઘડીને ઉડાવી ગઈ. પધુ વિહ્વળ બની ગયો. એને થયું કે એનું માથું જ ઊડી ગયું. એ તો તોપને બાઝી પડ્યો અને પોકારી ઊઠ્યો : ‘સર ગયા તો કુછ ન રહા! સર ગયા તો કુછ ન રહા!’ બાજુના સૈનિકો તેને સમજાવવા લાગ્યા કે ‘પધુજી! તમારું માથું તો તમારા ધડ સાથે બરાબર સલામત છે.’ પણ એ માને શેનો? ની તો એક જ વાત હતી, ‘સર ગયા તો કુછ ન

રહા.'

એટલામાં એનો સ્વભાવ જાણનાર એક સાથી ગાંજાની ચલમ ભરી લાવ્યો. ચલમ એના હાથમાં આપી દીધી અને ઊડી ગયેલી પાઘડી એના માથા પર મૂકી દીધી. પધુએ એવી દમ લગાવી, કે ચલમની કાંકરી ખખડી ઊઠી અને એનો ભડાકો એક વેંત ઊંચો ચડી ગયો. આ એક જ દમ સાથે પધુનું માથું પણ ઠેકાણે આવી ગયું.

એક વખત આ પધુ ગુલમદાર ઓખા મંડળમાં નીકળી ગયો હતો. અહીં કેટલાક ગાયકવાડી સૈનિકો તોપના ગોળાથી નિશાન તાકવાની તાલીમ લઈ રહ્યા હતા. આ લોકોની નિશાનબાજીનું નિરીક્ષણ કરવા કચ્છનો પધુ અહીં ઊભો રહી ગયો. દૂર દૂરના એક લીમડાના થડના ઠૂંઠા પર આ સૈનિકો નિસાન તાકીને તોપના ગોળા છોડી રહ્યા પણ કોઈનો ગોળો એ નિશાન પર લાગતો ન હતો. સૈનિકોની આ નિષ્ફળતાથી એમને તાલીમ આપનાર ગોરો સાર્જન્ટ ખિજાતો હતો. અને તોપનો મારો કઈ રીતે ગોઠવવો તે તેમને સમજાવતો હતો. લીમડાનું થડ દૂર હોવાથી સૈનિકોની નિશાનબાજી સફળ થતી ન હતી.

પધુ આ બધું જોઈ રહ્યો હતો. સૈનિકોની નિષ્ફળતા જોઈને એનાથી રહેવાયું નહિ. અંગ્રેજ સાર્જન્ટ પાસે પહોંચીને પધુએ તેને સલામ કરીને કહ્યું : 'મને જો રજા આપવામાં આવે તો હું પણ આ નિશાન પર મારો હાથ અજમાવી જોઉં!'

પધુની ઉત્સુકતા અને એની હિંમત જોઈને ગોરા સાર્જન્ટને જરા નવાઈ લાગી, પણ તે ઉદાર દિલનો હોવાથી તેણે ધુને પણ તેનું અરમાન પૂરું કરવા પરવાનગી આપી.

પધુ તરત પેલી તોપ પાસે પહોંચી ગયો. તોપનો મોરો તેણે



ફેરવી નાખ્યો. લીમડાના ઠૂંઠા પર લક્ષ કેન્દ્રિત કરીને તેણે તોપનો મોરો નિશાન પર બરાબર ગોઠવી દીધો. પછી ઉસ્તાદનું નામ લઈને તેણે તોપને દાગી દીધી. પહેલે જ ગોળે લીમડાના ઠૂંઠાના તેણે ફૂરચેફૂરચા ઉડાવી દીધા. તોપના ધડાકા સાથે જ પધુના મોંમાંથી તેની આદત અનુસાર 'જિયેરા' એવો ઉદ્‌ગાર બહાર આવી પડ્યો.

'જિયેરા' નો ઉચ્ચાર કાને પડતાં જ પેલો સાર્જન્ટ સમજી ગયો, કે આ તોપથી બીજો કોઈ નહીં પણ કચ્છનો પધુ ગુલમદાર પોતે જ છે. તેણે આગળ આવીને પધુના હાથ સાથે હાથ મિલાવ્યો અને પધુની નિશાનબાજીની કદરદાનીમાં તેને સારું ઈનામ પણ આપ્યું.

જમાદારે જ્યારે પધુની આ સફળતાની વાત સાંભળી ત્યારે તેને પણ ખૂબ આનંદ થયો, અને જમાદાર ફતેહમહમ્મદે પણ તેને બીજા ઈનામની નવાજેશ કરી.

જમાદારની વધતી જતી કીર્તિ કચ્છના કેટલાક અધિકારીઓનો તેજોવધ કરતી અને એમને ખટકતી હતી. જેમને જમાદારે ઊંચા ચડાવ્યા હતા તેઓ જ હવે તેના વિરોધી બની બેઠા હતા. કાંડાગરાના જે હંસરાજ શાહને તેણે આગળ વધાર્યો. તે જ હંસરાજ શાહ તેને દગો દેવા તૈયાર થઈ ગયો હતો. મુન્દ્રાના જે મહમ્મદ મિયાંને તેણે મોટો બનાવ્યો હતો, તે મહમ્મદ સૉતો હવે આડો ફંટાયો હતો. તેના જમણા હાથ જેવો તુર્ક મૉડ પણ ફરી બેઠો હતો. આટઆટલા વિરોધીઓ વચ્ચે પણ અણનમ રહીને જમાદાર કચ્છની ઉન્નતિના પ્રયાસોમાં અડગ હતો અને કોઈને મચક આપતો ન હતો.

જમાદાર ફતેહમહમ્મદ જાડેજા વંશની કુળદેવી માતા આશાપૂરાનો પરમ ભક્ત હતો. નવરાત્રિના માતાજીના જવારા તે પોતાના મસ્તક

પરની પાઘડીમાં રાખતો. જમાદારે ૩૮ દિવેટવાળી એક ચાંદીની આરતી, જેના પર ચાંદીના હાથીને ઊભો રાખવામાં આવેલ છે. એવી એક કલામય આરતી, માતા આશાપૂરાના મંદિરમાં ભેટ આપેલ છે. જે આજે પણ મોજૂદ છે.

કચ્છનો એ મહાન મુત્સદ્દી, રણબંકો, રણયોદ્ધો, પોતાની પાઘડીમાં માતાના જવારા રાખીને કચ્છની જનતાને હિંદુ-મુસ્લિમ એકતાનો મૂક બોધપાઠ આપનાર મહારથી જમાદાર ફતેહમહમ્મદ સંવત ૧૮૭૦ના આસો માસમાં ૬૧ વરસની અવસ્થા ભોગવીને આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયો.

ઘેટાં-બકરાંનો ચારનાર ગોવાળિયો કચ્છમાં, સૌરાષ્ટ્રમાં, ગુજરાતમાં અને ભારતમાં પણ પોતાનું નામ અમર કરી ગયો.

જમાદારના મૃત્યુ પછી થોડા જ દિવસમાં, કારતક સુદ ૧૭ સને ૧૮૧૩ના નવેમ્બરની છઠ્ઠી તારીખે રાઓ શ્રી રાયધણજી પણ સ્વર્ગવાસી થયા.

જમાદાર ફતેહમહમ્મદના મૃત્યુ બાદ એમને જ્યાં દફનાવવામાં આવ્યા હતા ત્યાં એમના પુત્ર હુસેનમિયાંએ કલાના નમૂના રૂપ એક રોજો મકબરી બંધાવેલ છે, ભુજમાં પાટવાડી નાકા બહાર આ મકબરો આવેલ છે. જેમાં મૂકવામાં આવેલી તખતીનું લખાણ હિંદુ-મુસ્લિમ એકતા પર નવી જ પ્રકાશ પાડે છે. એ લખાણ નીચે મુજબ છે :

॥ श्रीसरस्वत्यै नमः ॥ शालिवाहन भूपालादिक्रत शाके १७३५ प्रवर्तमान्ये संवत १८७० ना वर्षे सरद ऋतौ आश्विन मासे शुकल पक्षे ११ एकादशायां तिथौ गुरुवासर रात्रि अर्ध जाते महाराज राओ श्री रायघणजीना वजीर मरदा मरद जमादार श्री फतेहमहंमद नोतीयार गुजरया तेनो रोजो संवत



१८७१ना आषाढ सुदि २ रवीने दिवसे रोजो जमादार श्री फतेहमहंमदना सुपुत्र हुसेनमियांए तईवार कीधो ते साहिब निगा थकी रोजो धरा रहे तिहां सुधी साहिब सलामत रोजो राखे अने रोजाना करतलनी साहिब निगा थकी वंश वृद्धि रेजो ॥ गजधर.....

જમાદારના સમયમાં કચ્છની હકૂમત સિંધના રાયમા બજાર સુધી ચાલતી હતી. આ નીચે આપેલા જમાદારના એક પત્રની ખરી નકલથી એ હકીકત સમજી શકાશે.

‘સ્વસ્વિ શ્રી રાહુમાની બજાહ નામે સરવ ઉપમા જોગ્ય કોઠારી શ્રી પ નરશી. એતાન શ્રી ભુજનગરથી લિ. નોતીયાર ફતેમાંમદ, બીજું ઊંઠી મુગલ જાડુનો દીકરો ઈબુબખર પોતાની મા નૂરાં ભેલું વરસ ૧નું પીર શ્રી બદરૂદ્દીનના ઘરમાં આંગલીઓ આવો છે, તેને તેનું બાપ પીર શ્રીથી છાનોઈથી કાઢી ગીઉ છે. તેને વાળી મૂકશો. માટે ઉંઠીને વાળી મૂકજો અશાડ સુદ પ સોમે સાં. ૧૮૬૯.’

ફતેહમહમ્મદની ફતેહમંદી વિસે કવિ કેશવરામે ‘ફતેહસાગર’ નામે એક ગ્રંથ રચેલો કહેવાય છે પરંતુ એ ગ્રંથ પ્રકાશિત થયેલો દેખાતો નથી, અને એની હસ્તપ્રત પણ ક્યાંય નજરે ચડતી નથી. છતાં એનું કેટલુંક સાહિત્ય જે પ્રચલિત છે તેનો નમૂનો અત્રે આપવામાં આવે છે.

**છપ્પય**

ચઢત દલ્લ ફતમલ્લ, બજત નોબત રણડંકા,
ચહુદિશ ધરા ધમક્ક, પૃથ્વીપત માનત શંકા,
સોરઠ ગયો સુજાણ, લતીપુર દેરો દીનો,
આયો મેરૂ ખવાસ, વાહી કો લૂટ હી લીનો;
સમશેર તબક બંદૂક સર, મારો મારી આકરો,
રણધીર વીર ફતમલ્લ નર, પાણી રાખ્યો કાછ રો.

**કુંડલિયા**

૧

ફત્તા મર ગયા ફટક મેં, ઠઠ કર છોડત ઠામ.
જગજીવન એક ઝટક મેં, કટક ન આયા કામ,
કટક ન આયા કામ, માલ જિન લૂંટ ખિલાયા,
ઐસા લૂણ હરામ, કામ જિન કછુ ન આયા,
કહે કવિ કેશવ રામ, તમડ સુત* નામે છત્તા
સર્વ લે ગયા સાથ, કચ્છ કી શોભા ફતા.

(* તમાચીનો પુત્ર ફતેહમહમ્મદ)

૨

ફત્તે કે પરતાપ તેં, કેતે કર ગયે રાજ,
મહમદ મુનરે હો ગયા, મડઈ શેઠ હંસરાજ,
મડઈ શેઠ હંસરાજ, સરવિયા સામંત સાયર,
જ્યોં લખપત મેં મોડ, મોડજી ગઢસીસે પર,
કહે કવિ કેશવરામ, તમડ સુત નામે છત્તા,



સરવ લે ગયા સાથ કચ્છ કી શોભા ફત્તા.

૩

ફત્તા ફિર નહિ હોત હૈ, કચ્છ ધરા કે બીચ,
પાની થા સો બહ ગયા, રહા છાટ અરૂ કીચ,
રહા છાર અરૂ કીચ, ગયા સબ પલટ જમાના,
તૂટ પડી તલવાર, છૂટ ગઈ કચ્છ કમાના,
કહે કવિ કેશવરામ, તમડ સુત નામે છત્તા,
સરવ લે ગયા સાથ કચ્છ કી શોભા ફત્તા.

૪

ફત્તા કી સેવા અજબ, ગજબ ગવાહી કામ,
સોરઠ મન શંકા ધરત, સબ શહેરૂં મે નામ,
સબ શહેરૂં મે નામ, નહીં કોઈ ઐસા નરપત.
નામ સુનત થરહરત, ડરત હૈ દિલ મેં ભૂપત,
કહે કવિ કેશવરામ, મુલક મુલક મેં સત્તા,
સિંધ મચ્છુ હાલાર, ડરે સુન નામ હી ફત્તા.

**છપ્પય**

સિંધ શક દિલ ધરે, ધપટ સોઢા નવ ઝલ્લે.
વાઘેલાં ને જત, ધમક પારકર ધ્રૂજે,
હાલા ધરતા શંક, ઝીંક ઝાલા નવ ઝલ્લે,
કાઠી ઔર નવાબ, જેઠવા જોર જમિલ્લે,
સૌ પ્રતાપ ફતમલ્લ કો, ઓખા પતિ પાયે પડે,
મર્દ-મર્દા મહમ્મદ ફતા, ઈતની ધરતી તો ડ'રે.

જમાદાર ફતેહમહમ્મદના જીવનના સંધ્યા-સમયમાં જગજીવન નામનો એક પ્રપંચી વીસલનગરો બ્રાહ્મણ તેનો સલાહકાર હતો. ફતેહમહમ્મદે પોતાના બે પુત્રોને તેની સલાહ પ્રમાણે ચાલવાની વસિયત કરી હતી. આ જગજીવને જ એમને ખરાબે ચડાવી દીધા.

રા' રાયધણના છેલ્લા દિવસો દરમિયાન સંવત ૧૮૬૯ની સાલે કચ્છમાં એક મોટો દુકાળ પડ્યો. આ દુકાળે કચ્છની વસતીનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. હજારો માણસો મરી ગયા, પાર વગરનાં પશુઓ ઘાસચારા વગર તાવડામાં જેમ ધાણી ફૂટે તેમ ટપોટપ પડવા લાગ્યાં. અધૂરામાં પૂરું એ જ સાલમાં ભયંકર મરકી પણ ફાટી નીકળી. પરિણામે કચ્છની વસતિ લગભગ અર્ધી થઈ ગઈ.

જમાદાર ફતેહમહમ્મદના મરણ પછી તરત જ હંસરાજ શાહ પણ ગુજરી ગયા. થોડા દિવસો પછી રા'રાયધણ પણ પરલોકવાસી થયા. તેમણે પોતાના શબને દાટવા ફરમાવેલું, પણ પાંચસેં રાજપૂતોએ મહેલમાં દાખલ થઈને રા'ના શબનો કબજો લઈ લીધો અને વિધિસર તેનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. કચ્છડો આ વખતે ચારે તરફથી ઊભરાતા અંધકાર વચ્ચે ઘેરાઈ રહ્યો હતો.



# ૨૨. સુંદરજી સોદાગર

કોઈ પણ દેશમાં જે સમયે ઘણી અંધાધૂંધી વ્યાપે ત્યારે મહાપુરુષો પણ પાકે, એવો કુદરતનો એક અચૂક કાયદો છે. રા'રાયઘણના અવ્યવસ્થિત અને અંધકારમય રાજ્યઅમલ દરમિયાન કચ્છમાં પણ એક પછી એક નરપુંગવો પાકતા આવ્યા. જમાદાર ફતેહમહમ્મદ અને સુંદરજી શેઠ તેમાં મુખ્ય હતા. અવનતિની ઊંડી ખીણમાંથી આપબળે ઉન્નતિના શિખર પર પહોંચનાર એવા સુંદરજી શેઠ હતા. એમનો જન્મ કચ્છ-માંડવી તાલુકાના ગુંદિયાળી ગામમાં બ્રહ્મક્ષત્રિય શિવજી હીરજીને ત્યાં થયો હતો. સુંદરજી શેઠનું બાલ્યજીવન જુગારની બદીમાં અને તોફાનોમાં જ પસાર થયું હતું. નાનપણથી જ એને ઘોડેસવારીનો કંઈ અજબ છંદ લાગેલો. ગમે તેવો અડિયલ અને તોફાની ઘોડો હોય પણ સુંદરજી તેના પર બેધડક ચડી બેસે, અને થોડી જ વારમાં તેને સીધોદોર બનાવી દે.

સુંદરજી શેઠને નાનપણમાં સૌ સુંધો કહીને બોલાવતા હતા. જ્યાં જુગારીઓ કે તોફાનીઓની મંડળીઓ હોય ત્યાં ત્યાં એનાં પગલાં તો અવશ્ય હોય. સુંદરજી મોટો થતો ગયો તેમ તેનામાં જુગારની બદી પણ

વધતી ગઈ. જુગારીઓના અખાડામાં જ તે પડ્યોપાથર્યો રહેતો. જુગારના દાવ લગાડનાર જુગારીમાં ઉદારતાનો ગુણ પણ હોય છે. સુંદરજીમાં પણ એ ગુણ ખીલ્યો હતો. જે કંઈ હાથમાં આવે તેને જુગારમાં અથવા સાધુસંતોને દાન દેવાથી ઉડાવી નાખે. સાધુસંતો તરફ તેને પ્રથમથી જ અનુરાગ હતો. પૈસો તો એને મન કાંકરા હતા. ફાવે તેમ કરવું અને સ્વચ્છંદે ફરવું. એ જ એનો કાર્યક્રમ. કોઈનો અંકુશ એને ફાવે નહિ. સુંદરજીને સુધારવા અને એને સીધા માર્ગ પર લાવવા એના પિતા શિવજીભાઈએ અનેક ઈલાજ લીધા, પણ જો રેતીમાંથી તેલ નીકળે તો જ સુંદરજી સુધરે તેમ હતું. આખરે એના પિતા પણ એનાથી કંટાળ્યા. સંવત ૧૮૪૬માં એના ભાગની બે હજાર કોરી આપીને એને જુદો કર્યો, પરંતુ ‘જર જુગારી ગૂંજલે ટકે કેટલી વાર?’ એ નિયમ અનુસાર સુંદરજી પાસે આવેલી આ બે હજાર કોરી થોડા વખતમાં જ છૂ થઈ ગઈ.

હવે તેણે પોતાની ઘરવાળીના ઘરેણાં પર મીટ માંડી. આ ઘરેણાં પડાવી લેવા માટે તેણે ખૂબ ઝાવાં નાખ્યાં. પણ જુગારી પતિને પોતાનાં ઘરેણાં કાઢી આપવાની સાફ ના સુણાવી દીધી. આથી ઘરમાં કલેશ પેઠો. પરિણામે મોટો ઝઘડો મચાવીને સુંદરજીએ ગુંદિયાળીથી બે માઈલ દૂર આવેલા નાગનાથ મહાદેવ ઉપર ઉગ્ર તપસ્યા આદરી દીધી. કહેવાય છે કે સુંદરજીના ભારે તપથી શંકર પ્રસન્ન થયા અને ઘોડાના વેપારથી એનું કલ્યાણ થસે એવું વરદાન આપ્યું.

આ ઘટના પછી સુંદરજીમાં એકાએક ગજબ જેવો પલટો આવી ગયો. પોતાનું ભાગ્ય અજમાવવા તેણે હવે કમર કસી લીધી. સુંદરજીને ઘોડાનો શોખ હોવાથી અશ્વશાસ્ત્રમાં તો તે પ્રથમથી જ પ્રવીણ હતો. ઘોડાની ખામી, ખૂબ અને ખોડ પારખવાનું તેને સારું જ્ઞાન હતું. સંવત



૧૮૫૧માં ૩૨ વરસની ઉંમરે તે માંડવી આવ્યો. માંડવીના નગરશેઠ શાહ માનસંગ ભોજરાજની તેણે મુલાકાત લીધી અને ઘોડાનો વેપાર કરવાની પોતાની ઈચ્છા તેણે તેની પાસે વ્યક્ત કરી. સુંદરજીની મધુર વાણી અને તેની અશ્વપરીક્ષાની શક્તિ જોઈને નગરશેઠે તેને સાત હજાર કોરીમાંથી ઉત્તમ ઓલાદના ચૌદ ઘોડા ખરીદી લીધા. આ ચૌદ ઘોડાને તે માંડવીના એક મોટા વહાણમાં દક્ષિણ ભારતના કોચીન બંદરે લઈ ગયો. આ પાણીદાર કચ્છી ઘોડા તેણે સારા નફાથી કોચીનના સત્તાધીશોને વેચી દીધા.

હવે તેને ઘોડાના વેપારની લગની લાગી. વેપારી બુદ્ધિ ખીલવાથી તેની જૂની કુટેવો નીકળી ગઈ. તેનું ભાગ્યબળ ચન્દ્રની ચડતી કળા પેઠે દિનપ્રતિદિન ખીલતું ગયું. એ જ અરસામાં બે અંગ્રેજો હથિયારોના વેચાણ માટે કચ્છમાં આવેલા. હથિયારો વેચતા આ બંને પરદેશીઓમાં કચ્છ રાજ્યને વહેમ પડ્યો. અને કચ્છ રાજ્યના અધિકારીઓએ એમને જેલમાં પૂરી દીધા. સુંદરજીને કોચીનમાં થોડો પરિચય થયો હોવાથી તેણે જામીન પડીને આ લોકોને ભુજની જેલમાંથી મુક્ત કરાવ્યા. એટલું જ નહિ પણ પોતાને ખરચે એમને મુંબઈ પણ પહોંચીડી દીધા.

હવે સુંદરજીએ કચ્છમાં ચારે તરફ ફરીને રૂડા, રૂપાળા, તેજસ્વી કચ્છી ઘોડા ખરીદવાનું ચાલુ કરી દીધું, ખોડ-ખાંપણ વિનાના ઊંચામાં ઊંચા પૂરા કદના ઘોડા તે ખરીદવા લાગ્યો. આ વખતે ઘોડાના વેચાણ માટે તે મુંબઈ પહોંચ્યો. મુંબઈમાં જે અંગ્રેજોને તેણે કચ્છની જેલમાંથી છોડાવ્યાહતા તેમનો ભેટો થઈ ગયો. આ અંગ્રેજો સુંદરજીને સહાયભૂત થયા. તેમણે સુંદરજીના તમામ ઘોડા ઘણા સારા નફાથી સરકારી લશ્કરી ખાતામાં વેચાવી દીધા. તે વખતે બીજા પણ સારામાં સારા ઘોડા કચ્છમાંથી

લઈ આવવાની સુંદરજીને વરદી મળી ગઈ. પેલા બે અંગ્રેજોની ભલામણથી સુંદરજીને તગદ પેટે અર્ધાં નાણાં પણ આપવામાં આવ્યાં. સુંદરજીમાં આથી નવોઉત્સાહ આવ્યો. તે કચ્છમાંથી ફરી ઊંચી જાતના ઘોડા ખરીદી આવ્યો, અને અંગ્રેજ સરકારને તે બેવડે નફે વેચ્યા.

એ જ અરસામાં ટીપુ સુલતાન અને અંગ્રેજો વચ્ચે લડાઈ ચાલતી હોવાથી ઘોડાની કિંમત વધી ગઈ હતી. આથી સુંદરજી પોતાના ઘોડાઓનો ત્રીજો કાફલો મલબારમાં કાનામાંગરોળ ખાતે લઈ ગયો. ત્યાં તેણે તમામ ઘોડા કર્નલ મોન્ટેગોમરીને વેચ્યા. કચ્છી ઘોડીઓની આ ઉત્તમ જાત જોઈને કર્નલ ખુશ થઈ ગયો. તેણે દરેક ઘોડાના રૂપિયા ૫૩૫ લેખે તેની કિંમત ચૂકવી દીધી. કર્નલે હવે બીજા ૪૦૦ ઘોડાની માંગણી કીધી અને આ માગણી પેટે તેણે એક લાખ રૂપિયા સુંદરજીને પ્રથમથી ગણી આપ્યા.

સુંદરજીએ આ લાખ રૂપિયાનાં મદ્રાસનાં મોતીબજારમાંથી હીરા મોતી લીધાં, અને હીરા મોતી તેણે બમણે નફે સુરતમાં વેચ્યાં. ત્યાર પછી કચ્છ, કાઠિયાવાડ અને સિંધમાં ચારે તરફ ભટકી ભટકીને તેણે ઘોડા ખરીદવા માંડ્યા. એ રીતે ચારસો ઘોડા ખરીદીને તેણે કર્નલને જાતે જઈને આપી દીધા.

ટીપુ સુલતાન અને અંગ્રેજો વચ્ચેના ઘર્ષણનો સુંદરજીએ પૂરેપૂરો લાભ લીધો. તેણે વહાણો ભરીને બંને પક્ષને પુષ્કળ નફાથી ઘોડા વેચવા માંડ્યા.

સુંદરજીનું અક્ષરજ્ઞાન ઝાઝઉં ન હતું. પણ તેનામાં ભણતર કરતાં ગણતર વધુ હતું. આથી તેણે અંગ્રેજ સરકારનાં અધિકારીઓમાં ખૂબ પ્રતિષ્ઠા જમાવી દીધી. તેનો ઘોડાનો વ્યાપાર હવે વ્યાપક બની ગયો. ઘોડાના વેપાર સાથે તેણે હવે બીજા વેપારો પણ ખેડવા માંડ્યા. મુંબઈ,



અમદાવાદ, મહીસુર, માંગરોળ, પૂના, કુમઠા, કાલીકટ, મલબાર, વડોદરા, રાજકોટ, ધોરાજી, જોડીઆ, નવાનગર તેમજ કચ્છ અને સિંધમાં મોટાં મોટાં સ્થળોમાં તેણે પોતાની પેઢીઓ ખોલવા માંડી. એનો વેપાર ધમધોકાર ચાલવા લાગ્યો. સુંદરજીનો સિતારો હવે દિવસે દિવસે બુલંદ થતો ગયો. એક વખતનો આ જુગારી સુંધો હવે સુંદરજી સોદાગરના માનવંતા નામથી દેશ-વિદેશમાં પ્રખ્યાત થઈ ગયો.

અંગ્રેજ સરકાર અને લખનૌના નવાબ વચ્ચે થોડો વખત વિગ્રહ ચાલ્યો હતો, પણ આખરે સમાધાન થયું. આ સમાધાનીના - સુલેહના કરારો માટે ચાર અંગ્રેજ અમલદારો અને એક દેશી અમલદારની નિમણૂક કરવાની હતી. આ દેશી અમલદાર તરીકે બંને પક્ષની પસંદગી સુંદરજી શેઠ પર ઊતરી. સંધિમાં ૭૪ કલમોવાળો દસ્તાવેજ કરવામાં આવ્યો હતો. આ દસ્તાવેજની પ્રત્યેક કલમમાં સુંદરજીની સલાહ લેવામાં આવી હતી. સુંદરજી શેઠે પોતાની કુનેહ અને કાર્યકુશળતાથી બંને પક્ષોનું માન જળવાય એવો રસ્તો અપનાવ્યો હતો. સુંદરજીના આ કાર્યથી સંતુષ્ટ થઈને અંગ્રેજ સરકારે તેને માસિક બસો રૂપિયાનું પેન્શન કરી આપ્યું.

સુંદરજી શેઠ હવે રાજામહારાજાઓમાં પણ પૂજાવા લાગ્યા. સયાજીરાવ પહેલા ગાયકવાડના ભાઈ મલ્હારરાવ કડી પ્રાંત દબાવી બેઠા હતા, તે મેળવી આપવા વડોદરાના ગાયકવાડે સુંદરજી શેઠની સહાય માગી. આ કાર્ય પાર પાડવા સુંદરજી શેઠે બ્રિટીશ સરકારનો આશરો લીધો અને અંગ્રેજોની લાગવગ લગાવી, કડી પ્રાંત તેણે ગાયકવાડને અપાવી દીધો. સુંદરજી શેઠના આ સહકારના બદલામાં તેને ગાયકવાડ સરકાર તરફથી સારો લાભ આપવામાં આવ્યો હતો.

સંવત ૧૮૭૨માં કંપની સરકારે પેશ્વા બાજીરાવ બીજા પર ચડાઈ

કરી, ત્યારે સુંદરજી શેઠ પણ ત્યાં હતા. પેશ્વાની હાર થતાં કાઠિયાવાડની જમાબંધી સરકારને મળી. આ જમાબંધી ઉઘરાવવાનું કામ પણ સરકારે સુંદરજી શેઠને સોંપ્યું.

સુંદરજી શેઠના સહકારથી બ્રિટિશ સરકારે તેને નેટીવ એજન્ટની સનદ આપી. છડી, સવારી, પાલખી, મશાલ અને નેકીનો પરવાનો પણ શેઠને આપવામાં આવ્યો. ખર્ચ માટે માસિક સો રૂપિયા પણ આપવાનું નક્કી કરવામાં આવ્યું. હવે સુંદરજી શેઠ પૂરી જાહોજલાલીથી રજવાડી ઠાઠથી રહેવા લાગ્યા.

માળિયાના મિયાણા મોરબી ઠોકોરનાં ગામોમાં લૂંટફાટ મચાવતા હોવાથી, ઠાકોરે સુંદરજી શેઠનો આશરો લેવા એમને બોલાવ્યા. સુંદરજી શેઠે ત્રણ લાખના ખરચે સરકારી પલટન બોલાવી, મિયાણા ટોળીને મા'ત કરી, માળિયા પર મોરબી ઠાકોરની સત્તા જમાવી દીધી. આ કાર્યમાં થયેલા ખર્ચની રકમ સુંદરજી શેઠની હતી. એટલે એ ખર્ચ પેટે ટંકારિયા પરગણું મોરબી ઠાકોરે સુંદરજી શેઠ પાસે ગીરવી મૂક્યું. અને શેઠના સહકારના બદલામાં પાંચ ગામો એમને બક્ષિસમાં આપ્યાં.

પોરબંદરનાં રાણાનો મુલક તેના પ્રધાન પરમાનંદ ઠક્કરે મિયાણાઓની મદદથી પચાવી પાડેલો હોવાથી રાણાએ સુંદરજી શેઠની મદદ માગી. સુંદરજી શેઠે કર્નલ વૉકરની સહાયથી એ મુલક પોરબંદરના રાણાને અપાવ્યો પરંતુ આ કાર્યને અંગે થયેલ ખર્ચની રકમ રાણા પાસે ન હોવાથી, તેણે તે રકમ શેઠ પાસેથી લીધેલી, તેના બદલામાં પોરબંદરનો વહીવટ આઠ વરસની બંધીથી શેઠને સોંપવામાં આવ્યો. શેઠે બાર મહિના ત્યાં જ રહીને રાજ્યનું કામ થાળે પાડ્યું. ત્યાર બાદ પોતાના ભત્રીજાને તે કામ સોંપીને પોતે અન્ય કાર્યોમાં પરોવાયા.



જામનગરના સતાજીએ સુંદરજી શેઠના સાત ઘોડા બળજબરીથી આંચકી લીધેલા હોવાથી શેઠે ગાયકવાડી ફોજ લાવીને જામનગર પર ચડાઈ કરી. જામ જસોજી શેઠની ઠેકડી ઉડાવતાં કહેતો હતો કે 'એ લૂગડાંનો રંગનારો ખત્રી મને શું કરવાનો હતો?' સુંદરજી શેઠે આ ઠેકડીના જવાબમાં જણાવ્યું, કે 'આ ખત્રીના રંગની છાપ એવી બેસી જશે કે જીવનપર્યંત નહિ નીકળે.' આખરે જામનગર સાથે લડાઈ થઈ, જસોજી હાર્યા અને દશ લાખ રૂપિયા દંડ ભરવાની શરતે સુલેહના કરાર થયા. આ રકમ જસોજી પાસે ન હોવાથી જોડીઆ અને બાળંભા એ બે પરગણાં તેણે સુંદરજી શેઠ પાસે ગીરવી મૂકીને રૂપિયા લીધા અને બીજાં ચાર ગામો શેઠને બક્ષિસમાં આપ્યાં.

સુંદરજી શેઠ પુરુષાર્થની પ્રતિમા જેવા હતા. જે કામ હાથમાં લે તેને પૂરું કર્યા વિના છોડે જ નહિ એવા આગ્રહી હતા. સતત પુરુષાર્થને કારણે કરોડાધિપતિ બની ગયા હતા. પુરુષાર્થ એ જ એમનો મુદ્રાલેખ હતો. બીજા બધા ગુના તે માફ કરી દેતા પણ આળસનો ગુનો માફ કરતા નહિ. સખાવતનાં અનેક કામો એમના હાથે થયાં હતાં. અનેક ધર્મશાળાઓ, મંદિરો અને સદાવ્રતો સ્થાપીને તેમાં લાખો રૂપિયા તેમણે ખર્ચ્યા હતા.

બેટ દ્વારિકામાં મોટો યજ્ઞ કરીને હજારો બ્રાહ્મણોને તેમણે વરણીમાં બેસાડ્યા હતા. ૧૨૫ મણ ઘી આ યજ્ઞમાં હોમવામાં આવ્યું હતું. અને લાખો રૂપિયા ખરચવામાં આવ્યા હતા.

કચ્છના મહારાઓ ભારમલ્લજીએ પણ સુંદરજી શેઠની મદદ માગી હતી. સુંદરજી શેઠે બ્રિટિશ લશ્કરની મદદથી રાજ્યના હાથમાંથી નીકળી ગયેલો પ્રદેશ અને સ્વાધીન કરાવ્યો હતો.

સુંદરજી શેઠે સેંકડો માણસોના સંઘ સાથે બદરીનારાયણ, કેદારનાથ, હરદ્વાર વગેરેની યાત્રાઓ કરીને ત્યાં હજારો સાધુસંતોને જમાડ્યા હતા, અને લાખો રૂપિયા વાપર્યા હતા.

યાત્રા પૂરી કરીને સુંદરજી શેઠ જોડીઆ આવ્યા ત્યારે તેમને અભિનંદન આપવા જામનગરથી રણમલ્લ જામ, રાજકોટથી ઠાકોર નભોજી, ધ્રોળના ધણી ભૂપતસંગજી, ભાવનગરના વજેસંગજી, ગોંડલના ઠાકોર અને બીજા નાનામોટા મળીને ૭૨ રાજવીઓ અને તાલુકદારો આવ્યા હતા.

સંવત ૧૮૬૯માં કચ્છમાં મોટો દુકાળ પડ્યો હતો, એ વખતે સુંદરજી શેઠે મોટા ખરચે ઠેર ઠેર રસોડાં ચાલુ કરીને અનેક ગરીબોને દુકાળના પંજામાંથી ઉગારી લીધા હતા. સુંદરજી શેઠની ગુંદિયાળીની ડેલીમાંથી દરેક અભ્યાગતને સીધાના સામાન ઉપરાંત એક ધાબળો અને એક લોટો આપવામાં આવતો હતો.

કુંભનો મોટો મેળો દર બાર વરસે ભરાય છે. આ મેળામાં લાખો યાત્રાળુઓ અને સાધુસંતો આવે છે. આ તમામ યાત્રાળુઓને સુંદરજી શેઠે ચાર દિવસ ઉત્તમ પ્રકારનાં ભોજનો જમાડ્યાં હતાં. કહેવાય છે કે પાંચેક હજાર વરસ પહેલાં આવો ભંડારો કાં તો પાંડવોએ કર્યો હતો અને કાં તો કચ્છના દાનવીર શેઠ સુંદરજીએ કર્યો હતો.

સુંદરજી શેઠે ગિરનારના ડુંગર ઉપર છેક ગુરુ દત્તાત્રેયના શિખર સુધી પાકાં પગથિયાં બંધાવ્યાં અને દામોદર કુંડની પાળ પણ સુંદરજી શેઠે બંધાવી હતી. કચ્છમાં નારાયણસરોવર, કોટેશ્વર, આસાર માતા, રાણેશ્વર, નાગનાથ વગેરે મંદિરોનો જીર્ણોદ્ધાર સુંદરજી શેઠે કરાવ્યો હતો. ઉપરાંત ધીણોધર પર ધોરમનાથ, રાવળ પીર, કલ્યાણેશ્વર, નીલકંઠ



મહાદેવ, વોંધમાં જડેશ્વર મહાદેવ વગેરે અનેક મંદિરો એમણે કચ્છમાં બંધાવ્યાં હતાં.

આ ધર્મપરાયણ, રાજનીતિજ્ઞ અને વ્યાપારકુશળ સુંદરજી સોદાગરે સંવત ૧૮૭૮ના ફાગણ વદ ૧૨ ના રોજ બપોરનાં ૧૧ વાગે દેહ મૂક્યો. એમના અવસાન પછી કાઠિયાવાડનાં જે જે ગામો એમની પાસે ગીરવી હતાં તે અને એમને મળેલાં બીજાં ઈનામી ગામો તે તે ગામોના રાજવીઓએ પાછાં ખેંચી લીધાં. અનેક રાજારજવાડાંઓ પરનું લાખો રૂપિયાનું એમનું દેવું આમ ડૂબી ગયું.

સુંદરજી શેઠ એક મહાપુરુષ હતા. ભાગ્યશાળી હતા, મોટા દાતાર અને ધર્માત્મા હતા. કમ્પની સરકારના તો જમણા હાથ જેવા હતા. કચ્છના કીર્તિકળશ સમા હતા. એમનાં બંધાવેલાં અનેક ધામો એમના ઉજજવળ નામની યાદી આપી રહ્યાં છે અને આપતાં રહેશે.

# ૨૩. પંડિત શ્યામજી કૃષ્ણવર્મા

આજથી એકસો ચુમાલીસ વર્ષ પહેલાં ભારતમાં જ્યારે આઝાદીનું પહેલું કિરણ પ્રગટ્યું હતું ત્યારે ઈ.સ. ૧૮૫૭ની સાલે ઓક્ટોબરની ચોથી તારીખે કચ્છના માંડવી બંદરમાં એક ક્રાન્તિવીરનો જન્મ થયો. આ ક્રાન્તિકારી યોદ્ધો તે પંડિત શ્યામજી કૃષ્ણવર્મા. દુનિયાના અંધારા ખૂણામાં પડેલા એક પ્રદેશના એક ગરીબ કુટુંબમાં જન્મેલો એક નાનો માણસ પોતાની બુદ્ધિના પ્રભાવ વડે કેટલો આગળ વધી શકે છે તેનું આ જીવંત દૃષ્ટાંત છે.

ભારતના નકશામાં જોતાં ભારતી માતાના ખોળામાં જાણે એક બાળક પોઢેલું હોય એવા કચ્છડાના એક ભણશાળી કુટુંબમાં એનો જન્મ થયો હતો. માંડવીમાં જ એની બાલ્યાવસ્થાનો સમય પસાર થયો હતો. દશ વર્ષની ઉંમરમાં જ માતાનું સુખ તો કુદરતે ઝૂંટવી લીધું હતું. માતાનો સ્વર્ગવાસ થતાં બાલ્યકાળમાં જ પંડિતજી માતાવિહોણા - 'નમાયા' બની ગયા હતા.

પિતાનું નામ ભૂલાભાઈ. પિતાની આર્થિક સ્થિતિ પણ જેવી જોઈએ



તેવી સારી ન હતી. આર્થિક મુશ્કેલીઓ વેઠીને એમના પિતા મુંબઈમાં કામકાજ કરી રહ્યા હતા. ત્યાં જીવનનિર્વાહનાં સાધનો પણ તે મહામુસીબતે મેળવી શકતા. આવી પરિસ્થિતિમાં પંડિતજીના જીવનવિકાસ તરફ દૃષ્ટિ પણ કોણ કરે? સદ્‌ભાગ્યે પંડિતજીની એક માસી હતી. તેના મનમાં ઈશ્વર વસ્યો અને પંડિતજીના અભ્યાસનું કામ તેણે માથે લીધું. કચ્છ-માંડવીમાં એમણે ગુજરાતી ભાષા અને અંગ્રેજી ત્રીજા ધોરણનો અભ્યાસ પૂરો કર્યો.

એ વખતે મુંબઈમાં મથુરદાસ લવજી નામે એક સેવાભાવી ભાટિયા ગૃહસ્થ હતા. એના સાંભળવામાં આવ્યું કે શ્યામજી નામે એક બુદ્ધિમાન વિદ્યાર્થી માંડવીમાં અભ્યાસ કરી રહ્યો છે, પણ જીવનની પ્રગતિ સાધવા માટે કોઈ સાધન નથી. આ વિદ્યાર્થીને યોગ્ય દિશામાં દોરવણી આપવામાં આવે તો તે એક મહાપુરુષ બની શકે એવી એની બુદ્ધિમત્તા છે. આ વાત જાણીને મથુરાદાસ શેઠે એને મુંબઈ બોલાવી લીધો અને એના શિક્ષણ વગેરેની તમામ વ્યવસ્થા કરી દીધી. અહીં આવીને પંડિતજીએ એમની શાળામાં સંસ્કૃતના વિષયમાં પોતાનું નામ ચમકાવી દીધું. એમની સ્મરણશક્તિ અદ્‌ભુત હતી. પરંપરાના કોઈ ઉચ્ચ સંસ્કારોના પ્રતાપે વિદ્યા પ્રાપ્ત કરવા માટે એમના અંતરમાં અદમ્ય ઈચ્છા જાગી ઊઠી. રાત-દિવસ અભ્યાસમાં જ તે રચ્યાપચ્યા રહેતા. એમનો સંસ્કૃતનો અભ્યાસ તો હરણફાળે આગળ વધવા લાગ્યો. સંસ્કૃત સાથે અંગ્રેજી ભાષાને હસ્તગત કરી લેવા મંડી પડ્યા. મુંબઈની વિલ્સન હાઈસ્કૂલમાં દાખલ થઈ ગયા.

મુંબઈમાં એ વખતે છબીલદાસ લલ્લુભાઈ નામે એક બીજા સેવાભાવી સદ્‌ગૃહસ્થ હતા. રામદાસ નામનો એમનો પુત્ર શ્યામજી સાથે એ જ શાળામાં અભ્યાસ કરી રહ્યો હતો. શ્યામજીની યાદશક્તિ અને એનો વિદ્યાપ્રેમ જોઈને રામદાસ તો તેનો મિત્ર બની ગયો. આ કારણથી

એમના ઘરમાં શ્યામજીની આવ-જા શરૂ થઈ. છબીલદાસ શેઠે શ્યામજીમાં રહેલી શક્તિ, ચતુરાઈ અને બુદ્ધિપ્રતિભા જોઈ લીધી. જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ શ્યામજી તરફ તેમનો પ્રેમ વધતો ગયો. પરિણામ એ આવ્યું કે છબીલદાસ શેઠે પોતાની પુત્રી ભાનુમતીનાં શ્યામજી સાથે લગ્ન કરી દીધાં. શ્યામજી ગૃહસ્થાશ્રમમાં જોડાઈ ગયા.

એ જ અરસામાં સ્વામી દયાનંદના 'સત્યાર્થપ્રકાશ'નો ડંકો ભારતભરમાં વાગી રહ્યો હતો. સત્ય સંશોધનમાં સ્વામીજીનાં પ્રવચનનો એક નહી જ હવા ફેલાવી રહ્યાં હતાં. સ્વામીજીના આદર્શ ચારિત્ર્યે , બુદ્ધિચાતુર્યે અને એમના ક્રાન્તિકારી સત્યનાં શબ્દબાણોએ પુરાતન ભારત ભૂમિમાં સત્યાર્થ તત્ત્વોનો નૂતન પ્રવાહ વહેતો કરી દીધો હતો. ભારતની જનતા એમના નવા વિચારોને ઝીલવા લાગી હતી.

સન ૧૮૭૯માં પંડિત શ્યામજીએ સ્વામી દયાનંદની મુલાકાત લીધી. દયાનંદના વાણીપ્રવાહે પંડિતજી પર ભારે અસર કરી હતી. સ્વામી દયાનંદ સંસ્કૃત ભાષાના મહાન જાણકાર હતા. સંસ્કૃત ગિરા પર શ્યામજીનો અજબ જેવો કાબૂ જોઈને દયાનંદના સત્યના મંત્રોએ પંડિતજીને આકર્ષી લીધા અને એમણે આર્ય સમાજની દીક્ષા લીધી.

શ્યામજીની ઉત્કટ ઈચ્છા હતી. ઈંગ્લેંડ જઈને વિશેષ અભ્યાસ કરવાની. આ સમયે ઓક્સફર્ડ યુનિવર્સિટીના સંસ્કૃત ભાષાના અધ્યક્ષ મોનિયર વિલિયમ્સ ભારતમાં આવ્યા હતા. એ વખતે એમને સ્વામીજીનો પરિચય થયો. સંસ્કૃત ભાષા પરનો સ્વામીજીનો કાબૂ જોઈને તે મુગ્ધ બની ગયા. શ્યામજીને ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં સ્થાન આપવાની ઈચ્છા એમણે શ્યામજી પાસે વ્યક્ત કરી. આ શ્યામજીને તો જે જોઈતું હતું તે વૈદે બતાવ્યા જેવું થયું. અચાનક આવો સુયોગ મળી જવાથી એના આનંદનો



પાર રહ્યો નહિ. પ્રોફેસર સાહેબના આમંત્રણનો એમણે સહર્ષ સ્વીકાર કર્યો. કેટલીય મુશ્કેલીઓ હોવા છતાં સન ૧૮૭૯ની સાલે શ્યામજી વિલાયત જવા ઊપડ્યા. ઓક્સફર્ડની બેલિયલ કોલેજના એ મદદનીશ સંસ્કૃત પ્રોફેસર તરીકે નિમાયા. ત્યાં પોતાની ફરજ બજાવવા ઉપરાંત અંગ્રેજીનો અભ્યાસ પણ એમણે આગળ વધારવા માંડ્યો. ઓક્સફર્ડથી એમ.એ. અને ઈનરટેમ્પલથી બેરિસ્ટરની પરીક્ષા પસાર કરી. ઉપરાંત લેટિન ભાષાની પરીક્ષામાં પણ ઊંચે નંબરે ઉત્તીર્ણ થયા. ફક્ત એક વર્ષના અભ્યાસથી એમણે એ સફળતા મેળવી હતી. ત્યાર બાદ ગ્રીક અને યુરોપની અન્ય ભાષાઓની એમણે ખપપૂરતી માહિતી પણ મેળવી લીધી. ન્યાયશાસ્ત્ર, અર્થશાસ્ત્ર તથા અસલ ગ્રીક ભાષામાં લખાયેલું બાઈબલ ભણીને તેની બીજી પરીક્ષા પણ પસાર કરી. બેલિયલ કોલેજમાં ગુજરાતી, મરાઠી અને સંસ્કૃત ભાષાનાં પ્રવચનો કરનાર તરીકેની એમની કીર્તિ અને ખ્યાતિ વધતી જતી હતી.

સને ૧૮૮૧માં પૂર્વ દેશની વિદ્યાના પંડિતોની જર્મનીના બર્લિનમાં કોંગ્રેસ ભરાઈ હતી. આ કોંગ્રેસમાં તે નેટિવ ઈન્ડીયન ડેલિગેટ નિમાયા એ વખતે પંડિતજીએ 'સંસ્કૃત હિંદભૂમિમાં એક સમયે જીવંત ભાષા હતી.' એ વિષય પર અંગ્રેજીમાં એક સુંદર નિબંધ રજૂ કર્યો હતો. આ નિબંધે એ કોંગ્રેસના તમામ ડેલિગેટોના હૃદયમાં અગ્રસ્થાન મેળવ્યું. કોંગ્રેસના રિપોર્ટમાં પણ આ નિબંધ દાખલ કરવામાં આવ્યો.

ઈંગ્લેન્ડના એ વખતના પ્રખ્યાત રાજદ્વારી પુરુષ શ્રી ગ્લાડસ્ટને પંડિત શ્યામજી કૃષ્ણવર્માને પોતાના 'હાવર્ડન કેસલ' મધ્યેના બંગલામાં બોલાવીને એમની મુલાકાત લીધી હતી. ત્યાંની સુવિખ્યાત એમ્પાયર ક્લબના ઓનરરી મેમ્બર તરીકેનું માન પણ પંડિતજીને મળ્યું હતું. લોર્ડ

ડફરીન હિંદુસ્તાનના વાઈસરોય નિમાયા તે પહેલાં એમને આ ક્લબમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. એ વખતે તેમની સાથે પણ પંડિતજીની મુલાકાતે લોર્ડ ડફરીન પર જાદુઈ અસર કરી. ત્યારથી લોર્ડ ડફરીન પંડિતજીના જાની મિત્ર બની ગયા.

સન ૧૮૮૩ ઓક્સફર્ડમાં એક્ઝિબિશન ભરાયું તે વખતે લોર્ડ નોર્થબ્રેકે ઈંગ્લેન્ડના પાટવી કુંવર એડવર્ડ સાતમાની મુલાકાત કરાવી હતી. એ જ વર્ષના સપ્ટેમ્બર માસની લંડનની ઓરિયેન્ટલ કોંગ્રેસમાં હિંદખાતાના સેક્રેટરી ઓફ સ્ટેટ તરફથી પંડિતજીને હિંદ તરફના પ્રતિનિધિ તરીકે નીમવામાં આવ્યા હતા. લંડનની પરિષદમાં પંડિતજીએ 'પ્રાચીન હિંદમાં લેખનનો ઉદ્યોગ' એ વિષય પર અંગ્રેજી નિબંધ વાંચ્યો હતો. આ નિબંધ પણ કોંગ્રેસના રિપોર્ટમાં પૂરેપૂરો કરવામાં આવ્યો હતો.

સન ૧૮૮૩ના નવેમ્બર માસમાં મુંબઈના માજી ગવર્નર સર બાર્ટલ ફ્રીયરની દરખાસ્તથી પંડિતજી ઈંગ્લેન્ડની રોયલ એશિયાટિક સોસાયટીના મેમ્બર નિમાયા હતા.

સન ૧૮૮૪માં ડોક્ટર મોનિયર વિલિયમ્સ સાથે હિંદ ખાતે પાછા ફર્યા હતા. સૌથી પ્રથમ કલકત્તા ગયા અને હિંદના લોકપ્રિય વાઈસરોય લોર્ડ રિપનની પંડિતજીએ મુલાકાત લીધી હતી. એ વખતે એમણે હિંદના વતનીઓને ઈંગ્લેન્ડ જવાનું સુલભ કરી આપવાની મંજૂરી મેળવી લીધી હતી. તેની સાથે હિંદી વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપીને તેમને વિલાયતમાં અભ્યાસ માટેની મંજૂરી મેળવી આપી હતી.

જન્મભૂમિ યાદ આવતાં પંડિતજી કચ્છ આવ્યા. કચ્છ તો એમની માતૃભૂમિ. માતૃભૂમિનાં દર્શન વિના કેમ ચાલે? એમની ભુજની મુલાકાતનો એક રમૂજી પ્રસંગ છે -



શ્યામજીભાઈ જ્યારે ભુજમાં ભણતા હતા ત્યારે ભુજના વકીલ શિવજીભાઈને ત્યાં રહીને અભ્યાસ કરતા અને શિવજીભાઈના ઘરનું કામકાજ કરતા. આથી કચ્છ આવીને એક વાર તો તે શિવજીભાઈને ઘેર ગયા. એ વખતે શિવજીભાઈએ ઘરમાં કહેવડાવ્યું કે 'શામજીભાઈ આવ્યા છે, એમને માટે ચા-નાસ્તાનો બંદોબસ્ત કરજો!!'

આ સાંભળીને પંડિતજી હસી પડ્યા અને બોલી ઊઠ્યા : 'શિવજીભાઈ, શ્યામજી કૃષ્ણ વર્મા તો હું વિલાયતમાં છું. અહીં તો તમારો 'શામલો' જ છું. આ દીવાનખાનામાં હું ચા-નાસ્તો લેવાનો નથી. હું તો ઘરની ઓસરીમાં મારાં માજી આગળ બેસીને છાશની તાંસળી સાથે બાજરાનો રોટલો ખાવાનો છું.'

અને ખરેખર, પંડિતજી શિવજીભાઈ વકીલના રસોડામાં પહોંચી ગયા. અને ત્યાં માજીને પગે પડીને તેમણે બાજરાનો રોટલો છાશ સાથે જ આરોગ્યો.

ત્રણ મહિના હિંદુસ્તાનમાં રહીને પંડિતજી પોતાનાં ધર્મપત્ની ભાનુમતીને લઈને વિલાયત ગયા. ૧૮૮૫માં તે પાછા હિંદમાં આવ્યા, અને મુંબઈની વડી અદાલતમાં વકીલાત શરૂ કરી. બેરિસ્ટર શ્યામજીને આ સમય દરમ્યાન ગોપાલ હરિ દેશમુખની મુલાકાત થઈ, શ્રી દેશમુખ રતલામના દીવાન હતા. થોડા વખતમાં જ તે નિવૃત્ત થવાના હતા. શ્યામજીની બુદ્ધિમત્તા જોઈને શ્રી દેશમુખે રતલામના મહારાજાને એમનો પરિચય કરાવ્યો, અને ખાલી પડતી પોતાની જગાએ એમને લઈ લેવાની ભલામણ પણ કરી. મહારાજાએ આ ભલામણનો સ્વીકાર કરીને શ્યામજીની માસિક રૂપિયા સાતસોના પગારથી રતલામના દીવાન તરીકે નિમણૂક કરી. થોડા જ વખતમાં એમની કામગીરીની કદર કરીને

મહારાજાએ એમનો પગાર એક હજારનો કરી દીધો.

ખટપટોથી ઘેરાયેલાં એ વખતનાં દેશી રાજ્યોની દીવાનગીરી કરવી એ તલવારની ધાર પર ચાલવા જેવું મુશ્કેલ હતું. ત્રણ વરસ બાદ એમણે દીવાન પદ છોડ્યું ત્યારે મહારાજાએ એમના કામની મદદ કરીને રૂપિયા ૩૧૦૦૦ની બક્ષિસ આપી હતી.

રતલામ છોડી મુંબઈ વકીલાત શરૂ કરી. એ જ અરસામાં ભારતના ક્રાન્તિકારી વીર સાવરકર બેરિસ્ટરીના અભ્યાસ માટે વિલાયત જવાની તૈયારી કરી રહ્યા હતા. શ્રી તિલક મહારાજની ભલામણથી પંડિતજી શ્યામજીએ વીર સાવરકરને સ્કોલરશિપની પોતા તરફથી સગવડ કરી આપી, પણ શરત એ કરી કે બ્રિટિશ સરકારની નોકરી કરવી નહિ અને સરકારને કોઈપણ પ્રકારનો સહકાર આપવો નહિ.

ઈ.સ. ૧૮૯૨માં શ્યામજીની ઉદયપુરમાં વહીવટી કાઉન્સીલના સભ્ય તરીકે મહારાણાએ રૂપિયા એક હજારના પગારથી નિમણૂક કરી. એ જ અરસામાં એમને જૂનાગઢ રાજ્ય તરફથી દીવાન પદ અંગેની દરખાસ્ત મળી. પંડિતજીએ હાથમાં આવેલી આ તક ઝડપી લીધી. જૂનાગઢ રાજ્યના દીવાન તરીકે રૂપિયા પંદરસોના પગારથી એમની નિમણૂક કરવામાં આવી. અહીં પંડિતજી પોતાની કાર્યક્ષમતા અને દક્ષતાથી લોકપ્રિય બની ગયા હતા. ત્યાં એક પ્રસંગ ઊભો થયો.

શ્યામજીનો એક અંગ્રેજ મિત્ર હતો. તેનું નામ મેકોનિક. સનદી અમલદાર તરીકે વડોદરામાં આવ્યો હતો. પણ વડોદરા ન ફાવતાં તે જૂનાગઢ આવવા માગતો હતો. શ્યામજીએ તેને જૂનાગઢ બોલાવી લીધો અને સારા પગારની નોકરી પણ અપાવી દીધી. અહીં અંગ્રેજ તરીકેના એના અભિમાને એને પંડિતજીનો દુશ્મન બનાવી દીધો. એક દેશી



અમલદારના હાથ નીચે તેનો તેજોવધ થતો હતો. એટલે પંડિતજીને પાછા પાડવાની ખટપટો અને ષડ્‌યંત્રો તે ગોઠવવા લાગ્યો. પંડિતજીના અંતરને આથી એક આઘાત લાગ્યો. આ પરિસ્થિતિનું કારણ ભારતની પરાધીનતા છે. એ વાત એમના અંતરમાં વજ્રલેપ જેવી બની ગઈ. આ ગુલામી અવસ્થામાંથી ભારતભૂમિ કેમ મુક્ત થાય તેના વિચારો એમના અંતરમાં ઘેરાવા લાગ્યા. જેમ જેમ વખત વધતો ગયો તેમતેમ અંગ્રેજોના ઘમંડ પ્રત્યે એમને અભાવ આવવા લાગ્યો. આ અભાવ આગળ જતાં નફરતમાં ફેરવાઈ ગયો. જે મિત્રનું એમણે ભલું કરેલું એ જ મિત્ર એમનો દુશ્મન બની ગયો. પરિણામ એ આવ્યું કે પંડિતજીને જૂનાગઢની દીવાનગીરી છોડવી પડી.

પંડિતજીનાં ધર્મપત્ની ભાનુમતી પણ અંગ્રેજી, ગુજરાતી અને હિંદી ભાષાનાં જાણકાર હતાં. લોર્ડ ડફરીન જ્યારે પોતાની પત્ની સાથે હિંદુસ્તાનના પ્રવાસ આવ્યા હતા. ત્યારે તેમણે ઈંદોરમાં હોલ્કરનાં મહારાણીની મુલાકાત લીધી હતી. એ પ્રસંગે હોલ્કરનાં મહારાણીને અંગ્રેજીમાંથી હિંદીમાં સમજાવવા માટે પંડિતજીનાં પત્નીને ખાસ નોતરવામાં આવ્યાં હતાં.

પંડિતજી ઉદયપુરમાં સંસદ સભ્ય હતા ત્યારે ત્યાં પણ તેમણે પોતાની વિદ્વતા અને કાર્યદક્ષતાનો પરિચય કરાવી આપ્યો હતો. અજમેરની આસપાસ એમણે રૂનાં કારખાનાં ખોલ્યાં હતાં. આ ઉદ્યોગમાં લાખો રૂપિયા કમાયા પણ હતા.

અંગ્રેજોનાં અભિમાનનો પરિચય ભારતમાં રહીને એમને સારી પેઠે થઈ ગયો હતો. એમને માટેનું રહ્યું સહ્યું માન પણ હવે એમના હૃદયમાંથી વહી ગયું હતું. અંગ્રેજ સરકાર પર રતીભાર પણ હવે એમને આસ્થા

રહી ન હતી. હવે તો ભારતમાંથી અંગ્રેજી સલ્તનતને ઉખેડીને ફેંકી દેવાની તૈયારીમાં તે લાગી ગયા હતા. પરંતુ એ વખતે ભારત એક ગુલામ દેશ હતો. આ કારણથી અહીં એમની પ્રવૃત્તિને પૂરતો વેગ મળી શકતો ન હતો. પોતાની પ્રવૃત્તિઓને વિસ્તૃત સ્વરૂપ આપવા માટે ભારત ભૂમિને છેલ્લી સલામ કરીને પંડિતજી ઈંગ્લેન્ડ ચાલ્યા ગયા.

બ્રિટિશ સરકાર પણ હવે એમની પ્રવૃત્તિઓને શંકાની નજરે નિહાળવા લાગી. એમના પર કેટલાક અંકુશો પણ મૂકવામાં આવ્યા હતા. આથી ઈંગ્લેન્ડનો ત્યાગ કરીને એમને યૂરોપના જુદા જુદા દેશોમાં વસવાટ કરવો પડ્યો હતો. ત્યાં પણ ભારતની આઝાદી માટેના એમના પ્રયત્નો ચાલુ હતા. આ કારણથી બ્રિટિશ સરકાર એમને ઝડપી લેવા માગતી હતી. પંડિતજી જ્યાં જતા ત્યાં બ્રિટિશ સરકારનું જાસૂસી ખાતું એમની પાછળ ને પાછળ રહેતું.

સન ૧૯૩૦ના માર્ચની ૩૧ મી તારીખે પંડિતજીનું અવસાન થયું. એમણે પોતાનું સમસ્ત જીવન ભારત ભૂમિને પરાધીનતામાંથી મુક્ત કરવાના કાર્યમાં ખરચી નાખ્યું હતું. ભારતના આદ્યક્રાન્તિકારી અને આઝાદીના ઝંડાધારી પંડિત શ્યામજી કૃષ્ણવર્મા હતા.

સન ૧૯૦૯ના જાન્યુઆરીમાં પેરિસ ખાતેની એક અખબારી મુલાકાતમાં એમણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કહ્યું હતું : 'હિંદમાંથી બ્રિટિશ સરકારને ઉખેડી નાખવાને કોઈ શસ્ત્રપ્રયોગોની આવશ્યકતા હોય એવો વિચાર મને સ્વપ્ને પણ આવતો નથી.' પંડિતજીનો આ અભિપ્રાય અક્ષરશઃ સત્ય નીવડ્યો. તે આપણે આપણી સગી આંખે જોઈ લીધું.

પંડિતજીએ પોતાના પત્ર 'Indian Sociologist' દ્વારા વિલાયતમાં બેઠા છતાં જાહેર કર્યું હતું, કે 'કોઈએ સરકારી સિક્યુરિટીમાં



પોતાનો પૈસો ન રાખવો. હિંદવાસીઓએ પ્રજાકીય ઋણનો ઈન્કાર કરવો. હિંદીઓએ કોઈપણ જાતની સરકારી જલ કે સ્થલની નોકરી ન કરવી. બ્રિટીશ સરકાર દ્વારા ચાલતી સ્કૂલો કે કોલેજોમાં અભ્યાસ ન કરવો. વકીલો, ડોક્ટરો, બેરિસ્ટરો સૌએ મળીને બ્રિટિશ સરકારનો બહિષ્કાર કરવો.'

આ ક્રાન્તિકારી વિચારો સૌથી પ્રથમ પંડિત શ્યામજી કૃષ્ણવર્માએ બેધડક જાહેર કર્યા હતા. આથી પંડિતજી બ્રિટિશ સરકારને આંખના કણાની માફક ખટકી રહ્યા હતા. પંડિતજી એક મુત્સદ્દી રાજપુરુષ હતા. બ્રિટિશ સરકારની અનેક ચાલબાજીઓ છતાં તેઓ તેની જાળમાં સપડાયા તો ન હતા. પણ બ્રિટિશ સરકારે તેમને તેમના જીવનની છેલ્લી ઘડી સુધી સુખે બેસવા દીધા ન હતા - જંપવા દીધા ન હતા.

એ સમયે કેટલાક હિંદીઓ પણ બ્રિટીશ સરકારના જાસૂસ બનીને પંડિતજીને સપડાવવાની પેરવી કરી રહ્યા હતા. આ કારણથી હિંદીઓ પ્રત્યે પણ પંડિતજી અવિશ્વાસની નજરે જોતા થઈ ગયા હતા.

પંડિતજી જવાહરલાલ નેહરુ પોતાની આત્મકથામાં શ્રી શ્યામજી કૃષ્ણવર્મા સાથે યુરોપમાં થયેલી મુલાકાતનો ઉલ્લેખ કરતાં લખે છે :

લંડનમાં શ્યામજી કૃષ્ણવર્મા અને એમના 'ઈન્ડિયા હાઉસ' વિષે પણ અમે સાંભળતા હતા. પણ હું એમને કદી મળ્યો ન હતો, કે નહોતો ઈન્ડિયા હાઉસમાં ગયો. એમનું સાપ્તાહિક 'ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ' કેટલીક વાર અમે જોતા ખરા. ઘણાં વર્ષો પછી ૧૯૨૬માં જીનીવામાં શ્યામજીને હું મળ્યો હતો. તે વેળા પણ તેના ખિસ્સામાંથી સાપ્તાહિકના ચોડા ડોકિયાં કરતા હતા. અને તેની પાસે જનાર લગભગ દરેક હિંદીને તે બ્રિટિશ સરકારનો મોકલેલો જાસૂસ માનતા હતા.

★

'કોઈ કોઈ વાર હિંદીઓ જીનીવામાંથી પસાર થતા. તેઓ રાષ્ટ્રસંઘમાં આવનારા સરકારી માણસો હતા. અને શ્યામજી તો કોઈ પણ સંજોગોમાં તેમનો પડછાયો સરખો ન લે. પણ શ્રમજીવી કાર્યાલયમાં કેટલીક વાર જાણીતા લોકનાયકો અને જાણીતા મહાસભાવાદીઓ પણ આવતા ખરા. ત્યારે તે લોકોને મળવાનો શ્યામજી પ્રયત્ન કરતા. આ મુલાકાતીઓ ઉપર એમની કેવી છાપ પડતી તે પણ જાણવા જેવું હતું. તેઓમાંથી કોઈ એવા ન હતા કે જે એમને મળવા ઈચ્છતા હોય. જાહેરમાં તેઓ એમનાથી માણસની સાથે સંબંધ રાખશું અથવા તો એમની સાથે જોવામાં આવશું તો પણ ક્યાંક ભરાઈ પડશું એવી સૌને ધાસ્તી લાગતી.

આમ શ્યામજી અને તેની પત્ની કશા સંતાન વિના, સગાંવહાલાં કે મિત્રો વિના, સંબંધી કે સાથી વિના, ભાગ્યે જ કોઈ બીજા માણસનું મુખ જોવા મળે. એમ એકાકી જીવન ગાળતાં હતાં. શ્યામજી બિચારા ભૂતકાળના અવશેષરૂપ હતા અને હવે તેમનો સમય વીતી ગયો હતો. વર્તમાનની સાથે તેમની કેમે કરી ગડ બેસે એમ ન હતું. અને જગત તેમની તરફ નજર કર્યા વિના તેમની આગળથી પસાર થતું હતું. છતાં તેમની આંખો જૂના અંગારાથી કંઈક ચળકતી હતી. અને જોકે તેમની અને મારી વચ્ચે કશું સામાન્ય ન હતું તોપણ તેમના તરફ મને સહાનુભૂતિ અને આદર થયા વિના ન રહ્યાં.

'થોડા વખત ઉપર છાપાંઓમાં તેમના મૃત્યુના ખબર આવ્યા હતા. અને તરત જ તે પછી પરદેશમાં આખો સમય તેમની જીવનસંગિની થઈને રહેલી એમની પ્રેમાળ ગુજરાતી ડોશી પણ સિધાવ્યાં. એમ સાંભળ્યું છે કે પરદેશમાં શીખનારી હિંદી સ્ત્રીઓની મદદ માટે તે મોટી રકમ મૂકી



ગયાં છે.'

પંડિત જવાહરલાલ નહેરુ જે વખતે પંડિતજીના પ્રસંગમાં આવ્યા ત્યારે તો આ ક્રાન્તિકારી કચ્છી વીરનાં વળતાં પાણી થયાં હતાં. એમણે પોતાની શરૂઆતની જિંદગી જીવનનો વિકાસ સાધવામાં અને બાકીની જિંદગી બ્રિટિશ સરકાર સાથે લડવામાં જ વ્યતીત કરી હતી.

આઝાદીની લડતના આદ્ય સૈનિક તરીકે અને એક અડગ ક્રાન્તિકારી યોદ્ધા તરીકે કચ્છના પંડિત શ્યામજી કૃષ્ણવર્માનું નામ અમર રહેશે.

# ૨૪. કોરશી પટેલ

'પટેલ! આં વારી તાજણ તાં અસાં વટે સોભે, જાડેજેં વટે! વાણિયેં વટે ન સોભે ભલા!' (પટેલ ! તમારી તાજણ ઘોડી તો અમારી પાસે શોભે, જાડેજા પાસે! વાણિયા પાસે ન શોભે હો! ભુજપુરના કોરશી પટેલની, વીજળી જેવી પાણીપંથી ઘોડી જોઈને રતાડિયા દરબાર આસારીઆજીની આંખમાં તે ચોટી જતાં તેણે પટેલને કટાક્ષમાં કહ્યું :

'ઠક્કર ! જાડેજા ચડી જાણેતાં, ને વાણિયા કુરો નતા જાણેં?' (ઠાકોર, જાડેજા ચડી જાણે છે અને વાણિયા શું નથી જાણતા?)

'પણ કોરીયું કિતરીયું ગિનધા? કુછા અજ તાં આંજો મોં વેરી!' (પણ કોરીઓ કેટલી લેશો બોલો! આજે તો તમારું મોઢું જ વેરી!)

'માંગા ધીયરેં જા વેં બાવા ! વહુઅરેં જા ન વેં!' (માગાં દીકરીઓનાં હોય બાપુ! વહુઅરોનાં ન હોય!) પટેલે ઠાકોરને રોકડું પરખાવી દીધું.

પટેલના પ્રત્યુત્તરે દરબાર પર જાણે તાજાણાનો ઘા કર્યો. દરબાર ભોંઠા પડી ગયા. જતાં જતાં પડકાર ફેંકતા ગયા : 'સૌ રહીને ખીર ન પીએ, સે ઊંધો રહીને મૂતર પીએ.' (સમો રહીને દૂધ ન પીએ તે અવળો રહીને મૂતર પીએ!)



'તડેં ભલીયું તેંજ્યું વંય બાવા! (ત્યારે ભલી તેની વહે બાવા!)' પટેલે ઠાકોરના પડકારની સામે એવો જ પડકાર ફેંકતાં કહી દીધું.

પટેલની આ તુંડમિજાજી આસારીઆ દરબારના મનમાં ભાલાની જેમ ખટકી રહી.

★

'ધીંગેજી ધરા બરૂકેજી બાયડી' એવા રા' રાયઘણનો જમાનો કચ્છ પર જામી રહ્યો હતો. અરાજકતા અને અંધાધૂંધીનાં વાદળોથી કચ્છડો ઘેરાતો જતો હતો. તલવારની તાકાત એ જ મોટી તાકાત હતી. કોઈ કોઈનો ભાવ પૂછનાર ન હતું.

કચ્છ-ભુજપુરનો કોરશી પટેલ એટલે વટનો કટકો. આખા મુન્દ્રા તાલુકામાં એની હાક વાગે. સમય એવો હતો, જ્યારે શૌર્ય અને વીર્યનાં તેજ કચ્છની પ્રજામાંથી હણાયાં ન હતાં. વાણિયાની મૂછ પણ ઊંચી હતી. એ સમયના વાણિયા પણ અનોખા હતા. ચડાવેલા કાતરાથી ભરપૂર ચહેરો, તેજના તણખા ઝરતી તેજસ્વી આંખો, કડાં-બોરવાળા ચોરણા પર ઝૂલતી ભેટ, બદન પર કમાનદાર કેડિયું,પેચદાર કચ્છી પાઘડી, કમ્મરે લટકતી તલવાર અને ચડવાને પવન જેવી પાણીદાર ઘોડી, આવું હતું એ વખતના અનેક ઓશવાળ વીરોનું વ્યક્તિત્વ, એટલું જ નહિ, પણ જેનાં ધાડાં ચડે અને રણમેદાનમાં સામી છાતીએ લડે, એવા અનેક કચ્છવીરોનું કચ્છમાં અસ્તિત્વ હતું. કોરશી પટેલને પણ વીરત્વના અને વટના સંસ્કાર ગળથૂથીમાં જ મળ્યા હતા. બેધારી તલવાર જેવા કચ્છના બારભાથા રાજમાં પણ ભુજપુર અણીશુદ્ધ સહીસલામત રહ્યું હતું. એ પ્રતાપ હતો કોરશી પટેલનો એક રતાડિયાના ગારસિયા આસારીઓજી એવા હતા કે ક્યારેક લાગ ફાવતો ત્યારે ભુજપુરને રંજાડી જતા.

એક વાર કોરશી પટેલે કોઈ સગાવહાલાની ગૂડાવાળ પ્રસંગે આસારીઆજીના ગણેશવાળા રતાડિયા ગામે ગયો હતો. આસારીઆજીના મનમાં તો કોરશી પટેલ કાંટાની માફક ખટકી રહ્યો હતો. હમણાં હાથમાં આવેલી તક એળે જવા ન દેવી, એમ સમજી આસારીઆજીએ પટેલ પર ઓચિંતું આક્રમણ કરીને તેની તાજણ ઘોડી આંચકી લીધી અને પટેલને પણ બાન કરીને પકડી લીધો.

'કોરશી પટેલ હવે જોઈ લેજો તમારે કેટલી ઘોડીઓ ઓકવી પડે છે? કોરી પાંચ હજાર વગર તમારે હવે છૂટકો નથી.'

'અને આ કોરશી કાકો એક દોકડો પણ પરખાવવાનો નથી એ પણ સમજી લેજો!'

'પટેલ, હવે તારો આ બધો મદ ઉતારી ન નાખું તો હું આસારીઓ નહિ!'

'અને હું રતાડિયાનો ગઢ પડાવીને તેમાં હળ ખેડાવી, ભાજી ન રોપું તો હું કોરશી નહિ!'

આમ પટેલ અને ઠાકોર વચ્ચે સામસામા પડકાર થઈ ગયા. ઠાકોરના માણસો પટેલને ઘસડી ગયા. જેલમાં પૂરી દીધો અને તના પર સખત જાપ્તો મૂકી દેવામાં આવ્યો. ખાવું-પીવું, ઊઠવું-બેસવું બધું એક નાની શી કોટડીમાં. માત્ર કુદરતી હાજતે - દિશાજંગલ જવું હોય ત્યારે જ તેને કોટડી બહાર કાઢીને ગામ બહાર લઈ જવામાં આવતો. એ વખતે હાથે બાંધેલું દોરડું પકડીને બે બાજુએ બે ચોકીદાર ચાલતા. આમ ને આમ કેટલોક સમય વીતી ગયો. ન તો કોરશી પટેલ આસારીઆ દરબારને કોરી પાંચ હજાર આપે, અને ન તો રતાડિયાનો ધણી તેને રજા આપે.

એક દિવસ સંધ્યા સમયે કોરશી પટેલને કળશિયે જવા માટે બે



ચોકીદારો તેને બંધનગ્રસ્ત હાથે ગામ બહાર લઈ ગયા. એક ઊંડા વોકળાની ભેખડ નીચે કોરશી પટેલ કળશિયે બેઠો. ક્યાં બેસવું એ તો કોરશી પટેલે પ્રથમથી જ નક્કી કરી રાખ્યું હતું. એ વખતે પણ પટેલને હાથે દોરડું તો બાંધેલું જ રહેતું. દોરડાનો એક છેડો પટેલના બાહુમાં બાંધેલો રહેતો. બીજો છેડો ચોકીદારના હાથમાં રહેતો, બીજો છેડો ચોકીદારના હાથમાં રહેતો. વારે વારે દોરડું ખેંચીને ચોકીદારો ખાતરી કરી લેતા કે તેમનો કેદી હજુ બેઠો છે.

એ દિવસે કોરશી પટેલ બરાબર લાગ સાધીને જ બહાર નીકળ્યા હતા. છટકી જવાની યોજના એમણે મનમાં ને મનમાં વિચારી રાખી હતી. કળશિયે જવાનું તો માત્ર નામ જ હતું. ચોકીદારોની આંખમાં ધૂળ નાખીને એમણે તો યુક્તિપૂર્વક છટકી જવાનું નક્કી કરી રાખ્યું હતું. વોકળાની ભેખડ નીચે એક આકડાનું ઝાડ પટેલે જોઈ રાખ્યું હતું. હાથે બાંધેલો દોરડાનો છેડો બીજા હાથે છોડીને એ છેડો પટેલે આકડાના ઝાડ સાથે બાંધી દીધો. અને પોતે ઊભે વોકળે ભુજને રસ્તે ઊપડી નીકળ્યો.

વિક્રમ સંવત ૧૮૪૨ની એ સાલ હતી. મહારાઓ રાયધણજી બીજા ભુજની ગાદી પર બિરાજમાન હતા. કચ્છ પર અંધાધૂંધી અને અરાજકતાનાં વાદળ ઝઝૂમતાં હતાં.

રાયધણજી બાવા સવારમાં કચેરી ભરીને બેઠા હતા. ત્યાં સામેથી એક વિલક્ષણ વ્યક્તિ આવતી નજરે પડી. એના માથા પર બળતી સગડી હતી. એનો આ દેખાવ જોતાં જ આખી કચેરી વિસ્મિત બની ગઈ. એ બીજો કોઈ નહિ પણ રતાડિયા દરબારને રમાડીને પલાયન થઈ જનાર કોરશી પટેલ હતો.

મહારાઓ રાયધણ હજી નાના હતા. એમના પર હજુ ઈસ્લામી

મજહબનો રંગ પૂરો ચડ્યો ન હતો. કોરશી પટેલને તે સારી રીતે જાણતા હતા. તેને કાકા કહીને બોલાવતા હતા.

કાકાની રીત જોઈને મહારાવના મોઢામાંથી શબ્દો બહાર પડ્યા : 'કાકા ! હી કેડા પાખંઢ મંઢ્યાં અયાં?' (અર્થાત્ કાકા, આ કેવાં પાખંડ માંડ્યાં છે?)

'બાવા ! આજે રાજમેં આંધારો આય સે સાઓ કરીઆં તો.' (બાવા, તમારા રાજમાં અંધારું છે તે અજવાળું કરું છું.)

'એટલે તમે શું કહેવા માગો છો કાકા?' બાવાએ કોરશી પટેલને પ્રશ્ન કર્યો.

'હું એમ કહેવા માગું છું બાવા, કે કચ્છના ધણી તમે નથી પણ રતાડિયાવાળા છે.' આમ કહીને કોરશી પટેલે પોતા પર વીતેલી તમામ વાતો મહારાઓ પાસે રજૂ કરી.

પટેલની હકીકત સાંભળીને બાવાને ખેદ થયો. રતાડિયો ગંજો પહેલેથી જ બાવાની આંખમાં ખટકતો હતો. રતાડિયાના જાડેજા બાવાને પણ દાદ આપતા ન હતા. એટલે બળતામાં ઘી હોમાયું. 'હિડકી અખ ડુખે વારી ને તેં મેં લગગો ઝોંકો' (આંખ એક તો દુખવાવાળી અને તેમાં લાગ્યો જખમ) એવું થયું રા' બાવાનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો. રતાડિયા દરબારની સાન ઠેકાણે લાવવા મોટા લશ્કર સાથે મહારાવ રાયઘણજી પોતે રતાડિયા પર ચડી ગયા.

રતાડિયાને ફરતો મજબૂત કિલ્લો હતો. કિલ્લાની સામે કચ્છની તોપોનો મોરચો મંડાઈ ગયો. સુરંગો પણ કિલ્લા નીચે ગોઠવાઈ ગઈ. ગુલમદારોએ પોતાનું કામ ચાલુ કરી દીધું, તોપોના ધડાકાથી ધરતી ધ્રૂજવા લાગી. તોપોમાંથી છૂટતા ગોળા રતાડિયાના ગઢમાં બાકોરાં પાડવા લાગ્યા.



ઘેર ઘેર ગભરાટનું વાતાવરણ ફેલાઈ ગયું. ક્યાં ચૌદચારા કચ્છનો ધણી, અને ક્યાં એક નાનકડા જાગીરદાર !

કિલ્લાને તૂટતો જોઈને અને દરબારી લશ્કરનું જોર જોઈને આસારીઆજીને ડહાપણ સૂઝ્યું. સુલેહની વાતો ચાલવા લાગી.

ભુજના લશ્કરમાં વારૂ બારોટ નામે એક ચારણ કવિ હતો. વિષ્ટિની વાતોમાં એ પણ સામેલ હતો. એક તરફ સુલેહની વાટાઘાટો ચાલતી હતી ત્યાં બીજી બાજુ એક નવી ઘટના ઘટી. રતાડિયાના ગઢ પરથી એક ખવાસે ગોળી છોડી. આ ગોળી દરબારી લશ્કરના બાબુરાવ નામના જમાદારને વીંધીને ચાલી ગઈ. જમાદાર તો તે જ વખતે ધરતી પર ઢળી પડ્યો. તેના પ્રાણ પરવારી ગયા.

અણધારી આ ઘટનાથી આખા લશ્કરમાં ખળભળાટ મચી ગયો. સૌ પોતપોતાનાં હથિયાર સંભાળવા લાગ્યા. બાબુરાવ જમાદારનો ભત્રીજો જે ભુજના લશ્કરમાં મોટા હોદ્દા પર હતો તેને વહેમ પડ્યો, કે આ કાવતરાનો રચનાર, બે બાજુ ઢોલકી વગાડનારો વારૂ બારોટ છે. તેણે આ વાત રાઓશ્રીના કાને નાખી. આ સાંભળી રા' રાયઘણજી ગુસ્સે થઈ ગયા. એ ઉતાવળમાં જ તેને ઠાર કરવાની સૂચના આપી દીધી. તરત જ બાબુરાવની બંદૂકમાંથી ગોળી છૂટી અને નિર્દોષ ચારણની છાતી વીંધીને આરપાર નીકળી ગઈ. વારૂ બારોટ ધરતી પર પટકાઈ પડ્યો. પડતાં પડતાં તેના મોંમાંથી ઉદ્‌ગાર બહાર આવ્યા :

*કટક કેઓ કાછે ધણી, રતાડિયે તેં રા,*
*સરગ સિધાયો વાનરો, વારૂ રામ હથા.*

રતાડિયા પર કચ્છના ધણીએ ચડાઈ કરી, રામના હાથે વાલી વાનરનું મૃત્યુ થયું તેમ રા'ના હાથે વારૂ ચારણનું મરણ થયું.

કચ્છના રાજવી પ્રત્યે વારૂ બારોટની કેવી અનન્ય ભક્તિ હતી, તે ઉપરના એના શબ્દોથી સહજ સમજી શકાશે.

વારૂ બારોટ નિર્દોષ હતો, એ વાતની જ્યારે રા'રાયઘણને જાણ થઈ ત્યારે તેમને પણ ઘણો અફસોસ વ્યર્થ હતો.

વારૂ બારોટના દુઃખદાયક અવસાન પછી પણ સુલેહ તો થવાની જ હતી અને તે થઈ. રતાડિયા દરબારે મહારાઓશ્રીની તમામ શરતનો સ્વીકાર કરી લીધો.

કોરશી પટેલે પણ પોતાની પ્રતિષ્ઠા પૂર્ણ કરવા માટે રા'ની પરવાનગી લઈ, રતાડિયા ગામમાં હળ ફેરવવાની અને ભાજી વાવવાની વિધિ પણ પૂરી કરી બતાવી. વાણિયાના વટ્ટનાં આવાં અનેક દષ્ટાંતો કચ્છના ઈતિહાસપટ પર મોજૂદ છે.

કોરશી પટેલના પરાક્રમનો એક જૂનો સરોખો છે. હાલ સુધી ઓશવાળ જ્ઞાતિમાં લગ્ન વખતે આ સરોખો ગાવામાં આવતો હતો. આ સરોખો જનતાની જાણ માટે અત્રે આપવામાં આવે છે :



## કોરશી પટેલનો
## સલોકો

સરસવતી માતા સમરું પાય, ટીલે વિઠા શ્રી રાયઘણ રાય,
શેઠ દેવચંદ જોર જમાય, કચ્છ મેં કારી રાતડી આય,
ચસ ચડેઓ,
ચસ ચડેઓ રતાડિયે કે જેર, કટક ભરો કેં આસારી એ તેર,
પ્રથમ ભુજપુરનું વધેઓ વેર, બેઓ થેઓ તે મડઈ તેં ઝેર,
કોઠે મેઆણાં,
કોઠે મેઆણાં રખે'તા આડ, કડેંક કંધાસી રાજ સેં રાંધ,
એડા ઓરતા ચાડી'તા ચિત્ત, માલા કુંતા કંઠી જો નિત,
હાણેં મારીયું
હાણેં મારીયું ભુજપર વરે, રાજા વિઠો મર રાજ જ કરે,
કોઠાયાં તેજો ને તેલ્લંગ જેર, કચ્છમેં પાકે પુછેતો કેર?
ઠક્કર ! કોરશી'જી,
ઠક્કર! કોરશી'જી મ કજા છેડ, ખારી વાડી જી મ કજા ખેડ,
કોરશી આંકે આડો અચીંધો, રતાડીઓ ડીંધે ન છડીંધો.

★

હેકાર ઠક્કરજી,
હેકાર ઠત્તકજી ગઢડી છણાં ઈયાં, ગામ મેં પોએ હર ખેડાઈયાં,
હર હલાઈયાં ને ભાજી પોખાઈયાં, ભુજપર મેં પગપોએ જ પાંઈઆં.
નોભત નંગારાં ભેરીયું વજેં, રાયઘણ ચડેઓ રતાડીએ તેં,
કોરશી શા કે કોઠેઆં ભેરા, હિકડી ચોટ જ બેરાજે હલેઆ,
છૂટેં નારીં ને,

છુટેં નારીં ને વિછટેં બાણ, ધારૂજા ઘણા થ્યા ઘમસાણ,
પેલે ભડાકે તરોટી ગેડાં, નાર હેડે ને ગામ મેં ગેડાં.
નાર વિછટે ને,
નાર વિછટે ને લગેતી લાય, કોઠે હેઠાનું વાટુ તી પાય,
મોવાડી રા' જા વારૂ વખાણ, ખાસો ખવાસ ને રામજી જાણ.
ઠક્કર આસારીઓ,
ઠક્કર આસારીઓ બેરાજે વેઓ, અધલ છડે ને ફધલ તેં પેઓ,
હાબડ હુક્કો હથ મેં રેઓ, રતાડીઓ ગંજો હથાનું વેઓ,
એરડો સો જો તાં,
એરડો સો જો તાં સૈંકડો હુઓ, બેંતાલાએ મેં ઝઘડો થેઓ,
દેવધર વાણીએં સરોખો ચેઓ, કોરશી જો નાં તાં જુગમેં રેઓ,



# ૨૫. લધા દામજી

કચ્છ-મુન્દ્રાના એક વખતના એક નાનકડા ભાટિયા દુકાનદાર દામજી ઠક્કરનો પુત્ર તે લધો. દામજી ઠક્કરે લધાને ચૌદ વર્ષની નાની વયે મુન્દ્રાના ભાટિયા ઠક્કર શેઠ જેરામ શિવજીના વહાણમાં જંગબાર મોકલાવ્યો. એ વખતનું જંગબાર એટલે વહાણની બેત્રણ મહિનાની જોખમી મુસાફરી. પણ જોખમને તો કચ્છી માડુ સદા ખીસામાં રાખીને ફરનાર હોવાથી જોખમ સાથે રમત કરવામાં એ કદી પાછી પાની કરે જ નહિ. સાહસ અને વ્યાપારકૌશલ્ય એ તો કચ્છી પ્રજાના ખાસ ગુણ. આ ગુણને લીધે જ કચ્છીઓ એ વખતે જંગબારના ધણી જેવા બની બેઠા હતા. જંગબારના સુલતાન પર એ વખતે કચ્છના સ્વાહિલીઓનું એટલું વર્ચસ્વ હતું, કે એ ધારત તો જંગબારને કચ્છના મહારાઓશ્રીની સીધી સત્તા નીચે સોંપી શકત. શેઠ જેરામ શિવજી એ વખતે જંગબારના રાજા જેવા જ હતા. યુરોપ અને અમેરિકાની અનેક પેઢીઓ સાથે એમનો વેપાર ધમધોકાર ચાલતો હતો.

કચ્ચ-મુન્દ્રાથી શેઠ જેરામ શિવજીના વહાણમાં ઊપડેલ દામજી

ઠક્કરનો દીકરો લધો પણ જંગબાર આવીને શેઠની પેઢી પર પરચૂરણ કામકાજ કરવા લાગ્યો. પેઢીના નાનામોટા તમામ માણસોના હુકમોનો અમલ કરવો એ એનું કામ હતું. આ ગુણને લઈને એ થોડા વખતમાં આખી પેઢીને પ્રિય થઈ પડ્યો. એ થોડાક વખતમાં લખતાંવાંચતાં પણ શીખી ગયો. એટલે કોઈ વાર પેઢીનું નામઠામાનું કામ પણ એ કરવા લાગ્યો. એની કાર્યકુશળતાને લીધે દિવસે દિવસે તેની ઉપયોગિતા સૌને વધુ ને વધુ સમજાવા લાગી. મુનીમ અને શેઠ પાસે પણ એનું માન વધતું ગયું. પછી તો શેઠનો પણ માનીતો થઈ ચૂક્યો. એની વ્યાપારી શક્તિઓ પણ ખીલવા લાગી. એની ચકોર બુદ્ધિ અને પ્રામાણિકતા જોઈને શેઠે એને ખજાનચીની જગા આપી. આ કામ ઉત્તમ પ્રકારે બજાવતાં થોડા જ વખતમાં લધાભા શેઠ જેરામ શિવજીની જંગબારની પેઢીના મુનીમ બની બેઠા. પછી તો સ્વતંત્ર સત્તા હાથમાં આવી જતાં એમની શક્તિ અનેકગણી ખીલી ઊઠી.

જંગબારના સુલતાન અયશઆરામમાં નવાબી ઠાઠથી રહેતા હોવાથી એમને અવારનવાર મોટી રકમની જરૂર પડતી. આ રકમો શેઠ જેરામ શિવજીની પેઢીમાંથી ઊપડતી હોવાથી આ પેઢી સાથે જંગબારના સુલતાન સૈયદ બિન સૈયદને ગાઢ સંબંધ બંધાયો હતો. આ કારણથી શેઠ જેરામ શિવજીનું જંગબારના સુલતાન પર ઠીક વર્ચસ્વ જામી ગયું હતું.

એક વખત જંગબારના સુલતાનને ભીડ પડવાથી પૈસાની મોટી રકમની જરૂર પડી. આથી સુલતાને જેરામ શેઠને એકદમ બોલાવ્યા. જેરામ શેઠનું શરીર બરાબર ન હોવાથી એમણે મુનીમ લધાભાને સુલતાન પાસે મોકલાવ્યા. સુલતાનને રૂપિયા ત્રણ લાખની જરૂર હતી. લધાભાએ આ રકમ સુલતાનને આપવાનું નક્કી કર્યું, પણ એના બદલામાં આખા



જંગલની જકાતનો ઈજારો રાખી લીધો. આ યોજનાથી પેઢીને ખૂબ ફાયદો થયો અને લધાભાનો સિતારો બુલંદ થતો ચાલ્યો.

પછી તો જેરામ શેઠ દેશમાં ગયા અને પેઢીનો તમામ વહીવટ લધાભાને સોંપતા ગયા. લધાભા પોતાના કામમાં દિવસે દિવસે ફતેહમંદ થતા ગયા. એ વખતે જંગબારમાં કચ્છી, કાઠિયાવાડી અને ગુજરાતીઓની સંખ્યા ઘણી જ થોડી હતી. પણ લધાભાએ તો સૌને માટે જંગબારના દરવાજા ખોલી દીધા. જંગબાર આવનારાને એ દરેક પ્રકારની સહાય આપતા હોવાથી દેશમાંથી હજારો લોકો જંગબારમાં આવી વસ્યાં. લધાભાનું પાંચસો માણસોનું રસોડું દરેક આવનારને માટે ખુલ્લું હતું. ત્યાં આવનાર તમામ દેશી ભાઈઓને એ કોઈને કોઈ કામે લગાડી દેતા હોવાથી કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાંથી હજારો માણસો જંગબાર આવવા લલચાતા હતા. જંગબારની વસતી દિનપ્રતિદિન વધતી જતી હતી.

આ વખતે જંગબારના સુલતાન અને તેના ભાઈઓ વચ્ચે અણબનાવ ચાલ્યો આવતો હતો. એક વખત સુલતાન દારેસલામ હતા. ત્યારે એના બે ભાઈઓ મોટું લશ્કર લઈને જંગબાર પર ચડી આવ્યા. આરબોના એક મોટા ધાડા સાથે એમણે શેઠની પેઢી પર દરોડો પાડ્યો અને પાંચ લાખની માગણી કરી. આ વખતે લધાભાએ પણ કુશળતા વાપરી. સુલતાનના ભાઈઓને અષ્ટમપષ્ટમ સમજાવી એક દિવસની મહેતલ માગીને એમને વિદાય કર્યા, અને પોતે રાતોરાત સુલતાનની બેગમ પાસે પહોંચી ગયા. તેના ૫૦૦ અરબ, કાસમ જમાદારના ૩૦૦ હબસી, ૫૦૦ ખલાસી અને અંગ્રેજ કોન્સલનું સૈન્ય એકઠું કરી એમણે સવારમાં જ લડાઈ આરંભી દીધી અને પોતાના બુદ્ધિકૌશલ્યથી જંગબારને બચાવી લીધું. લધાભાનો આ અણીના સમયનો ઉપકાર જંગબારના

સુલતાન જિંદગીભર ભૂલ્યા ન હતા.

એક વાર શેઠના રસોડામાં વાસણો ઊટકતો લધો પોતાના જાતબળથી જંગબારના સુલતાન જેટલો માનવંતો બની ગયો હતો. આફ્રિકા, યુરોપ અને અમેરિકા સુધી એનું નામ પ્રખ્યાત થઈ ગયું. જંગબારમાં હજારો ગુજરાતીઓને વસાવીને જંગબારનો વિકાસ સાધવાનો પહેલો યશ લધાભાને ફાળે જાય છે. માતૃભૂમિનો યશ આવી યશસ્વી વ્યક્તિઓએ જ ઉજ્જવળ રાખ્યો છે.



# ૨૬. કાનો માલમ

રતન ખણી જિત વિદેશજા ને, મેરામણ ઉછરન,
મલ્લ જેડા માલમ મછવે સેં, સાગર પાર પૂજન,
મૂંજી માતૃભૂમિ કે નમ.
(નિરંજન)

કચ્છ-માંડવીનો કાનો માલમ પોતાના નાના વહાણ સાથે માંડવી બંદરથી નીકળ્યો. મહાસાગરનાં મોજાં સાથે ખેલતું-કૂદતું એનું વહાણ કેટલાક વખત પછી આફ્રિકાને કિનારે આવી પહોંચ્યું.

હિમ્મત-બહાદુર વહાણવટીઓ એ કચ્છની મોંઘી મિલકત છે. આજ પણ આખરના તોફાની દિવસો પૂરા થાય કે ન થાય, બીજા વહાણવટીઓ હજુ દરિયો શાન્ત પડવાની રાહ જ જોતા હોય ત્યાં કચ્છી વહાણવટીઓ પોતાનાં વહાણોને મસ્ત મહેરામણમાં હિમ્મતથી ઝુકાવી દે છે.

નૌકાશાસ્ત્રમાં પારંગત બનેલા મોટા કેપ્ટનો દરિયાઈ હિસાબની જે ગણતરી મુશ્કેલીથી કરી શકે તે ગણતરી કચ્છનો કોઈ અભણ માલમ સહજમાં કરી આપશે. પોતાનું વહાણ કે સ્ટીમર દરિયાના કયા ભાગમાં છે તે શોધી કાઢવા માટે દરિયાઈ શાસ્ત્રના નિષ્ણાત કેપ્ટનો હજુ નકશા જ દોરતા રહેશે ત્યાં કચ્છ માલમ તે જ વખતે અધ્ધર હિસાબથી પોતાના સ્થાનનો અચૂક નિર્ણય કરી આપશે. દરિયા પર ઝઝૂમી રહેલા કોઈ ભયંકર તોફાનનો સમય કચ્છી નાખવો (નાખુદો ટંડેલ) એ જ રીતે કહી આપશે. આ શક્તિથી જ ઘણા જૂના સમયથી કચ્છી વહાણવટીઓ પોતાનાં વહાણોના મોટા કાફલાને કચ્છથી અરબસ્તાન, ઈરાન, ચીન અને છેક આફ્રિકા સુધી સહીસલામત લઈ જતા.

કાનો માલમ પણ દુનિયાના દરિયાનું જ્ઞાન ઘોળીને પી ગયેલો એક કચ્છી વહાણવટી હતો. કચ્છ-માંડવીનો નીકળ્યો તે હવે આફ્રિકાના સમુદ્રમાં આવી ગયો હતો.

આ વખતે યુરોપથી વાસ્કો ડી ગામા નામનો એક સાહસિક વહાણવટી સોદાગર સન ૧૪૯૮માં હિંદનો કિનારો શોધવા માટે નીકળ્યો હતો. આફ્રિકાને ચક્કર લગાવી કેપ ઓફ ગુડ હોપ થઈને મોમ્બાસા સુધી તો આવ્યો, પણ ત્યાર બાદ હિંદનો રસ્તો શોધવામાં તે મૂંઝાઈ પડ્યો. તેનું મગજ કામ કરતું અટકી પડ્યું. કઈ દિશામાં વહાણ હંકારવાથી હિંદ પહોંચાશે તેની સૂઝ તેને પડતી ન હતી. એટલામાં કચ્છના કાના માલમના વહાણ પર તેની દૃષ્ટિ પડી. આ વહાણને એણે ભયની નિશાની આપી. કાના માલમે વાસ્કો ડી ગામાના વહાણ પર મોરચો માંડી દીધો. પાસે આવતાં જ એણે વાસ્કો ડી ગામાને સલામ કરીને બોલાવવાનું કારણ પૂછ્યું. વાસ્કો ડી ગામાએ પોતાની બધી મૂંઝવણ એની પાસે રજૂ કરી



અને હિંદનો માર્ગ બતાવવા વિનંતી કરી. કાનો માલમ તો સાત સમુદ્રોને ખૂંદી વળ્યો હતો. એણે હિંદનો કિનારો બતાવવાનું માથે લીધું. કાના માલમની બુદ્ધિ અને એનું દરિયાઈ જ્ઞાન જોઈને વાસ્કો ડી ગામાને એના પર વિશ્વાસ બેઠો. એક સીધાસાદા માણસની આટલી શક્તિ જોઈ એને કાના માલમ માટે માન ઉત્પન્ન થયું. એણે કાનો માલમને પોતાની સાથે લઈ લીધો. કાનો માલમ વાસ્કો ડી ગામાના વહાણોને દોરતો દોરતો સીધો દક્ષિણ હિંદના કાલીકટ બંદરે પહોંચ્યો. ત્યાંના રાજા ઝામોરીને વાસ્કો ડી ગામાનું સારું સ્વાગત કર્યું. આમ કાના માલમની તીવ્ર બુદ્ધિથી અફ્રિકા અને હિંદનો જળમાર્ગ ચાલુ થયો. પછી તો હજારો વહાણો અને સ્ટીમરો આ માર્ગે આવજા કરવા લાગ્યાં. આ માર્ગ પ્રથમ શોધી કાઢવાનો સઘળો યશ કચ્છ-માંડવીના કાના માલમને ફાળે જાય છે!

EAST AFRCICA To-day (1958-1959) (B.G.Vaghela)

નામના પુસ્તકમાં કાના માલમ માટે પૃષ્ઠ ૪૪૩ ઉપર નીચટે મુજબ ઉલ્લેખ કરવામાં આવ્યો છે :

From Mozambique Vaskoda Gama proceeded to Mombasa, but he was prevented from enterig the Port. some of his people, however, landed and found there also all the principal commodities of India. It was at Malindi that Gama was wel comed. Here he was, in the Port of Malindi. Indian Vessels. after securing the services of one Cana (corruption of kanji) a native of Gujarat who was a skilful Pilot, for conducting him to India. Gama left Malindi on the

24th of April, 1497.

(The Voyage of Pedro Alvares Cabrial) to Brazil and India; Trans. by william Brooke Greenlee (Hakiuyt Society) P. 68)

ભાવાર્થ : વાસ્કો ડી ગામા મોજામ્બિકથી મોમ્બાસા ગયો, પરંતુ તેને બંદરમાં દાખલ થવાની રજા આપવામાં આવી નહિ. આમ છતાં તેના કેટલાક માણસો બંદર પર ઊતર્યા અને હિંદુસ્તાન પહોંચવાની જરૂરી તપાસ કરી આવ્યા. માલીન્ડી બંદરમાં ગામાનો સત્કાર કરવામાં આવ્યો. તેણે કેટલાંક હિંદી વહાણો જોયાં. તેને માલીન્ડીથી હિંદુસ્તાન લઈ જવા માટે કાના (કાનજી) નામનો ગુજરાતી બાહોશ ભોમિયો મળી ગયો. માલીન્ડીથી ગામા સન. ૧૪૯૭ના એપ્રિલની ૨૪ મી તારીખે હિંદુસ્તાન જવા ઊપડ્યો.



# ૨૭. થાર્યો ટોપણ

મુંજી માતૃભૂમિ કે નમ

(સન ૧૮૨૩-૧૮૯૧)

The Biography of Sir Tharia Topan

knight, King merchant and Megnate

of East Africa

ઉપર્યુક્ત નામનું સર થાર્યા ટોપણનું જીવનવૃત્તાંત તેના પુત્ર મહમ્મદહુસેન ટોપણ તરફતી તૈયાર કરવામાં આવેલ છે. આ ચરિત્ર અંગ્રેજી ભાષામાં છે અને હસ્તલિખિત છે. એક્સર્સાઈઝ બુકનાં ૫૪૧ પાનામાં આ જીવનચરિત્ર આલેખવામાં આવેલ છે. એનું મથાળું ઉપર મુજબનું છે.

લેખક કહે છે કે આ હસ્તલિખિત જીવનવૃત્તાંત મૌલાના સુલતાન મહમ્મદ શાહે (આગાખાને) પણ જોઈ લીધેલ છે.

સર થાર્યા ટોપણનો જન્મ કચ્છની પશ્ચિમે છેક છેડા પર આવેલા લખપત બંદરમાં સન ૧૮૨૩માં થયો હતો. એક સામાન્ય ઈસ્માઈલી ખોજા બાળકની જેમ એનો ઉછેર થયો હતો. લખપતમાં બાળકોના અભ્યાસ

માટે કશી વ્યવસ્થા ન હોવાથી, આ બાળક અક્ષરજ્ઞાનથી વંચિત રહી જવા પામ્યો હતો. ૧૩ વરસની ઉંમરે તે જંગબારમાં આવ્યો ત્યારે પોતાના નામની માત્ર સહી કરવા જેટલું જ જેમતેમ શીખી લીધું હતું. પણ આગળ જતાં પોતાની જાતમહેનતથી તેણે અંગ્રેજી અને ગુજરાતીનો ઊંડો અભ્યાસ કરી લીધો. તેના અક્ષર મોતીના દાણા જેવા સુંદર બની ગયા હતા. સર થાર્યા નાની ઉંમરમાં જ જંગબાર શી રીતે પહોંચી શક્યા તે પણ એક જાણવા જેવી વાત છે.

કચ્છનું વહાણવટું અને કચ્છી વહાણવટીઓની સાહસિકતા અસલના સમયથી સુવિખ્યાત છે. કચ્છી માલમો પોતાનાં નાનાંમોટાં વહાણોથી સાત સમુદ્ર ખૂંદી વળતા. એડન, મસ્કત અને આફ્રિકાનાં જંગબાર, મોમ્બાસા વગેરે બંદરો તેમજ જાવા-સુમાત્રા સુધી કચ્છી નાખવા (ખારવા) પહોંચી જતા. લખપત બંદર અરબી સમુદ્રને કિનારે આવેલું હોવાથી ત્યાંથી પણ કચ્છી વહાણો ઊપડતાં. આ લખપત એક વખતે સમૃદ્ધ બંદર હતું. આજે તો જમાદાર ફતેહમહમ્મદે મોટા વિસ્તારમાં બંધાવેલો કિલ્લો હવા ખાય છે. લખપત આજે ઉજ્જડ જેવું બની ગયું છે. થોડી જ વસ્તી આજે લખપતમાં વસે છે.

લખપત બંદર નાનું હોવા છતાં કચ્છને તેણે મોટા મોટા મહાનુભાવોની ભેટ આપેલ છે. સમસ્ત ભારતમાં સુવિખ્યાત એવા વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઈન્દ્રજી, ભારતના પહેલા વિમાની પુરુષોત્તમ કબાલી તેમજ શૂન્યમાંથી એક મોટી સૃષ્ટિનું સર્જન કરનાર, મહારાણી વિક્ટોરિયા તરફથી નો knight ખિતાબ મેળવનાર સર થાર્યા ટોપણ જેવા મહારથીઓને લખપતે જન્મ આપેલ છે. કચ્છના રાજકારણને રમાડનાર લક્ષ્મીદાસ કામદાર પણ લખપતની હવામાં જ ઊછર્યો હતો.



આ લાખેણા લખપત બંદરથી જંગબાર જવા માટે એક વહાણ ઊપડતું હતું. દશબાર વરસનો ખોજા જ્ઞાતિનો એક કિશોર ખિસ્સામાં એક પણ પૈસા વગર , અંગ પર પહેરેલ ત્રણ લૂગડે જ આ વહાણ પર ચડી બેસે છે. છોકરો કામકાજમાં ઉપયોગી થશે એમ ધારી નાખવો તેને નિરાશ કરતો નથી. એ વખતે આ છોકરાના અંતરમાં કોણ જાણે કેવી અને કેટલી આશાઓ અને આકાંક્ષાઓ રમતી હશે ! આ છોકરો લાંબી દરિયાઈ સફરમાં નાખવાનું કામકાજ કરે છે, તેની સાથે દોસ્તી બાંધી લે છે અને વહાણનો નાખવો તેને જંગબારને કિનારે ઉતારી દે છે.

એક તદ્દન અજાણ્યા મુલકને કિનારે આ નિરાધાર અને નિષ્કિંચન કિશોર પર શું વીતી હશે, કેટલી યાતનાઓ એને સહન કરવી પડી હશે તેની તો આજે માત્ર કલ્પના જ કરવી રહી.

તાજેતરમાં સન ૧૯૭૧માં પ્રકટ થયેલ 'King N. Q. Cristian in East and Central Africa' નામના પુસ્તકમાં પૃષ્ઠ ૮૨ ઉપર નીચે મુજબની નોંધ એને માટે કરવામાં આવેલ છે -

'Tharia (Sie) Topan went Zanzibar as a stow away in a sailing boat, became the Sultan's chief customs officer, and was made a knight that by Queen Victoria.'

આફ્રિકા અને ભારતના સંબંધની એ વખતે શરૂઆત હતી. જંગબારના સુલતાનની ઈચ્છાને માન આપીને કચ્છના રાવે જંગબાર અને ભારતના વેપારની ખીલવણી માટે ૫૦ સભ્યોની એક મંડળીને જંગબાર મોકલવેલી. આ મંડળીમાં મોટે ભાગે હિંદુઓ હતા.

અત્રે એ જાણવાની જરૂર છે કે ઈસવીસન પૂર્વે છસો વરસ પહેલાં

ભારતના પશ્ચિમ કિનારા અને આફ્રિકાના પૂર્વ કિનારા વચ્ચેના વ્યાપાર સંબંધો ચાલુ હતા. એ સમયથી જ આફ્રિકા અને ભારત જેવા દૂરદૂરના પ્રદેશો વ્યાપારની સાંકળ વડે એકબીજા સાથે સંકળાયેલા હતા.

ભારતમાંથી આફ્રિકા આવેલી ઉપર્યુક્ત મંડળીને જંગબાર આવી પહોંચવાની તમામ સગવડો જંગબારના અરબ સુલતાન તરફથી આપવામાં આવી હતી. હિંદુ અને મુસલમાનોને પોતપોતાનો ધર્મ પાળવાની છૂટ આપવામાં આવી હતી. ઈ.સ. ૧૮૩૮માં જંગબારમાં ખોજાનું એક જમાતખાનું બાંધવામાં આવ્યું હતું. ઈમામ હસનઅલી શાહ આગાખાન પહેલા તરફથી ખોજા જમાત માટે મુખી અને કામડિયાનાં પદ પણ એ વખતે નક્કી કરવામાં આવ્યાં હતાં.

સૌથી પહેલાં થાર્યા ટોપણને કચ્છ-મુન્દ્રાના ભાટિયા જેરામ શિવજીએ પોતાની પેઢીમાં રાખી લીધા હતા. એ પેઢીમાં કામ કરતાં કરતાં થાર્યા ટોપણ પોતાના જીવનને પ્રગતિના પંથે લઈ જવા માટે મનમાં અનેક ઘાટ ઘડી રહ્યા હતા.

થોડા વખત પછી સરકારમાંથી લોન લઈને થાર્યા ભાઈએ એક નવા ધંધાની શરૂઆત કરી. એક ગધેડા-ગાડી લીધી. આ ગાડી વડે જંગબારની આજુબાજુના ભાગોમાંથી ત્યાંની મુખ્ય ઊપજની ચીજો cloves અને નાળિયેર ખરીદીને જંગબારમાં લાવવાની તેણે શરૂઆત કરી. આ ધંધો એને ફાવી ગયો. દિવસે દિવસે આ ધંધો ખીલતો ગયો. એના નફામાંથી થાર્યા ભાઈએ લોનની રકમ પણ ભરી દીધી.

સર થાર્યા ટોપણ કચ્છમાંથી કેવી રીતે જંગબાર પહોંચ્યા તેનું વર્ણન 'East Afarica to-day' નામના ગ્રંથમાં પૃષ્ઠ ૬૯૬ પર નીચે મુજબ આપવામાં આવેલ છે :



શાકભાજીના વેચનાર એક નાના વેપારીના પુત્ર થાર્યાએ ગેરસમજના એક ગોટાળાના કારણે, ઈસ્ટ આફ્રિકા જતા એક દેશી વહાણનો આશરો લીધો, હકીકત આમ હતી. થાર્યાની ઉંમર જ્યારે બાર વરસની હતી ત્યારે તેણએ એક સાંજે એક છોકરાને એક દુકાનમાંથી પૈસા ચોરી જતાં અને એ પૈસા જ્યારે તે દુકાનદારને આપવા ગયો ત્યારે ગેરસમજ એવી ઊભી થઈ કે દુકાનદારે એને જ ચોર માની લીધો અને એની કોઈપણ વાત સાંભળ્યા વિના એને ઝૂડવા મંડી પડ્યો. માણસો એકઠા થઈ ગયા. તેમણે પણ એને જ ચોર માની લીધો. એ લોકો પણ એને મારવા મંડી પડ્યા. હવે ચોરીના તહોમતથી માર ખાઈને માવિત્રોને મોં બતાવવાનું થાર્યાને મન થયું નહિ. તે લખપતના દરિયાકિનારે ગયો અને પાણીમાં કૂદી પડ્યો. નજીકમાં જ એક વહાણ એની નજરે પડ્યું. તે વહાણ પર ચડી ગયો. અને વહાણ પર ચડાવેલા માલમાં ઘૂસી ગયો. માર અને બીકથી ઘેરાયેલા થાર્યાને અહીં ઊંઘ આવી ગઈ. તની ઊંઘ ઊડી ત્યારે વહાણ તો દરિયામાં દોડી રહ્યું હતું. પેટમાં ભૂખ પણ કકડીને લાગી હતી. વહાણના નાખવા પાસે જઈને વીતલી વાતથી તને વાકેફ કર્યો. પણ હવે પાછા ફરવાની અવારનવાર એની મુલાકાતો ગોઠવાતી હતી. એમની મુલાકાતોનું એ સ્થાન આજે પણ 'બારાઝા' નામે પ્રખ્યાત છે. સન ૧૮૭૫માં તેણે ઈંગ્લેન્ડની મુલાકાત લીધી હતી. એ વખતે મહારાણી વિક્ટોરિયા તરફથી તેને 'નાઈટ હુડ'નો માનવંતો ઈલકાબ આપવામાં આવ્યો હતો. એ વખતે જંગબારના વેપારીઓ ગુલામોનો વેપાર કરતા. હબસી ગુલામોને પાણીના મૂળે ખરીદીને તેમને બીજા દેશોમાં મોકલવામાં આવતા. અને ત્યાં તેમને મોંઘે ભાવે વેચી નાખવામાં આવતા. ગુલામોના આ વેપારમાં વેપારીઓને પુષ્કળ નફો થતો અને જંગબારના સુલતાનને

પણ મહેસૂલનો મોટો ફાયદો થતો. ગુલામોના વેપાર પ્રત્યે તેને નફરત થઈ ગઈ. ગુલામીની પ્રથા નાબૂદ કરવાની તેણે ચળવળ ઉપાડી લીધી. નફાખોરોના વિરોધ વચ્ચે નીડરતાથી તેણે આ ચળવળ ચલાવવા માંડી અને તેને તેના પ્રયત્નોમાં સફળતા પણ મળવા લાગી. થાર્યાભાઈના આ માનવતાભર્યા કાર્યને લક્ષમાં લઈને તેની કદર તરીકે મહારાણી વિક્ટોરિયા તરફથી 'Knight' (નાઈટ)નો માનવંતો ઈલકાબ એનાયત કરવામાં આવ્યો.

પછી તો સર થાર્યા પ્રખ્યાત થઈ ગયા. સત્યનિષ્ઠા અને પ્રામાણિકતાને લઈને જુદા જુદા વ્યવસાયોમાં સફળ થઈ ગયા, અને મોટી મિલકતના માલિક બની ગયા. આ મિલકતના કારણે નહિ પણ એમની ખાનદાની અને વફાદારીને કારણે તે વખતના સત્તાધીશોમાં અને પ્રજાજનોમાં તેમની લોકપ્રિયતા દિવસે દિવસે વધવા લાગી.

ડેવિડ લિવિંગસ્ટોન નામના એક અંગ્રેજ લેખક 'Thorugh the Dark continent' નામના એમના પુસ્તકમાં લખે છે કે - 'Sir Tharia was one of the richest merchant in town.' અર્થાત્, થાર્યા ટોપણ આખા નગરમાં સૌથી મોટા ધનપતિઓમાં એક હતા. 'As well as one of the most influential among the Europians of Zanzibar he became a proverb for honesty and strict business entegrity' અર્થાત્ જંગબારના અંગ્રેજોમાં સૌથી વધુ લાગવગવાળા પ્રતિષ્ઠિત પુરુષ છે. ધંધાકીય પ્રામાણિકતા અને સચ્ચાઈને લીધે તે એક કહેવતરૂપ બની ગયા હતા.

આ રીતે શ્રીમંતાઈ અને સચ્ચાઈના કારણે સર થાર્યાની કીર્તિ



ચારે તરફ ફેલાઈ ગઈ હતી. જંગબારના સુલતાન સઈદ મજિદ અને સઈદ બરગશના તે અંગત સ્વજન જેવા બની ગયા હતા.

સન ૧૮૭૬માં સઈદ બરગશે તેમને મહેસૂલ ખાતાના મુખ્ય અધિકારી તરીકે નીમ્યા હતા. આ માનવંતા સ્થાન પર તેમણે પાંચ વરસ સુધી સત્યનિષ્ઠાથી કામ કર્યું હતું. અને સુલતાનના વિશ્વાસપાત્ર મિત્ર તેમજ સૌથી નજીકના સલાહકાર બની ગયા હતા.

બ્રિટિશ કોન્સલ સર જોન કર્ક સાથે પણ સર થાર્યાને એવો ગાઢ સંબંધમાં બંધાઈ ગયો હતો, કે એમણે પોતાના વિલ-વસિયતનામામાં એવું જણાવ્યું હતું કે 'મારી પાછળ મારા વારસદારોમાં કંઈ તકરાર થાય કે મતભેદ જાગે તો તેમણે મારા સૌથી શ્રેષ્ઠ મિત્ર સર જોન કર્કની સલાહ લેવી અને એમના નિર્ણયની આખરી નિર્ણય તરીકે સ્વીકાર કરવો.'

જંગબારના અન્ય ધનાઢ્ય વેપારીઓ અને સર થાર્યા ટોપણ અંગ્રેજ વેપારીઓને એમના લોકલ બેંકર બનીને આર્થિક મદદ કરતા.

જંગબારના વેપારીઓ જે થાર્યા ટોપણની માફક વહેલા જ અહીં આવ્યા હતા, એ બધા અહીં સારી રીતે ગોઠવાઈ ગયા હતા. એમણે પોતાનાં કુટુંબોને પણ બોલાવી લીધાં હતાં.

જંગબારમાં સ્થિર થયા પછી દશ વરસ બાદ ફરી થાર્યા કચ્છ ગયા. થોડો વખત વતનમાં ગાળીને સહપત્ની પાછા જંગબાર આવ્યા. અહીં એમનો ગૃહસંસાર લાંબો વખત ન ચાલ્યો. પત્નીનું જંગબારમાં જ અવસાન થયું. આ વખતે પણ એમનું કામકાજ વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું હતું.

પત્નીના અવસાન પછી થાર્યા શેઠનાં સગાંસંબંધીઓ એમને ફરી કચ્છ આવવા માટે આગ્રહ કરવા લાગ્યાં. ત્યાં તેમનાં સંબંધીઓએ બીજા

લગ્ન માટે ગોઠવણ કરી રાખી હતી. એમના આગ્રહને માન આપી શેઠ ફરી કચ્છ ગયા અને ફરી ગૃહસ્થાશ્રમમાં જોડાયા. એ વખતે એમની ઉંમર પચીસ વરસની હતી. લગ્ન પછી થોડા વખતમાં થાર્યા શેઠ પોતાનાં બીજી વારનાં ધર્મપત્નીને લઈને ફરી જંગબાર આવ્યા.

કચ્છની મુલાકાત વખતે થાર્યા શેઠે ઘણા ઈસ્માઈલી ભાઈઓ અને અન્ય કચ્છીઓને જંગબાર આવવા તૈયાર કર્યા હતા. આવા ઘણા નવા માણસોને પોતાના ખરચે જંગબાર તેડી ગયા હતા. અને સૌને તેમની યોગ્યતા મુજબના કામે વળગાડી દીધા હતા. આમ અનેક કચ્છીઓને રસ્તે ચડાવીને થાર્યાભાઈએ મોકળે મને એમને મદદ કરી હતી.

સર થાર્યાની માફક બીજા પણ કચ્છના ઈસ્માઈલી ભાઈઓએ આફ્રિકામાં સારી જમાવટ કરી હતી. તેમાં અલીદિના વિશ્રામ, સવા હાજી પીરૂ, સુલેમાન વીરજી એ મુખ્ય હતા. ૪૬ મા ઈમામ આગા હસન અલી તરફથી સર થાર્યાને વારસનો ખિતાબ આપવામાં આવ્યો હતો.

ઈ.સ. ૧૮૭૫ની સાલે બ્રિટિશ ગવર્નમેન્ટ તરફથી જંગબારના સુલતાન સઈદ બરગશને ઈંગ્લેંડ આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું ત્યારે સર થાર્યા ટોપણ પણ હિંદીઓના પ્રતિનિધિ તરીકે તેની સાથે ઈંગ્લેન્ડની મુલાકાતે ગયા હતા.

સન ૧૮૮૧માં બ્રિટિશ કોન્સલ સર જોન કર્કને જંગબારમાં ઈંગ્લિશ સ્કૂલની સ્થાપના કરવામાં સારી આર્થિક સહાય આપી હતી. આ કાર્ય પાર પાડવા માટે રૂપિયા બે લાખની એમણે જોગવાઈ કરી આપી હતી.

ઉપરાંત સન ૧૮૮૭માં જંગબારમાં એક સાર્વજનિક હોસ્પિટલ ઊભી કરવા માટે પણ સર થાર્યાએ મોટી રકમ આપી હતી. આ હોસ્પિટલ મહારાણી વિક્ટોરિયાની ડાયમંડ જ્યુબિલિની યાદમાં સ્થાપવામાં આવી



હતી.

સર થાર્યાના માનમાં જંગબારના એક રાજમાર્ગને 'થાર્યા સ્ટ્રીટ' એવું નામ આપવામાં આવ્યું હતું. આજે પણ એ નામ ચાલુ રહ્યું હશે.

સર થાર્યા ટોપણ સખત શિસ્તનું પાલન કરનાર અને સત્યનિષ્ઠ પુરુષ હતા. એમનું બીજું લગ્ન સુખશાન્તિદાયક તો હતું. પણ બીજી વારની એ પત્નીથી એમને કોઈ સંતાનપ્રાપ્તિ થઈ ન હતી.

૪૦ વર્ષની ઉંમરે ફરી વાર વિધુર થતાં સર થાર્યાએ એક વરસ બાદ ત્રીજું લગ્ન કર્યું. આ લગ્ન દ્વારા એમને છ સંતાનો થયાં. એમના જીવનચરિત્રનું આલેખન કરનાર મહમ્મદ હુસેન ટોપણ એમના સાહિત્યપ્રેમી પુત્ર હતા.

સર થાર્યાનું સમસ્ત જીવન અનેકવિધ પ્રવૃત્તિઓથી ભરપૂર હતું. છેલ્લા સમયમાં એમની આંખો નબળી પડી જવાથી એમણે મુંબઈમાં આંખનું ઓપરેશન કરાવ્યું હતું.

સન ૧૮૯૧માં ૬૮ વરસની ઉંમરે એમનું અવસાન થયું. એમના અવસાન પછી એમના ભાઈઓ, એમની પત્ની લેડી જાનબાઈ અને એમના પુત્રો વચ્ચે મિલકત સંબંધી ઝઘડા થયા. કોર્ટમાં કેસો ચાલ્યા અને પરિણામે જીવનભરની એમની મહેનતની કમાણી વેરવિખેર થઈ ગઈ.

આજે થાર્યા ટોપણને આફ્રિકાવાસીઓ યાદ કરે છે તે એમની સમૃદ્ધિ માટે નહિ પરંતુ એમની સત્યનિષ્ઠા અને એમનાં લોકોપયોગી કાર્યો માટે તથા એમની માનવતા માટે યાદ કરે છે. શૂન્યમાંથી એક અનેરી સૃષ્ટિનું સર્જન કરીને સર થાર્યા ટોપણે કચ્છનું નામ ઉજ્જવળ કર્યું છે.

સર થાર્યા ટોપણની અને શેઠ જેરામ શિવજીની પેઢીની જંગબારમાં કેટલી લાગવગ હતી તે નીચેની હકીકતમાંથી સહજ સમજી શકાશે.

જંગબારના સ્વર્ગવાસી સુલતાનની શાહજાદી સલમા રૂપરૂપનો અવતાર - એવી ખૂબસૂરત હતી. ચારે તરફ એની સુંદરતાની પ્રશંસા થતી હતી. આ મનોહર મુગ્ધા યૌવનમાં આવેલી હોવા છતાં હજુ તેનાં લગ્ન થયાં ન હતાં. એને એક નાની બહેન હતી. બે ભાઈ હતા. મોટો ભાઈ મજીદ જંગબારના સુલતાનની ગાદી પર હતો. નાના ભાઈનું નામ હતું બરગશ. આ બે ભાઈ વચ્ચે રાજકારણ અંગે કંઈક ઘર્ષણ થતાં મોટા ભાઈ મજીદે, બરગશને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. ભાઈના જેલવાસથી સલમાના મનને મોટો આઘાત લાગ્યો. સલમાએ અને એની નાની બહેને મળીને બરગશને યુક્તિપૂર્વક જેલમાંથી મુક્ત કરીને નસાડી મૂક્યો.

સલમાનો આ અપરાધ મૃત્યુદંડને લાયક હતો. પણ બહેન જાણીને મજીદને તેના પર દયા આવી એટલે તેને સાગરકાંઠા પરના પોતાના એક જેલવાસ જેવા મહેલમાં જરૂરી સાધનો સાથે મોકલી દીધી.

સલમા અહીં એકલવાયું જીવન જીવી રહી હતી. મહેલના એક ઝરૂખામાં તે આખો વખત બેસી રહેતી, અને ત્યાંથી આવ-જા કરતા વાહનવ્યવહારને જોઈને જ સંતોષ માની લેતી. સન ૧૮૬૫-૭૦ વચ્ચેનો એ સમય હતો.

અહીંથી હેન્રી રોઈટ નામનો એક અલગારી જર્મન યુવાન લહેરી લાલા જેવો, દરરોજ પસાર થતો હતો. આ યુવાનની લહેકાતી ચાલે અને એના વ્યક્તિત્વની છટા સલમાની આંખમાં વસી ગઈ. પછી તો એકબીજાની આંખો એકબીજાની સાથે તારમૈત્રક વડે વાતો કરવા લાગી અને તારામૈત્રકની વાતોએ ઉભય પ્રેમીઓને પ્રેમના રંગે રંગી દીધાં.

દિનપ્રતિદિન આગળ વધતા એણના પ્રેમપ્રવાહની ઝણઝણાટી



જંગબારની જનતાને કાને આવી પડી. અને ત્યાંથી આગળ વધીને સુલતાન મજીદના કાન પર પણ આવી પડી. અરબ સુલતાનની શાહજાદી એક વિદેશી વિધર્મીના પ્રેમબંધનમાં બંધાઈ જાય, એ વાત સુલતાન મજીદથી સહન થાય તેવી ન હતી. ક્રોધની જ્વાળા વડે તે સળગી ઊઠ્યો. સલમાને તરત હાજર થઈ જવા તેણે હુકમ કર્યો.

ભાઈના ફરમાનથી સલમા થરથરી ઊઠી. જેમતેમ તૈયાર થઈ, આખે શરીરે કાળો બુરખો ઓઢીને તે ધ્રૂજતા પગે અને ધડકતા હૃદયે સુલતાન મજીદના ખાસ ખંડનાં પગથિયાં ચડવા લાગી. મજીદનો એ ખાનગી નાનો રૂમ હતો. મજીદને બેસવા માટે એક ખુરશી એમાં રહેતી. સલમા અહીં આવી બુરખો ઉતારી, જમીન પર બેસી ગઈ.

થોડી જ વારમાં ગંભીર ચહેરે મજીદ ત્યાં આવી પહોંચ્યો. પોતાના સ્થૂળ શરીરને ખુરશી પર પછાડીને બેઠો. તરત તેણે સલમાને પ્રશ્ન કર્યો.

'સલમા ! હું સાંભળું છું, તું તારું જર-ઝવેરાત ફના કરવા લાગી છે. સાચી વાત છે?'

'વાત સાચી છે મોટા ભાઈ, મારો હાથ છૂટો છે એટલે પૈસા વપરાઈ જાય છે.'

'જુઠ્ઠી ! હરામજાદી, તું તો પેલા જર્મન પાછળ પાગલ બનીને બધું વેડફી રહી છે!' આમ કહેતાં જ મજીદે જંગબારી લાકડીનો સલમાની પીઠ પર એવો પ્રહાર કર્યો, કે એક જ ફટકે લાકડી ભાંગી પડી. મજીદનો હાથ ભોંઠો પડ્યો.

લાકડીના પ્રહારથી સલામા ઢળી પડી. બે હાથે મોંઢું ઢાંકી બેઠી થઈ. તેની આંખોમાંથી અવિરત અશ્રુધારા વહેવા લાગી. સલમાની કરુણ મૂર્તિ, રડતી સૂરત અને આંસુ વડે તરબોળ થયેલો ચહેરો જોઈને મજીદના

મનમાં દયાની લાગણી ઊભરાઈ આવી. તેણે સલમાને પાછી એના મહેલમાં મોકલી દીધી અને મહેલની ચારેબાજુ સખત ચોકીપહેરો ગોઠવી દીધો. સલમાનો અપરાધ એવો હતો કે મૃત્યુદંડ સિવાય એને માટે બીજી કોઈ સજા ન હતી. સલમા હવે મોતની જ રાહ જોઈ રહી હતી.

સલમાની નાની બહેન હવે એને બચાવી લેવાના પ્રયાસો કરવા લાગી. સૌથી પ્રથમ તો તેણે ભાઈને સમજાવવાની કોશિશ કરી પણ ભાઈનો ગુસ્સો હજુ જરાયે મોળો પડ્યો ન હતો. એની આજીજી અને કાકલૂદી અરણ્યરુદન સમાન નીવડી.

નિરાશાથી ઘેરાયેલી સલમાએ ભાઈને સમજાવવા માટે હવે જેરામ શિવજીની પેઢીનો આશરો લીધો પણ મજીદની ખફગી વહોરવાને જંગબારનો કોઈ વેપારી તૈયાર ન હતો.

જંગબારમાં એ વખતે અંગ્રેજોનું વર્ચસ્વ જામી ગયું હતું. હવે તેણએ અંગ્રેજોનો આશરો લીધો, અને એક અનેરી યોજના બહેનને બચાવવા માટે ઘડવા માંડી.

સલમાની બહેન ફરી મજીદને મળી અને તેને વિનંતી કરી, કે ‘મોટાભાઈ, સલમાની જાન બચી શકે તેમ નથી, એ વાત હું સમજી ગઈ છું. હવે એક કૃપા કરો. આવતા સાગરઉત્સવ સુધી એને જીવતી રહેવા દો તો તમારી મોટી મહેરબાની ! એ દિવસે બધા મુસ્લિમો સાગરસ્નાન કરી પવિત્ર થાય છે. સલમા પણ સાગરસ્નાન કરી પાપમુક્ત થાય ત્યાર લગી જીવતી રહે, એટલી મારી અરજ છે!’

નાની બહેનની વિનંતિનો સુલતાન મજીદે સ્વીકાર કર્યો. સાગર ઉત્સવના દિવસ સુધી સલમાને જીવતદાન મળ્યું.

આખરે જે દિવસની વાટ જોવાતી હતી. તે સાગરઉત્સવનો દિવસ



પણ આવી પહોંચ્યો. એ દિવસે જંગબારના તમામ મુસ્લિમો પોતાનાં પાપ દૂર કરવા સમુદ્રસ્નાન કરતા. સલમાને પણ સમુદ્રસ્નાનની પરવાનગી આપવામાં આવી. અરબ સિપાઈઓના ચોકીપહેરા વચ્ચે સલમા સાગરકાંઠે પહોંચી ગઈ. પાણીમાં ઊતરી આગળ વધવા લાગી. પાણી જરા ઊંડું આવ્યું ત્યાં એક હોડકું સલમાની બાજુમાં આવી ઊભું, હોડકાવાળા ખલાસીએ સલમાને હોડકામાં ખેંચી લીધી.

સાગરસ્નાન કરવા આવેલા મુસ્લિમ બિરાદરો સલમાને ઉઠાવી જતા હોડકાને જોતા રહ્યા. અલ્પ સમયમાં થોડે દૂર નાંગરેલાં બ્રિટિશ યુદ્ધ જહાજ ‘હાઈ ફ્લાયર’ પાસે હોડકું પહોંચી ગયું. સલમા જહાજ પર ચડી ગઈ અને એ જહાજના પાસ્લે નામના કપ્તાને પૂર ઝડપથી જહાજને ઉત્તર દિશામાં હંકારી મૂક્યું.

આખા જંગબારમાં આ વાત વાયુવેગે ફેલાઈ ગઈ. જંગબારમાં સઈદ સુલતાનની શાહજાદીનું હરણ થઈ જાય એ વાત નાની ન હતી. જંગબારમાં મોટું તોફાન જાગી ઊઠ્યું. ભાંગફોડ ચાલુ થઈ. મુસ્લિમોનો પ્રકોપ ઊછળી નીકળ્યો. વેપારીઓની દુકાનો ટપોટપ બંધ થઈ ગઈ. નગરજનો પોતપોતાના ઘરમાં ભરાઈ બેઠા. અંગ્રેજો અને ખ્રિસ્તીઓ પર મોટું જોખમ ઝઝૂમવા લાગ્યું. અંગ્રેજોને બચાવી લેવા છેક લંડન સુધી તાર છૂટ્યા.

જંગબારમાં એ વખતે બ્રિટિશ કોન્સલ મિ. કર્ક હતો. આ કર્ક લોકપ્રિય હતો. શેઠ જેરામ શિવજીની પોતાની પેઢીના મુનીમને લઈને તે સુલતાન મજીદને મળ્યો. સૌએ મળીને સુલતાનને સમજાવી દીધું, કે આ કાર્યમાં કોઈ અંગ્રેજનો સાથ નથી. બાજી તો હાથમાંથી નીકળી ગઈ હતી. હવે કંઈ બની શકે એવું રહ્યું ન હતું. મજીદ સમજી ગયો અને તેના

હુકમથી હુલ્લડ શાંત થઈ ગયું. આ વખતે પેલો જર્મન યુવાન રોઈટ કેમ જીવતો રહી ગયો તે સમજી શકાયું નહિ.

જંગબારના બંદરમાંથી ઊપડેલું બ્રિટિશ યુદ્ધજહાજ ‘હાઈ ફલાયર’ સલમાને લઈને હામબુર્ગ બંદર પર પહોંચ્યું. ત્યાં જહાજના કેપ્ટને તેને ઉતારવાની વ્યવસ્થા પણ કરી દીધી. આ રીતે જંગબારથી છટકીને સલમા મૃત્યુના મુખમાંથી ઊગરી ગઈ.

થોડા જ દિવસમાં જર્મન યુવાન રોઈટ પણ ત્યાં પહોંચી ગયો. બંને જણ હામબુર્ગથી એડન પહોંચી ગયાં. ત્યાં જંગબારના મરહુમ સુલતાનની શાહજાદી સલમા જર્મન યુવક રોઈટ સાથે ખ્રિસ્તી ધર્મની વિધિ અનુસાર લગ્નગ્રંથિથી જોડાઈ ગઈ. તેણે ત્યાં ખ્રિસ્તી ધર્મ પણ અંગીકાર કરી લીધો. સલમાને બદલે તેને એમિલી નામ આપવામાં આવ્યું.

ઉભય પતિ-પત્ની ત્યાંથી જર્મની ગયાં. સ્નેહ-લગ્નનો તેમનો ગૃહસંસાર સુખશાન્તિપૂર્વક વહેવા લાગ્યો પણ કમનસીબે એમનો ગૃહસ્થાશ્રમ લાંબો વખત ચાલ્યો નહિ. ચારેક વર્ષ પછી જર્મનીમાં રોઈટનું અવસાન થયું. સલમા ફરી એકલી અટૂલી પડી ગઈ. જંગબારની શાહજાદી જર્મનીમાં એકલવાયું જીવન ગાળવા લાગી. બાળકોનું ભરણપોષણ પણ દુર્ગમ બની ગયું. આખરે એણે મોટા ભાઈ મજીદનો આશરો લીધો. મજીદ પોતાની આબરૂની ખાતર તેને થોડી મદદ કરતો રહ્યો.

પહેલા વિશ્વવિગ્રહ પહેલાંનો એ સમય હતો. સુલતાન મજીદ હવે ખુદાના દરબારમાં દાખલ થઈ ગયો. જંગબારની રાજ્યસત્તા તેના નાનાભાઈ સઈદ બરગશના હાથમાં આવી ગઈ હતી. અંગ્રેજોનો પગપેસારો જંગબારમાં અને ઈસ્ટ આફ્રિકામાં વધતો જતો હતો. જર્મનીમાં અને આખી દુનિયામાં એ વખતે જર્મન કૈઝરનો ડંકો વાગતો હતો. અંગ્રેજો



અને જર્મનો વચ્ચે વાણીનું અને કલમનું ઘર્ષણ તો ચાલતું જ હતું. ઈસ્ટ આફ્રિકામાં વધતો જતો અંગ્રેજોનો પગદંડો કૈઝરની આંખમાં ખૂંચતો હતો. ઈસ્ટ આફ્રિકામાંથી અંગ્રેજોને હાંકી કાઢી, ત્યાં પોતાનો અડ્ડો જમાવાની તક તે શોધી રહ્યો હતો.

સ્વર્ગસ્થ હેન્રી રોઈટની વિધવા પત્ની એમિલી હવે જર્મન પ્રજાની ગણતરીમાં આવી ગઈ હતી. પણ તે હવે નિરાધાર અને લાચાર બની ગઈ હતી. પેલી બાજુ જંગબારની રાજ્યસત્તા હવે બરગશના હાથમાં ગઈ હતી. આ બરગશને સલમાએ જેલમાંથી છોડાવેલો હોવાથી એને ખાતરી હતી, કે બરગશ તેને અવશ્ય મદદ કરશે, એમિલીએ બરગશની મદદ માગી, પણ તે વિધર્મી બની ગયેલી હોવાથી બરગશે તેને મરી ગયેલી જ માની લીધી હતી. આ કારણથી તેણે કશી જ સહાય કરી નહિ. એમિલી હવે મોટી વિમાસણમાં આવી પડી. તેણે મદદ માટે જર્મન સરકારને અરજ કરી.

એમિલી જંગબારમાં સ્વ. સુલતાનની શાહજાદી હોવાથી જર્મન કૈઝરે પોતાનું નિશાન પાર પાડવા માટે એમિલીનો ઉપયોગ કરવાનો વિચાર કર્યો. એમિલીને હથિયાર બનાવવાનો તેણે નિશ્ચય કરી લીધો.

એક દિવસ જર્મન સરકાર કૈઝરનું યુદ્ધજહાજ લશ્કરી સૈનિકો સાથે એમિલીને લઈને જંગબારના બંદરમાં નાંગ્યું. લશ્કરના કેપ્ટને સુલતાન બરગશને સંદેશો મોકલાવ્યો કે, ‘એમિલીના ભરણપોષણ માટે તેના વારસાનો ફાળો તરત મોકલી આપો અથવા પરિણામ ભોગવવા તૈયાર રહો. જર્મન કૈઝરનું આ ફરમાન છે.’

સુલતાન બરગશ ઝટ નમી જાય તેવો ન હતો. તેણે જર્મન કેપ્ટનના પડકારને ફેંકી દીધો. જર્મન લશ્કરી અધિકારીએ નક્કી કર્યું હતું કે સુલતાન

બરગશ તેની માગણીનો સ્વીકાર ન કરે તો જંગબાર પર આક્રમણ કરીને તેનો કબજો લઈ લેવો અને અંગ્રેજોને ત્યાંથી હાંકી કાઢવા.

સુલતાન બરગશનો કશો જવાબ ન આવવાથી જર્મન યુદ્ધજહાજમાંની તોપો ધણધણી ઊઠી. જંગબારની જનતા મોટી મૂંઝવણમાં આવી પડી. સમય કટોકટીનો હતો. કઈ પળે શું બની જાય કંઈ કહી શકાય તેમ ન હતું.

બ્રિટિશ કોન્સલ કર્કના કાન પર આ વાત આવતાં તેણે આ મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાની કોશિશ કરવા માંડી. જંગબારનો કસ્ટમ અધિકારી એ વખતે થાર્યા ટોપણ પ્રતિષ્ઠિત કચ્છી હતો. આ થાર્યા ટોપણ સઈદ બરગશનો માનીતો મિત્ર હતો. બ્રિટિશ કોન્સલ કર્ક, થાર્યા ટોપણને લઈને સઈદ બરગશ પાસે પહોંચી ગયો કે હવે વધુ તાણી ઝાલવાથી પરિણામ ભયંકર આવશે એટલે એમિલીને એનો વારસો આપી દેવાની તેણે કબૂલાત આપી અને જંગબાર પર ઝઝૂમી રહેલું એક વાવાઝોડું દૂર થયું. જર્મનોના આક્રમણમાંથી જંગબાર બચી ગયું.



# ૨૮. સર કરીમજી જીવણજી

કચ્છ-માંડવીના વોરા કરીમજી જીવણજીનું નામ પણ આફ્રિકામાં પ્રખ્યાત છે. આ કરીમજી માંડવીમાંથી ક્યારે અને કેવી રીતે આફ્રિકા પહોંચ્યા એ હકીકતનું તો આજે કોઈ પગેરું નીકળતું નથી. હાલ દારેસલામમાં વસતા એમના વંશજોને પણ એમના જૂના ઈતિહાસની કંઈ માહિતી હોય એવું જણાતું નથી.

સર કરીમજીની પેઢીઓ આફ્રિકામાં જંગબાર, મોમ્બાસા, ટાંગા, લીન્ડી, મકીન્દાની, દારેસલામ વગેરે આફ્રિકાનાં મુખ્ય સ્થળોમાં ચાલતી હતી. આજે પણ દારેસલામમાં એક વિશાળ કરીમજી-હૉલ, મોજૂદ છે. આ હૉલમાં દર શનિવારે બેન્ડનો કાર્યક્રમ રાખવામાં આવતો. એ દિવસોમાં અહીં મોટે પાયે હબસીઓનું નૃત્ય ‘ગોમા’ ચાલતું. આ નૃત્યમાં હબસીઓ એટલા બધા ગુલતાન બની જતા કે દસ-વીસ-ત્રીસ-ચાલીસ કલાક સુધી એમનું એ નૃત્ય અખંડ ચાલુ રહેતું.

શ્રી કરીમજીના વંશજ અલીભાઈ મુલ્લાં જીવણજી પણ પ્રખ્યાત થયા હતા. બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા સરકારની લેજિસ્લેટિવ કાઉન્સિલના

તે સભ્ય હતા. મોટા કોન્સ્ટ્રેક્ટર હતા. જહાજોના માલિક અને જનરલ મરચન્ટ હતા.

એમની સ્ટીમર-સર્વિસો પણ ચાલતી હતી. એક મોરેશિયસ અને મુંબઈ વચ્ચે, બીજી 'બોમ્બે હઝાઝ કાું.' જે મુસ્લિમ યાત્રાળુઓને મુંબઈથી જેદાહ લઈ જતી હતી, એ સિવાય પણ એમની જહાજી સેવાઓ ચાલતી હતી.

ગવર્નમેન્ટની બધી બિલ્ડીંગોનું બાંધકામ એમના હાથે થયું હતું. મોટી હોસ્પિટલો એમની મારફત તૈયાર થઈ હતી. રેલવે લાઈનમાં પણ એમના ૨૫૦૦૦ મજૂરો કામ કરતા હતા.



# ૨૯. જયકૃષ્ણ ઈન્દ્રજી

જયકૃષ્ણ ઈન્દ્રજી એટલે માત્ર કચ્છના જ નહિ પણ ભારતના એક મહાન વનસ્પતિશાસ્ત્રી. એમનો જન્મ કચ્છ લખપતમાં થયેલો. એમા પિતા ધોળકામાં વૈષ્ણવ હવેલીના મુખિયાજી હતા. એમણે નાનપણમાં સાધારણ ગુજરાતી અભ્યાસ કરેલો. અંગ્રેજી તો ચોથા ધોરણ સુધી જ શીખેલા. એમના કુટુંબના નિયમ અનુસાર એ સંસ્કૃત ભાષાનો પણ પૂરતો અભ્યાસ કરી શક્યા નહિ. આમ છતાં ધર્મ, ભક્તિ અને સંગીતના કૌટુમ્બિક સંસ્કાર એમનામાં કુદરતી રીતે જ ઊતર્યા હતા. નાનપણમાં એમની જીભ થોથરાતી. આ થોથરાતી જીભને લીધે જ જાણે ભારતને એક મહાન વનસ્પતિશાસ્ત્રી મળી ગયો. એમના વડીલોનું કથા વાંચવાનું કામ પણ હતું. પણ જયકૃષ્ણભાઈની જીભ તો થોથરાતી હતી એટલે એમના વડીલોને ચિંતા થઈ કે આ છોકરો શી રીતે પોતાનું પેટ ભરી શકશે! સૌ કહેતા કે જયકૃષ્ણને તો હાટડી માંડી દેશું. કારણ કે નથી એનામાં કથા વાંચવાની કળા કે નથી સંસ્કૃતનું જ્ઞાન.

અને ખરેખર, એમણે પ્રથમ તો મથુરામાં એક હાટડી માંડી. એ હાટડી હતી બુકસેલરની. પાંચેક વર્ષ એમની આ દુકાન ચાલી. પણ વ્યાપારના કાવાદાવા માટે એ લાયક ન હતા. એ માટે એમનો જન્મ પણ થયો ન હતો. એમનું મન પુસ્તકોના વ્યાપારમાં ગોઠ્યું નહિ અને માંદા પડ્યા. બીમારીને લીધે એમના મોટાભાઈએ એમની દવા કરાવવા માટે એમને મુંબઈ બોલાવી લીધા. મુંબઈમાં એમને પંડિત ભગવાનલાલ ઈન્દ્રજીની મુલાકાત થઈ. પંડિત ભગવાનલાલને પુરાતત્ત્વનો અને વનસ્પતિના ગુણદોષ જાણવાનો ઘણો જ શોખ હતો. એમની દવાથી જયકૃષ્ણભાઈની તબિયત પણ સુધરી અને એમના સહવાસથી એમના અંતરમાં ઊછળી રહેલા વનસ્પતિવિજ્ઞાનના અદમ્ય ઉત્સાહને બહાર આવવાનું સ્થાન પણ મળ્યું. ભગવાનલાલ પંડિતે એમને વનસ્પતિનિષ્ણાત ડૉ. સુખરામ અર્જુન સાથે મેળવી દીધા અને એમણે રચેલાં વનસ્પતિશાસ્ત્રનાં પુસ્તકોનો અભ્યાસ કરવાની પણ ભલામણ કરી. જયકૃષ્ણભાઈ તો તે જ દિવસથી વનસ્પતિશાસ્ત્રના અભ્યાસમાં ગરકાવ બની ગયા. એમનું આ જ્ઞાન દિનપ્રતિદિન વધતું ગયું. અને પછી તો પંડિત ભગવાનલાલ પણ વનસ્પતિના વિષયમાં એમને જ પૂછવા લાગ્યા. એમની જ સલાહ લેવા લાગ્યા. એમની કીર્તિ વનસ્પતિશાસ્ત્રી તરીકે દિવસે દિવસે વધુને વધુ વિસ્તરવા લાગી. આમ છતાં એ ભગવાનલાલ પંડિતને પોતાના ગુરુ તરીકે માનતા.

એ વખતે રાજકોટની રાજકુમાર કોલેજના પ્રિન્સિપાલ મિ. મેકનોટન હતા. એમને પણ આ વનસ્પતિનો શોખ હતો. જયકૃષ્ણભાઈને એ પોતાના ગુરુ સમાન માનતા. એમની ભલામણથી સંવત ૧૯૪૨માં જયકૃષ્ણભાઈની નિમણૂક પોરબંદર રાજ્યમાં 'ક્યુરેટર ઓફ ફોરેસ્ટ્સ



એન્ડ ગાર્ડન્સ' તરીકે થઈ. અહીં રહીને એણે પોતાનાં અભ્યાસને ખૂબ આગળ વધારવા માંડ્યો. વનસ્પતિના ધામ જેવો લેખાતો આખો બરડો ડુંગર એમણે પોતાના પગતળે ખૂંદી નાખ્યો. બરડાના પાણામાં અને એની ખીણોમાં રખડી રખડીને એમણે પુષ્કળ અનુભવ પ્રાપ્ત કર્યો. આ અનુભવના નિચોડરૂપે સંવત ૧૯૬૬માં એમણે 'બરડાની વનસ્પતિ' નામે એક દળદાર ગ્રંથ બહાર પાડ્યો. આવો ગ્રંથ સમગ્ર ભારતની કોઈપણ ભાષામાં આથી પહેલાં બહાર પડેલ ન હતો. આ પ્રકાશનથી ચારે તરફ જયકૃષ્ણની કીર્તિ ગવાવા લાગી.

જયકૃષ્ણભાઈ હવે વનસ્પતિ પાછળ ઘેલા બન્યા હતા. વનસ્પતિ સાથે એણણે સાચી મિત્રતા શોધી લીધી હતી. એ વનસ્પતિ પ્રત્યે એમને કેટલો અથાગ પ્રેમ હતો તે એમના નીચેના લખાણ પરથી જાણી શકાશે :

'લગભગ પ્રત્યેક પ્રજાઓનાં ધર્મશાસ્ત્રોમાં એમ કહેલું છે કે ઝાડ એ દેવરૂપ છે. ઝાડ ટોપલાં તે પુણ્ય અને તોડવાં તે પાપ છે. હિંદુશાસ્ત્રમાં તો એક ઝાડ વાવવાનું પુણ્ય સૌ ગૌદાન સમાન જણાય છે.'

'એક વડનું ઝાડ કેટલી કીડી-મકોડીને, કેટલાં ચિત્ર-વિચિત્ર પક્ષીઓને, કેટલાં પેટે ચાલનારાંજાનવરોને. કેટલાં પશુઓને અને કેટલાં મનુષ્યોને પાળે છે?'

'ઝાડ પોતાનાં મૂળ, મૂળની છાલ, થડ, થડની છાલ, પત્ર, ફૂલ, બીજ, સુંદર, સુવાસ અને છાયા આપે છે. એટલું જ નહિ પણ ધોવાઈ જતી પૃથ્વીની રક્ષા કરે છે. ધૂળનાં રજકણો એકત્ર કરી માટી ઉદ્‌ભાવ છે અને સુકાયા પછી પણ પોતાનું નિશ્ચેતન અંગ પરોપકારાર્થે અર્પણ કરે છે.'

'વનસ્પતિશાસ્ત્રીની દૃષ્ટિએ જોઈએ તો ઝાડ ઊતરતાં પ્રાણીઓ

છે. ઝાડ ઉચ્ચવર્ગનાં ગણાતાં પ્રાણીઓ માટે ખોરાક તૈયાર કરે છે. કારણ કે તેવાં પ્રાણીઓ પોતાની ઉપયોગિતાર્થે પૃથ્વીમાંથી પરબારો ખોરાક ઉત્પન્ન કરીને નહિ પરંતુ વનસ્પતિ અર્થાત્ ઝાડ દ્વારા જ ઉત્પન્ન થતો ખોરાક મેળવી પોતાનું ગુજરાન ચલાવે છે. જો વનસ્પતિ કિંવા ઝાડ પૃથ્વી પર ન હોય તો આ ઉપલા વર્ગનાં સર્વ પ્રાણીઓનો અંત જ આવે.'

જયકૃષ્ણભાઈનો વનસ્પતિ પ્રત્યેનો કેવો અપૂર્વ પ્રેમ હતો તે એમનાં ઉપર્યુક્ત વચનોથી સહજ સમજાય છે.

કચ્છના મહારાઓથી વિજયરાજજી સાહેબને પણ વનસ્પતિ પ્રત્યે ખૂબ પ્રેમ હતો. એમણે પોતાના વિજયવિલાસ ખાતેના વિશાળ બગીચાની દેખરેખ માટે શ્રી જયકૃષ્ણભાઈને રોકી લીધા હતા. કચ્છમાં રહીને વનસ્પતિની શક્તિઓથી જનતાને વાકેફ કરવા માટે એમણે અનેક પ્રદર્શનો યોજેલાં હતાં. વનસ્પતિ પાછળ એ મુગ્ધ બન્યા હતા. એ માટે એમણે ભેખ લીધો એમ કહીએ તોપણ ચાલે. કચ્છને આબાદ બનાવવા માટે એમણે નીચે મુજબ માર્ગ-સૂચન કર્યું હતું :

૧. કચ્છમાં સાત માસ ધૂળ-રેતી મિશ્ર પવન ફૂંકાય છે તે ધીમો પાડવો જોઈએ.
૨. દરિયાકાંઠે છૂટી રેતી ઊડી અંદરના ભાગમાં ઢુઆ થાય છે તે (ઊડતી રેતી) જમાવવાની જરૂર છે.
૩. મીઠા પાણીની તંગાશ છે તેનો વધારો કરવો જોઈએ.
૪. સમુદ્ર ઉપરથી આવતો વરસાદનો પ્રવાહ મોટે ભાગે ઉપરનો ઉપર હવામાં જ ચાલ્યો જાય છે. તેથી હર સાલ જોઈતો વરસાદ પડતો નથી. માટે તે પ્રવાહને ધીમે પાડવા ને નીચો ઉતારવાનાં સાધનો ઉત્પન્ન કરવાં જોઈએ.



૫. પડ્યે વરસાદે પૂર આવી હણમાર કરતું નુકસાન કરી તરત પાણી સમુદ્રમાં ચાલ્યું જાય છે. તેમ ન થાય અને પડેલ પાણી દેશમાં સંચાય તેમ કરવું આવશ્યક છે.
૬. વરસાદ વરસાવવાને જે ઊંચાઈ, પાણીની વરાળ અને ટાઢ મહત્ત્વનાં કારણભૂત છે તે વધારવાની આવશ્યકતા છે.
૭. કચ્છમાં ઝાડની વૃદ્ધિ કરવી.

જયકૃષ્ણભાઈ ઝાડને કાપવાનો સખત વિરોધ કરતા. એ કહેતા કે-

*પીપળ પાન ન તોડીએ, ન ભાંગીએ વડની ડાળ,*
*વહેતા જળમાં ન થૂંકીએ, ગુરુને લાગે ગાળ.*

કચ્છમાં રહીને એમણે 'કચ્છની જડીબુટ્ટી' નામે એક અતિ ઉપયોગી ગ્રંથ પ્રકટ કરેલ છે.

વનસ્પતિના સંશોધન અને નિરીક્ષણમાં એ કેટલા ઓતપ્રોત થઈ જતા તે એમના નીચેના શબ્દોથી સમજાશે :

'જેમ એક નાના બચ્ચાને આપણે શુદ્ધ અંતઃકરણના પ્યારથી બોલાવીએ છીએ તો તે પ્રસન્નતાથી આપણી સાથે વાતો કરે છે, તેમ વનસ્પતિનું પણ છે. જ્યારે એક વનસ્પતિને પ્રેમથી આપણી પાસે રાખી બૃહદ્દર્શક કાચથી તેના અવયવો અને તેની રચના ઈશ્વરની લીલા જોવાના ભાવથી જોઈએ છીએ ત્યારે ખરેખર તેમાં તલ્લીન થઈ જવાય છે. અને તે વખતે અલૌકિક ઈશ્વરી આનંદથી આપણું હૃદય છલકાઈ જાય છે. એ અવર્ણનીય છે. એ મઝા પ્રેમની લહેરની છે. તે વાંચનાર કરતાં અનુભવનારને જ વિશેષ મળે છે. ડુંગરોમાં રખડવાં, પથરા, કાંટા, ટાઢ, તડકા, વરસાદ, ભૂખ, તરસ આદિ કંઈ વસમાં લાગતાં નથી. એક નવી વનસ્પતિ જોવામાં આવી તો એ સઘળું પ્રેમમય થઈ જાય. વનસ્પતિ જેવી

ઈશ્વરી વસ્તુનો એવો ઈશ્વરી પ્રભાવ છે. પણ તે 'જાને સો જાને' અથવા કોઈ કાતિલ શાયરના બોલોમાં તો તે કહે છે - 'જાનત હે દરદી દરદી કી.'

('વનસ્પતિશાસ્ત્ર'માંથી)

પંડિત મદનમોહન માલવીયજીએ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના ચોકમાં વનસ્પતિ વન (બોટેનિકલ ગાર્ડન) બનાવી દેવા માટે જયકૃષ્ણભાઈને ખાસ પત્ર લખીને આમંત્રણ આપ્યું હતું. પરંતુ એ વખતે એમની તબિયત તદ્દન લથડી પડેલી હોવાથી તે ત્યાં જઈ શક્યા ન હતા.

જયકૃષ્ણભાઈનો જન્મ સંવત ૧૯૦૫ના આસો સુદ ૧૦ ના દિવસે થયેલો. જીવનભર કર્તવ્યપરાયણ રહીને સંવત ૧૯૮૬ના માગશર સુદ ૨ ના રોજે ભુજમાં એ મહાન આત્મા અદૃશ્ય થઈ ગયો. એમના અવસાનની નોંધ તા. ૨૨-૧૨-૦૯ના નવજીવનમાં પૂજ્ય ગાંધીજીએ ખાસ ભારપૂર્વક લીધી હતી.

ગઈ સાલે વિજયાદશમીના દિવસે શ્રી જયકૃષ્ણભાઈની જન્મશતાબ્દી સમગ્ર ગુજરાતમાં ઊજવવામાં આવેલ છે. વનસ્પતિશાસ્ત્રવિશારદ જયકૃષ્ણભાઈનું જીવન એક ધડો લેવા યોગ્ય આદર્શ જીવન છે.



# ૩૦. હાજી મહમ્મદ

સમસ્ત ગુજરાતને સુંદરતમ સાહિત્યનાં દર્શન કરાવનાર, ગુજરાતી સાહિત્યનાં ઉદ્ધાર માટે ફકીરી ધારણ કરનાર અને સાહિત્યસેવામાં જ પોતાના જીવનને ઘસી નાખનાર કચ્છના સ્વર્ગસ્થ હાજી મહમ્મદ અલારખ્ખા શિવજીને ગુજરાતની સાહિત્યપ્રેમી જનતા કદી ભૂલી શકે તેમ નથી.

હાજી મહમ્મદના પરદાદા માણેક મૂસાણીએ સંવત ૧૮૮૧ના મહાન દુકાળ પછી કચ્છ-ભુજની વિદાય લઈને મુંબઈ વસાવ્યું. મુંબઈમાં કુદરતે એણને યારીઆપી અને એમને ત્યાં લક્ષ્મી રેલમછેલ થઈ રહી. મૂસાણી કુટુંબ પ્રથમથી જ સંસ્કારી હતું. આ સંસ્કારી કુટુંબમાં સને ૧૮૭૮ના ડિસેમ્બરની ૧૩ તારીખે હાજી મહમ્મદનો જન્મ થયો. બાલ્યાવસ્થાથી જ હાજી મહમ્મદને સાહિત્યનો કંઈ અજબ નાદ લાગ્યો હતો. અનેક ઉચ્ચ કોટિનાં પુસ્તકો એમણે નાનપણમાં જ વાંચી નાખ્યાં હતાં. જેમ જેમ મોટા થતા હતા તેમતેમ એમનો સાહિત્યશોખ વધતો જતો હતો. શાળાનો એમનો અભ્યાસ તો જરૂર પૂરતો જ હતો. આમ

છતાં શબ્દસૌન્દર્ય પારખવાની એમની શક્તિ અદ્‌ભુત હતી. શબ્દોની કિંમત કરનારા એ સાચા ઝવેરી હતા. માત્ર સમજનાર જ નહિ, પણ કલમબાજ પણ હતા. વીસ વરસની ઊગતી ઊંમરે એક સ્નેહીના અવસાનના વિરહમાં એમણે 'સ્નેહ-વિરહપંચદશી' હિંદી ભાષામાં પ્રકટ કરીને પોતાની શક્તિનો પરચો આપી દીધો હતો. ત્યારબાદ પણ 'મહેરુન્નિસા', 'રસીદા' વગેરે પુસ્તકો એમની તરફથી પ્રકાશિત થયાં હતાં.

સને ૧૯૦૧માં એમણે પોતાના જ્ઞાતિબંધુઓ માટે 'ગુલશન' નામનું માસિક પણ ચાલુ કર્યું હતું. પરંતુ મહાસાગરના મોટા તિમિંગલને એક નાનું ખાબોચિયું ફાવે ખરું? જ્ઞાતિના પત્રને વિદાય આપી એ ગુજરાતના વિશાળ ક્ષેત્રમાં આવી ઊભા. એમણે વિચાર્યું કે ગુજરાતને એક ઉત્તમ પ્રકારના આદર્શ સામયિકની જરૂરિયાત છે. વિલાયતમાં પ્રકટ થતાં ઉચ્ચ કક્ષાનાં સચિત્ર માસિકોની હરોળમાં ઊભી શકે એવા એક ઉત્તમ ગુજરાતી માસિક દ્વારા ગુજરાતની કલમકળા અને ચિત્રકળાને વિકસાવવાના કોડ એમના અંતરમાં રમી રહ્યા હતા. હાજી મહમ્મદની આ મહત્ત્વાકાંક્ષાને સફળ બનાવવા સર ફાજલભાઈ એમને સહાયભૂત થયા. પરિણામે સન ૧૯૧૬ના માર્ચ માસમાં ગુજરાતે 'વીસમી સદી' નામક એક સર્વાંગ સુંદર માસિકનાં દર્શન કર્યાં, 'વીસમી સદી' નો પ્રથમ અંક કલા અને સાહિત્યના એક નમૂનારૂપ હતો. ચિત્રકામ ધુરંધરની પીછી વડે તૈયાર થયેલ 'વીસમી સદી'ના પ્રથમ અંકના મુખપૃષ્ઠનું કલાત્મક ચિત્ર લંડનના છાપખાનામાં ખાસ છપાવવામાં આવ્યું હતું. ભારતમાં આ પ્રકારનું આ પહેલું જ ચિત્ર હતું. આખું માસિક આ એક ચિત્ર વડે ઝળકી ઊઠ્યું હતું. 'વીસમી સદી' સમસ્ત ગુજરાત માટે એક નવીન આકર્ષણ બની ગયું હતું. દિવસે દિવસે



આ માસિક ગુજરાતના સાહિત્ય-પ્રદેશમાં વધુ ને વધુ ચમકતું જતું હતું. એનું વાર્ષિક લવાજમ માત્ર રૂપિયા છ રાખવામાં આવ્યું હતું. પરંતુ આ માસિકને ઉત્તમ કોટિનું કલાત્મક બનાવવામાં ખર્ચ વધારે આવતું હોવાથી પાછળથી એનું લવાજમ વધારીને નવ રૂપિયા કરવામાં આવ્યું હતું. 'વીસમી સદી'ના ગ્રાહકોની સંખ્યા પણ ચાર હજાર જેટલી થઈ ગઈ હતી. આમ છતાં લેખકો, કવિઓ અને કલાકારોના ઘડતર પાછળ અને એમને જોઈતી સામગ્રી પૂરી પાડવા પાછળ ખર્ચનું પ્રમાણ એટલું બધું વધી જતું કે 'વીસમી સદી'ના સંચાલન માટે આવક-જાવકનાં બેય પલ્લાંનો મેળ બેસતો ન હતો. આ કારણને લીધે 'વીસમી સદી' દિવસે દિવસે દેવામાં ડૂબતું જતું હતું. 'વીસમી સદી' એ જ્યારે પાંચ વર્ષ પૂરાં કર્યા ત્યારે રૂપિયા ૩૫૦૦૦ની ખોટ એની સામે ડોળા ઘુરકાવતી ઊભી હતી આર્થિક તંગીની આ ભીંસમાં હાજી મહમ્મદ દિનપ્રતિદિન ભીંસાતા જતા હતા. એમના સદાના હસતા વદન પર હવે ગંભીરતા છવાતી જતી હતી. નિત્ય નવયુવાન એવા એમના આત્માને ધારણ કરનારો દેહ હવે થાકતો જતો હતો. ચિંતાનો અજગર એમના શરીરને ગળવા લાગ્યો, અને સને ૧૯૨૧ના જાન્યુઆરીની ૨૨મી તારીખે ગુજરાતને ઘેર ઘેર સાહિત્યરસની છોળો ઉછાળનાર સાહિત્યનો આ શહીદ સદાને માટે પોઢી ગયો.

હાજી મહમ્મદને ઉમર ખય્યાની રુબાઈયાતો પ્રત્યે અથાગ પ્રેમ હતો. આ રુબાઈયાતોનો અનુવાદ દુનિયાની લગભગ તમામ ભાષાઓમાં થયેલો છે. આ અનુવાદની નવી નકલ જ્યારે એમની નજરે ચડતી ત્યારે ત્યારે તે ખરીદી લેવા વિના રહેતા નહિ. આ રીતે આ અનુવાદોની ૧૨૮ નકલો એમણે મેળવી લીધી હતી. આ તમામ અનુવાદોના તારતમ્ય રૂપે

૧૨૯ મી નકલ સુંદરતા અને કલાત્મકતાના એક અદ્વિતીય નમૂનારૂપ એ તૈયાર કરવા ઈચ્છતા હતા. પરંતુ એમની મનની એ હામ એમના મનમાં જ રહી ગઈ અને કુદરતના તેડાને આધીન થઈને એ અકાળે જ આ દુનિયામાંથી સદાની વિદાય લઈ ગયા.

હાજી મહમ્મદનું પુસ્તકાલય એટલે જ્ઞાનનો ગંજાવર ખજાનો. એમનું એ પુસ્તકાલય સાહિત્યપ્રેમીઓ માટે એક તીર્થધામ બની ગયું હતું. હાજી મહમ્મદ એટલે સાહિત્ય પ્રદેશના રસરાજ. આ રસરાજના દરબારમાં અનેક સાહિત્યકારો, કવિઓ, લેખકો આવતા અને પોષાતા, એ રસરાજે લેખકોને ઘડ્યા, કવિઓને ઘડ્યા, કલાકારોને ઘડ્યા, તંત્રીઓને ઘડ્યા અને એ બધાની ઘડતર કરીને ગુજરાતી સાહિત્યને પ્રગતિના પંથે લઈ ગયા. 'વીસમી સદી'ના માનીતા સુપ્રસિદ્ધ ચિત્રકાર અને ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળ હાજી મહમ્મદ વિષે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કહે છે કે :

'એમના આંતરિક સંબંધમાં આવેલાઓને એમની ખરી કચ્છી સરલતા અને વફાદારીના ઊંચા અનુભવો થયા છે. એ વિરલ દર્શનના કંઈક કલાકારો અને વિદ્વાનો એમને આધીન થયા હતા. સભ્યતાનો નમૂનો, વાણીની મીઠાશ, પ્રવૃત્તિની મધુરતા, દિલની દિલાવરી અન મુફલિસીમાં પણ અમીરીની ઝલક બતાવનાર તેના જેવો સદ્‌ગૃહસ્થ ગુજરાતી આલમમાં જડવો મુશ્કેલ છે. તેમની પાસે વિદ્વાન કે વિદ્યાર્થી એકસરખી છૂટ લઈ શકતા. તેઓ ભિખારીની જોડમાં બેસતાં લજાતા નહિ, અને મુંબઈના સમૃદ્ધમાં સમૃદ્ધ ધનિક સાથે દોસ્તી કરી શકતા.'

કોઈ નવીન લેખક કે પ્રસિદ્ધ વિદ્વાન એક વાર એમની મુલાકાત લેતો ત્યાર પછી એ મુલાકાત કાયમની મૈત્રીમાં પરિણામ પામતી. હિન્દી



વર્તમાન-પત્રકારો તો તેમના પર આશક હતા. અંગ્રેજ તેમની કુનેહ પર આફરીન હતા. ગુજરાતના જુદા જુદા વાડાના સર્વ લેખકો 'વીસમી સદી'ના મંડપમાં ભાઈચારે વર્તતા. એ બધાનું કારણ એમનો વિરાટ આત્મા એ સર્વની સ્નેહીસાંકળમાં ભીડાતો.

એમના સ્મારકમાં 'હાજી મહમ્મદ સ્મારક ગ્રંથ' નામેએક દળદાર પુસ્તક શ્રી બચુભાઈ રાવત 'કુમાર' ના માનનીય તંત્રી તરફથી પ્રકટ થયેલ છે. આ ગ્રંથમાં સાક્ષરવર્ય કનૈયાલાલ મુનશી જણાવે છે :

'તે કલાનો ભક્ત હતો. સંગીત, નાટક, અભિનય, નાચ, કવિતા, વાર્તા, ચિત્ર અને શિલ્પકળા એ બધાં સ્વરૂપોને એ પૂજતો, અને ભક્તિભાવમાં લીન બની રહી કદી પણ સમાલોચક થઈ જતો નહિ કે થવા માગતો નહિ, હિંદમાં - ગુજરાતમાં કલાનો શોખ વધે, કલાકારોની કિંમત અંકાય, કલામયતા પ્રસરે આ જ તેનો જીવનઆદેશ હતો.'

'દરેક પંક્તિના કવિને, નાટકકારને, કથાકારને, ઠઠ્ઠાબાજ ચિત્રકારને, શિલ્પીને - બધાને માટે તેને મોહ હતો. બધાને તે ઉત્તેજતો, ગ્રીક કલા-વિધાયકોનાં સૌંદર્યઆલેખન કે હિંદી કલા વિધાયકોની આધ્યાત્મિકતા તરફ તેનો પક્ષપાત નહોતો. નહોતો પક્ષપાત ન્હાનાલાલની મોહક શબ્દજાળ તરફ કે નરસિંહરાવની ભાવનાપ્રધાન સરલતા પર. જ્યાં કલાનો દર્શ થતાં ત્યાં તે પ્રણિપાત કરતો.'

'મનુષ્ય હૃદયમાં રહેલા રસને પોષણ અને ખીલવટ જોઈશે જ. જ્યારે પ્રતાપી બનેલો ગુજરાતનો જીવનપ્રવાહ ઊભરાઓ શમ્યાથી શાન્ત અને સર્વવ્યાપી બની સર્વાંગે ખીલશે ત્યારે અંધકારમાં રહીને પણ પ્રકાશનાં આછાં કિરણોની કિંમત આંકનાર, નિરાશામાં પણ આશાનો એકતારો વગાડનાર હાજી મહમ્મદનાં સ્મરણો અને દૃષ્ટાંત અનેક કલાકારોને પ્રેર્યા

વિના રહેશે નહિ.'

હાજી મહમ્મદની ચિંતાઓનો બોજ હળવો કરે એવો કોઈ શ્રીમંત કે સ્નેહી એમને મળ્યો નહિ. અને એ ચિંતાઓના વધતા જતા ભારે આખરે આ કચ્છી નરવીરને કચડી નાખ્યો.

ગુજરાતના કવિવર અરદેશર ફરામજી ખબરદાર હાજી મહમ્મદના આત્માને હાર્દિક સ્મરણાંજલિ આપતાં કહે છે :

*ખૂબ કરી જો ઈલ્મની, સોદાગરી હાજી ગયો,*
*બેકદર ગુજરાતની, કરી ચાકરી હાજી ગયો.*
*રો ! રો! હવે ગુજરાત! જેને ના પિછાણ્યો જીવતાં,*
*આંસુ તણા દરિયાવ એવા, કૈં તરી હાજી ગયો.*
*ના 'અદલ' ઈનામ જગતનું, એક કુરબાની દિલે,*
*કૈં અમીરી કૈં ફકીરી, સંઘરી હાજી ગયો.*



# ૩૧. શેઠ ગોકલદાસ તેજપાળ

અંગ્રેજી ભાષાની એક કહેવત છે કે 'ડુંગરો અને સાગરો' એ સ્વતંત્રતાના પરણાં છે. વાત સત્યાર્થ છે. કચ્છમાં ડગલે ડગલે ડુંગરાનાં દર્શન થાય છે. અને સાગરનાં નીરથી તો કચ્છડો લગભગ ઘેરાયેલો જ રહે છે. આ ડુંગરડાઓએ અને સાગરનાં ઊછળતાં મોજાંઓએ કચ્છના ખમીરને અને ખુમારીને ટકાવી રાખ્યાં છે. કવિ કાન્તિ વડોદરિયા બંધનગ્રસ્ત કચ્છના આઝાદ કચ્છીઓનું વર્ણન કરતાં કહે છે –

*વેરાનની મસ્તાની સુતા સમી,*
*વસુંધરા વીર જનુનિ કચ્છની.*
*સષ્ટાનાં અટ્ટ હાસ્ય સરખી, ગૂંથીને રણ પ્રીતડી,*
*જુગોથી સમુદ્રે જાણે બેડીઓ કચ્છની ઘડી.*
*જાયા એના તોય ચોપાસ આજે,*
*વેરાયા છે વિશ્વ વાણિજ્ય કાજે.*

કવિએ આ થોડા જ શબ્દોમાં કચ્છને માટે અને કચ્છીઓને માટે ઘણું કહી દીધું છે. કેદી જેવા કચ્છડાના આઝાદ કચ્છી માડૂ આજે દુનિયાના

પટ્ટ પર પથરાઈ રહ્યા છે.

કચ્છના સાહસિક વહાણવટીઓના વહાણવટાની વાતો પણ પ્રખ્યાત છે. કવિ નિરંજનજી કહે છે -

*મલ જેડા માલમ મછવે સેં,*
*સાગર પાર પુજન, મૂંજી માતૃભૂમિ કે નમન!*

દરિયાઈ સફરોની આજના વિજ્ઞાનની તમામ સાધનસામગ્રીનો જ્યારે અભાવ હતો એ જમાનામાં હાથઘડાઉ વહાણોને લઈને કચ્છી વહાણવટીઓ સાત સમુદ્રોને ખૂંદી વળતા અને ક્યાંના ક્યાં પહોંચી જતા !

કચ્ચી માડૂ જ્યાં જ્યાં ગયા છે ત્યાં કચ્છના દૂધને દીપાવતા રહ્યા છે. એક કચ્છી પણ આખા કચ્છનું પ્રતિનિધિત્વ ધરાવતો હોય છે.

*કચ્છડો ખેલે ખલક મેં, મહાસાગર મેં મચ્છ,*
*જિત હિકડો કચ્છી વસે, ઉતે ડિયાણી કચ્છ.*

આજે ઝળહળાટ કરતી મોહમયી મુંબઈ નગરીના વિકાસમાં કચ્છીઓનો મોટો ફાળો છે. આજથી બે સૈકા પહેલાં કચ્છીઓએ મુંબઈ તરફ મીટ માંડી હતી. કચ્છના ભાટિયા, વાણિયા, લોહાણા, ખોજા વગેરે કચ્છી વીરોનો પરિશ્રમ મુંબઈના વિકાસના પાયામાં પડેલો છે. કોઈ ગાજરનું ભાતું લઈને નીકળેલા, કોઈ દાળિયા-કુરમુરા ફાકતા નીકળેલા, કોઈ ખીસામાં ખોટી બદામ વિના પણ નીકળી પડેલા. પરિશ્રમ અને પરસેવાને ભોગે અને જાતમહેનતની આપ કમાઈને લીધે મુંબઈની શોભાને એમણે વધારી છે.

મુંબઈમાં મહાન ધનાઢ્યો અને દાનવીરો તરીકે પ્રખ્યાત થનાર ગોકલદાસ તેજપાળ, ખટાઉ મકનજી, જીવરાજ બાલુ વગેરે નામાંકિત



નરવીરોનાં નામ આજે મુંબઈની જનતાના અંતરમાં ટંકોત્કીર્ણવત્ કોતરાઈ રહ્યાં છે. કેટલાક તો અતિ ગરીબીના કારણે પેટનો ખાડો પૂરવા માટે દશ-બાર વરસની નાની ઊંમરમાં જ કોઈ નાખવાની દવાથી મફતિયા વહાણમાં ચડી બેઠેલા. પેટ ખાલી, ખીસું ખાલી, એવી દયામય હાલતમાં બાલ્યાવસ્થામાં જ મુંબઈ આવેલા અને પોતાની અંગમહેનત વડે જ લક્ષાધિપતિ અને કરોડાધિપતિ બની ગયેલા.

કચ્છ-અબડાસામાં કોઠારા અને તેરા ભાટિયાઓનાં મહાન ધામ. ભાટિયા અસલ સિંધમાંથી આવેલા એટલે અબડાસામાં અને કચ્છના ઉત્તર વિભાગમાં એમણે ધામા નાખેલા. ધંધો ખેતીનો. કચ્છ પર તો વારે વારે કરવરા વરસ અને દુકાળો ઝઝૂમતા હોવાથી ખેતીના ધંધામાં કોઈ બે પાંદડે થઈ શકે નહિ. ભૂખે મરવા કરતાં ભાલે મરવું સારું. એમ વિચારી એમણે મુંબઈ તરફ મીટ માંડી અને મુંબઈએ એમના જીવનમાં મોટો ચમત્કાર સરજી દીધો.

આજથી દોઢસો-બસો વરસ પહેલાં કચ્છ અબડાસાનો એક દશ-બાર વરસનો બાળક કોણ જાણે કેમ, કોઈ વહાણમાં માલમની મહેરબાનીથી ચડી બેઠો અને મુંબઈને કિનારે ઊતરી પડ્યો નહિ કોઈ સગું-વહાલું કે નહિ કોઈ સ્નેહી-સંબંધી, કશી ઓળખાણપિછાણ પણ નહિ. ઉપર આકાશ અને નીચે ધરતી. કપડાં-લત્તાનું કે ખાવા-પીવાનું પણ કશું ઠેકાણું નહિ. આવી હાલતમાં એ એકલ કુમાર ઉજ્જડ જેવી આંખે, શૂન્ય દૃષ્ટિથી મુંબઈને જોવા લાગ્યો. હવે જવું ક્યાં, એ જ મોટો પ્રશ્ન થઈ પડ્યો. ક્યાં જવું તેની જ ખબર ન હતી તો જાય ક્યાં? ઉદાસ જેવો તે ઊભો હતો, તેના તરફ જોવાની કોઈ ફુરસદ ન હતી.

આ બાળકનું નામ હતું જીવો. જીવો ભટ્ટી વંશનો ભાટિયો કુમાર

કદાચ કચ્છના ભાટિયામાં સૌથી પહેલો જ મુંબઈની ધરતી પર પગ મૂકનારો હતો. આખરે એણે પગ ઉપાડ્યો. આગળ વધ્યો. રખડતો રખડતો તે મુંબઈની ગોદીમાં આવ્યો. અહીં મજૂરોનું કામ ધમધોકાર ચાલી રહ્યું હતું. કામ કરતા મજૂરોને જોતો તે ઊભો રહ્યો. મજૂરો પર ધ્યાન રાખનાર એક પારસી મુકાદમ હતો. તેની જીવા પર નજર પડી. આ એકલવાયા નાના છોકરાને અહીં ઊભેલો જોઈને તેને જીવા પર દયા આવી. જીવાને ભિખારી જાણીને તે તેને કંઈક આપવા લાગ્યો. જીવો બોલ્યો : ‘મને પૈસા ન ખપે કંઈક કામ આપો !’

જીવાની વાત સાંભળી પારસી મુકાદમ ખુશી થયો. તેણે કામ કરતા મજૂરોને પાણી પીવાના કામ પર જીવાને ગોઠવી દીધો. જીવો નાનો હતો પણ બુધ્ધુ ન હતો. હોંશિયાર હતો. પાણી પીવાના સાદા કામ પર પણ તે ચમકી નીકળ્યો. મુકાદમે તેને બીજું જવાબદારીનું કામ સોંપ્યું. આ કામમાં પણ તેની બુદ્ધિમત્તા અને કાર્યકુશળતા છાનાં ન રહ્યાં. આમ એક એક પગથિયું તે આગળ વધતો ગયો. બંદરનાં બધાં કામોમાં તે વાકેફ થઈ ગયો. પછી પોતાની વેપારી બુદ્ધિની સૂઝથી તે વધુ આગળ વધ્યો. દિવસે દિવસે પ્રત્યેક કામમાં તે પ્રગતિ સાધતો ગયો. વધતો ગયો, વધતો ગયો અને એટલે સુધી વધ્યો કે તે લાખોનો માલિક જીવરાજ શેઠ બની ગયો. જીવરાજ બાલુના નામે તે પ્રખ્યાત થઈ ગયો. એના જીવનવિકાસની હકીકતોનું વિગતવાર વર્ણન થાય તો એક પુસ્તક પણ ઓછું પડે. પરંતુ એ બધી વાતો પર તો આજે જમાનાનાં પાણી વહી ગયાં છે. એની જીવનયાત્રાનાં પગથિયાં હવે તો ભાગ્યે જ કોઈને જોવા મળે.

જીવરાજ બાલુનાં મુંબઈના આગમન બાદ એક બીજા કુટુંબનાં બે બાળકોએ મુંબઈમાં મીટ માંડી. કોઠારાના ભાટિયા ઠક્કર ખટાઉ કેશવજીએ



પોતાની ગરીબીના કારણે પોતાના બે નાના તેજપાળ. દશ વરસનો નાનજી મુંબઈમાં હેરાનપરેશાન થઈ જેમતેમ જરા ઠેકાણે પડ્યો ત્યાં તેનો નાનો ભાઈ તેજપાળ પણ મુંબઈ આવી પહોંચ્યો. નાનજી થોડુંક ભણ્યો હતો. તે શરૂઆતમાં તો રૂની ગાંસડીઓ પર નામ લખવાનું કામ કરતો હતો. નાના તેજપાળને પણ તેણે પોતાનું કામ શીખવી દીધું. આમ આ બંને ભાઈઓ મુંબઈમાં રહીને રોટલા રળી ખાવા લાગ્યા.

આગળ જતાં નાનજીએ કપાસના ધંધાની શરૂઆત કરી. તે કપાસના નાના નાના સોદા કરવા લાગ્યો. પોતાની કાર્યકુશળતાથી આગળ વધતો ગયો. મોટા સોદા હાથમાં લીધા, ફાવતો ગયો. મૂડી પણ વધતી ગઈ.

કપાસના ધંધાની સાથે સાથે મલબારના મરીમસાલા અને કોપરાના કામકાજમાં પણ હાથ અજમાવ્યો. નાનજી જે ધંધામાં હાથ નાખે તે ધંધામાં કુદરત તેને યારી આપે અને તે ફાવતો જાય. આ રીતે પોતાની બુદ્ધિપ્રભાથી નાનજી દિનપ્રતિદિન આગળ વધતો ગયો. લક્ષ્મીદેવી પણ તેના પર ચાર હાથે નવાજવા લાગ્યાં.

નાનજીને કંઈ સંતાન ન હતું. તેજપાળને એક દીકરો અને બે દીકરી. દીકરાનું નામ ગોકલદાસ. સન ૧૮૨૨ના જૂન માસની ૧૧મી તારીખે ગોકલદાસનો જન્મ થયો હતો.

ગોકલદાસના પિતા તેજપાળ ઠક્કર સન ૧૮૦૨માં કચ્છ છોડીને મોટા ભાઈ નાનજીને આશરે નાની ઉંમરમાં જ મુંબઈ આવ્યા હતા. મોટા ભાઈની તાલીમથી એમના જીવનની શરૂઆત થઈ અને પછી જાતમહેનતથી તે પોતાની પ્રગતિ સાધવા લાગ્યા. વ્યાપારની વૃત્તિ એમને ઉપયોગી થઈ પડી અને દિવસે દિવસે એમાં ફાવતા ગયા. ત્રીસ વરસ

સુધી એમણે એકધારો ધંધો કર્યો. સન ૧૯૩૨માં બે પુત્ર અને એક પુત્રી મૂકીને યુવાન વયમાં જ તેજપાળ ઠક્કર સ્વર્ગવાસી થઈ ગયા. રૂપિયા ત્રીસ હજારની રકમ મૂકતા ગયા.

નાના ભાઈના સ્વર્ગવાસથી નાનજીના મનને મોટો આઘાત લાગ્યો. આઘાત એટલો લાગ્યો કે તે પોતાના વેપારના મોટા વર્તુળને સમેટવા લાગ્યો. પોતે નિઃસંતાન હોવાથી ભાઈના દીકરા ગોકલદાસને પોતાનો જ દીકરો ગણીને તેને ભણાવવા લાગ્યો અને વેપારની તાલીમ પણ આપવા લાગ્યો.

પિતાના અવસાન વખતે ગોકલદાસની ઉંમર માત્ર દસ વરસની જ હતી. એનો અભ્યાસ ગુજરાતી ભાષા પૂરતો જ હતો. પણ એનામાં વંશપરંપરાના સજ્જનતાના સંસ્કાર ઊતરી આવ્યા હતા. ગોકલદાસ મીઠાબોલો હતો. થોડા જ વખતમાં તે વેપારની ઝીણી-જાડી વિગતોથી વાકેફ થઈ ગયો. મલબારનું અને મુંબઈનું રૂનું કામકાજ પણ તેણે હાથવગું કરી લીધું. રૂનો ધંધો તો મોટે પાયે ચાલુ થઈ ગયો. કપાસનાં ધંધા માટે તો જાણે અબડાસો જ સરજાયો હોય એમ ત્યાંના ભાટિયા અને દશા ઓશવાળો જ એ ધંધામાં પ્રવીણ બનતા ગયા. રૂની પરીક્ષા એ હીરાની પરીક્ષા જેવી જ ચતુરાઈ માગી લે છે. આ બંને કોમો એ ધંધામાં નિષ્ણાત હતી. આગળ જતાં ભાટિયાના હાથમાંથી રૂનો વ્યવસાય વહી જવા લાગ્યો અને દશાભાઈઓએ એ ધંધાને આત્મસાત્ કરી લીધો અને ખૂબ વિકસાવ્યો.

થોડો વખત પછી નાનજીનું અવસાન થયું અને પેઢીનો તમામ વહીવટ ગોકલદાસના હાથમાં આવ્યો. ગોકલદાસે પોતાની વિચક્ષણ બુદ્ધિથી અને વ્યાપારી કુનેહથી ખૂબ ખૂબ પ્રગતિ સાધી. ગોકલદાસ ધાર્મિક વૃત્તિનો અને ઉદાર દિલનો હતો. જીવનમાં ઘણી જ સાદગી હતી. એને



સંતાનપ્રાપ્તિ ન હોવાથી કૂવા, તળાવો, ધર્મશાળાઓ આદિ ધાર્મિક કાર્યોમાં તે પોતાની સંપત્તિનો વ્યય કરવા લાગ્યો.

નાનજી કાકાના વારસાની રૂપિયા છ લાખ જેટલી ગંજાવર રકમ ગોકલદાસના હાથમાં આવી પડી. નાની વયમાં આટલી મોટી રકમના સ્વતંત્ર માલિક થયા છતાં એનામાં અભિમાનનો એક છાંટો પણ દેખાયો ન હતો. ફળોના ઉદ્ભવથી જેમ આમ્રવૃક્ષ નમી પડે તેમ લક્ષ્મીના આગમનથી ગોકલદાસ શેઠ વધુ વિનમ્ર બન્યા. એમણે રૂના વેપારને પોતાની કુનેહ અને કુશળતાથી ખીલવવા માંડ્યો. વિલાયત સાથે પણ એમનો વેપાર શરૂ થઈ ગયો અને લક્ષ્મીદેવીની કૃપા પણ એમના તરફ ઊતરવા લાગી.

ગોકુલદાસ શેઠનાં લગ્ન નાનપણમાં જ થઈ ગયાં હતાં. એમનાં ધર્મપત્ની સન ૧૮૪૦ માં જમનાબાઈ નામે એક પુત્રીને મૂકીને સ્વર્ગવાસી થયાં. શેઠની ઉંમર એ વખતે માત્ર ૧૮ વર્ષની હતી. આથી એમણે ફરીથી લગ્ન કર્યાં. પરંતુ બીજી વારની પત્નીથી એમને સંતાનપ્રાપ્તિ થઈ નહિ. એમના હાથે ભારતનાં હજારો સંતાનોના ઉદ્ધાર કરવાનું વિધિએ એમના નસીબમાં નિર્માણ કરેલું, એ વિધિના લેખ પર મેખ કોણ મારી શકે?

સંતતિ માટે એમને ત્રીજી વાર લગ્ન કરવાની સલાહ પણ સ્નેહી-સંબંધી આપવા લાગ્યા. પણ આવી સલાહ આપનારને એ સાફ શબ્દોમાં સુણાવી દેતાં કે દેશનાં બાળકો એ મારાં જ બાળકો છે. અને એ વાત આગળ જતાં એમણે સિદ્ધ કરી બતાવી.

આગળ જતાં લખમીદાસ ખીમજી નામે એક સેવાભાવી અને દેશભક્ત ગૃહસ્થ સાથે એને પરિચય થયો. આ લખમીદાસભાઈએ શેઠની ઉદારતા પર સેવાનો રંગ ચડાવ્યો. એના દાન-પ્રવાહને નવો વળાંક આપ્યો.

દેશનાં બાળકો એ પોતાનાં જ બાળકો છે એ વાત લખમીદાસે ગોકળદાસના અંતરમાં હવે બરાબર ઠસાવી દીધી. પરિણામે એની ઉદારતાના ઝરણાં દેશસેવા તરફ ઢળવા લાગ્યાં.

જી.ટી.હાઈસ્કૂલોનું નામ કચ્છમાં અને મુંબઈમાં પ્રખ્યાત છે. આજે અનેક શિક્ષણ સંસ્થાઓ, હોસ્પિટલો, ધર્મશાળાઓ, શેઠ ગોકલદાસ તેજપાલના નામનો જયજયકાર બોલવી રહી છે. મુંબઈની જી. ટી. બોર્ડિંગ તો ગોકલદાસ શેઠની સખાવતનો કીર્તિકળશ છે. આ બોર્ડિંગે અનેક મહાપુરુષોને આશ્રય આપ્યો છે. શ્રી મહાદેવભાઈ દેસાઈ, પ્રભાશંકર પટ્ટણી, મોરારજી દેસાઈ, પરીક્ષિતલાલ મજમુદાર, એવા એવા કેટલાયે અમૂલ્ય રત્નોની હારમાળા ભારતને ભેટ આપનાર એ જી. ટી. બોર્ડિંગ છે.

ના ગોકલદાસ શેઠ એટલે પુરુષાર્થ અને પરમાર્થ. એમનું આખું જીવન પ્રવૃત્તિમય રહ્યું હતું. સતત પરિશ્રમને પરિણામે એમની તબિયત યુવાવસ્થામાં જ નરમ થતી જતી હતી. આથઝી એમણે પોતાની મોટી મિલકતની વ્યવસ્થાનું વિલ રૂપિયા ૧૧, ૫૫, ૦૦૦ - અગિયાર લાખ પંચાવન હજાર ધર્મખાતા માટે કાઢવામાં આવ્યા હતા. એની વ્યવસ્થા માટે કાબેલ અને સેવાભાવી ટ્રસ્ટીઓ નીમવામાં આવ્યા હતા. સન ૧૮૬૭ના નવેમ્બર માસની ૧૯ મી તારીખે ૪૫ વરસની ભર યુવાનીમાં આ દિલેર દાનવીરનો સ્વર્ગવાસ થયો.

ગોકલદાસ શેઠની સર્વ સંસ્થાઓ આજે સુંદર સંચાલનથી સુવ્યવસ્થિત રીતે ચાલી રહી છે. અંગ્રેજી-ગુજરાતી શાળાઓ, પાઠશાળાઓ, કન્યાશાળાઓ, હાઈસ્કૂલો, બોર્ડિંગો, ધર્મશાળાઓ, દવાખાનાંઓ, તળાવો, વગેરેનો એમાં સમાવેશ થાય છે. ઉપરાંત એમના



સેવાધર્મને સિદ્ધ કરતાં અનેક ફંડો પણ આજે સારી રીતે કામ કરી રહ્યાં છે. ગોકલદાસ તેજપાળ ધર્મખાતાની તમામ સંસ્થાઓ એમના વહીવટ અને વ્યવસ્થા માટે આજે પણ વખણાય છે. એમની કેળવણીની સંસ્થાઓમાંથી અનેક બાહોશ ધારાશાસ્ત્રીઓ, બેરિસ્ટરો, વેપારીઓ, ડોક્ટરો અને એન્જિનિયરો બહાર પડ્યા છે.

શેઠશ્રી ગોકલદાસભાઈએ આ રીતે ભારતનાં અનેક બાળકોને નાતજાતના કશા ભેદભાવ વિના પોતાનાં કરી લીધાં અને એમના જીવનને ઉચ્ચ કક્ષા પર લઈ જવામાં પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે. સંતાન-પ્રાપ્તિથી એમનું નામ રહેત તે કરતાં એમનું નામ આજે વધુ ઉજ્જવળ છે - અમર છે. ભારત માતા શેઠ ગોકલદાસ તેજપાળ જેવાં અનેક દાનવીર અને સેવાભાવી સેવકોને જન્મ આપો એ જ અંતરની અભિલાષા !

# ૩૨. શેઠ નરસી નાથા

આજથી લગભગ દોઢસો વર્ષ પહેલાં કચ્છ નળીઆના એક નવજવાને મુંબઈના બંદર પર પ્રથમ પગ મૂક્યો. એની રગ રગમાં શક્તિની વીજળીનાં પૂર વહેતાં હતાં, અંતરમાં આશા અને ઉત્સાહનાં જોમ ઊભરાતાં હતાં. ભાતામાં એની પાસે હતાં, કચ્છનાં પિત્તાઈ ગાજર અને ચણા. આવી પરિસ્થિતિમાં એણે મુંબઈ નગરીનાં પ્રથમ દર્શન કર્યાં.

આ ઊગતા યુવકનું નામ હતું નરશી. નરશી એટલે નરી જાતમહેનત, નરશી એટલે આત્મશાન્તિ. એની ઉન્નતિ એને કચ્છથી બોલાવી રહી હતી. એનો જીવનવિકાસ એનાં દ્વાર ખખડાવી રહ્યો હતો. લક્ષ્મીદેવી એના ગળામાં વિજયમાળા આરોપવાની વાટ જોતી હતી.

મુંબઈ આવીને હવે કયો રસ્તો લેવો, તેનો નરશી વિચાર કરવા લાગ્યો. એ વખતનું મુંબઈ, આજનું મુંબઈ ન હતું. મુંબઈ એ વખતે ચાલતાં શીખતા બાળક જેવું હતું. નવા નવા ધંધા-ધાપાની ત્યાં શરૂઆત થતી હતી. મુંબઈ હજુ પ્રગતિને પંથે હતું. મુંબઈ હજુ મોહમયી નગરી બની ન હતી. 'અલબેલી'નું ઉપનામ એને મળ્યું ન હતું.



અહીં આવીને હવે શું કરવું તેનો નિર્ણય કરવામાં નરશી મૂંઝાઈ પડ્યો. કોઈ સ્નેહી-સંબંધી કે સગુંવહાલું કોઈપણ નહિ. મોટી મુશ્કેલી તો એ હતી કે આ નરશીભાઈને એક એકડો પણ આવડતો ન હતો. આવા અભણ નરશીને મુંબઈમાં સાથ અને સહકાર કોણ આપે?

નરશીએ આખરે પોતે જ પોતાનું કામ શોધી લીધું. એક નવા ઠંડા ઘડા પર ટબૂડી મૂકીને મુંબઈના બંદર પર લોકોને ઠંડુ પાણી પાવાના કામની તેણે શરૂઆત કરી. કેટલોક વખત આ કામ તેણે ચાલુ રાખ્યું. પોતાની વિવેકબુદ્ધિ અને ચતુરાઈથી તે ગોદીના માણસો અને કામદારોમાં પ્રિય થઈ પડ્યો. માસિક બાર આનાના ભાડાની એક નાની ઓરડી પણ તેણે રાખી લીધી.

બંદર પર પાણી પાતાં કોઈ કચ્છી ભાઈઓએ એને બારદાનની ફેરી કરવાની સલાહ આપી. બારદાનની ફેરીનો - મહેનતનો આ ધંધો નરશીની બુદ્ધિમાં ઊતર્યો અને તેણે એ કાર્યક્રમ ચાલુ કરી દીધો. કુનેહ, કુશળતા, નમ્રતા અને વાણીની મીઠાશથી આ નવા વ્યવસાયમાં નરશી ફાવતો ગયો. આ ધંધાને લીધે મોટા વેપારીઓ સાથે તેને ઓળખાણ થઈ. નવી નવી કંપનીઓ સાથે પણ તેને સંબંધ બંધાયો. પ્રમાણિકતા, બુદ્ધિમત્તા અને કાર્યદક્ષતાએ એને મુંબઈના વ્યાપારી બજારોમાં માનીતો બનાવી દીધો.

થોડો વખત વીત્યા પછી મુંબઈની શો વોલેસની કંપનીમાં મુકાદમ તરીકે તે નીમાયો. આ નવી નિમણૂકથી દિનપ્રતિદિન તેની પરિસ્થિતિ સુધરવા લાગી. સૌભાગ્યનો સૂર્ય હવે સોળે કળાએ એના પર પ્રકાશી રહ્યો. નળીઆનો નબળો નરશી હવે નગરશેઠે નામે ઓળખાવા લાગ્યો.

નરશી શેઠમાં જ્ઞાતિસેવાની ભાવના મોટા પ્રમાણમાં જાગૃત થવા

લાગી. જેમજેમ તે આગળ વધતો ગયો તેમતેમ તે પોતાના જાત ભાઈઓને ટેકો આપવા લાગ્યો. નરશી શેઠના આમંત્રણથી ઘણા જ્ઞાતિબંધુઓ મુંબઈ આવવા લાગ્યા. નરશી શેઠ તરફથી એમને માટે ખાનપાન વગેરેની સગવડ પણ મળવા લાગી. એટલે મુંબઈ પ્રત્યેનું આકર્ષણ પણ વધવા લાગ્યું. આ રીતે જ્ઞાતિજનો પગભર થતા ગયા, પોતે જ પોતાનો વિકાસ સાધતા ગયા અને ભારતનાં વિધવિધ સ્થાનોમાં ફેલાતા ગયા.

નરશી શેઠની સમૃદ્ધિ તો હવે દિવસે દિવસે વધતી જતી હતી, તેમ તેમ એમની ઉદારતા પણ વધતી જતી હતી. એક વખત એમણે આખી જ્ઞાતિમાં સાત સાત વાસણોની લહાણી કરી. ત્યાર પછી તો એમના તરફથી એટલી બધી લહાણીઓ આવી પડી કે એમની લહાણીનાં વાસણોથી જ્ઞાતિજનોનાં ઘર ભરાઈ ગયાં.

જ્ઞાતિજનો સિવાય ઈતર જ્ઞાતિની સુયોગ્ય વ્યક્તિઓને ટેકો આપતાં પણ નરશી શેઠ અચકાતાં નહિ. આથી એમની કીર્તિ દિવસે દિવસે ચારે તરફ ફેલાવા લાગી.

નરશી શેઠનાં લગ્ન કચ્છ-કોઆપધ્ધરના ભારમલ શેઠની બહેન સાથે થયાં હતાં. આ બાઈ પણ એવી નસીબદાર હતી, કે નરશી શેઠને ત્યાં એનાં પગલાં પડતાં એમની ભાગ્યરેખા વધુ ચમકવા લાગી હતી. એમનો ગૃહસ્થાશ્રમ હવે સર્વ પ્રકારે સુખદાયક બની ગયો હતો.

ભુજની ગોદી પર એ વખતે મહારાઓશ્રી દેશળજી બીજાનો અમલ હતો. દેશળજી બાવા પાસે પણ નરશી શેઠની ક માનકારી મિત્ર જેવી ગણના હતી. બાવા જ્યારે જ્યારે મુંબઈ પધારતા ત્યારે નરશી શેઠ એમની ખિદમતમાં ખડે પગે હાજર રહેતા. બાવા જ્યારે મુંબઈથી વિદાય થતા ત્યારે નરશી શેઠને કચ્છ આવવા માટે જરૂર આમંત્રણ આપતા. ઉપરાંત



અબડાસાના એમના સ્નેહી-સંબંધીઓ પણ ઘણા વખતથી એમની કચ્છની મુલાકાત માટે વિનવી રહ્યા હતા. બાવાનો આગ્રહ પણ વધતો જતો હતો. એટલે નરશી શેઠે હવે કચ્છની મુલાકાત લેવાનો નિર્ણય કરી લીધો. એમના સાળા ભારમલ શેઠ પણ એમની સાથે આવવા તૈયાર થઈ ગયા. બંને સાળો-બનેવી મુંબઈથી માંડવી જતા ક વહાણમાં ચડી બેઠા. એ વખતે સ્ટીમરોની આવ-જા પણ શરૂ થઈ ન હતી. પણ કચ્છી વહાણો કચ્છ માટે મોટા આશીર્વાદ સમાન હતાં. મુંબઈથી વેરાવળ, પોરબંદર, દ્વારકા થઈને કિનારે કિનારે વહાણો કચ્છ આવતાં હતાં. પવન સાનુકૂળ હોય તો બે ત્રણ દિવસમાં જ મુંબઈથી ઊપડેલું વહાણ માંડવીબંદરના ડક્કા પર ભૂટકી પડતું. આ રીતે નરશી શેઠ પણ માંડવીના બંદર પર ઊતર્યા. બંદર પર કચ્છ અને અબડાસાના મળીને હજારો માણસો મોંઘેરા મહેમાન નરશી શેઠના સત્કાર માટે હાજર થઈ ગયા હતા. ભુજથી દેશળજી બાવાના અમલદારો પણ શેઠના સ્વાગત માટે આવી પહોંચ્યા હતા. વહાણ ડક્કા પર આવતાં શેઠનાં દર્શન માટે લોકોની પડાપડી ચાલવા લાગી.

ભારમલ શેઠ સારા સફાઈદાર કપડાં પહેરવાના શોખીન હતા. ઝીણું ધોતિયું અને ઉપર મલમલનું કેડિયું એમણે ધારણ કરેલાં હતાં. માથા પર કચ્છી પેચદાર સુંદર પાઘડી શોભતી હતી. જ્યારે બીજી બાજુ નરશી શેઠ તદ્દન સારાં કપડામાં હતા. એમના અંગ પર જાડું બંદૂકછાપ ધોતિયું હતું. પાણકોરાનું કેડિયું હતું. માથા પર પણ લાલ મદરાસીની પાઘડી હતી. આથી થયું એણ કે સ્વાગત કરવા આવેલા લોકો ભુલાવામાં પડી ગયા. સૌએ ભારમલ શેઠને જ નરશી શેઠ માની લીધા. નરશી શેઠને બદલે બધા ભારમલ શેઠના પગોમાં પડવા લાગ્યા. ભારમલ શેઠને હવે ધર્મસંકટ જેવું થઈ પડ્યું. મોટી મૂંઝવણ ઊભી થઈ પડી. સત્કાર માટે

આવેલા હજારો માણસોને સમજાવવા પણ શી રીતે ! ભારમલ શેઠને હવે ધર્મસંકટ જેવું થઈ પડ્યું. મોટી મૂંઝવણ ઊભી થઈ પડી. સત્કાર માટે આવેલા હજારો માણસોને સમજાવવા પણ શી રીતે ! ભારમલ શેઠ ચતુર અને તીક્ષ્ણ બુદ્ધિવાળા હતા. એમની સમયસૂચકતા અને તેજસ્વી બુદ્ધિએ તાત્કાલિક એક નવો જ રસ્તો શોધી કાઢ્યો. એમની ચતુરાઈએ એક ચમત્કાર કર્યો. શું કર્યું? લોકોની ગેરસમજ દૂર કરવા એમણે એમના હાથમાંની છત્રી ખોલી નાખી અને છત્રી નરશી શેઠના માથા પર ધરી દીધી. પોતે જાણે શેઠના નોકર હોય એવો દેખાવ કરી દીધો. કશું બોલ્યાચાલ્યા વિના યુક્તિપૂર્વક સામેની તમામ જનતાને સમજાવી દીધું, કે નરશી શેઠ કોણ છે? ભારમલ શેઠની આ ચાતુરી આજે પણ લોકોમાં એક કહેવતરૂપ બની ગઈ છે.

ભુજથી દેશળજી બાવાએ નરશી શેઠને ભુજ લઈ જવા માટે ખાસ બે ઘોડાની ગાડી મોકલાવેલી હોવાથી શેઠ એક વાર તો સીધા ભુજ ગયા. ભુજમાં મહારાઓશ્રી દેશળજી નરશી શેઠને ભેટી પડ્યા. અહીં શ્રી દેશળજી બાવાનો દિલભર સત્કાર અને મોંઘેરી મહેમાની માણીને નરશી શેઠે પોતાની જન્મભૂમિ નળિયાની મુલાકાત લીધી. એ વખતે આખા અબડાસામાં ઠેર ઠેર એમનું સુંદર સ્વાગત કરવામાં આવ્યું હતું. અબડાસાના સત્કારનો પણ સ્વીકાર કરી થોડો વખત પોતાના પ્રિય વતનમાં ગાળીને નરશી શેઠ અને કોઆપધ્ધરવાળા ભારમલ શેઠ બંને મુંબઈ ગયા.

ઉદય અને અસ્ત, ચડતી અને પડતી એ તો દુનિયાના અબાધિત ક્રમનો વારો એક પછી એક પ્રત્યેક વ્યક્તિને માટે સરજાયેલો હોય છે. નરશી શેઠના ગૃહસંસારે પાસું બદલ્યું. સાક્ષાત્ ગૃહલક્ષ્મીના અવતારરૂપ એમનાં ધર્મપત્નીનું અવસાન થયું. શેઠના હૃદય પર આથી સખત આઘાત



લાગ્યો. તે દિવસથી એમના સુખી સંસાર પર આફતની કાળી વાદળી ચડી આવી.

ધર્મપત્નીના અવસાન પછી એમણે કાંઠીમાંથી પુનર્લગ્ન કર્યું. એમનાં આ દ્વિતીય પત્નીનું નામ વીરમતી હતું. વીરમતીએ નરશી શેઠનો ગૃહસંસાર દુઃખદ બનાવી દીધો. 'ઠામ જાય અને ઠીકરું આવે' એવું જ થયું. પ્રથમ પત્નીથી એમને બે પુત્રો થયા હતા. પણ એ બંને પુત્રોનું એમની હયાતીમાં જ અવસાન થયું હતું. નરશી શેઠનું જીવન હવે ઝેરમય બની ગયું. બંને પુત્રોની ખોટ હવે રાતદિવસ એમનાં મનમાં ખટકવા લાગી. થોડા વખત પછી પોતાના પિતરાઈ ભાઈ રાઘવ લખમણના પુત્રને શેઠે દત્તક લીધો. નરશી શેઠની સખાવત અને એમનું પરોપકારી જીવન પ્રત્યેક કચ્છીને માટે એક દૃષ્ટાંતરૂપ છે. એમનું નામ એમનાં સખાવતી કાર્યોથી કચ્છ-કાઠિયાવાડ અને મુંબઈમાં મશહૂર છે. પાલીતાણા અને માંડવીની ધર્મશાળાઓ આજે એક મોટા આશરારૂપ થઈ રહી છે. સંવત ૧૮૪૦ લગભગ એમનો જન્મ થયો અને સંવત ૧૮૯૯માં એમનું અવસાન થયું.

સંવત ૧૮૯૭માં નળિયા ગામે ચન્દ્રપ્રભુજી જિનાલયનું બાંધકામ પૂર્ણ થતાં પ્રતિષ્ઠા પ્રસંગે નરશી શેઠે બાવન ગામને નોતર્યા હતા.

મુંબઈમાં અનંતનાથજીના દેરાસરની સ્થાપનામાં પણ શેઠશ્રીનો મોટો સહકાર હતો.

શેઠ નરશીનો એક સલોકો છે તે લગ્ન વખતે એમની યાદમાં બોલાતો હતો.

# ૩૩. ગોવિંદજી અધા

કચ્છનું માંડવી બંદર એટલે ચોર્યાસી બંદરનો વાવટો. માંડવીનો માલમ એટલે સાહસની મૂર્તિ. ઈ.સ. ૧૪૯૮માં દરિયાની અધવચ્ચે મૂંઝાઈ પડેલા વાસ્કો ડી ગામાને કાલીકટ બંદરે પહોંચાડનાર માંડવીનો કાનો માલમ. માંડવીના મામલ પછી કચ્છી ઘડતરનાં વહાણોને લઈને જાવા, સુમાત્રા, જંગબાર, મોમ્બાસા, મસ્કત અને છેક ચીન સુધી પહોંચી જતા. માંડવીની રેશમની સાળોનું જાતજાતનું રેશમ તો ક્યાં ને ક્યાં પહોંચી જાય ! સમૃદ્ધિમાં માંડવી સૌથી આગળ. માંડવીના ભાટિયા અને વાણિયા સમસ્ત કચ્છમાં મોખરે.

આજથી સો-સવાસો વરસ પહેલાં પણ માંડવીની સ્થિતિ સધ્ધર હતી. ત્યારની અને આજની પરિસ્થિતિમાં કેટલું પરિવર્તન આવી ગયું છે, તે નીચેની એકબે વાતો પરથી સહજ સમજી શકાશે.

રાવશ્રી ભારમલજી પહેલાના વખતમાં માંડવીના ભાટિયા ટોપણ શેઠે ટોપણસર તળાવ બંધાવ્યું ત્યારથી ટોપરાણી કુટુંબની શાખ વધતી ગઈ.

મહારાવ શ્રી પ્રાગમલજી બીજાના વખતમાં આ ટોપરાણી કુટુંબના



ગોવિંદજી શેઠ જાજરમાન હતા. માંડવીના એમના નામની છાપ પડતી. ભાટિયા જ્ઞાતિના પણ અગ્રેસર હતા. 'અધા'ના નામથી ઓળખાતા. સૌ કોઈ એમને અધા કહીને બોલાવતા. કચ્છના રાજા પ્રાગમલજી બાવા પણ એમને શેઠ કહેવાને બદલે અધા કહેતા.

એક વાર પ્રાગમલજી બાવા માંડવી જઈ ચડ્યા. કાંઠાને નાકે આવેલી રામસિંહ માલમવાળી મોલાતમાં એમનો ઉતારો હતો. પ્રાગમલજી બાવા એમની હંમેશની રીતે મુજબ સાંજના વખતે ગામ બહાર લટાર મારવા નીકળી પડ્યા. ફરતાફરતા ટોપણસર તળાવ પાસે આવી પહોંચ્યા. એ વખતે ટોપણસર તળાવની તૂટેલી પાળ ક્યારેક નુકસાન કરી નાખે એ વિચારથી એમણે તળાવની તૂટેલી પાળ સરખી રીતે સમરાવવાનો વિચાર કરી લીધો.

મોલાતને ઉતારે પાછા ફરતાં બાવાએ ટોપરાણી શેઠ ગોવિંદજી અધાને બોલાવી લીધા. થોડી સામાન્ય વાતચીત પછી બાવાએ ગોવિંદજી અધાને પોતાના મનનો વિચાર વ્યક્ત કરતાં કહ્યું : 'ગોવિંદજી અધા, આજે તમને એક વાત પૂછવાને જ બોલાવ્યા છે.'

'હુકમ કર્યો બાવા, આંજો હુકમ ખપે.'

'અધા, હુકમ નાંય, બઈ ગાલ આય.'

'જિકીં વે સે ફરમાર્યો!'

'ગાલ ઈ આય અધા. આંજે ટોપણસરજી પાર તૂટી પઈ આય, આંકે વાંધો ન વે ત આઉં ઈ પાર ઠીક કે જો બંદોબસ્ત કરીયાં. ચોમાસો મથે આય, કોક છોકરો-છૈયો બૂડી રે ત ઠીક નં.' (વાત એમ છે અધા, કે તમારા ટોપણસરની પાળ તૂટી ગઈ છે. તમને વાંધો ન હોય તો હું એ પાળ દુરસ્ત કરાવવાનો બંદોબસ્ત કરું. ચોમાસું માથે છે એટલે કોઈ

છોકરું-છૈયું ડૂબી જાય તો ઠીક નહીં.)

બાવાની વાત સાંભળી અધા બોલ્યા : 'બાવા, ઈ તરા પણ આંજો આય, અને અસીં પણ 'જા ઐંયું. તરા જે સમારકામ જી ફરજ અસાંજી આય, આંઈ ચિંધા મ કજા!'' (બાવા, એ તળાવ પણ તમારું છે અને અમે પણ તમારા છીએ. તળાવના સમારકામની ફરજ અમારી છે. આપ ચિંતા ન કરશો.)

આમ થોડી વારની વાતો પછી ગોવિંદજી શેઠ બાવાને સલામ કરી વિદાય થયા.

બીજે જ દિવસે ગોવિંદજી અધાએ ટોપરાણી શાખાના કુટુંબીજનોને બોલાવી લીધા, તે જ વખતે ફાળો પણ કરવામાં આવ્યો અને બેચાર દિવસમાં જ તળાવની પાળનું સમારકામ પૂરું થઈ ગયું.

આ ગોવિંદજી અધા એક માનકારી માણસ હતા. માત્ર માંડવીના ભાટિયા જ નહિ. આખા ગામના મુરબ્બી જેવા હતા.

એ વખતે માંડવીમાં ભાટિયા અને વાણિયાની બોલબાલા હતી. આ બંને કોમ સમૃદ્ધ હતી. એમના જમણવાર તો છાશવારે ઊભા જ હોય.

ભાટિયામાં મહાજન ભત અને ગામ શેઠ (ગામ કોઠ) ચાલ્યાં જ આવે. માંડવીની આજુબાજુનાં પાંચપાંચ ગાઉં સુધીનાં ગામોનાં ભાટિયાને નોતરાં જાય, એ મહાજન ભત અને માંડવી પૂરતા ભાટિયાઓને નોતરાં આપવામાં આવે એ ગામ ગોઠ, જમણવારમાં ખાસ કરીને બુંદીના લાડુ હોય. જમણવાર ભાટિયાની જગનસરા (યજ્ઞશાળા)માં થાય. યજ્ઞશાળાની ડેલીના ઓટલા પર મહાજનના મોવડીઓ બેઠા હોય. એમની દેખરેખ નીચે જમણવારનો કાર્યક્રમ વ્યવસ્થિત રીતે ચાલતો હોય.



એ વખતે એક જરા નબળી વાત કેટલીક ભાટિયા બહેનોને સ્પર્શી ગઈ હતી. કેટલીક બાઈઓ જમતાંજમતાં એકબે લાડુ સંતાડી દેતી અને સાડી નીચે રહેલા હાથમાં લાડુ લઈને પસાર થઈ જતી. હાથ સાડીમાં હોય, વખત રાતનો પણ હોય, એટલે આ વાતની કોઈને ખબર પડે નહિ. પણ આવી વાત સાવ છાની તો રહે જ નહિ. અંદરઅંદર ચર્ચા થવા લાગી, અને જ્ઞાતિના અગ્રેસરો સુધી આ હકીકત પહોંચી ગઈ. આ નામોશી જેવા વર્તન માટે શો ઈલાજ લેવો? એક બાઈ જમીને ચાલી જતી હોય તેની જડતી તો લઈ શકાય નહિ. એટલે ગુનેગાર કોણ છે, તેની ખબર જ પડે નહિ ! લાડુની વાત તો મોટી ન હતી, પણ આ બદી ઘર કરી જાય એની જ ગોવિંદજી અધાને ચિંતા થતી હતી. કોઈને પણ કોઈ ઉકેલ સૂઝે નહિ, એવો એ કોયડો હતો. વિચાર કરતાં ગોવિંદજી અધાના ફળદ્રુપ ભેજામાં એક નવો ઈલાજ ચમકી આવ્યો. કોઈની કલ્પનામાં પણ ન આવે એ ઈલાજ હતો. આ ઈલાજ અજમાવવાનો એમણે નિશ્ચય કરી લીધો.

મહાજન ભતના દિવસે ગોવિંદજી અધાએ આ યોજના અમલમાં મૂકી. એ દિવસે દિવસે એમણે એમનાં ધર્મપત્નીને કહ્યું : 'આપણી કેટલીક બહેનો લાડુ ઉઠાવી જાય છે, આ બદી અટકાવવા માટે હું એક નવો અખતરો અજમાવવા માગું છું., પણ આ કામમાં તું મને સહકાર આપે તો જ તેમાં સફળતા મળે તેમ છે.'

'પણ કહો તો ખરા, તમે શું કરવા માગો છો, અને મારે શું કરવાનું છે?' ભાભુમા બોલી ઊઠ્યાં.

'પણ તું માને તો વાત કરું.'

'માનવા જેવી વાત હોય તો માનું, પણ કોઈની જડતી લેવાનું કામ મને સોંપશો તો તે મારાથી નહિ થાય.'

'જડતી લેવાની વાત નથી, બીજી જ વાત છે.'

'તો કહો, શી વાત છે?'

'તો કહી દઉં?'

'હા, કહી દો.'

'જો, આજે જ મહાજન ભત છે. જમવા વખતે તારે એક લાડુ છુપાવી દેવો.'

'પણ પછી?'

'પછી એ લાડુ હાથમાં લઈ, હાથ સાડીની નીચે રાખીને ડેલીના દરવાજામાંથી પસાર થવું.'

'અને પછી ?'

'પછી જે થાય તે તું જોઈ લેજે !'

'એટલે શું તમે મારો ફજેતો કરાવવા માગો છો?'

'એ ફજેતો તારો નહિ પણ મારો હશે. આપણા નાના ફજેતામાંથી એક મોટો ફજેતો અટકી જશે.'

'આ કામ તો મારાથી નહિ થાય. તમે ઊઠીને મને બેઈજ્જત બનાવવા માગો છો? એ કામ તો મારાથી નહિ બની શકે, મને માફ કરો!'

'પણ તું ગાંડી થા મા !? આગળ જતાં તો બધા સમજી જશે કે આપણી કોમની નાલેશી દૂર કરવાને જ આપણે આ ગોઠવણ કરી હતી. સૌ સમજે છે કે તું લાડું ચોરી જાય એવી નથી. આપણું આ અપલખણ દૂર કરવાને જ આપણે આ ગોઠવણ કરી હતી. સૌ સમજે છે કે તું લાડુ ચોરી જાય એવી નથી. આપણું આ અપલખણ દૂર કરવા માટે આટલો ભોગ આપ્યા વિના ચાલે તેમ નથી. બીજો તો કોઈ જ ઈલાજ નથી. જમણ



વખતે આપણે ચોકી રખાવીએ, અને કોઈ બાઈને પાધરી કરીએ, એ વાત પણ અઘટિત થશે. હવે તું જ વિચારી જો, આપણે શું કરવું?'

પતિ-પત્ની વચ્ચેનો આ સંવાદ લાંબો તો ચાલ્યો, પણ આખરે ગોવિંદજી અધાએ એમનાં ધર્મ-પત્નીને સમજાવી દીધાં.

જમણવારના કાર્યક્રમમાં હંમેશાં સાંજ પડી જતી. આજુબાજુનાં ગામોના લોકો આવી જાય, ત્યાર પછી જ રસોઈના પ્રમાણનું નક્કી થાય. વળી ભાટિયાની વખણાતી કઢી ઉકાળવામાં પણ વાર લાગી જાય, એટલે સાંજ પણ પડી જાય, અને ક્યારેક રાત પણ પડી જાય.

મહાજન ભતનો જમવાનો વખત થયો. પ્રથમ તો નારીવૃંદ જમવા બેસી ગયું. જમી-જૂઠી બધી બાઈઓ ઊઠીને ઊભી થઈ. મહાજનના વડીલ મોવડીઓ ડેલીમાં બેઠા હતા. બાઈઓ વડીલોની મર્યાદા જાળવવા એક પછી એક પસાર થતી હતી. કોઈનું મોં પણ જોઈ શકાય તેમ ન હતું.

જ્યારે ગોવિંદજી અધાનાં ઘરવાળાં પસાર થયાં ત્યારે ગોવિંદજી શેઠે એમનાં ધર્મપત્નીને એમની સાડી પરથી ઓળખી લીધાં. પાસે બેઠેલાં ભટ્ટજીને કહ્યું : 'ભટજી, પેલી બાંધણીની સાડીવાળી બાઈના હાથમાં શું છે, તે જરા જુઓ તો ખરા!'

ભટ્ટજી ઊઠ્યા, અધાની આજ્ઞાનો અમલ કર્યો, હાથમાં એક લાડુ લઈને પાછા ફર્યા, અને છાનામાના આવીને ઊભા રહી ગયા.

'કોણ હતી એ બાઈ? કોના ઘરની હતી?' અધાએ ભટ્ટજીને પ્રશ્ન કર્યો.

ભટ્ટજી ચૂપ હતા. કશો જ જવાબ આપ્યો નહિ.

'કેમ બોલતા નથી ભટ્ટજી? કોણ હતી એ બાઈ?'

ભટ્ટ બોલી શકતો ન હતો, એની જીભ ઊપડતી ન હતી.

'ભટ્ટજી, આ વખતે કોઈની પણ શરમમાં તણાવાની જરૂર નથી. બોલો કોણ હતી એ બાઈ?'

ભટ્ટજી માંડ માંડ બોલી શક્યા : 'અધા, એ તો બા હતાં.'

'જે હોય તે !' શેઠે હવે મહેતાજીને કહ્યું : 'મહેતાજી, આપણા કાયદા મુજબ મારો બે કોરી દંડ આપણા ચોપડામાં લખી નાખો !' આમ કહીને અધાએ બે કોરી મહેતાજીના પાટલા પર મૂકી દીધી.

આખું મહાજનમંડળ સ્તબ્ધ થઈ ગયું. આ શું? આખી નાતમાં ચારે તરફ આ વાતનો ડંકો વાગી ગયો. પણ પરિણામ એ આવ્યું, કે તે દિવસથી મહાજન ભત વખતે થતી લાડુની ઉઠાંતરી તદ્દન બંધ થઈ ગઈ.

પાછળથી બધાને ખબર પડી ગઈ, કે આ તો ગોવિંદજી અધાની એક કુનેહભરી ચાલ હતી. અને ગોવિંદજી અધાની વાહ વાહ બોલાઈ ગઈ.

ટોપરાણી કુટુંબની આબરૂની પરવા કર્યા વગર ગોવિંદજી શેઠે આ ચાલ રમીને જ્ઞાતિની એક બદીને સદાને માટે દૂર કરી દીધી.

આવા એક મહાન જ્ઞાતિસેવક હતા ગોવિંદજી અધા. એમનું અવસાન થયું ત્યારે એમના શોકમાં અને માનમાં આખા માંડવી શહેરમાં હડતાળ પાડવામાં આવી હતી.

ટોપરાણી કુટુંબના વહીવંચા હતા ઝરપરાના બારોટ. ગોવિંદજી અધાના અવસાનના દુઃખમાં આ બારોટે એક શોકગીતની રચના કરી હતી. આ ગીત તો કાળના પ્રવાહમાં તણાઈ ગયું છે. એની શરૂઆતના શબ્દો આ હતા -

અધાની વેંધે, ઘોર અંધારો
વઈ મહાજન જી મઝા !



# ૩૪. લાખો ફુલાણી

આજથી એક હજાર વર્ષ પહેલાં કચ્છ પ્રદેશ પર જામ લાખા ફુલાણીનો અમલ હતો. આ લાખો ફુલાણી એક પ્રતાપી રાજવી હતો. જેવો પરાક્રમી હતો, તેવો જ દાનવીર હતો. એની દાનવીરતાનાં ગુણગાન ગાતાં કવિલોક કહેતા -

*લાખા પૂત સમુદ્ર કા, ફૂલ ઘર અવતાર,*
*પારેવા મોતી ચૂગે, લાખારે દરબાર;*
*પલાણી હીરે જડી, સૂરત પંચાણી,*
*પચ્છમ હિંદો પાતશા, લાખો ફુલાણી.*

લાખના દરબારમાં પારેવાં પણ મોતી ચૂગે છે એવી એની બિરદાવલી સાંભળીને લાખાની છાતી ફુલાઈ ઊઠતી. એને પોતાની દાતારીનું અભિમાન હતું. એ સમજતો કે મારા જેવો કોઈ દાનવીર થયો નથી અને થવાનો નથી.

એક દિવસ જામ લાખો પોતાના રાજમહેલમાં રાજરાણીઓ સાથે વાર્તાવિનોદ કરતો બેઠો હતો. વાત-વાત પરથી દાતીની વાત નીકળી.

દાનવીરતાની વાત નીકળતાં લાખાનું માથું ગર્વથી ઊંચું થઈ ગયું. મૂછે તાવ દેતાં તેણે રાણીઓને પ્રશ્ન કર્યો. 'આજકાલ આ લાખા ફુલાણી જેવો કોઈ દાનવીર દેશમાં છે ખરો?'

લાખાનો પ્રશ્ન સાંભળી બધી રાણીઓ ચૂપ થઈ ગઈ. કોઈ કશું બોલી શકી નહિ. પણ ભુવડ ચાવડાની પુત્રી ચાવડી રાણીથી ચૂપ રહેવાયું નહિ. લાખાના અભિમાની પ્રશ્નનો જવાબ આપતાં તે બોલી :

*લાખા રાણી ન પૂછીએ, પૂછો માગણહાર,*
*જેના ઘટમાં ઘૂમતા, દશ દિશના દાતાર.*

લાખાજી, રાતદિવસ રાણીવાસમાં ગોંધાઈ રહેલી રાણીઓ દેશના દાતારો વિશે શું જાણે ? દાતારોની વાત તો જેના અંતરમાં દશ દિશના દાતાર રમી રહ્યા હોય એવા માગણહાર જ જાણતા હોય.

ચાવડી રાણીની ટકોર લાખાના ઉરપ્રદેશમાં ઊંડી ઊતરી ગઈ. બીજે જ દિવસે જામ લાખાએ પોતાની રાજધાની કેરાકોટમાં એક મોટો દરબાર ભર્યો અને સઘળા ભાટ-ચારણો તથા કવિઓ વચ્ચે એ જ પ્રશ્ન રજૂ કર્યો.

જામ લાખાનો આ પ્રશ્ન સાંભળી ઘણા ચારણભાટો તેની પ્રશંસાનાં ગીત ગાવા લાગ્યા. કેટલાકે કહ્યું : 'દાતાર !' તમે તો રોજ સવા શેર સુવર્ણનું દાન કરો છો. તમારા જેવો દાતાર આજે પૃથ્વીના પટ પર એકે દેખાતો નથી.' આ રીતે સૌ એક અવાજે લાખાની કીર્તિનાં યશોગાન ગાતા રહ્યા.

આમ સૌ કોઈને નમતે છાબડે બેસી ગયેલા જોઈને જામ લાખાના દશોંદી સોમંગ બારોટથી રહેવાયું નહિં. તે હિંમત કરીને બોલી ઊઠ્યો : 'જામ, પૃથ્વી તો ભલભલેરી પડી છે. એકબીજાથી ચડી જાય એવા અનેક



દાનવીરો આજે પણ અહીં અસ્તિત્વ ધરાવે છે. અરે, માથાનું દાન દેનારા પણ મોજૂદ છે.'

સોમંગ બારોટના શબ્દો જામ લાખાને ગમ્યા નહિ. તેના મનમાં ક્રોધ વ્યાપી ગયો. પણ એ ક્રોધને મનમાં જ શમાવી દઈને તે બોલ્યો : 'બારોટ, દાતારો જ્યારે મસ્તકનું દાન આપતા હતા, ત્યારે ચારણો પણ એવા હતા કે તેમની સાથે બળી મરતા. આજે ક્યાં છે એવા ચારણો?'

લાખાના આ પડકારથી સોમંગને પણ રીસ ચઢી. જામનો પડકાર ઝીલતાં તેણે કહ્યું : 'દાતાર, જો તમે તમારું મસ્તક મને દાનમાં દેતા હો તો હું પણ તમારી સાથે બળી મરવા તૈયાર છું.'

સોમંગનાં વચનો જામ લાખાની છાતીમાં તીરની પેઠે પેસી ગયાં. છતાં તે બહારથી શાંતિનો ડોળ કરીને બોલ્યા : 'આજે માથું કાપી આપનાર એવો કોઈ દાતાર તમને કોઈ સૂઝે છે ખરો?'

'અન્નદાતા !' આજે પણ એવા દાતાર હયાત છે. કચ્છને પડખે જ આવેલા ચીની બેલાનો ધણી વિકિયો પુનાણી એવો જ દાતાર છે.' સોમંગ બારોટે તરત જ ધડાકો કર્યો.

'અરે, માથું તો દૂર રહ્યું. પણ જ્યાં ગાડાં ભરાય એટલાં પીલુ પાકે છે એવા ચીની બેલાના ધણી વિકિયા દાતાર પાસેથી થોડાંક પીલુ જ લઈ આવો!' લાખાએ કમોસમનાં પીલુની શરત વક્રતાથી રજૂ કરી.

'બાપુ ! પીલુની મોસમ નથી એટલે આ ચોમાસામાં ક્યાંથી મળી શકે?' સોમંગ બારોટે જણાવ્યું.

'અરે, પીલુ જેવી ચીજ પણ ન મળે?'

'ક્યાંથી મળે? કમોસમની વસ્તુ ક્યાંથી મળે?'

'જો પીલુની મોસમ ન હોય તો માથું માગી આવજો ! માથાને તો

મોસમની જરૂર નથી ને?' હઠે ચડેલા જામ લાખાએ કરડાકીથી કહ્યું.

લાખાની આવી અવિચારી માગણી જોઈને સોમંગને પણ ગુસ્સો ચડ્યો. તેને હવે સાચા દાતારનાં જામને દર્શન કરાવવાની તાલાવેલી લાગી હતી, 'તથાસ્તુ' કહીને તે જામની કચેરીમાંથી ઊઠીને ચાલતો થયો.

વિકિયો પુનાણી ચીની બેલાનો સંઘાર રાજ્યાધીશ હતો. સોમંગ બારોટે તેને નજરે નિહાળ્યો ન હતો. તેની દાનવીરતાની માત્ર વાતો સાંભળીને જ તે જામ લાખા જોડે વાદમાં ઊતરી પડ્યો હતો. વાત હવે વટ પર ચડી હતી. એટલે વિકિયા દાતારનું પાણી માપવા સોમંગ બારોટે ચીની બેલા તરફ પ્રયાણ શરૂ કરી દીધું.

કેટલાક દિવસોના પ્રયાણ બાદ સોમંગ ચારણ ચીની બેલા આવી પહોંચ્યો. ગામના પાદરમાં જ રજપૂત જેવો જણાતો એક માણસ એક ઘેટાના ભાંગેલા પગ પર પાટો બાંધી રહ્યો હતો. અહીં આવીને સોમંગ બારોટે વિકિયા દાતારના દરબારગઢની પૂછા કરી. પેલા રજપૂતે દરબારગઢનો માર્ગ બતાવ્યો. સોમંગ બારોટ તે તરફ ચાલતો થયો.

સોમંગ બારોટને રાજદરબારનો રસ્તો બતાવનાર વિકિયો દાતાર પોતે જ હતો. ચારણને ચાલતો થયેલો જોઈને તે ટૂંકે રસ્તે થઈ દરબારગઢમાં દાખલ થઈ ગયો.

થોડી વારમાં સોમંગ બારોટ પણ આવી પહોંચ્યો. અહીં વિકિયા દાતાર પર દૃષ્ટિ પડતાં જ તે સમજી ગયો કે ઘેટાના પગે પાટો જ હતો. મસ્તકનું દાન લેવાની મોટી ઉમેદમાં અહીં આવનાર સોમંગ બારોટનું મોઢું એને જોઈને કાળું પડી ગયું. તેને થયું કે ઘેટાને પગે પાટા વીંટાળનાર માણસ શું દાન દેવાનો હતો !

ચારણના ચહેરામાં થયેલો ફેરફાર વિકિયો કળી ગયો. તેણે કહ્યું :



'ચારણદેવ, નિરાશ કેમ થઈ ગયા?'

ચારણે કચ્છી ભાષામાં કહ્યું :

*ઘેટેં કે પટ્ટા બંધે,*
*સે ડીંધો કેડી ડાત?*

અર્થાત્ જે ઘેટાને પાટા બાંધે તે દાન શું આપે?

'બારોટજી, દાતારો તો ઘેટાને પગે પાટા પણ બાંધે અને દાનમાં માથાં જોઈએ તો માથાં પણ આપી દે.'

વિકિયા દાતારની મીઠી વાણીની સોમંગને સંતોષ થયો. પણ પીલુ જેવી અપ્રાપ્ય વસ્તુની માગણી કેવી રીતે મૂકવી તના વિચારમાં તે મૂંઝાઈ પડ્યો, અટવાઈ ગયો.

'ક્યાંથી આવો છો, ગઢવી?' ચારણને ચુપચાપ ઊભેલો જોઈ વિકિયા દાતારે પ્રશ્ન કર્યો.

'આવ્યો તો બાપુ, બહુ આઘેથી છું. છેક કચ્છના કેરાકોટથી!'

'અહીં પહેલવહેલા જ આવ્યા લાગો છો.'

'એમ જ છે બાપુ. આજ દિવસ સુધી ચીની બેલાનું નામ સાંભળવા સિવાય તેનું પાદર પણ ભાળ્યું નો'તું.'

'ભલે, આવ્યા ગઢવીજી ! બહુ દૂર નીકળી આવ્યા. કેવા ચારણ છો? અહીં આવવાનું કેમ થયું?'

'લાખો ફુલાણી, કચ્છનો સૂરજ ! જેનાં પરાક્રમ અને પ્રતાપના પડછંદા દશે દિશામાં ગાજી રહ્યા છે તેનો દર્શોદી કચ્છને છેડે બેઠેલા મારા જેવા એક જાગીરદારને જાચવા આવે એ વાત માની શકાય તેવી નથી.'

'વાત માનવા યોગ્ય છે દાતાર ! હું વિકિયા પુનાણીને જાચવા માટે સદાસર્વદા ખુલ્લાં છે.'

'વિકિયા દાતાર ! હું વચન માગું છું.' ચારણે કહ્યું.

'વચન છે ગઢવી, જે જોઈએ તે માગી લો.!'

'દાતાર, બીજું તો કશું નહિ, માત્ર થોડાં પીલુડાંની ખપત પડી છે. એ મળી જાય તો આ ચારણ રસ્તે પડે !'

'પીલુ? અને તે આ રતમાં?'

'હોવે દાદા, પીલુ ખપે છે અને હમણાં જ ખપે છે!'

'પણ મોસમ વિનાનાં પીલુ કદી સુણ્યાં છે, ચારણદેવ?'

'દાતારનાં દરબારમાં કશું અશક્ય નથી દાદા ! એટલા માટે તો છેક કેરાકોટથી અહીં સુધી ચાલી આવ્યો છું. દાતારોનાં વચન મિથ્યા થાય તો આભામંડળ ડોલી ઊઠે!'

વિકિયો ચતુર હતો. તે તરત સમજી ગયો કે આ વાતમાં કંઈક પાણી મરે છે. તેમ ન હોય તો પીલુ જેવી વસ્તુને માટે આટલી લાંબી મજલ ખેડવા કોણ તૈયાર થાય?

'ચારણદેવ, પીલુની એવી તે શી ખપત પડી છે કે જેને માટે આખું કચ્છ ચીરીને તમે અહીં સુધી આવવાની તસ્દી લીધી છે?'

'ખપત પડી છે ત્યારે તો આટલી ધરતી ખૂંદી આવ્યો છું. બાપ! ઘેર ચારણિયાણીને ઓધાન છે. એનો જીવ પીલુમાં લાગી રહ્યો છે. પીલુ ન જડે તો ચારણિયાણીનો જીવ જાય તેમ છે.' ચારણે નવી બનાવટ કરવા માંડી.

ચારણની વાત સાંભળીને વિકિયાની મૂંઝવણ વધી પડી. આ મૂંઝવણમાં બે દિવસ વીતી ગયા.

વિકિયાનો કારભારી કુશળ હતો. તેણે સલાહ આપી કે 'આપણા ગામમાં એક કસબી કંદોઈ રહે છે, તે કોઈ પણ વસ્તુ પર રંગદાર ચાસણી



ચડાવી દેવામાં કુશળ છે. માટે સોનાના ઠળિયા બનાવીને તે પર ચાસણી ચડાવી દેવાથી ચારણનું અને એની ચારણિયાણીનું મન પણ સંતુષ્ટ થશે અને આપણું બિરુદ પણ જળવાઈ રહેશે.'

ચારણના હઠવાદનો આ ઉપાય વિકિયાને પણ વાસ્તવિક લાગ્યો. તેણે સોનીને બોલાવીને સોના પર ચાસણી ચડાવેલ પીલુ તૈયાર કરાવી લીધાં. એને રંગીન ચાસણી વડે એવાં ગલેફી લેવામાં આવ્યાં હતાં કે જોનાર એક વાર તો એને જરૂર પીલુ જ સમજી લેવાની ભૂલ ખાઈ જાય. સોમંગ બારોટને કચેરીમાં બોલાવીને સુવર્ણના થાળમાં આ પીલુ એને અર્પણ કરવામાં આવ્યાં.

પીલું જોઈને ચારણને નવાઈ લાગી. તેણે બેચાર પીલુ હાથમાં લઈને મોંમાં મૂકી જોયાં તો સ્વાદમાંયે ફેર અને ઠળિયો તો દાંતને તોડી નાખે એવો. આ જોઈને ચારણે કચ્છી ભાષામાં કહ્યું :

*ચારણ પીલુ ઊ મંગે,*
*જે જારીં ડાર પચન.*

અર્થાત્ આ ચારણ તો એવાં પીલુ માગે છે જે જાળ નામનાં ઝાડની ડાળમાં પાકે છે.

ચારણનો હઠાગ્રહ જોઈને વિકિયો જામ વિચારમાં પડી ગયો. તે બોલ્યો : 'ચારણદેવ, જ્યાં સાચાં પીલુ પાકતાં જ ન હોય ત્યાં બીજું શું થાય? હવે પીલુ સિવાય તમારે જે જોઈએ તે માગી લો! ઊંટ, ઘોડા, ગાયો, ભેંસો, સોનું, રૂપું, જે જોઈએ તે બોલો ! આજે તમારી જીભ વેરી છે.'

'ત્યારે માગી લઉં દાતાર!' ચારણ બોલ્યો.

'હું તો બાપ, માત્ર પીલુ જ માગું છું અને પીલુ ન મળે તો દાતારનું

માથું માગું છું.' ચારણે નફ્ફટાઈથી નવી જ વાત રજૂ કરી.

ચારણની આ અવળી માગણી સાંભળીને સૌ સ્તબ્ધ થઈ ગયા. વિકિયાને હવે ખાતરી થઈ કે આ માગણી પાછળ કોઈ ઊંડો ભેદ રહેલ છે. આમ છતાં તે પોતાનું વચન મિથ્યા કરે તેવો ન હતો.

ચારણને અનેક રીતે સમજાવ્યા છતાં આ હઠાગ્રહી ચારણ એક ટળીને બે થયો નહિ. એ તો પોતાની એક જ વાત પકડીને બેઠો હતો. ચારણની અવળચંડાઈ અને એની હઠીલાઈ જોઈને વિકિયાએ એની પાસેથી આખરે એક દિવસની મહેતલ માગી.

વળતે દિવસે પ્રભાતમાં ચારણને મસ્તકનું દાન કરવાનો નિર્ણય થઈ ગયો. કુળગોરે મસ્તકદાનનો વિધિ વ્યક્ત કરતાં કહ્યું, કે સાત પેઢીથી ઊતરી આવેલ ભેંસના દૂધ વડે સ્નાન કરી, ઈશ્વરપૂજન કરીને સૂર્યોદય થતાં જ મસ્તકનું દાન કરવું ઉત્તમ છે.

વિકિયા જામે પોતાની ભેંસોના ગોવાળ વસાઈયા મેહારને બોલાવી બીજા દિવસની વહેલી પ્રભાતે સાત પેઢીની ભેંસનું દૂધ હાજર કરવા હુકમ કરી દીધો.

વિકિયો દાતાર સોમંગ બારોટને મસ્તકનું દાન કરવાનો છે. એ વાત કર્ણોપકર્ણ ચારે તરફ ફેલાઈ ગઈ. ચોતરફ હાહાકાર મચી રહ્યો. કોઈ કહે આ ચારણને કિલ્લામાં ચણાવી દેવો જોઈએ. કોઈ કહે એને તોપને મોઢે બાંધીને ઉડાવી દેવો જોઈએ. પરંતુ વિકિયા દાતારને મન તો આજે સોનાનો સૂરજ ઊગ્યો હતો. વચનપાલનમાં પ્રાણ અર્પણ કરવાં એને માટે કોઈ મોટી વાત ન હતી. આખી રાત ઈશ્વરોપાસનામાં ગાળી, મોટી પરોઢ થતાં તે સ્નાન માટે પેલી ભેંસના દૂધની રાહ જોતો મસ્તકદાન કરવા તત્પર બની બેઠો.



વિકિયા દાતારની સાત હજાર ભેંસો હતી. તેમને ચારનાર અને સંભાળનાર ગોવાળિયાના મુખી તરીકે વસાઈયો મેહાર હતો. આ સાત હજાર ભેંસોમાં એક જ ભેંસ તેની સાત પેઢીથી ઊતરી આવેલી હતી. એનું નામ હતું : 'માણકી'

વહેલી પ્રભાતમાં ઊઠીને વસાઈયાએ ભેંસને હાકલ કરી, 'માણકી ! માણકી! માણકી!'

વસાઈયાના બુલંદ અવાજથી વાતાવરણ ગાજી ઊઠ્યું. પરંતુ માણકી આવી નહિ. વસાઈયાને નવાઈ લાગી. એના એક જ અવાજ સાથે દોડી આવનાર માણકીની આજે જ્યારે અનિવાર્ય જરૂર હતી ત્યારે કોણ જાણે ક્યાં અટવાઈ ગઈ હતી! વસાઈયો વિચારમાં પડી ગયો. તીક્ષ્ણ દૃષ્ટિ ચારે તરફ ફેલાવતો તે માણકીની શોધમાં નીકળી પડ્યો, પરંતુ સાત હજાર ભેંસોના ટોળામાંથી માણકીને શોધી કાઢવાનું કામ કપરું હતું. અને દિવસ ઊગી જાય તો દાતારનું બિરુદ તૂટી જાય. વસાઈયાની વિમાસણ વધતી જતી હતી. 'માણકી, માણકી'ના પોકાર કરતો અને ભેંસોની આથમાં ગરુડદૃષ્ટિ ફેરવતો તે ચારે તરફ ફરી રહ્યો હતો. એની અકળામણનો હવે પાર ન હતો. 'માણકી, માણકી'ના એના ગગનભેદી પોકાર ચાલુ હતા. એટલામાં દૂરદૂરથી આવતી, રણકાર કરતી માણકી પર તેની દૃષ્ટિ પડી.

વસાઈયાના આનંદની અવધિ થઈ. એના એક જ અવાજથી દોડી આવનાર માણકીને મોડું થવાનું એક કારણ હતું. આજે એનાં વાંકાં શિંગડાં એક ઝાડની ડાળીમાં ભરાઈ ગયાં હતાં. એવાં ભરાઈ ગયાં હતાં કે કેમે કરી નીકળતાં ન હતાં. વસાઈયાની રાડ સાંભળી તેની પાસે ઝટપટ દોડી જવા માટે માણકી પોતાનાં શિંગડાં ઝાડની ડાળીમાંથી ખેંચી કાઢવા જોર

કરવા લાગી. માણકીની ખેંચતાણથી આખરે ડાળી ભાંગી પડી. શિંગડામાં ભરાઈ રહેલી પેલી ભાંગેલી ડાળી સહિત માણકીએ વસાઈયાના અવાજ તરફ દોટ મૂકી.

ચંદ્રના પ્રકાશથી ઊજળી દૂદ જેવી ખીલી ઊઠેલી પ્રભાતની ચાંદનીમાં રણકતી રણકતી માણકી દોડી આવી. વસાઈયા મેહારની બાજુમાં ડોકું ધુણાવતી ઊભી રહી.

'માણકી, આજ તો તેં ભારે કરી હોં!' આમ કહી વસાઈયાએ તેને પંપાળવા માંડી. 'વસાઈયાનો હાથ તેના શિંગડામાં ભરાઈ ગયેલી ડાળીમાં આવી પડ્યો.'

'અરે, આ શું?' વસાઈયો એકાએક ચમકી ઊઠ્યો. ભેંસના શિંગડામાં ભરાઈ ગયેલી ડાળી પાકેલાં પીલુડાંથી ઝુમ્મર બની રહી હતી. આ અકલ્પ્ય દૃશ્ય જોઈને વસાઈયાનું અંતર હર્ષાવેશથી નાચી ઊઠ્યું. દૂધ દોહવા માટેની તાંબડી તેણે પીલુડાંથી જ ભરી દીધી.

પીલુથી ભરેલી વટલોઈ લઈને વસાઈયો ઉત્સાહિત અંતરે એક જ દોટમાં વિકિયા દાતાર પાસે આવી પહોંચ્યો.

વિકિયો એની રાહ જોઈને જ બેઠો હતો. તેની એકએક પળ એકએક જુગ જેવી જતી હતી. ત્યાં તો વસાઈયો હાજર થઈ ગયો. આવતાં વેંત તેણે પીલુથી ભરેલી વટલોઈ દાતારના ચરણોમાં ધરી દીધી. વટલોઈમાં દૂધને બદલે પીલુડાં જોઈ વિકિયો આશ્ચર્યચકિત બની ગયો. પોતે જાગ્રત છે કે સુષુપ્તાવસ્થામાં તેનો તે નિર્ણય કરી શક્યો નહિ.

વસાઈયાએ સઘળી ઘટના દાતાર સમક્ષ રજૂ કરી. એ સાંભળી વિકિયાની આંખો હર્ષાશ્રુથી છલકાઈ ઊઠી. એક જ ક્ષણમાં બધી બાજી બદલાઈ ગઈ હતી.



એટલામાં સોમંગ બારોટ પણ આવી પહોંચ્યો. દાતારનું મસ્તક લેવા આવેલો ચારણ વસાઈયાની વટલોઈમાં પડેલાં સાચાં પીલુ જોઈને ડઘાઈ ગયો.

વિકિયા દાતારે તમામ પીલુ તે જ વખતે સોમંગ બારોટને અર્પણ કરી દીધાં.

સોમંગને તો ધરતીમાતા માર્ગ આપે તો તેમાં સમાઈ જવાનું મન થયું. એક મહાન દાતારની આવી આકરી કસોટી કરવા માટે તેની શરમનો પાર રહ્યો નહિ. અહીં રહીને હવે કોઈને મોં બતાવવા જેવું પણ રહ્યું ન હતું.

પીલુ લઈને સોમંગ બારોટ તરત ત્યાંથી ઊપડ્યો અને કચ્છ કેરાકોટને રસ્તે ચાલતો થયો.

જામ લાખાની કચેરીમાં આવી વિકિયા દાતારે દાન કરેલાં પીલુડાંનું વાસણ તેની સમક્ષ ધરી દીધું અને કચ્છી ભાષાના કડક શબ્દોમાં જામને ટોણો મારતાં કહ્યું :

*લાખા ઉપટે ન્યાર, કુરો કુજાડો મટમેં,*
*તો ગુરેઆ મું મંગેઆ, ડિનાં વડે ડાતાર.*

અર્થાત્ લાખા જામ ! આ માટલું ઉઘાડીને જો તો ખરો તેમાં શું છે? તેં માગણી કરી, હું માગવા ગયો અને મહાન દાતારે તે આપી દીધાં.